# સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

પુસ્તક ૩
અંક ૩

અક્ષયતૃતીયા,
વિ. સં. ૨૦૨૨



સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

# સ્વાધ્યાય

પુસ્તક ૩ : અંક ૩ — એપ્રિલ, ૧૯૬૬

**અક્ષયતૃતીયા અંક** — વિ. સં. ૨૦૨૨

## અનુક્રમ

પૃષ્ઠાંક

૧. બાલિદ્વીપની ઉપાસનાપદ્ધતિ—શ્રી લોકેશચંદ્ર, શ્રીમતી શારદારાણી ... ૨૫૭–૨૭૬

૨. વાક્યપદીયકાર ભર્તૃહરિ—જયદેવ મો. શુક્લ ... ... ૨૭૭–૩૦૦

૩. બોલીઓ અને બોલી-વિજ્ઞાન—ટી. એન. દવે ... ... ... ૩૦૧–૩૧૯

૪. પ્રભાસપાટણનાં પ્રાચીન જૈનમંદિરો—મધુસૂદન ઢાંકી, હરિશંકર પ્ર. શાસ્ત્રી ... ૩૨૦–૩૪૧

૫. હાઈકુનું કાવ્યસ્વરૂપ અને તેનો ગુજરાતી સાહિત્યમાં પ્રયોગ—ધીરુભાઈ ઠાકર... ૩૪૨–૩૫૧

૬. 'વૈષ્ણવગીત'નું કર્તૃત્વ તથા કેટલાંક પાઠાન્તરો—અગરચંદ નાહટા ... ૩૫૨–૩૫૩

૭. વસાવાની ઉત્પત્તિ—ચન્દ્રકાન્ત વાઘેલા ... ... ... ૩૫૪–૩૫૬

૮. બેથલેહેમનો તારો—છોટુભાઈ સુથાર ... ... ... ૩૫૭–૩૬૦

૯. ગ્રન્થાવલોકન

૧. હિમાલયની પત્રયાત્રા ... ... ... ... ૩૬૧–૩૬૨

૨. રૂપ અને રસ ... ... ... ... ... ૩૬૨–૩૬૫

૩. આત્મબલ ... ... ... ... ... ૩૬૫–૩૬૭

૪. સાભાર સ્વીકાર ... ... ... ... ... ૩૬૮

## પૂઠા પરનું ચિત્ર

માઉન્ટ આબુ પરનાં દેલવાડાનાં જૈનમંદિરોમાં મંત્રી તેજપાલે બંધાવેલા લુણવસહી નામક મંદિરમાંની એક છતમાંનું કોતરકામ આ ચિત્રમાં રજૂ કર્યું છે. વર્તુલાકારે રાસરૂપે ફરતી ૬૮ નૃત્યાંગનાઓનું આ શિલ્પ ગુજરાતના રાસમંડલની યાદ આપે છે.

[ ફોટો : શ્રી. વિનયચંદ્ર દલાલના સૌજન્યથી ]

# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૨૨ પુસ્તક ૩

એપ્રિલ ૧૯૬૬ અંક ૩


# બાલિદ્વીપની ઉપાસનાપદ્ધતિ


શ્રી લોકેશચંદ્ર

શ્રીમતી શારદારાણી


ઇન્ડોનેશિયાનું પ્રાચીન નામ **નૂસાન્તર** (નૂસ=દ્વીપ) અથવા દ્વીપાન્તર છે. દ્વીપાન્તરમાં 'અન્તર' એ સમૂહવાચક છે, અર્થાત્ દ્વીપોનો સમૂહ, દ્વીપાન્તર. આ જ શબ્દ ત્યાંના પ્રસિદ્ધ ઐતિહાસિક ગ્રન્થ **નાગરકૃતાગમ**માં આ જ અર્થમાં વપરાયેલો છે. આ દ્વીપમાળામાં, રામાયણના બાલિદ્વીપની સ્મૃતિને સજીવ રાખતો બાલિદ્વીપ આવેલો છે. ૧૫મી શતાબ્દીમાં જ્યારે જાવામાં ઇસ્લામનો વિજય થયો ત્યારે, મહાન મજપહિત્ વંશના ઉત્તરાધિકારીઓ અને બીજા હિન્દુઓએ આ નાના દ્વીપમાં આશ્રય લીધો. ભારતની બહાર, હિન્દુ ધર્મની, આ એક પ્રાચીન પ્રતિહારિણી છે, કે જ્યાં ચારે ય વર્ણ, ભટાર વરુણ, ભટાર શિવ અને વિરાટ હિન્દુ સાહિત્ય, આપણા સંશોધકો અને સાધકોની વાટ જુએ છે.

આજે આપણે 'બાલિદ્વીપની ઉપાસના'નું દિગ્દર્શન કરીશું. તાડપત્ર પર લખાયેલા **સૂર્ય-સેવન** નામના ગ્રન્થમાં એનું વર્ણન છે. બાલિના ઉપાસના-પંડિતને **પદણ્ડા** કહે છે. એ ઘણુંખરું શૈવ હોય છે. ઉપાસના કરતાં પહેલાં, પદણ્ડા બાહ્યશુદ્ધિ કરે છે. વસ્ત્ર, મેખલા, ઉત્તરીય, યોગપટ્ટ આદિ ધારણ કરીને, હાથપગ અને મોં ધુવે છે; પછી તે પદ્માસનમાં બેસે છે. તેને માટે બાલિનો પારિભાષિક શબ્દ **પશીલ** છે. બાહ્યશુદ્ધિ કરીને, ધ્યાન, જપ આદિ વડે આભ્યન્તર-શૂચિ બને છે; કેમ કે, એની આ ભૌતિક કાયા જલદીથી શિવત્વનું અધિષ્ઠાન અથવા અધિવાસ બનવાની છે. દેવ જ દેવની અર્ચના કરી શકે છે, કેમ કે, શાસ્ત્રોનું વચન છે— **नाऽऽदेवो देवमर्चयेत्।** શિવનું અવતરણ થાય છે, એમનાં સ્તોત્ર અને સાધના સંપન્ન બને છે. મંત્રસાધિત પુષ્પ પૂતતોય (પવિત્ર જલ)માં નાખવાથી શિવામૃત બની જાય છે. શિવ પદણ્ડાના હિ લિ આત્મામાંથી જતા રહે છે તે પછી પદણ્ડા વસ્ત્રાભૂષણ ઉતારી દે છે. ઉપાસનાની સમાપ્તિ થયા પછી શ્રદ્ધાળુ લોક "તોયતીર્થ" લેવા આવે છે. પ્રત્યેક પ્રક્રિયા મન્ત્રયુક્ત હોય છે, એટલે કે પ્રત્યેક પ્રક્રિયા સાથે જુદા જુદા મન્ત્રોચ્ચાર કરવાના હોય છે.

(૧) **તાલવિધાન** (લોન્તારમાં "તલવેદન") મુદ્રા સાથે, પદણ્ડા નીચેનો મંત્ર બોલે છે જેમાં શિવની **પંચમૂર્તિ** (સાધ્ય, ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ)નું સ્મરણ છે:—



ॐ अं कं कसोल्काय स्वाध्याय नमः (आवाहन।)।

ॐ अं कं कसोल्काय ईशानाय नमः (प्रतिष्ठा)।

ॐ अं कं कसोल्काय अघोराय नमः (योग)।

ॐ अं कं कसोल्काय तत्पुरुषाय नमः (क्रम)।

ॐ अं कं कसोल्काय वामदेवाय नमः (विसर्जन)।

આવાહન, પ્રતિષ્ઠા, યોગ, ક્રમ અને વિસર્જન—એ પાંચ મુદ્રાઓ (?) સાથે **પંચ-મૂર્તિના** સંબંધ જોડવામાં આવ્યો છે.

(૨) આ ઉપરાન્ત **કરશોધન** છે જેને માટે નીચેનો મન્ત્ર પ્રયુક્ત થાય છે :—

ॐ शोधय मां स्वाहा (दायां हाथ)।

ॐ अतिशोधय मां स्वाहा (बायां हाथ)।

એ પછી તુરત જ :—

ॐ ॐ आत्मतत्त्वात्म शोधय (लो. शुद्ध)मां स्वाहा।

ॐ क्षमासंप्रणाय नमः स्वाहा।

ॐ श्रीपशुपतये हुं फट्।

ॐ श्रेयो भवतु। ॐ पूर्णं भवतु। ॐ सुखं भवतु।





હાથમાં પુષ્પ લેઈ, ડાબા હાથનું શોધન નીચેના મન્ત્રથી થાય છે :—

ॐ अं हृदयाय नमः ( अंगुष्ठ ) ।

ॐ अर्काय शिरसे नमः ( मध्यामिका ) ।

ॐ भूर्भुवः स्वर्ज्वालिनीशिखायै नमः ( अनामिका ) ।

ॐ हूं कवचाय नमः ( कनिष्ठा ) ।

ॐ रः फट् अस्त्राय नमः ( तर्जनी ) ।

જમણા હાથનું શોધન નીચેના મન્ત્ર વડે—

ॐ हं नमः ( अंगुष्ठ ) ।

ॐ तं नमः ( तर्जनी ) ।

ॐ अं नमः ( मध्यमिका ) ।

ॐ बं नमः ( अनामिका ) ।

ॐ सं नमः ( कनिष्ठा ) ।

**बं नेत्र** નામની મુદ્રા અને મન્ત્રોચ્ચારણ દ્વારા કરતલને લૂછવામાં આવે છે—

ॐ बं नेत्राय नमः ।



( ३ ) આ ક્રિયા પછી **नाराच-मुद्रा**—



(૪) પછી **પ્રાણાયામ** કરાય છે—પૂરક, कुम्भक અને रेचक।



(૫) મૂંગામૂંગા **અસ્ત્રમન્ત્રનો** જપ કરી પ્રથમ "તોય-તીર્થ" બનાવવામાં આવે છે—

ॐ अं हृदयाय नमः ।

ॐ अर्काय शिरसे नमः ।

ॐ भूर्भुवःस्वर्ज्वालिनीशिखायै नमः।

ॐ हूं कवचाय नमः ।

ॐ वं नेत्राय नमः ।

ॐ हूं रः फट् अस्त्राय नमः ।

**(૬) પ્રથમ તોય-તીર્થનો પ્રારંભ નીચેના મન્ત્રથી થાય છે—**

ॐ परमशिवगङ्गाय नमः ।

ॐ ह्रां ह्रीं वौषट् परमशिवामृताय नमः ।

(૭) જલ પર **ત્ર્યક્ષર** ( अ उ म ) લખતી વેળા, ત્ર્યક્ષરનાં ઉત્પત્તિ અને સ્થિતિ ક્રમોના મન્ત્રોનું સાથે ઉચ્ચારણ કરવામાં આવે છે—

**ઉત્પત્તિ—**

ॐ अं इ ब स त अ। ॐ ॐ य न म शि वा। ॐ ॐ मं उं अं नमः। ॐ देव-प्रतिष्ठायै नमः।

**સ્થિતિ—**

ॐ ॐ स ब त अ इ। ॐ ॐ न म शि वा य। ॐ ॐ अं उं मं नमः।

(૮) પછી અગ્નિમંડલ, સૂર્યમંડલ, ચન્દ્રમંડલના **ત્રિમંડલ** મન્ત્ર અને **ત્રિતત્ત્વમુદ્રા—**

ॐ इं ह्रिं त्रि क्प्रें अश्र उं द्वादशकालात्मने सत्त्वरजोऽधिपतये। ॐ अग्निमण्डलाय नमः स्वाहा।

ॐ इं ह्रिं श्रि क्प्रें अश्र उं द्वादशकालात्मने सत्त्वतमोऽधिपतये। ॐ सूर्यमण्डलाय नमः स्वाहा।

ॐ इं ह्रिं श्रि क्प्रें अश्र उं द्वादशकालात्मने सत्त्वसोमाऽधिपतये। ॐ चन्द्रमण्डलाय-नमः स्वाहा।



(૯) તીર્થ-તોયોમાં ગંગા સહુથી વધુ પાવન હોવાથી પદણ્ડા અમૃત-મુદ્રા વડે ગંગાની સ્તુતિ કરે છે :—

ॐ गङ्गादेवि महापुण्ये गङ्गे सहस्रमेधिनि ।
गङ्गातरङ्गसंयुक्ते गङ्गादेवि नमोऽस्तु ते ॥

ॐ श्रीगङ्गामहादेवि अनुपमामृत-जीवनि ।
ॐकाराक्षरभुवनपदामृतमनाहरे ॥

ॐ उत्पत्तिक सुरसं च उत्पत्ति तव गौरश्च ।
उत्पत्ति सर्वहितं च उत्पत्ति वह्निवाहिनम् ॥



### (૧૦) સપ્તતીર્થ મન્ત્ર

ॐ अं गङ्गायै नमः । ॐ अं सरस्वत्यै नमः । ॐ अं सिन्धवे नमः ।
ॐ अं विपाशायै नमः । ॐ अं कौशिक्यै नमः । ॐ अं यमुनायै नमः ।
ॐ अं सरयुवे नमः ।

(૧૧) **પદ્મમુદ્રા** 'વડે ॐ अनन्तासनाय नमः' બોલી અનન્તાસન ગ્રહણ કરી **ચતુરૈશ્વર્ય-મન્ત્ર** બોલે છે—

ॐ ऋं धमार्य सिंहरूपाय श्वेतवर्णाय नमः स्वाहा ( आग्नेया ) ।
ॐ ऋं ज्ञानाय सिंहरूपाय रक्तवर्णाय नमः स्वाहा ( नैर्ऋत्या ) ।
ॐ ऌं वैराग्याय सिंहरूपाय पीतवर्णाय नमः स्वाहा ( वायव्या ) ।
ॐ ॡं ऐश्वर्याय सिंहरूपाय कृष्णवर्णाय नमः स्वाहा ( ऐशान्या ) ।

(૧૨) **પદ્મમુદ્રામાં** 'ॐ पद्मासनाय नमः' બોલી પદ્માસન વાળી સ્વર-વ્યંજન ન્યાસ કરે છે—

અષ્ટદલમાં સ્વરોનો ન્યાસ—

ॐ अं आं नमः ( पूर्वा ) । ॐ इं ईं नमः ( आग्नेया ) । ॐ उं ऊं नमः ( दक्षिणा ) ।
ॐ ऋं ॠं नमः (नैर्ऋत्या) । ॐ ऌं ॡं नमः ( पश्चिमा ) । ॐ एं ऐं नमः ( वायव्या ) ।
ॐ ओं औं नमः ( उत्तरा ) । ॐ अं अः नमः ( ऐशान्या ) ।

વ્યંજનોનો મધ્યમાં ન્યાસ—

ॐ कं खं गं नमः ( पूर्वा ) । ॐ घं ङं चं नमः ( आग्नेया ) ।

ॐ छं जं झं नमः ( दक्षिणा ) । ॐ ञं टं ठं नमः ( नैर्ऋत्या ) ।

ॐ डं ढं णं नमः ( पश्चिमा ) । ॐ तं थं दं नमः ( वायव्या ) ।

ॐ धं नं पं नमः ( उत्तरा ) । ॐ फं बं भं नमः ( ऐशान्या ) ।

અન્તઃસ્થ અને ઊષ્મોનો કર્ણિકામાં ન્યાસ (पसं यरलव त्रिं ज्रो कूट, कर्णिकायाम् )—

ॐ मं नमः ( पूर्वा ) । ॐ यं नमः ( आग्नेया ) । ॐ रं नमः ( दक्षिणा ) ।

ॐ लं नमः ( नैर्ऋत्या ) । ॐ वं नमः ( पश्चिमा ) । ॐ शं नमः ( वायव्या ) ।

ॐ षं नमः ( उत्तरा ) । ॐ सं नमः ( ऐशान्या ) । ॐ हं नमः ( मध्य ) ।

## ( १३ ) નવશક્તિ

ॐ रां दीप्तायै नमः ( पूर्वा ) । ॐ रीं सूक्ष्मायै नमः ( आग्नेया ) ।

ॐ रुं जयायै नमः ( दक्षिणा ) । ॐ रूं भद्रायै नमः ( नैर्ऋत्या ) ।

ॐ रें विमलायै नमः ( पश्चिमा ) । ॐ रैं विभूत्यै नमः ( वायव्या ) ।

ॐ रों अमोघायै नमः ( उत्तरा ) । ॐ रौं विद्युतायै नमः ( ऐशान्या ) ।

ॐ रं ( रः ) सर्वतोमुखिन्यै नमः ( मध्य ) ।

## ( १४ ) ત્રિતત્ત્વ-મન્ત્ર

ॐ ॐ शिवतत्त्वाय नमः । ॐ ॐ विद्यातत्त्वाय नमः । ॐ ॐ आत्मतत्त्वाय नमः ।

## ( १५ ) કૂટમન્ત્રના બે પાઠ મળે છે—

ॐ ह्रां ह्रीं सः परमशिवादित्याय नमः । અથવા

ॐ ह्रां ह्रीं सः शिवसूर्यपरमतेजःस्वरूपाय नमः ।

## ( १६ ) બ્રહ્માઙ્ગ અથવા શિવીકરણનો ન્યાસ—

ॐ अं कं कसोल्काय ईशानाय नमः ( शिर ) । ॐ अं कं कसोल्काय तत्पुरुषाय नमः ( मुख ) । ॐ अं कं कसोल्काय अघोराय नमः ( हृदय ) । ॐ अं कं कसोल्काय वामदेवाय नमः ( उपस्थ ) । ॐ अं कं कसोल्काय साध्याय नमः ( पाद ) ।

## ( १७ ) શિવાઙ્ગ ન્યાસ—

ॐ अं हृदयाय नमः ( हृदय ) । ॐ अर्काय शिरसे नमः ( शिर ) ।

ॐ भूर्भुवःस्वर्ज्वालिनीशिखायै नमः ( केशाग्र ) । ॐ हूं कवचाय नमः ( पृष्ठ ) ।

ॐ भां नेत्राय नमः ( नेत्र ) । ॐ हूं रः फट् अस्त्राय नमः ( बाहु ) ।

(१८) ગર્ભમન્ત્ર—

ॐ अं कं कसोल्काय शिवगर्भहृदयाय नमः ।

(१९) અષ્ટગ્રહ—

ॐ सं सोमाय श्वेतवर्णाय नमः (पूर्वा)। ॐ बुं बुधाय चामीकरवर्णाय नमः (दक्षिणा)। ॐ वृं बृहस्पतये पीतवर्णाय नमः (पश्चिमा)। ॐ भां भार्गवाय श्याम-वर्णाय नमः (उत्तरा)। ॐ अं अंगाराय रक्तवर्णाय नमः (आग्नेया)। ॐ शं शनैश्वराय कृष्णवर्णाय नमः (नैर्ऋत्या) ॐ रां राहवे राज्यवत्वर्णाय नमः (वायव्या)। ॐ कें केतवे धूम्रवर्णाय नमः (ऐशान्या)।

(२०) ચતુઃસન્ધ્યા અથવા ચતુસ્તર્પણ—

ॐ अं शुक्ल्यै नमः (पूर्वा)। ॐ अं भक्त्यै नमः (दक्षिणा)।
ॐ अं कृष्ण्यै नमः (पश्चिमा)। ॐ अं जम्बिकायै नमः (उत्तरा)।

(२१) ચતુર્ઋષિ—

ॐ अं सर्वदेवोभ्यो नमः (पुरः)। ॐ अं सप्तऋषिभ्यो नमः (दक्षिणतः)।
ॐ अं सप्तपितृभ्यो नमः (वामतः)। ॐ अं सरस्वत्यै नमः (पृष्ठतः)।

(२२) ઘંટાસ્તવ—

ओंकारः सदाशिवस्त्वं जगन्नाथ हितंकर ।
अभिवादवदनीयं घण्टाशब्दः प्रकाश्यते ॥
घण्टाशब्दं महाश्रेष्ठं ओंकारं परिकीर्त्तितम् ।
चन्द्रनादबिन्दुना दत्तं स्फुलिङ्गशिवतत्त्वं च तम् ॥
ॐ घण्टा आयान्तु पूज्यन्ते देवाः अभवभवकर्मसु ।
वरणलब्धसंदेहं वरं सिद्धिः निःसंशयम ॥

(२३) पडक्षम અથવા ओं क्षमस्व (નીચે નંબર ૪૬ જુઓ)

ॐ क्षमस्व मां महादेव सर्वप्राणहितङ्कर ।
मां मोच सर्वपापेभ्यः पालयस्व सदाशिव ॥
पापोऽहं पापकर्माऽहं, पापात्मा पापसम्भवः ।
त्राहि मां सर्वपापेभ्यः केनाचिन्मम रक्षतु ॥
क्षन्तव्याः कायिका दोषाः क्षन्तव्या वाचिका मम ।
क्षन्तव्या मानसा दोषास् तत्प्रमादं क्षमस्व माम् ॥

हीनाक्षरं हीनपादं हीनमन्त्रं तथैव च ।
हीनभक्तिं हीनविधिं सदाशिव नमोऽस्तु ते ॥

ॐ मन्त्रहीनं क्रियाहीनं भक्तिहीनं महेश्वर ।
यत्पूजितं मया देव परिपूर्णं तदस्तु मे ॥

( २४ ) सडस्कार वे ( = જલ સંસ્કાર )—

ॐ ह्रां ह्रीं सः वौषट् परमशिवामृताय नमः ।
ॐ ह्रां ह्रीं सः क्ष्युं सदाशिवामृताय नमः ।
ॐ ह्रां ह्रीं सः क्ष्युं अं उं मं ॐ ।
स्वस्ति स्वस्ति [ सर्वदेवेभ्यो भूतसुखप्रेतेभ्यो नमः ]
क्षिं क्षिं । य वा शि म न । इ स ब त अ ।
भूतिर् भूतिर् भूर् भुवः स्वः ( स्वाहा ) ।
ॐ अं इं उं व्यों मां व्यं ( छः बार ) ।
ॐ इ अ क श, म र ल व उ, नमो नमः स्वाहा ।
ॐ अ र क स, म र ल व य, उ नमो नमः स्वाहा ।
ॐ देवप्रतिष्ठायै नमः । ॐ अर्धनारीश्वराय नमः । ॐ प्रधानपुरुषसंयोगाय नमः ।
कूटमन्त्र । ॐ ह्रां ह्रीं सः परमशिवादित्याय नमः ।

( २५ ) **સપ્તતીર્થ** અથવા "**અપ્સુ-દેવ**" મન્ત્ર

अप्सु देव पवित्राणि गङ्गादेवि नमोऽस्तु ते ।
सर्वक्लेशविनाशिनी तोयेन परिशुध्यते ॥
सर्वपापविनाशिनि सर्वरोगविमोचने ।
सर्वविघ्नविनाशिनि सर्वभोगमवाप्नुयात् ॥

( २६ ) **સપ્ત-ૐકારમન્ત્ર**

ॐ ॐ परमशिव शून्यात्मने नमः ।
ॐ ॐ सदाशिव निष्कलात्मने नमः ।
ॐ ॐ सदारुद्र अन्त्यात्मने नमः ।
ॐ ॐ महादेव निरात्मने नमः ।
ॐ मं ईश्वर परात्मने नमः ।
ॐ उं विष्णु अन्तरात्मने नमः ।
ॐ अं ब्रह्मा आत्मने नमः ।

### ( ૨૭ ) સ્તવ-ભટાર ( = ભટાર-સ્તવ )

ॐ प्रणम्य भास्करं देवं सर्वक्लेशविनाशनम् ।
परमादित्यशिवार्थं भुक्तिमुक्तिवरप्रदम् ॥

### ( ૨૮ ) સપ્તગંગા

ॐ गङ्गा सरस्वती सिन्धु विपाशा कौशिकी नदी ।
यमुना महती श्रेष्ठा सरयू च महानदी ॥

ॐ गङ्गा सिन्धु सरस्वती सुयमुना गोदावरी नर्मदा ।
कावेरी सरयू महेन्द्रतनया चर्मण्वती वेणुका ।
भद्रा नेत्रवती महासुरनदी ख्याता च या गण्डकी ।
पुण्याः पूर्णजलाः समुद्रसहिताः कुर्वन्तु मे मङ्गलम् ॥

ॐ गङ्गादेवि महापुण्ये नमस्ते विश्वभामिनि ।
यमुने परमपुण्ये नमस्ते परमेश्वरि ॥

नर्मदे च देवि पुण्ये नमस्ते लोकाराधिनि ।
धरिण्यै मलहारिण्यै नमस्तुभ्यं महेश्वरि ॥

दैविको दैविकजस्त्वं शिवपृष्ठ नमोस्तु ते ।
नैरञ्जने जगत्क्लेशहारिण्यै ते नमो नमः ॥

मन्दाकिनि सुरदेवि नमस्ते मलहारिणि ।
जम्बुशङ्ख महादेवि देवी देवनियोगतः ॥

मेरुप्रदक्षिणां कृत्वा क्लेशान् नारायणप्रिय ।
पर्वताश्वमुखपुण्ये शिशुक्लेशान् विनाशय ॥

क्षीरेक्षुश्च दधि घृतं क्षुरयक्षीव निर्मलम् ।
पातु नः क्लेशनाशनं युष्मभ्यं तु नमो नमः ॥

ॐ नमस्ते भगवति गङ्गे नमस्ते शीतले नदि ।
सलिलं विमलं तोयं स्वयम्भूतीर्थभाजनम् ॥

ॐ सुभिक्षे अष्टस्तेयदोषकिल्बिषनाशने ।
पवित्रे सुमहातीर्थे गङ्गाथापि महोदधिः ॥

ॐ वज्रपाणि महातीर्थे पापशोकविनाशने ।
नदि पुष्पालये नित्यं नदि तीर्थतया प्रिये ॥

ॐ तीर्थोदधि सकुम्भश्च वर्णदेह महात्मनाम् ।
मुनीनां मङ्गलस्ताश्च ह्येवापि सदिवौकसः ॥

ॐ सर्वविघ्ना विनश्यन्तु सर्वः क्लेशो विनश्यतु ।
सर्वदुःखविनाशाय सर्वपापं विनाशय ॥ नमः स्वाहा ॥

ॐ पञ्चाक्षरं महापुण्यं पवित्रं पापनाशनम् ।
पापकोटिसहस्राणामगदं भवसागरे ॥

લોન્તારમાં ઉત્તરાર્ધનો પાઠ બહુજ અશુદ્ધ (ભ્રષ્ટ) છે—

अदग्ध(·) भवेत् सगर(·) ।

(૨૯) આ ઉપરાન્ત નીચેના મન્ત્ર વડે तुञ्जुं वलुल्वन् અર્થાત્ **કલ્પક** નામક પુષ્પ પાણીમાં નાંખવામાં આવે છે. જો તે ઉપલબ્ધ હોય તો કોઈ સુગંધિત પુષ્પનો ઉપયોગ થાય છે. મન્ત્ર—

ॐ इ अ क श म र ल व य नमो नमः स्वाहा ।
ॐ ॐ कुर्मेदजये जीवत् । शरीर रक्ष ण्डदु सिमे ।
ॐ म्तुं सः वौषट् मृत्युञ्जयाय नमः । [ सः वौषट् ] ।

(૩૦) આ ઉપરાંત **પંચોપચાર** છે—ગન્ધ (ચંદન), અક્ષત (બીજ), પુષ્પ, ધૂપ અને દીપ. મંત્ર—

गन्ध । ॐ श्री गन्धेश्वरि अमृतेभ्यो नमः स्वाहा ।
अक्षत । ॐ कुंकुमबीजाय नमः ।
पुष्प । ॐ पुष्पदन्ताय नमः ।
धूप । ॐ अग्निर् अग्निर् ज्योतिर् ज्योतिः । ॐ धूपं समर्पयामि ।
दीप । ॐ दीपं समर्पयामि । स्वाहा ।

**એની વ્યોમમુદ્રા છે.**

**(૩૧) ઉદકાંજલિ**

ॐ अं खं खसोल्काय नमः ।
ॐ भ्रीं क्षमाकरणाय नमो नमः स्वाहा ।

**(૩૨) પાદ્યાર્ઘ્ય** (મંત્રનું નામ '**પં પાદ્ય**,' છે)

वसः सुकु (પગ ધોવા) । ॐ पं पाद्याय नमः ।
ॐ अं अर्घ्यद्वयाय नमः ।

वसः हस्त (હાથ ધોવા) । ॐ जं जीवशुद्धाय नमः ।

कमुःकमुः ( કુલ્લા કરવી )। ॐ चं चमनीयाय नमः।
रउप् ( મોં ધોવું )। ॐ ग्रीं शिवग्रीवाय नमः।

सङ्कपि। આનો શબ્દાર્થ 'समाप्त' છે. એમાં ઘંટા વગાડવાની તેમજ વિશેષ મુદ્રા છે. એ કેટલીક પ્રક્રિયાઓ ઉપરાન્ત જોવામાં આવે છે.



( ३३ ) મૃત્યુઞ્જય દીર્ઘાયુર્

ॐ दीर्घायुर्बलवृद्धिशक्तिकरणं मृत्युञ्जयः शाश्वत
रोगादिक्षयकुष्ठदुष्टकलुषं चन्द्रप्रभाभास्वरम् ।
ह्रिं-मन्त्रं च चतुर्भुजं त्रिनयनं व्यालोपवीतं शिवं
शीतं चामृतमध्य सा सुखकरं जीवत्सयाव्यासङ्कम् ॥

श्वेताम्भोरुहकर्णिकापरिगतं देवासुरैः पूजितं
मृत्युक्रोधबलं महाकृतमयं कर्पूररेणुप्रभम् ।
त्वां वन्दे हृदये भक्तिशरणं प्राप्यं महाप्रस्तुमैः
शान्तं सर्वगतं निरन्तमभवं भूतात्मनिर्विगुणम् ॥

श्रीद्रं भक्तिविमुक्ति....करणं व्याप्तं जगद्धारणं
मौलीबन्धकिरीटकुण्डलधरं चैतन्यदुष्टक्षयम् ।
वन्दे मृत्युजितं सजप्यारहोमन्त्रादिदेवं हरिं
मुक्त त्वं जतुवं समाधि सततं चैतन्यदुष्टक्षयम् ॥

ॐ मृत्युञ्जयदेवस्य यो नामानीहानुकीर्तयेत् ।
दीर्घायुष्मवाप्नोति संग्रामे विजयी भवेत् ॥
ॐ आत्म तत्त्वात्म शोधय मां स्वाहा ।

ॐ प्रथमं शुद्धं द्वितीयं शुद्धं तृतीयं शुद्धं चतुर्थं शुद्धं पञ्चमं शुद्धं शुद्धं शुद्धं वारि अस्तु ।

## સપ્તવૃદ્ધિ

ॐ आयुर्वृद्धिर्यशोवृद्धिर्वृद्धिः प्रज्ञासुखश्रियाम् ।
धर्मसन्तानवृद्धिश्च सन्तु ते सप्त वृद्धयः ॥
यावन्मेरौ स्थिता देवा यावद् गङ्गा महीतले ।
चन्द्रार्कौ गगने यावत् तावत् तावद् विजयी भवेत् ॥

ॐ दीर्घायुरस्तु तदस्तु । ॐ अविघ्नमस्तु तदस्तु । ॐ शुभमस्तु तदस्तु । ॐ श्रेयो भवतु । ॐ सुखं भवतु । ॐ पूर्णं भवतु । सप्तवृद्धिरस्तु ।

(३४) ભમસ્મ અર્થાત્ પદણ્ડા પોતાના શરીર પર ચન્દનનો લેપ કરે છે. મન્ત્ર—

ॐ इदं भस्म परं गुह्यं सर्वपापविनाशनम् ।
सर्वरोगप्रशमनं सर्वकलुषनाशनम् ॥
ॐ वामदेवगुह्याय नमः ।
ॐ सं बं तं अं इं नमः स्वाहा ।
ॐ भूर्भुवः स्वः ।



## ધર્મજાતિ

ॐ ॐ प्रधानपुरुषसंयोगाय बिन्दुदेवाय भोक्त्रे जगन्नाथाय ।
देवदेव्यादिसंयोगाय परमशिवाय नमो नमः ॥

(૩૫) નીચેનો મન્ત્ર બોલી પદણ્ડા શિર પર **શિરોવેષ્ટન** ધારણ કરે છે—

शिरोवेष्टं महादिव्यं पवित्रं पापनाशनम् ।
कुशाग्रं प्रतिगृह्णाति परमशिवशून्यं ते ॥

स्वस्ति मे सर्वतो नित्यं दिव्यं शास्त्रं च निर्भयम् ।
सपुत्रपौत्री ऋद्धिश्च बान्धवाः ससुखा नित्यम् ॥
ॐ ॐ क्षमासम्पूर्णाय नमः ॥

(૩૬) નીચેનો મન્ત્ર બોલી પદણ્ડા **શિવસૂત્ર** અર્થાત્ યજ્ઞોપવીત ધારણ કરે છે—

ॐ यज्ञोपवीतं परमं पवित्रं प्रजापतेर्यत् सहजं पुरस्तात् ।
आयुष्यमग्र्यं प्रतिमुञ्च शुभ्रं यज्ञोपवीतं बलमस्तु तेजः ॥

परगुह्यात्मं त्रिगुणं त्रिगुणात्मकम् ।
अरिवं कोटिसूर्यप्रकाशं चन्द्रकोटिहृदयम् ।
इति वेदमन्त्र गायत्री मात्रमात्र षडक्षर सर्वदेवपिता स्वयंभू भर्गो देवस्य धीमहि ।
सङ्कपि ( ઉપર સંખ્યા ૩૨ જુઓ )

(૩૭) શિવસૂત્ર ધારણ કર્યા પછી બ્રહ્મા અને વિષ્ણુના પ્રતીક **કૌપીન** અને **મેખલાનું** ધારણ નીચેના મન્ત્ર વડે કરવામાં આવે છે—





कौपीनं ब्रह्मा संयुक्तं मेखला विष्णुः संस्मृतः ।
वेंहि (?) सर्वकरो देव बन्धिसन्तु सदाशिव ॥

(૩૮) આ પ્રમાણે શિવસૂત્ર, કૌપીન, મેખલા ધારણ કરી પદણ્ડા ૧૦૮ મણકાની માળા (ગણિત્રી) લઈ ઉપાંશુ જપ કરે છે, અને ધ્યાનમાં મગ્ન થઇ જાય છે.

એનો આત્મા શરીર છોડીને **ङिलि आतमा** માં લીન થઈ જાય છે. એ શિખાન્ત (तुङ्-तुङि रम्बुत्)માં બાર આંગળમાં સમાઈ જાય છે. अग्निपुराण ३०३.१४માં પણ આવું જ વર્ણન છે—

आत्मानं योजयित्वा शिखान्ते द्वादशांगुले ।
संशोष्य दग्ध्वा स्वतनुं प्लावयेदमृतेन च ॥



(૩૯) આ ઉપરાન્ત જ્યારે શિવ **ङि लि आतमा**માં વિરાજમાન થઈ જાય છે ત્યારે પદણ્ડા **ग्रीं-मन्त्र**નું ઉચ્ચારણ કરે છે—

ॐकारादि परमं मन्त्रं, मंकारं तीक्ष्णमेव च ।
देवार्चा उंकारं मन्त्रं, अंकारं देवतर्पणम् ॥

देवार्चनं च ग्रीं-मन्त्रं, ग्रीं-मन्त्रं तर्पणं तथा ।
मोक्तृलक्षणं ग्रीं-मन्त्रं, ग्रीं-मन्त्रं तृप्तिकरणम् ॥

क्षमाकरणं ग्रीं-मन्त्रं, ग्रीं-मन्त्रं अनुग्राहकम् ।
अन्त्येष्टि चैव ग्रीं-मन्त्रं, ग्रीं-मंन्त्रं देवसंवरम् ॥

(૪૦) પદણ્ડા **અંજલિ** કરે છે—

ॐ आदित्यस्य परं ज्योती रक्ततेजो नमोऽस्तु ते ।
श्वेतपङ्कजमध्यस्थे भास्कराय नमो नमः ॥

(૪૧) પદણ્ડા નીચેનો મન્ત્ર બોલી **પાયુક્** ( નાનું પાત્ર )માં રાખેલા જલનું **અમૃતીકરણ** કરે છે, જે જલ પૂજાને અન્તે ભક્તોને વહેંચવામાં આવે છે.—

ॐ एहि, सूर्यसहस्रांशो तेजोराशे जगत्पते ।
अनुकम्पय मां भक्त्या गृह्यमाणो दिवाकर ॥ ।य नमो नमस्ते ॥

(૪૨) જલને પૂત ( પવિત્ર ) કરવા માટે એક બીજો **शिवामृत-मन्त्र** છે જેનો અન્ત कूटमन्त्र અને ‘ सङ्कपि ’ વડે થાય છે—

ॐ ॐ शिवामृताय नमः । ॐ ॐ सदाशिवामृताय नमः । ॐ ॐ परमशिवामृताय नमः । ॐ कस्मुं शिवामृताय नमः । ॐ कस्मुं सदाशिवामृताय नमः । ॐ कस्मुं परमशिवामृताय नमः । ॐ ॐ गङ्गामृताय नमः । ॐ ॐ चन्द्रामृताय नमः ।

ॐ शिवशुद्धात्मने स्वाहा । ॐ शुद्धात्मने स्वाहा । ॐ शुद्धात्मने स्वाहा ।
ॐ ह्रां ह्रीं सः परमशिवामृताय नमः । ( આ कूटमन्त्र છે. )
सङ्कपि ।

(૪૩) આ ઉપરાન્ત શિવનું સ્તોત્ર—**स्तव-भटार** છે—

ॐ स्तम्भमेरुपरिवर्तसमस्तलोकं, बिम्बाधिदेवनिचतवाजिकराय— ।
जम्बोरतीव गगनाय समस्तनेत्रम् , अम्बरबिन्दुशरणाय नमो नमस्ते ॥

दिव्यापोमूर्तिपरमेश्वरभास्कराणां, ज्योतिःसमुद्रपरिरक्षित न तनय ।
भूःसप्तलोकभुवनत्रयसर्वनेत्रं, आदित्यदेव शरणाय नमो नमस्ते ॥

कालाय काष्ठरवि भास्कर बालदेव, भक्त्या मूर्तिपरिवृत सुनिष्कुटाय ।
रत्नाय रत्नमणिभूषितसंयुताय, त्रैलोक्यनाथ शरणाय नमो नमस्ते ॥

(૪૪) **રાજમન્ત્ર** અથવા **સ્તવસૂર્ય**—

ॐ ह्रों ज्रीं ज्वालिने नमः ।
ॐ ह्रों रूं रत्नपतये नमः ।
ॐ ह्रों क्रों कुलपुत्राय नमः ।
ॐ ह्रों कुं कुलपुत्राय देवाय नमः ।

## ( ४५ ) ત્રિભુવન-મન્ત્ર

परमाशिव त्वं गुह्यं शिवतत्त्वपरायण ।
शिवस्य प्रणतो नित्यं चण्डीशाय नमोस्तु ते ॥
नैवेद्यं ब्रह्माविष्णोश्च भोक्तृदेव महेश्वर ।
सर्वव्याधिना .... सर्वकार्यं च विजयम् ।
गुह्यातिगुह्यं प्राप्नुयात् यज्ञं तिल नते असः ॥
सिद्धिसकलामाप्नोति परमशिव .... ॥
ॐ ॐ परमशिवाय नमः स्वाहा ॥
सङ्कपि ।

## ( ४६ ) ક્ષમા-મન્ત્ર ( જુઓ ઉપર નં. ૨૩ )

क्षन्तव्याः कामिका दोषाः क्षन्तव्या वाचिका मभ ।
क्षन्तव्या मानसा दोषास् तत्प्रमादं क्षमस्व माम् ॥
हीनाक्षरं हीनपादं हीनमन्त्रं तथैव च ।
हीनभक्तिं हीनविधिं सदाशिव नमोऽस्तु ते ॥
क्षमस्व मां जगन्नाथ सर्वपापानिरन्तरम् ।
सर्वकार्यहीनदेहं प्राणा मम सुरेश्वर ॥
त्वं सूर्यस्त्वं शिवंकरः त्वं रुद्रवह्निलक्षणः ।
त्वमेव सर्वगतः कुरु मम कार्यं प्रजापते ॥
क्षमस्व मां महाशक्ते ह्यष्टैश्वर्यगुणात्मक ।
नाशयेत् सततं पापं सर्वमलोकदर्पणकारण नमः स्वाहा ॥
सङ्कपि ।

## ( ४७ ) અનુગ્રહ-મન્ત્ર—

ॐ अनुग्रहमनोहरं देवदत्तानुग्राहकं, ह्यर्चनं सर्वं पूजनं नमः सर्वानुग्राहकम् ।
देवदेवी महासिद्धि यज्ञिकण्ठमूलत्वम्........ इदं,
लक्ष्मीं सिद्धिश्च दीर्घायुर्निर्विघ्नसुखवृद्धिश्च ॥
ॐ प्रीं अनुग्रहार्चनाय नमो नमः स्वाहा ।
ॐ अनुग्रहमनोहर नमो नमः स्वाहा ।
ॐ प्रीं परममान्त्येष्ठं नमो नमः स्वाहा ।
ॐ अन्त्येष्ठि परमं पिण्डं देवमिश्रितं सर्वेष्ठी ।
एकस्थानव्यूह सर्वदेव सुखप्रद नमो नमः ॥ स्वाहा ।
सङ्कपि ।

(૪૮) વિષ્ણુ-વિષ્ણુ

ॐ विष्णुर्विष्णुरादित्यदे त्रिविष्णु प्रजापतेः
क्षेत्रे वाराहकल्पे प्रथमे चरणे कालयुगे ।
कालमासे कालातीते योगनक्षत्रमिताय
वेदोक्तिफलं प्रति कामनया सर्वप्रायश्चित्तं करिष्ये ।
सौभाग्यमस्तु तदस्तु अस्तु स्वाहा ।

(૪૯) एकपुष्प–શ્લોક-મન્ત્ર

एकपुष्पं च निर्मलं पद्मसंयोगि संस्थितम् ।
एकपुष्प शिव त्वं च पश्चात् शरीरसंस्थितम् ।

(૫૦) આ પછી શિવ પદણ્ડાના શરીરને છોડી ચાલ્યા જાય છે અને આત્મામાં ફરી સ્થાન ગ્રહણ કરે છે.

नुन्तन् आत्मा



(૫૧) अनिचिप् અથવા अनितिप् तोय (જલનું આચમન કરવું)

(૫૨) એક તાડપત્ર પર લિખિત ગ્રન્થ અનુસાર આ પછી સાત મન્ત્રો છે જેની શરૂઆત નીચે પ્રમાણે છે—

૧. ॐ कारात्म मन्त्रहृदय....

૨. भावे सूर्य....

૩. भाव्यं तं स्वर्ग....

૪. मन्त्राणां सिद्धि....

૫. क्षं क्षिं क्षें क्षुं....

૬. स्थूलं सूक्ष्मं परं....

૭. हृन्मूलं सदासूक्ष्मं....



(૯૩) સૂર્યનાં દશ નામો વડે દશ અંગોનો ન્યાસ—

ॐ सुं सूर्याय नमः ( शिर )। ॐ भास्कराय नमः ( मुख )। ॐ दिवंकराय नमः ( बाहु )। ॐ अर्काय नमः ( वक्षस् )। ॐ आदित्याय नमः ( हृदय )। ॐ रवये नमः ( उदर )। ॐ मातंगाय नमः ( नाभि )। ॐ रथाय नमः ( पार्श्व )। ॐ सरथाय नमः । ॐ अश्वाय नमः ( पाद )।

આચમન પૂર્ણ કરી તુરત પદણ્ડા શિરોવેષ્ટન ઉતારી કાઢે છે કેમ કે એમાં હવે શિવ વિરાજમાન નથી, હવે પોતે મનુષ્ય બની જાય છે.

**તોય-તીર્થ**માં પુષ્પ નાંખીને પૂજાની સમાપ્તિ કરવામાં આવે છે.*

---

* બાલિદ્વીપમાં મન્ત્રોચ્ચારણ કરતાં કરતાં કાલક્રમે સંસ્કૃત પાઠ ભ્રષ્ટ થઈ ગયા છે. જ્યાં એ શુદ્ધ કરી શકાયા નથી ત્યાં તાડપત્રોના મૂળ અશુદ્ધ-ભ્રષ્ટ પાઠ જ આપ્યા છે.

# વાકચપદીયકાર ભર્તૃહરિ

[ ગતાંકથી ચાલુ ]

જયદેવ મો. શુક્લ

૩

### સમય

અગાઉ આપણે વિચાર્યું તેમ ભર્તૃહરિ વિશે કશી માહિતી ઉપલબ્ધ થતી નથી. તેમના જન્મના સ્થળ, માતાપિતા, દેશ કે સમય વિષે પણ આપણી પાસે કશી વિગતો નથી. જૈન નૈયાયિક મલ્લવાદી ભર્તૃહરિને વસુરાતના શિષ્ય ગણે છે.[૧] વસુરાતને પ્રસિદ્ધ વૈયાકરણ ચન્દ્ર અથવા ચંદ્રગોમિન્‌ના શિષ્ય ગણવાની પણ પ્રણાલી છે. વસુબંધુનું ચરિત્ર લખનાર પરમાર્થ જણાવે છે કે વસુરાત વ્યાકરણશાસ્ત્રના વિદ્વાન હતા. તેમણે વસુબંધુના 'અભિધર્મકોશ'માંનાં વચનોની વ્યાકરણને લગતી અશુદ્ધિઓ બતાવી હતી. 'અભિધર્મકોશ'ના સિદ્ધાંતોનો વિરોધ બૌદ્ધ નૈયાયિકો પણ કરતા હતા તેનો પુરાવો વિમલમિત્ર (ઈ. સ. ૪૫૦)ના 'અભિધર્મદીપ' અને તેના ઉપરની સ્વવૃત્તિ 'વિભાષાપ્રભાવૃત્તિ' ઉપરથી મળે છે.[૨] ભર્તૃહરિનાં પોતાનાં વચનો "प्रणीतो गुरुणाऽस्माकमयमागमसङ्ग्रहः" (वा. प. २. ४८४ ज) પણ આ જ વાતની સાક્ષી પૂરે છે. ચંદ્રગોમિન્‌ના વ્યાકરણને પ્રથમવાર પ્રાચ્યવિદો સમક્ષ રજૂ કરનાર પ્રો. બ્રુનો લાઈબીશ પણ વસુરાતને ચન્દ્રગોમિન્‌ના સાક્ષાત્ શિષ્ય ગણે છે.[૩]

પાણિનીય વ્યાકરણ પછી વ્યાકરણ પરંપરામાં બીજું મહત્ત્વનું સ્થળ ધરાવનાર ચાન્દ્ર-વ્યાકરણના કર્તા પ્રસિદ્ધ આચાર્ય ચન્દ્રગોમિન્ ક્યારે થયા તે નક્કી કરવું મુશ્કેલ છે. તેમનો વ્યાકરણશાસ્ત્રનો સૂત્રગ્રંથ તે 'चान्द्रसूत्राणि'. તેમણે પોતે જ સૂત્રો પર વૃત્તિ અથવા चन्द्रवृत्ति લખી છે. ૧ થી ૬ સુધીના અધ્યાયોમાં[૪] મળતા આ ગ્રંથમાં પાણિનીય વ્યાકરણનું પૂર્ણપણે અનુસરણ કરવામાં આવ્યું છે અને તે દ્વારા 'લઘુ, વિસ્પષ્ટ અને સંપૂર્ણ' એવું વ્યાકરણ રચવામાં આવ્યું છે. ચન્દ્રગોમિન્‌ના સમય અંગે 'ચન્દ્રવૃત્તિ'માંના એક સૂત્રને અને તેના ઉપરની વૃત્તિને

---

૧ મુનિરાજ જમ્બૂવિજયજી : શ્રી આત્માનંદપ્રકાશ, સંવત ૨૦૦૪, પૃ. ૧૮૪ : वसुरातस्य भर्तुहर्युपाध्यायस्यमते तु...। અને यत्तु वसुरातो भर्तृहरेरुपाध्यायः...।

૨ સંપાદક પદ્મનાથ જૈની : પટના, ૧૯૫૯.

3 J. R. A. S. 1905, P. 51 ff.

૪ ચન્દ્રવૃત્તિમાં આઠ અધ્યાયો હતા એનો પુરાવો ચન્દ્ર પોતે જ આપે છે : स्वरविशेषं अष्टमे वक्ष्यामः। सूत्र लिपो नेश्च १-१-१४५

ઉપયોગી ગણવામાં આવ્યાં છે.[1] આ સૂત્રમાંના સિદ્ધાન્તને સમજાવતાં ઉદાહરણ આપવામાં આવ્યું છે 'अजयत् जर्तो हूणान्।' 'જર્તે હૂણોને જીત્યા.' આ પ્રસંગ સૂત્રમાંના સિદ્ધાન્ત અનુસાર લેખકના જીવનકાળ દરમ્યાન બન્યો હતો. પ્રો. લાઈબીશ જણાવે છે કે આ ઉદાહરણમાં તોરમાણ ઉપરના વિજયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[2] આર. સી. મજુમદાર પણ આ સૂચનને અનુસરીને તોરમાણ ઉપરના ગુપ્તોના વિજયપ્રસંગના ઉલ્લેખને સમજે છે, અને આવો વિજય ઈ. સ. ૪૯૦ થી ૫૧૫ સુધીમાં કોઈ સમયે બન્યો હશે એવા પ્રો. લાઈબીશના વિચારને પુષ્ટિ આપે છે.[3] આના સમર્થનમાં 'जर्त'ને બદલે 'गुप्त' એવો પાઠ તે વાંચે છે. આવો પાઠફેર તથા તેના ઉપરનું અનુમાન, બંને નિરાધાર છે કારણ કે 'જર્ત' એ એક સીમાન્ત જાતિ છે અને મહાભારતથી માંડીને હેમચન્દ્ર સુધીના ગ્રંથો અને લેખકોને આ જાતિ તેમજ તેમના રાજાઓ જાણીતા હતા.[4] 'ચન્દ્રવૃત્તિ'માંનો આ ઉલ્લેખ હૂણો સાથેની જર્ત જાતિની કે એમના કોઈક નેતાની તકરારનો પુરાવો આપે છે. આ પ્રસંગના સમયનિર્ધારણ અંગે કશું જ કહી શકાય નહિ. વસુરાતના ગુરુ તરીકે એને માનવામાં આવે તો ઇસિવીસનના ચોથા સૈકાના પૂર્વાર્દ્ધમાં ચન્દ્રગોમિન્‌ને નિશ્ચિત કરી શકાય.

ભર્તૃહરિના સમયનિશ્ચય અંગે પાતંજલ મહાભાષ્યને પૂર્વસીમા ગણીશું, કારણ કે મહાભાષ્ય ઉપરની ભર્તૃહરિની 'પ્રદીપિકા' નામે વૃત્તિ મળે છે.[5] ઉત્તરસીમા માટે વામન–જયાદિત્યની કાશિકાને (ઈ. સ. ૬૫૦) સ્વીકારીશું, કારણ કે 'વાક્યપદીય'નો નામોલ્લેખ તેમાંથી પ્રાપ્ત થાય છે. ભર્તૃહરિના 'વાક્યપદીય'નો અથવા તો તેની કારિકાઓનો ઉલ્લેખ કરનારા સેંકડો ગ્રંથો વિદ્યમાન છે.[6] તે બધાનો ઉલ્લેખ ન કરતાં તેમાંના કેટલાક પ્રાચીન ગ્રંથો અને પુરાવાઓને ઉલ્લેખીશું.

---

૧ चन्द्रवृत्ति १-२-८१: परोक्षे लिट्। परोक्षे च लोकविज्ञाते प्रयोक्तुर्दर्शनविषये दर्शनयोग्यत्वात् परोक्षास्याविवसायां लङ् भवत्येव। अजयज्जर्तो हूणान्। ચન્દ્ર અહીં પાણિનિનો સૂત્ર अनद्यतने लङ् (૩-૨-૧૧) સૂત્ર ઉપરના વાર્તિકને અનુસરીને. પતંજલિએ આપેલ अरुणद्यवनः साकेतम्। અને अरुणद्यवनो माध्यमिकाम्। ' એવાં [ઉદાહરણોની પદ્ધતિને અનુસરે છે. પછીના વૈયાકરણીય પણ આ પદ્ધતિને જ અનુસરે છે; સરખાવો, જૈનેન્દ્ર વ્યાકરણ अरुणन्महेन्द्रो मथुराम् (૨-૯-૯૨); શાકટાયન (અમોઘવૃત્તિ) अदहदमोघवर्षोऽरातीन् (૧૦-૩-૨૦૭) અને હેમચંદ્ર अरुणत्सिद्धराजोऽवन्तीम् (૫-૨-૮)

2 W. Z. K. M. Vol XIII-P. 306 Das Datum des chandragomin.

3 A New History of the Indian People, Part VI, Page 197.

૪ યુધિષ્ઠિર મીમાંસક: વ્યાકરણશાસ્ત્રકા ઇતિહાસ ભાગ ૧, પૃ. ૨૪૪-૨૪૫ लोमशाः शृङ्गिणोनराः। સભાપર્વ ૨૭-૨૬, जर्तः दीर्घरोमा। દુર્ગસિંહ: ઉણાદિવૃત્તિ; जर्तः प्रजननं राजा च। હેમચન્દ્ર: ઉણાદિવૃત્તિ, સૂત્ર ૨૦૦.

5 (અ) Annals of the Bhandarkar Oriental Research Instituteમાં (૧૯૬૨, ૧૯૬૩, ૧૯૬૪) પ્રો. અભ્યંકર અને લિમયે દ્વારા ક્રમશઃ સંપાદન.

(બ) महाभाष्यप्रदीपिका: સ્વામીનાથન્, બનારસ (૧૯૬૫).

૬ અભ્યંકર અને લિમયે: 'वाक्यपदीय,' પૂના, ૧૯૬૫, પરિશિષ્ટ ૩ થી ૬.

૧. પ્રસિદ્ધ બૌદ્ધ નૈયાયિક ધર્મકીર્તિ ( ઈ. સ. ૫૫૦ થી ૬૦૦ ) તેમના ' પ્રમાણવાર્તિક ' નામે ગ્રંથમાં શબ્દચર્ચા–શબ્દનિત્યત્વ, ધ્વનિ, સ્ફોટ, વાક્ય, શબ્દાર્થસંબંધ–કરતી વખતે વૈયાકરણોના પૂર્વપક્ષ તરીકે ભર્તૃહરિનાં જ વચનોનો–શબ્દો અને શ્લોકખંડો તથા શબ્દસમૂહનો–ઉલ્લેખ કરે છે. સ્ફોટવાદની ચર્ચામાં ભર્તૃહરિની સ્પષ્ટ છાપ વરતાય છે.[૧] ધર્મકીર્તિ ભર્તૃહરિના અનુકાલીન હતા તેમાં શંકાને સ્થાન નથી.

૨. શતપથ બ્રાહ્મણના ભાષ્યકાર હરિસ્વામી પોતાના ભાષ્યમાં ' વાક્યપદીય ' (૧·૧)નું ઉદ્ધરણ ટાંકે છે. " अन्ये तु शब्द ब्रह्मैवेदं ' विवर्तते अर्थभावेन प्रक्रिया ' इत्यत आहुः "। હરિસ્વામીને ઈ. સ. ૫૩૮ની આસપાસ થયેલા ગણવામાં આવ્યા છે.[૨]

૩. પ્રસિદ્ધ મીમાંસક શિરોમણી કુમારિલ ભટ્ટની બે કૃતિઓ—' શ્લોકવાર્તિક ' અને ' તન્ત્રવાર્તિક 'માં ' વાક્યપદીય 'ના સિદ્ધાન્તો અને કારિકાઓ રજૂ કરવામાં આવ્યાં છે :

( અ ) अस्त्यर्थः सर्वशब्दानामिति प्रत्याय्यलक्षणम् ।
अपूर्वदेवता स्वर्गैः सममाहुर्गवादिषु ॥ વા. પ. ૨. ૧૧૯ ૨૯૭
' તન્ત્રવાર્તિક ' ( પૂના ) પૃ. ૨૯૭

( આ ) तत्त्वावबोधः शब्दानां नास्ति व्याकरणादृते ।
વા. પ. ૧. ૧૩ બ
व्याकरणादृते ને બદલે કટાક્ષમાં श्रोत्रेन्द्रियादृते કર્યું છે,
' તન્ત્રવાર્તિક ' પૃ. ૨૬૬-૨૬૭

( ઇ ) आख्यातशब्दः संघातो.....
वाक्यं प्रति मतिर्भिन्ना बहुधा न्यायवादिनाम् ।
વાક્યપદીય ૨. ૧-૨
' શ્લોકવાર્તિક ' વાક્યાધિકરણ કારિકા ૫૧ થી ૫૭

( ઈ ) પ્રતિભા વાક્યાર્થનું ખંડન વા. પ. ૨. ૧૫૨
' શ્લોકવાર્તિક વાક્યાધિકરણ કારિકા ૩૨૭ થી ૩૨૯

કુમારિલ ભટ્ટના સમય અંગે બૌદ્ધ તેમજ જૈન ગ્રંથકારોના ગ્રંથોમાંનાં ઉદ્ધરણો ઉપરથી નિશ્ચય કરી શકાય છે કે તે ઈ. સ. ૫૦૦ થી ૫૫૦ની આસપાસ થયા હતા. ભર્તૃહરિ તેમના પૂર્વકાલીન હતા તે હવે સહેજે સિદ્ધ થશે.

૪. નાગાર્જુનની ' મૂલમધ્યમકકારિકા 'ના ટીકાકાર ભવ્ય પોતાની વૃત્તિ ' પ્રજ્ઞાપ્રદીપ ' માં વાક્યપદીયમાંની કારિકા ( ૧. ૪૨ ).

---

૧ ' પ્રમાણવાર્તિક ' ( રાહુલજી; પટણા ૧૯૫૯ ) ૩. ૨૫૧ થી ૨૫૮.

૨ Lakshmaṇ Sarup: Commentaries of Skand–Maheśvara on Yāska's Nirukta ( Vol. III ), Page 57.

हस्तस्पर्शादिवान्धेन विषमे...दुर्लभः ॥ ઉદ્ધૃત કરે છે–ભવ્યનો સમય ઈ. સ. ૪૯૦ થી ૫૭૦ નક્કી કરવામાં આવ્યો છે.[૧] આ ઉપરથી ભર્તૃહરિ ભવ્યના પણ પૂર્વકાલિક ઠરે છે.

૫. 'અભિધર્મદીપ'ના કર્તા બૌદ્ધ દાર્શનિક વિમલમિત્ર પોતાની વૃત્તિ 'વિભાષાપ્રભા'માં મીમાંસક અને વૈયાકરણ મતનું ખંડન કરતાં પૂર્વપક્ષ તરીકે વાક્યપદીયના વિચારો રજૂ કરે છે: अतीतवर्णसमुदायस्तु अन्यवर्णापेक्षो मनोबुद्धयोपगृहीत स्वरूप : संबन्धिन्यर्थे बुद्धिमुत्पादयत्प्रत्याययतीति युक्तरूपो व्यपदेशः । આ વિચારોનો ધ્વનિ વાક્યપદીયની બે કારિકાઓ.

वायोरणूनां ज्ञानस्य......प्रवादेष्वनवस्थितः ॥ (૧. ૧૦૭)
અને अथायमान्तरोज्ञाता... ..शब्दत्वेन विवर्तते ॥ (૧. ૧૧૨)

માં મળે છે.[૨] 'અભિધર્મદીપ'ના સંપાદક પ્રો. જૈનીને મતે વિમલમિત્ર ઈ. સ. ૪૫૦ની આસપાસ થયા. અને તેથી તેમને ભર્તૃહરિના અનુકાલીન માનવા જોઈએ.

૬. 'દ્વાદશારનયચક્ર'ના પ્રસિદ્ધ લેખક જૈન તત્ત્વજ્ઞ મલ્લવાદીએ ભર્તૃહરિનો નામોલ્લેખ કર્યો છે એટલું જ નહિ પણ વાક્યપદીયમાં મળતો ભર્તૃહરિના ગુરુ વસુરાતનો મત પણ ઉલ્લેખ્યો છે.[૩]

(અ) इति भर्तृहर्यादिमतम् । वसुरातस्य भर्तृहर्युपाध्यायस्य मतं तु... ।
(આ) अशक्तेः सर्वशक्तेर्वा......नियता क्रियादिपरिकल्पना ॥ વાક્યપદીય ૨. ૨૩૧.

'નયચક્ર'ના વિદ્વાન સંપાદક શ્રી. જંબૂવિજયજી મુનિરાજે મલ્લવાદી માટે પરંપરાથી જાણીતા સમય ઈ. સ. ૩૫૮ (સંવત ૪૧૪)ને સ્વીકારે છે. મલ્લવાદીના પૂર્વકાલીન ભર્તૃહરિ ઈ. સ. ૩૫૮ની પહેલાં થયા એમ આ ઉપરથી ફલિત થાય છે.

૭ ભર્તૃહરિની પ્રાચીનતાને સિદ્ધ કરનાર બીજા મહત્ત્વના પુરાવાનો ઉલ્લેખ આપણે જોઈએ.[૪] બૌદ્ધ ન્યાયના પિતા આચાર્ય દિઙ્નાગના 'પ્રમાણસમુચ્ચય'માં નીચેની બે કારિકાઓ ઉદ્ધૃત કરેલી મળે છે.

संस्थानवर्णावयवैर्विशिष्टे यः प्रयुज्यते ।
शब्दो न तस्यावयवे प्रवृत्तिरुपलभ्यते ॥ ૨. ૧૫૫

---

१ "The Vedānta as represented by Bhavya", Hajime Nakamura: Journal of Oriental Institute Baroda XIV, Nos. 3–4, 1965.

૨ પૃ. ११२ अभिधर्मदीप with विभाषाप्रभावृत्ति : पद्मनाभ जैनी પટના ૧૯૫૯.

૩ પૃ. ૧૮૪ 'દ્વાદશારનયચક્ર'—મહાશાસ્ત્ર, મુનિરાજ જંબૂવિજયજી, શ્રી આત્માનંદ પ્રકાશ સંવત ૨૦૦૪ અંક ૧૦મો.

૪ પૃ. ૩૩૫ જૈનાચાર્ય મલ્લવાદી અને ભર્તૃહરિનો સમય, મુનિરાજ જંબૂવિજય, બુદ્ધિપ્રકાશ, નવેમ્બર ૧૯૫૧.

અને संख्याप्रमाणसंस्थाननिरपेक्ष : प्रवर्तते ।
बिन्दौ च समुदाये च वाचक : सलिलादिषु ॥ ૨. ૧૫૮

આ બંને કારિકાઓ 'પ્રમાણસમુચ્ચય'ના પાંચમાં પરિચ્છેદ 'અપોહ પરિચ્છેદ'માં મળે છે. આ કારિકાઓ ઉપર ટીકા લખતાં જિનેન્દ્ર બુદ્ધિ (ઈ. સ. ૭૦૦) પોતાની 'વિશાલામલવતી' વૃત્તિમાં જણાવે છે કે

सलिलादिषु इति आदिशब्देन पृथिव्यादिपरिग्रहः ।
संख्यानिरपेक्षत्वेन अवयवेषु मुख्या प्रवृत्तिरेव दृश्यते ।

આની પહેલાં બંને કારિકાઓનો અવતાર કરતાં પણ જિનેન્દ્રબુદ્ધિ લખે છે કે क्वचिन्मुख्या अवयवेषु प्रवृत्ति : । यथाह भर्तृहरि : । ભર્તૃહરિ પણ પોતાની આ બંને કારિકાઓ ઉપરની સ્વવૃત્તિમાં નોંધે છે કે केवलं घृतमिति बिन्दावपि भवति खार्यामपि । આ શબ્દો મહાભાષ્યના શબ્દો तैलं घृतमिति खार्यामपि भवति द्रोणेऽपि । નો જ પડઘો પાડે છે;[1] અર્થાત્ ઉપરની કારિકાઓની વ્યાકરણનિષ્ઠ ચર્ચા સિદ્ધ થાય છે.

આ બધાં પ્રમાણો ઉપરથી વાકયપદીયકાર ભર્તૃહરિના સમય વિશે એકાન્ત નિશ્ચય થાય છે જ કે તે પ્રસિદ્ધ મહાવૈયાકરણ, ઈસુની ચોથી સદીના મધ્યભાગમાં થયા. ચંદ્રગોમિન્ વસુરાત; વસુબન્ધુ, ભર્તૃહરિ અને દિઙ્નાગને લગભગ સમકાલિક માનવામાં પણ કશો વાંધો આવવો જોઈએ નહિ કારણ કે ભર્તૃહરિની પ્રૌઢાવસ્થામાં તેમના ગુરુ વસુરાત અને વસુરાતના સમકાલિક પ્રતિસ્પર્ધી વસુબન્ધુ વૃદ્ધ હોય અને પોતાની અદ્વિતીય પ્રતિભાથી સર્વને આંજી નાંખનાર દિઙ્નાગ યુવાન વયના હોય. જ્ઞાનનિષ્ઠ અને સંયમભર્યું જીવન સુદીર્ઘ હોય એ ન્યાયે આ બધા મહાપુરુષોની જીવનયાત્રા તત્ત્વદર્શનના વિશાળ માર્ગ પર વિસ્તૃત બની હતી. વળી વસુબન્ધુ અને દિઙ્નાગના દીર્ઘાયુ અંગે અનેક દંતકથાઓ પણ મળે છે. આ બધાને અંતે એક વાત નિશ્ચિત થવી જોઈએ. પ્રાચ્યવિદ્યાના અભ્યાસીઓના મન ઉપરના ઓથાર સમા, ઇત્સિંગના ભર્તૃહરિ વિશેના ઉલ્લેખરૂપી ભૂતને, હમેશને માટે પાતાળમાં પૂરી દેવું જોઈએ; તેને પરિણામે ભારતીય દર્શનપરંપરાનો અભ્યાસ આ ભૂતના પડછાયાથી વિમુક્ત બનશે.

અગાઉ વિચાર્યું છે તેમ ભર્તૃહરિના જીવનની કશી વિગતો મળતી નથી. તેમના ગ્રંથોમાંથી સ્ફુટ થતા તેમના વ્યક્તિત્વની કેવળ કલ્પના જ કરવી રહી. તે તૈત્તિરીય શાખાના બ્રાહ્મણ હતા. તૈત્તિરીય શાખા ઉપરાંત કૃષ્ણયજુર્વેદની મૈત્રાયણીય શાખાનો પણ તેમને સારો અભ્યાસ હતો એ વાત 'પ્રદીપિકા'માં તેમણે રજૂ કરેલાં 'માનવશ્રૌતસૂત્ર,' મૈત્રાયણીય સંહિતા અને 'માનવ ગૃહ્યસૂત્ર'નાં ઉદ્ધરણોથી સ્પષ્ટ થાય છે.[2] આ ઉપરાંત આપસ્તંબ અને આશ્વલાયનનાં

૧ મહાભાષ્ય, પા. સૂ. यस्मात्प्रत्ययविधिस्तदादिप्रत्ययेऽङ्गम् (૧. ૪-૧૩), કીલહોર્ન પૃ. ૩૧૬, લીટી ૨૪.

૨ (અ) अग्ना इति यथाम्नात उत्तमः । 'પ્રદીપિકા' પૃ. ૧૬–લી. ૭
મા. શ્રૌ. સૂ. ૫. ૧. ૨

(બ) अग्न आज्यस्य हविषो व्यन्तु । પ્રદીપિકા પૃ. ૧૬. લી. ૧૧
મૈત્રા. સંહિતા ૪–૧૦–૩.

શ્રૌતસૂત્રોમાંથી પણ તે ઉદાહરણો આપે છે.[1] બ્રાહ્મણ ગ્રંથો અને મીમાંસાશાસ્ત્રનો તેમનો અભ્યાસ સૂક્ષ્મ હતો. મીમાંસકોની જેમ તે પણ વેદને અત્યંત પ્રમાણ માને છે. વેદમાંથી સર્વ સ્મૃતિઓ, એકત્વવાદી તેમ જ દ્વૈતવાદી મતો, સર્વ વિદ્યાભેદો અને સર્વ યજ્ઞપરંપરાઓ અવતાર પામ્યાં છે. અનુમાનને પ્રધાન માનનાર વ્યક્તિ માટે વિનિપાત દુર્લભ નથી, તર્કથી ધર્મની વ્યવસ્થા થતી નથી પણ આગમથી થાય છે; અરે ઋષિઓનું જ્ઞાન પણ આગમાધીન છે એમ તે માને છે.[2]

ભર્તૃહરિ બૌદ્ધ હતા, રત્નત્રયના ઉપાસક હતા, બે પ્રકારની શૂન્યતામાં આસ્થાવાળા હતા, સાતવાર બૌદ્ધ ધર્મની દીક્ષા ગ્રહણ કર્યા પછી સંસારનાં આકર્ષણોથી આકૃષ્ટ બનીને સાતવાર ગૃહસ્થાશ્રમમાં પાછા ફર્યા હતા, આવી બધી વાતો ઇત્સિંગે ભર્તૃહરિ માટે કરી છે. ભર્તૃહરિ વિશે બીજી માહિતી ઇત્સિંગદ્વારા આપવામાં આવી છે, અને તે છે તેમની કૃતિઓ વિષેની. આ માહિતી સત્ય પૂરવાર થઈ છે. પરંતુ તેમના બૌદ્ધ હોવા બદ્દલનો ઉલ્લેખ નિરાધાર છે. ઇત્સિંગના ઉલ્લેખ ઉપરાંત વાચસ્પતિ મિશ્રના ‘તત્ત્વબિન્દુ’માંનાં વચનોનો આધાર લઈને ભર્તૃહરિને બાહ્યાર્થવાદી બૌદ્ધ ઠરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.[3]

न चैतत्कलकलश्रुतावशकयज्ञानं किमिव हि दुष्करं अभ्यासस्य यथाहुर्बाह्या अपि ।
परेषामसमाख्येयं अभ्यासादेव जायते ।
मणिरूप्यादिविज्ञानं तद्विदां नानुमानिकम् ॥ वाक्यपदीय १-३५

પરંતુ આ ઉલ્લેખમાંથી બાહ્યાર્થવાદી બૌદ્ધ સિદ્ધાન્તનો કોઈ વિશેષ પરિચય થતો નથી. ઝવેરીઓના રત્નપરીક્ષા માટેના જ્ઞાનને અભ્યાસપ્રત્યક્ષ સમજવું જોઈએ, આનુમાનિક નહિ. ‘હેતુબિન્દુટીકા’માં (પૃ. ૨૯૪) અર્ચટે પણ આ વાત સમજાવતાં આ જ કારિકાનો ઉલ્લેખ કર્યો છે. આ કારિકાને પૂર્વસૂરિની કારિકા તરીકે ભર્તૃહરિ ઉદ્ધૃત કરતા હોય એવો સંભવ પણ કાઢી નાંખવા જેવો નથી.

‘વાક્યપદીય’ તથા ‘પ્રદીપિકા’માંની સમગ્ર ચર્ચામાં બૌદ્ધ સિદ્ધાન્તોના ઉલ્લેખો હોવા છતાં તેમાંથી વેદનિષ્ઠિત અદ્વૈતવાદનો સૂર ઊઠે છે. ભર્તૃહરિના શબ્દબ્રહ્મવાદની કલ્પના વિજ્ઞાનવાદ કે શૂન્યવાદની કલ્પનાથી ભિન્ન છે. ભર્તૃહરિના ટીકાકારો અને અન્ય લેખકો તેમને ‘શબ્દબ્રહ્મવિદ’ અથવા ‘બ્રહ્મવિદ્’ એવા નામથી સંબોધે છે.[4]

---

૧ ‘પ્રદીપિકા’ પૃ. ૧૬, ૭; ઊહ ઉપરની ૩ ચર્ચા મૈત્રાયણીય સંહિતા અને માનવ-શ્રૌતસૂત્રનાં ઉદ્ધરણોથી ભરેલી છે. સરખાવો महाभाष्यप्रदीपिका : स्वामीनाथन्, पृ. ६

૨ न चागमादृते धर्मस्तर्केण व्यवतिष्ठते ।
ऋषीणामपि यद् ज्ञानं तदप्यागमपूर्वकम् ॥ વાક્યપદીય ૧. ૩૦

૩ કે. બી. પાઠક : જે. બી. આર. એ. એસ. વૉ. ૧૮ પૃ. ૧૬૧.

૪ (અ) गुरवे भर्तृहरये शब्दब्रह्मविदे नमः ।
પ્રકીર્ણપ્રકાશ અંતિમ શ્લોક.

(બ) अत एव धातुसमीक्षायां, ब्रह्मनित्यप्रकाण्डैः भर्तृहरिभिरभिहितम् ।
પૃ. ૬૦ ચિત્સુખી ઉપરની ‘નયનપ્રસાદિની’ ટીકા. નિર્ણયસાગર, મુંબઈ ૧૯૧૫.

## ૪

## સિદ્ધાન્ત

વૈયાકરણસિદ્ધાન્તને દર્શનની કક્ષાએ પહોંચાડનાર મહાવૈયાકરણ ભર્તૃહરિના સિદ્ધાન્તો તેમના 'વાક્યપદીય' ગ્રંથમાંથી મળે છે. આ સિદ્ધાન્તોનો અલ્પ પરિચય 'મહાભાષ્ય' ઉપરની તેમની 'પ્રદીપિકા' નામે ટીકામાંથી પણ પ્રાપ્ત થાય છે.

ભર્તૃહરિના સિદ્ધાન્તો તેમના સ્વતંત્ર સંપાદન રૂપે હોવા છતાં સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદ્ અને પાણિનીય પરંપરાના વૈયાકરણોના સિદ્ધાન્તોના વિચારરૂપે છે. ભર્તૃહરિના વિચારો પર અન્ય સિદ્ધાન્તોની કે તેમના ગુરુ વસુરાતની કેટલી અસર છે તે આપણે જાણી શકતા નથી; પરંતુ એટલું ચોક્કસ છે કે પાણિનીય પરંપરામાં ભાષાના વિશ્લેષણની સાથે સાથે શબ્દ, અર્થ, તેમનો સંબંધ, શબ્દની ઉત્પત્તિ, અને આવી ઉત્પત્તિ માટે જવાબદાર કોઈ પરમતત્ત્વનો વિચાર થતો રહ્યો છે. આવા વિચારોનો ઉગમ આપણે પાણિનીમાં શોધીએ. તેમનો ઠીક ઠીક વિકાસ આપણને અપ્રાપ્ય એવા 'સંગ્રહ' નામે ગ્રંથમાંથી તેમજ કાત્યાયનનાં વાર્તિકોમાંથી અને પતંજલિના મહાભાષ્યમાંથી આપણે શોધી શકીશું. વ્યાડિ અને વસુરાતનાં જે ઉદ્ધરણો પ્રાપ્ત થયાં છે તે તપાસતાં એવું અનુમાન શક્ય બને છે કે ભર્તૃહરિના સિદ્ધાન્તો માટે તેમાં પુષ્કળ સામગ્રી હતી; કમનસીબે આવી સામગ્રી સુલભ નથી.

ઋગ્વેદ તથા અન્ય વૈદિક સંહિતાઓમાં વાક્ વિષેના અસંખ્ય ઉલ્લેખો મળે છે. એમાં વાક્નું દૈવત્વ, તેને વિશેની દંતકથાઓ, તેનું યજ્ઞોપયોગીત્વ અને તેની શક્તિઓ વિષે જે માહિતી પ્રાપ્ત થાય છે તે ઉપરથી વૈદિક કાળમાં વાક્નો વિચાર કેવા વિકાસને પ્રાપ્ત કરતો હતો તે સમજાય છે.

વાણીને યજ્ઞ માટે ઉત્પન્ન કરવામાં આવી છે.[૧] પ્રજાપતિ તેના જનક છે. વાક્ની મદદથી તેમણે સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. વાક્નું આવું ગૌણ સ્થાન ધીમે ધીમે ચાલ્યું જતાં તે એક સ્વતંત્ર દેવતા તરીકે જણાય છે. 'વાગામ્ભૃણીય સૂક્ત'[૨] એવા નામથી પ્રસિદ્ધ બનેલા સૂક્તમાં ઇન્દ્ર, અગ્નિ, અશ્વિનૌ વગેરે દેવતાઓના ગૌરવ માટે વાક્ને જવાબદાર ગણાવવામાં આવી છે. અગાઉ જેનો ઉલ્લેખ નદી તરીકે જ થતો હતો તેવી સરસ્વતીને અને વાક્ને એક જ માનવામાં આવ્યાં છે. તેમને વાણીની પ્રતિનિધિ દેવતા ગણી લેવામાં આવી છે. કૃષ્ણ યજુર્વેદની સંહિતાઓમાં વાક્ના દેવતાતત્વને બદલે વર્ણત્વ વિશે વિચારો રજૂ કરવામાં આવ્યા છે. "વાણી દેવોમાંથી ચાલી નીકળી, એને યજ્ઞકાર્ય કરવું ન હતું. તેણે વૃક્ષોમાં પ્રવેશ કર્યો. ઢોલમાં અને વીણામાં જે શબ્દ છે તે વાક્નો છે.[૩] મૈત્રાયણીય સંહિતા વાક્ વિશેના પ્રાચીન વિચારની સાથે સાથે તેનો

---

૧ इयर्ति वाचं जनयन् यजध्यै । ૪-૨૧-૫

૨ ઋગ્વેદ ૧૦. ૧૨૫.

૩ તૈ. સંહિતા. ૬. ૧. ૪; કાઠક સંહિતા ૨૩. ૪. ૬; કપિષ્ઠલ સંહિતા ૨૬. ૧. ૩; મૈત્રાયણીય સંહિતા ૩. ૬. ૬ થી ૧૦; શતપથ બ્રાહ્મણ ૩. ૨. ૧.

ત્રણ દેવીઓ સાથેનો અને છંદો સાથેનો અભેદ સંબંધ પણ સ્થાપિત કરે છે.[1] આ ઉપરાંત વાક્ અને મનસ્‌ની સ્પર્ધાની આખ્યાયિકા પણ તે રજૂ કરે છે.[2]

બ્રાહ્મણ ગ્રંથોમાં વાક્ વિશેના ઉલ્લેખો પ્રાચીન સ્થિતિને અને પ્રાચીન ઋગ્વેદીય પરંપરાઓને સ્પર્શે છે. આમ હોવા છતાં વાક્‌ના યજ્ઞ સાથેના સંબંધને બદલે હવે મન સાથેના, અને છંદો સાથેના સંબંધોને અને વાક્‌નું વિસ્તરણ તથા વિશ્લેષણ કેવી રીતે થયું તેને અંગે વિચારો રજૂ કરે છે.[3] તૈત્તિરીય બ્રાહ્મણ આ બધા વિચારોનો સારસંગ્રહ કરે છે.[4]

વાક્ વિશેના ઉલ્લેખોમાં સૌથી મહત્ત્વનો ઉલ્લેખ શાંખાયન બ્રાહ્મણનો છે.[5] વાક્‌ને આ ઉલ્લેખમાં ઉચ્ચારણપદ્ધતિ સમજવામાં આવી છે **तस्मादुदीच्यां दिशि प्रज्ञाततरा वागुद्यत उदञ्च उ एव यान्ति वाचं शिक्षितुम्। यो वा तत आगच्छति तस्य वा शुश्रूषन्त इति।** ઉત્તરમાં બોલાતી સંસ્કૃત વાણી શીખવા લોકો ઉત્તરમાં જાય છે અથવા તો ત્યાંથી આવેલા એવા કોઈ વિદ્વાન પાસેથી શીખે છે. શતપથ બ્રાહ્મણ[6] વાક્‌ને મનુષ્યોની, પંખીઓની, પશુઓની અને જંતુઓની એમ ચાર વિભાગમાં વહેંચે છે.

આરણ્યકોમાં વાક્ વિશેના વિવિધ અભિપ્રાયો આપવામાં આવ્યા છે. વાક્ જોડનાર છે, કારણ કે તે મિત્રોને મેળવે છે અને વેદોને છંદો સાથે જોડે છે.[7] આ અભિપ્રાય પંચાલચંડનો છે. લૌહિકયને મતે વાક્ બ્રહ્મ છે,[8] અને કાણ્ડરવ્યના મતમાં વાક્ પ્રાણ સાથે જોડાય છે.[9]

ઉપનિષદોમાં વાક્ વિષેના અસંખ્ય વિચારો નજરે ચઢે છે. બૃહદારણ્યક જેવાં પ્રાચીન ઉપનિષદોમાં વાક્ વિષેના પ્રાચીન અભિપ્રાયોની સાથે સાથે નવીન વિચારો પણ દર્શાવવામાં

---

૧ (અ) **त्रिंशद्धामा विराजति ।** મૈ. સં. ૧. ૬. ૧૪. ૭ અને ઋગ્વેદ ૧૦. ૧૮૯. ૧
(બ) **वाग्वै तिस्रो देवीः वाचं वा एतद्यजति अथो छंदांसि वै वाक्**
મૈત્રાયણીય સંહિતા. ૧. ૧૧. ૯

૨ મૈ. સંહિતા ૪. ૬. ૪

૩ પંચવિંશબ્રાહ્મણ ૬. ૭. ૫.; ૫. ૭. ૧; જૈમિનીયબ્રાહ્મણ ૨. ૨૪૪. પ્રજાપતિએ વાક્‌ના ત્રણ વિભાગ કર્યા અને તેમાંથી પૃથ્વી, મધ્યમલોક અથવા અને દ્યુલોક ઉત્પન્ન કર્યા એવી આખ્યાયિકા પંચવિંશબ્રાહ્મણ (૨૦. ૧૪. ૫)માં મળે છે.

૪ **वाचं देवा उपजीवन्ति विश्वे वाचं गन्धर्वाः पशवो मनुष्याः ।**
**वाचीमा विश्वा भुवनान्यर्पिता ।**
**वागसरं प्रथमजामृतस्य वेदानां माता अमृतस्य नाभिः ।** ૨-૮-૮ ૪ થી ૫

૫ શાં. બ્રા. ૭. ૬

૬ ૪. ૧. ૩. ૧૬

૭ ઐતરેય આરણ્યક ૩. ૧. ૬

૮ શાંખાયન આરણ્યક ૭. ૧૮

૯ શાંખાયન આરણ્યક ૭. ૧૩

આવ્યા છે. આ વિચારોમાં વાક્‌ના દેવતાતત્ત્વમાંથી સર્વજ્ઞત્વ સર્વવ્યાપીત્વ અને સર્વશક્તિમત્વમાં કેવો વિકાસ થયો તે દર્શાવવામાં આવ્યું છે.[1] ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાઙ્ગિરસ, ઇતિહાસ, પુરાણ, વ્યાખ્યાન, અનુવ્યાખ્યાન, વગેરે વાક્‌માંથી જ ઉત્પન્ન થયાં છે.

આરણ્યક–ઉપનિષદ્ કાળ દરમ્યાન યજ્ઞોનું મહત્ત્વ ઘટતાં ધ્યાનનું મહત્ત્વ વધ્યું હતું. યજ્ઞની વિવિધ ક્રિયાઓને બદલે વિશિષ્ટ શબ્દો અને મન્ત્રોના પાઠ અને માનસિક ધ્યાન તરફ ઉપનિષદ્‌ના આચાર્યો ધ્યાન ખેંચતા હતા. સામવેદના ઉદ્દ્ગીથ અને ઓમ્ આનાં ઉદાહરણો છે. ઉદ્દ્ગીથ, અથવા ઓંકારની ઉપાસના[2] અનેક ઉપનિષદો દર્શાવે છે. ઉદ્દ્ગીથ, ઓંકાર અને પ્રણવને સમાન ગણવામાં આવ્યા છે. ઉદ્દ્ગીથની ઉપાસના કરનાર ત્રણ વિશિષ્ટ ચિંતકોનાં નામ આપણને મળે છે; તેમને શીલક, શાલાવત્ય, ચૈકિતાયન દાલ્ભ્ય અને પ્રવાહણ જૈવલિ કહ્યા છે.[3]

ઉપનિષત્કાળના ચિન્તનના વિકાસની સાથે ઉદ્દ્ગીથને બદલે ઓંકારની ઉપાસના શરૂ થઈ. ઓંકાર અંગેના વિચારોને નીચે પ્રમાણે દર્શાવી શકશે.

૧ ‘ઓમ્’ ઋગ્વેદ કે અથર્વવેદમાં મળતો નથી.

૨ ‘ઓમ્’ ને બદલે ઓછો જાણીતો પ્રણવ પણ વાપરવામાં આવે છે અને એમને ઉદ્દ્ગીથ જેવા વધારે જાણીતા શબ્દને બદલે સમજવામાં આવે છે.

૩ ‘ઓમ્’ ધ્વન્યાત્મક પદ છે. તેનું મૂળ અતકર્ય છે છતાં એમ કહી શકાય કે યાજ્યા મન્ત્રોના છેલ્લા વર્ણને લુપ્ત કરી, સ્વરને બદલે ‘ઓ’ મૂકી અને એ ‘ઓ’ને અનુનાસિક બનાવી એક વિશિષ્ટ ઉચ્ચારણપદ્ધતિ દર્શાવવામાં આવી છે. ‘ઓમ્’ એટલે ‘હા’ એવો યાસ્કનો મત છે.

૪ ઐતરેય બ્રાહ્મણમાં ઓમ્‌ના ત્રણ વર્ણો અ, ઉ, મ્ ને ‘ભુર્’ ભુવઃ અને સ્વર્ એવી વ્યાહૃતિઓ સાથે અને ઋક્, યજુસ્ અને સામ સાથે જોડવામાં આવ્યા છે.

૫ ‘ઓમ્’ ને અનાદિ, અનન્ત, સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન્ માનવામાં આવ્યો છે.

૬ ‘ઓમ્’ની ઉપાસનાની વિગતે ચર્ચા ગોપથબ્રાહ્મણમાં પ્રાપ્ત થાય છે.

૭ ભગવદ્ગીતામાં પણ (૮-૧૩) ઓંકારની ઉપાસના કરનાર વ્યક્તિ માનુષ દેહને ત્યજીને પરમ ગતિને પામે છે એમ કહ્યું છે.

---

૧ (અ) यत्किंच विज्ञानं वाचस्तद्रूपं । वाग्धि विज्ञाता । वागेनं तद् भूत्वा अवति ।
બૃહદારણ્યકોપનિષદ્ ૧. ૫. ૮

(બ) બૃહદ્–ઉપનિષદ્. ૪. ૧. ૨

૨ ओमित्येतदक्षरमुद्गीथमुपासीत । છાન્દોગ્ય ઉપનિષદ્ ૧.૧

૩ છાન્દોગ્ય ઉપનિષદ્ ૧. ૮-૧.

વાક્, પ્રણવ અને ઓંકારની સાથે 'શબ્દ' એવા તત્ત્વના ઉલ્લેખો પણ ઉપનિષદોમાં મળે છે. બૃહદારણ્યક ઉપનિષદ્ શબ્દને શબ્દબ્રહ્મ તરીકે ઉલ્લેખીને શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ એવા બે ભેદો દર્શાવે છે અને શબ્દબ્રહ્મમાં નિષ્ણાત થનારને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે એમ જણાવે છે.

આરણ્યક યુગ ભારતીય તત્ત્વદર્શનપરંપરામાં ઘણો અગત્યનો છે. એક તરફ વેદનો કર્મમાર્ગ જ્ઞાનમાર્ગમાં સ્વાભાવિક અવતાર પામતો હતો તો બીજી તરફ બ્રાહ્મણેતર પરંપરાઓ —જૈન અને બૌદ્ધ—પણ ધીમે ધીમે વિકસતી જતી હતી. તેમના કેટલાક સિદ્ધાન્તોનાં મૂળ બ્રાહ્મણ-પરંપરાના તત્ત્વદર્શનમાં છે એ નિઃશંક છે. આ યુગ દરમ્યાન તત્ત્વવિચારમાં જે નવા નવા સિદ્ધાન્તો રજૂ થતા હતા તે ભારતીય દર્શનને અત્યંત પુષ્ટ કરતા હતા. બ્રાહ્મણપરંપરામાં પણ વૈદિક પરંપરાઓ અને વિચારોનો વિરોધ કરનારા મતો આ યુગમાં પણ હતા એ સ્પષ્ટ છે. આવા મતોનો પરિચય યાસ્કના 'નિરુક્ત'માંથી મળે છે. વેદમંત્રોનું અનર્થકત્વ, શબ્દોનું ઇન્દ્રિયનિત્યત્વ, છ ભાવવિકારો, નામનું ધાતુજત્વ અને નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત એવા શબ્દોના ચાર પ્રકાર એમ વિવિધ મતો અને તેમને વિષે ચર્ચા તથા ખંડન મળે છે. પાણિનિ અને વ્યાડિમાં સંજ્ઞાનું નિત્યત્વ, શબ્દાર્થ સંબંધનું નિત્યત્વ પદાર્થ અંગે જાતિ અને વ્યક્તિ એવા બંને મતો તથા લિંગ અને કાલ સંબંધે વિચારો પ્રાપ્ત થાય છે.

વ્યાડિ અને પતંજલિના સમય દરમ્યાન અર્થાત્ ઈસુની પૂર્વે પાંચમા સૈકાથી માંડીને બીજા સૈકા સુધીમાં વ્યાકરણદર્શન માટે પ્રતિપાદ્ય વિષયો નિશ્ચિત બન્યા છે. વ્યાડિનો ગ્રંથ ઈસવી સનની ચોથી સદી સુધી જ કદાચ હશે. તેના અસ્તની ખબર ભર્તૃહરિને હતી. વ્યાડિના સિદ્ધાન્તો પતંજલિ અને વસુરાતદ્વારા વ્યવસ્થિત થયા. વસુરાતનો સંબંધ બૌદ્ધ તત્ત્વજ્ઞો સાથે હોવાથી બૌદ્ધ પરિભાષા અને ચર્ચાપદ્ધતિ પણ વસુરાતના ગ્રંથમાં દાખલ થયાં હોય તેમ બને. આ બાબત ભર્તૃહરિના 'વાક્યપદીય'દ્વારા સિદ્ધ થતી દેખાય છે. વ્યાડિના સિદ્ધાન્તોને નીચે પ્રમાણે સંક્ષેપમાં મૂકી શકાય :—

૧ કોઈ પણ પદને સ્વતંત્રપણે અર્થ નથી. પદનું રૂપ કે અર્થ વાક્યાર્થ ઉપરથી જ નિશ્ચિત બને છે.[૧] ભર્તૃહરિ આ જ મતનો વિસ્તાર કરીને કહે છે કે **वाक्यस्फोटोऽतिनिष्कर्षे तिष्ठति इति मतस्थितिः।**

૨ શબ્દ અને અર્થ નિત્ય સંબંધથી જોડાયેલા છે. કેવળ વ્યવહારમાં જ આપણે તેમને પૃથક્ સમજીએ છીએ.[૨]

૩ શબ્દ અને અર્થનો સંબંધ નિત્ય હોવા ઉપરાંત અપૌરુષેય છે. તેમના સંબંધનો કોઈ કર્તા નથી.[૩]

---

૧ न हि किंचित्पदं नाम रूपेण नियतं क्वचित् ।
पदानां रूपमर्थो वा वाक्यार्थादेव जायते ॥ વા. ૫. સ્વવૃત્તિ ૧.૨૬

૨ शब्दार्थयोरसंभेदे व्यवहारे पृथक् क्रिया ।
यतः शब्दार्थयोस्तत्त्वं एकं तत्समवस्थितम् ॥ વા. ૫. સ્વવૃત્તિ ૧.૨૬

૩ संबन्धस्य न कर्तास्ति शब्दानां लोकवेदयोः ।
शब्दैरेव हि शब्दानां संबन्धः स्यात्कृतः कथम् ॥ વા. ૫. સ્વવૃત્તિ ૧.૨૬

૪ શબ્દગ્રહણ માટે કારણ રૂપ પ્રાકૃત ધ્વનિ અથવા સ્ફોટ છે એમાં દ્રુત, મધ્ય, વિલમ્બિત ઇત્યાદિ વૃત્તિભેદ માટે વૈકૃત ધ્વનિ કારણ રૂપ બને છે.[1]

૫ સ્પષ્ટ શબ્દનું ગ્રહણ થાય તે પહેલાં અસ્તિત્વમાં નહિ એવા શબ્દોનું અસ્તિત્વ જો સમજવામાં આવે તો તે સમજનારની અશક્તિ જ છે, ભલે પછી એવા શબ્દોને સમજવાનો તે ઉપાય બને.[2]

વ્યાડિ અને પતંજલિ વચ્ચેના સમયમાં વ્યાકરણશાસ્ત્રમાં ઘણી પ્રગતિ જોઈ શકાય છે. આવી પ્રગતિ એક તરફ પાણિનિના નિયમો–સૂત્રો–ને બરાબર વળગી રહીને તેની ઉપયોગિતા સિદ્ધ કરવાની પ્રવૃત્તિ ચલાવે છે તો બીજી તરફ વ્યાકરણશાસ્ત્રના સામાન્ય સિદ્ધાન્તો–શબ્દ, શબ્દાર્થ સંબંધ, તેમનું નિત્યત્વ, જાતિ, વ્યક્તિ, સ્ફોટ, ગુણ, ધ્વનિ,–ની સૂક્ષ્મ ચર્ચા ચલાવે છે. આવી ચર્ચામાં અન્ય દર્શનશાખાના મતો પણ ઉલ્લેખવામાં આવે છે અને યથાસમય તેમનું ખંડન કરવામાં આવે છે. ભારતીય દર્શનશાસ્ત્રના ઇતિહાસમાં પણ આ સમય સિદ્ધાન્તનિરૂપણમાં ધ્યાનપાત્ર પ્રગતિનો હતો. મીમાંસા, વેદાન્ત, વૈશેષિક, ન્યાય, સાંખ્ય, યોગ તેમ જ અવૈદિક જૈન તથા બૌદ્ધ દર્શનોમાં પણ નવીન વિચારો રજૂ થતા રહ્યા છે. આ બધાનો લાભ ભર્તૃહરિને મળ્યો છે તે સર્વથા યોગ્ય જ છે.

પતંજલિનું મહાભાષ્ય તો વ્યાકરણશાસ્ત્રનો અમૂલ્ય ખજાનો છે. પાણિનિનાં સૂત્રોમાં 'એક વર્ણ પણ અનર્થક નથી' એવા નિશ્ચય સાથે પાણિનીય સિદ્ધાન્તોની ચર્ચા તે ચલાવે છે. આ ઉપરાંત કાલ, ક્રિયા, ગુણ, શબ્દાર્થસંબંધ, તેમનું નિત્યત્વ, ધ્વનિ અને શબ્દના પ્રભેદો, સ્ફોટ અને વૈકૃતધ્વનિ, લિંગ, પુરુષ, પદાર્થ માટે જાતિ અને વ્યક્તિ એવા મતો, ઉપગ્રહ, વૃત્તિ, સાધન, એમ અસંખ્ય તત્ત્વોની આમૂલાગ્ર ચર્ચા તેમાં કરવામાં આવી છે. શબ્દ અથવા ધ્વનિના બે પ્રભેદો–પ્રાકૃત ધ્વનિ અર્થાત્ સ્ફોટ અને વૈકૃત ધ્વનિ અર્થાત્ નાદ–ની પતંજલિને સ્પષ્ટ જાણે છે. સ્ફોટ સિદ્ધાન્ત આ રીતે પતંજલિની પૂર્વે વિકાસ પામી ચૂકયો હતો. પાણિનિનું સૂત્ર '**अवङ्स्फोटायनस्य**'[3] આ બાબતનો નિર્દેશ કરે છે એટલું જ નહિ પણ તેના ઉપરની હરદત્તે[4] આપેલી વિગત **स्फोटः अयनं परायणं यस्य इति स्फोटप्रतिपादनपरः वैयाकरणः ।** તેને સિદ્ધ કરે છે.

પતંજલિએ વ્યાકરણસિદ્ધાન્તને દર્શનની કક્ષાએ પહોંચાડચો છે તે વાત તેમના મહાભાષ્યમાંથી સ્પષ્ટ બને છે. શબ્દપ્રમાણને તે શ્રેષ્ઠ પ્રમાણ માને છે. તેને માટે વેદને તથા વેદ જેમનું નિબન્ધન છે તેવી સ્મૃતિઓને તે પ્રમાણરૂપ માને છે. આવી સ્થિતિ સમજવા માટે શબ્દ, અર્થ

---

૧ शब्दस्य ग्रहणे हेतुः प्राकृतो ध्वनिरिष्यते ।
वृत्तिभेदे निमित्तत्वं वैकृतः प्रतिपद्यते ॥ વા. પ. સ્વવૃત્તિ ૧.૭૫

૨ असतश्चान्तराले यान्शब्दानस्तीति मन्यते ।
प्रतिपत्तुरशक्तिः सा ग्रहणोदाय एव सः ॥ વા. પ. ૧.૮૫

૩ પા. સૂ. ૬. ૧. ૧૨૩.

૪ પદમંજરી, પા. સૂ. ૬. ૧. ૧૨૩.

અને તેમના સંબંધને તે નિત્ય, અનાદિ અને અપૌરુષેય માને છે. વ્યાકરણશાસ્ત્ર જેને તે શબ્દાનુ-શાસન કહે છે, જેના અધ્યયનથી શબ્દશુદ્ધિ થાય છે અને પરિણામે સમ્યક્‌જ્ઞાત બનેલા તથા શાસ્ત્રશુદ્ધ સુપ્રયોગવાળા શબ્દથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. વ્યાકરણશાસ્ત્ર માટે પતંજલિએ અમુક ચોક્કસ સિદ્ધાન્તો જ નક્કી કર્યા છે એમ નથી. શબ્દાનુશાસન સર્વ વેદ અને વૈદિક સાહિત્ય ઉપર નિર્ભય હોઈને તેમાં એક જ માર્ગનો આશ્રય કરવો શકય નથી.

सर्ववेदपारिषदं हीदं शास्त्रम् । तत्र नैकः पन्था शक्य आस्थातुम् ।[1]

ભર્તૃહરિ જણાવે છે તેમ સમય જતાં વ્યાકરણના અધ્યયનમાં ઓટ આવી. વ્યાડિનો ‘સંગ્રહ’ અસ્ત પામ્યો. પતંજલિના મહાભાષ્યનું અધ્યયન બંધ પડ્યું એટલું જ નહિ પણ વિપરીત રાજકીય સ્થિતિને કારણે ‘આ આર્ષ તથા સંગ્રહપ્રતિકંચુક’ એવો મહાન ગ્રંથ ‘વિપ્લાવિત’ બન્યો. આવી સ્થિતિમાં પતંજલિ મહાભાષ્યના તથા વ્યાડિના ‘સંગ્રહ’ના સિદ્ધાન્તોને એકત્ર કરી વ્યવસ્થિત કરવાનું કામ વસુરાતને શિર આવી પડ્યું. વસુરાતે આ ફરજ બજાવી, પરંતુ તેમનો ગ્રંથ આપણને પ્રાપ્ત થયો નથી. સદ્‌ભાગ્યે વસુરાતના જ સાક્ષાત્ શિષ્ય ભર્તૃહરિએ વ્યાકરણદર્શનને ‘વાક્યપ્રદીય’નાં ત્રણ કાંડોદ્વારા પુનઃસ્થાપિત કર્યું. ભર્તૃહરિના આ ગૌરવપૂર્ણ કાર્યનો પરિચય આપણે આપીશું. વ્યાકરણશાસ્ત્રમાં તો પૂર્વસૂરિઓએ કરેલા કાર્યને પછીના વિદ્વાનોએ આગળ ચલાવ્યું છે એટલે સ્વતંત્ર સર્જન, ‘મૌલિક પ્રદાન’ વગેરેના કહેવાતા માપદંડથી ભર્તૃહરિના કાર્યને માપવું એ વિપથગામી થવા જેવું છે. ભર્તૃહરિનો સિદ્ધાન્ત ભારતીય દર્શનની ઉત્તમ પ્રણાલિકાઓને સાચવે છે એટલું જ નહિ પણ ચર્ચાના ગાંભીર્યમાં તેમ જ સ્વાતંત્ર્યમાં ઉપનિષત્કાલીન પૂર્ણતાનો પરિચય કરાવે છે.

ભર્તૃહરિની કૃતિ ‘वाक्यपदीय’ વ્યાકરણનો ગ્રંથ હોવા છતાં, તેનો મહદ્ અંશ (તૃતીય કાંડ) વ્યાકરણના સિદ્ધાન્તોની રજૂઆત કરતો હોવા છતાં તેમાં શબ્દબ્રહ્માદ્વૈતનું પ્રતિપાદન થયું છે. આ શબ્દાદ્વૈતવાદ શાંકર અદ્વૈત વેદાન્તની લગભગ સમકક્ષ છે એમ માનવાનું મન થાય છે. વાક્યપદીયના સમર્થ ટીકાકાર હેલારાજ પોતે શાંકર વેદાન્તના અભ્યાસી હોવાથી શબ્દાદ્વૈતની આ કક્ષા ઉપર તેમણે સવિશેષ ભાર મૂકયો છે. આની સાથે સાથે ભર્તૃહરિનો ગ્રંથ અભિનવગુપ્ત જેવા શૈવ પરંપરાના પુરસ્કર્તાને અત્યંત પ્રિય હોવાથી કાશ્મીર શવ પરંપરાએ ભર્તૃહરિના વિચારોને તન્ત્રમાર્ગના સિદ્ધાન્તોના મૂળમાં કલ્પ્યા છે. ભારતના છેલ્લા મહાન વૈયાકરણ નાગેશ ભટ્ટનો આ વિષયમાં ટેકો મળતો દેખાય છે.

ભર્તૃહરિ પોતાના ‘વાક્યપદીય’ ગ્રંથની શરૂઆત શબ્દબ્રહ્મના નામોલ્લેખથી અને તેનો વિશિષ્ટ સ્વભાવ દર્શાવીને કરે છે. શબ્દતત્ત્વ અર્થાત્ શબ્દબ્રહ્મ અનાદ્યનંત છે, તે અક્ષર છે અને અર્થરૂપે પરિણામને પામે છે. આ સમસ્ત નામરૂપાત્મક જગત તેનામાંથી જ ઉત્પન્ન થયું છે.[2]

---

૧ પા. સૂ. ૬.૩.૧૪ ઉપરનું ભાષ્ય.

૨ तत एव हि शब्दाख्यादुपसंहृतक्रमाद् ब्रह्मणः सर्वविकारप्रत्यस्तमये वर्तमानादत्याकृतात्पूर्वं विकारग्रन्थिरूपत्वेनाव्यपदेश्याज्जगदाख्या विकाराः प्रक्रियन्ते । —સ્વોપજ્ઞવૃત્તિ, વાક્યપદીય ૧.૧

આ જ શબ્દતત્ત્વને આગળ જતાં 'પશ્યન્તી,'[૧] સ્ફોટ અથવા પ્રતિભા[૨] અને પુણ્યતમ જ્યોતિ[૩] કહેવામાં આવ્યાં છે. આ પરમ શબ્દતત્ત્વ એ પરમાત્માની સિદ્ધિ છે, અને તેની પ્રવૃત્તિના તત્ત્વને જાણનાર બ્રહ્મામૃતને પ્રાપ્ત કરે છે.[૪] ભર્તૃહરિદર્શન આપણને જાણીતા વિજ્ઞાનવાદ, અદ્વૈતવાદ કે ઈશ્વરાદ્વૈતવાદના ઢાળેલા બીબામાં બંધબેસતું થાય તેમ નથી. આ સ્થિતિ તેની પ્રાચીનતા પૂરવાર કરવા પૂરતી છે. ભર્તૃહરિના સિદ્ધાન્તને શાંકર અદ્વૈતની રીતે સમજાવવો એ પણ સર્વ રીતે યોગ્ય નથી. તેથી 'વાક્યપદીય' અને સ્વોપજ્ઞવૃત્તિમાં નિરૂપિત વિચારધારાઓનું જ આપણે અનુસરણ કરવું રહ્યું. ભર્તૃહરિનું શબ્દબ્રહ્મ અથવા શબ્દતત્ત્વ ભેદ અને સંસર્ગથી અતિરિક્ત અને સર્વ અવસ્થાઓમાં અનાદિનિધન છે. સ્વોપજ્ઞવૃત્તિમાં ભર્તૃહરિએ ઉદ્ધૃત કરેલા અને ટીકાકાર હરિવૃષભ જેમને ભર્તૃહરિની કૃતિ સમજે છે તેવા શ્લોકસમૂહ દ્વારા ભર્તૃહરિ આ શબ્દ-બ્રહ્મનો સ્વભાવ સમજાવવાનો પ્રયાસ કરે છે. સ્ફોટરૂપ અને શબ્દબ્રહ્મરૂપ આ વિશ્વાત્મા ભેદસંસર્ગ, ભાવાભાવ, ક્રમાક્રમ, અને સત્યાનૃતના વિવેકથી પ્રકાશે છે. તે ભૂતોનો અન્તર્યામી છે, દૂર છે, નજીક છે, મુમુક્ષુઓ તેની ઉપાસના કરે છે.[૫] તેનું અદ્વિતીય એવું ચૈતન્ય અનેક વિભાગને પામે છે. પવનને કારણે જેમ એક જ વાદળમાંથી અનેક ધારાઓ વરસે તેમ જાતિરૂપ એવા આ શબ્દાત્મા-માંથી વિકારી એવા વ્યક્તિભાવો ઉત્પન્ન થાય છે. આ પરમ જ્યોતિ વેદત્રયી રૂપે અવતાર પામ્યું છે, અને વિભિન્ન સ્મૃતિઓ, દર્શનો અને પરંપરાઓનું પણ એ જ કારણ છે. અંધકારથી ઘેરાયેલાં નેત્રોવાળી વ્યક્તિ વિશુદ્ધ આકાશને પણ જેમ સંકીર્ણ સમજે તેમ આ નિર્વિકાર અને અમૃત એવા બ્રહ્મને આ શબ્દતત્ત્વને અવિદ્યાને કારણે કલુષત્વવાળું અને ભેદરૂપ સમજવામાં આવે છે.[૬]

---

૧ वैखर्याः मध्यमायाश्च पश्यन्त्याश्चैतदद्भुतम् ।
अनेकतीर्थभेदायास्त्रय्या वाचः परं पदम् ॥
વાક્યપદીય ૧.૧૪૩ તથા તેના પરથી સ્વોપજ્ઞવૃત્તિ.

૨ धामानन्दसुधामयोर्जितवपुस्तत्प्रातित्रं संस्तुभः । હેલારાજ; મંગલશ્લોક, વા. પ. ૩.૧

૩ यत्तत्पुण्यतमं ज्योतिस्तस्य मार्गोऽयमाञ्जसः । વા. પ. ૧.૧૨ બ. અને તેના પરની સ્વોપજ્ઞવૃત્તિ "योयं जातवेदा यश्च पुरुषेऽवान्तरः प्रकाशः यश्च प्रकाशाप्रकाशयोः प्रकाशयिता शब्दाख्यः प्रकाशः तत्रैतत्सर्वमुपनिबद्धं यावत्स्थास्नु चरिष्णु च ।

૪ तस्माद्यः शब्दसंस्कारः सा सिद्धिः परमात्मनः ।
तस्य प्रवृत्तितत्त्वज्ञस्तद्ब्रह्मामृतमश्नुते ॥ વા. પ. ૧.૧૩૨

૫ अन्तर्यामी स भूतानामाराद् दूरे च दृश्यते ।
सोत्यन्तमुक्तो मोक्षाय मुमुक्षुभिरुपास्य ते ॥
શ્લોક નં. ૩. સ્વોપજ્ઞવૃત્તિ વા. પ. ૧.૧

૬ (અ) यथा विशुद्धमाकाशं तिमिरोपप्लुतो जनः ।
संकीर्णमिव मात्राभिश्चित्राभिरभिमन्यते ॥
तथेदममृतं ब्रह्म निर्विकारमविद्यया ।
कलुषत्वमिवपन्नं भेदरूपं विवर्तते ॥
શ્લોક નં. ૧૦, ૧૧ સ્વોપજ્ઞવૃત્તિ વા. પ. ૧.૧

(બ) नित्यंः पृथिवीधातुः । पृथिवीधातौ किं सत्यम् । विकल्पः । विकल्पे किं सत्यम् । ज्ञानम् । ज्ञाने किं सत्यम् । ओम् अथ तद् ब्रह्म ।
મહાભાષ્યપ્રદીપિકા—પૃ. ૩૨, લી. ૧૨, ૧૩

આ બ્રહ્મને વેદમાં એક અને અદ્વિતીય સમજવામાં આવ્યું હોવા છતાં તેનામાં સંનિહિત એની શક્તિઓને લીધે તેને પૃથક્ સમજવામાં આવ્યું છે. જેમ ઉપનિષદ્‌માં ખ્યાત બ્રહ્મ એક છે, જેમ પ્રણવ એક છે તેમ આ શબ્દબ્રહ્મ પણ એક જ છે. પ્રણવ અથવા ૐકાર જેમ ત્રણ પ્રકારે વિભક્ત થયેલ જણાય છે તેમ આ શબ્દતત્ત્વ પણ શક્તિઓને કારણે પૃથક્ જણાય છે. વૃક્ષ, પશુ, પટ વગેરે જ્ઞેય પદાર્થોમાં રહેલ પૃથક્ આકાર તેના જ્ઞાનના એકત્વનો વિરોધી નથી એટલું જ નહિ પણ જ્ઞેયના આકારમાં અને જ્ઞાનના આકારમાં કશો આત્મભેદ નથી. શબ્દબ્રહ્મમાં રહેલી શક્તિઓ તેની કાલશક્તિમાં અંતર્હિત છે. આ કાલશક્તિ સ્વતંત્ર શક્તિ છે એટલે કે પદાર્થની પરિનિષ્પત્તિ અને તેના વિનાશને માટે સ્વતંત્ર છે. આવી કાલશક્તિને કારણે જન્મ, અસ્તિત્વ, વિપરિણામ, વૃદ્ધિ, ક્ષય અને વિનાશ વગેરે ભાવભેદો ઉત્પન્ન થાય છે. એને કારણે જ ભોક્તા, ભોક્તવ્ય અને ભોગ એવી વિવિધ ભાવનાઓ ઉત્પન્ન થાય છે.

કાલશક્તિને વિષે ભર્તૃહરિ સુન્દર વિવેચન કરે છે. આ સમસ્ત લોકયન્ત્રનો સૂત્રધાર તે કાલ.[1] વિકાસ અને પ્રતિબન્ધ દ્વારા તે વિશ્વનો વિભાગ કરે છે. કૂવા ઉપરનો રેંટ જેમ ક્રમે ક્રમે બરાબર ફરે છે તેમ સર્વ પ્રવૃત્તિઓમાં ક્રમને સમાવિષ્ટ કરનાર કાલ તે 'વિશ્વાત્મા વ્યાપાર' છે. કલા એટલે વિભાગ કરે તે કાલ. દોરીથી બાંધેલાં પંખીઓને કયાં ઊડવાનું મન છે તે વાત જેમ દોરી જ જાણે છે, તેમ કાલરૂપી સૂત્રથી બંધાયેલું આ વિશ્વ સર્વ ભાવોમાં સંકોચ, વિકાસ, ઉત્પત્તિ, ધ્વંસ વગેરે પ્રવૃત્તિઓ સતત ચલાવતું રહે છે.[2] આ અક્રમ એવા વિશ્વમાં ક્રમનો જે અવભાસ થાય છે તે તો કાલનું જ કૃત્ય છે.[3] કાલ વિના કોઈ વ્યવહાર શક્ય નથી.[4] કાલ-શક્તિને વિશે ભર્તૃહરિ અનેક મતોનો ઉપયોગ કરે છે. કાલને તે એક, નિત્ય, વિભુ અને દ્રવ્ય તથા ક્રિયાવાન્ પદાર્થોના પરિમાણરૂપે સમજે છે.[5] આ મત વૈજ્ઞાનિકોના કાલસંબંધે મત સાથે મળતો છે. આગળ જતાં કાલને વિશે બીજા પણ મતો તેમણે આપ્યા છે.[6] આ મતો પ્રમાણે કાલ એ

---

१ तमस्य लोकयन्त्रस्य सूत्रधारं प्रचक्षते ।
प्रतिबन्धाभ्यनुज्ञाभ्यां तेन विश्वं विभज्यते ॥ વા. પ. ૩.૯.૪

२ जलयन्त्रभ्रमावेशसदृशीभिः प्रवृत्तिभिः ।
स कलाः कलयन्सर्वाः कालाख्यां लभते विभुः ॥
प्रतिबद्धाश्च यास्तेन चित्राः विश्वस्य वृत्तयः ।
ताः स एवानुजानानि यथा तन्तुः शकुन्तिनः ॥ વા. પ. ૩.૯. ૧૪, ૧૫.

3 निर्भासोपगमो योऽयं क्रमवानिव दृश्यते
अक्रमस्यापि विश्वस्य तत्कालस्य विचेष्टितम् ॥ વા. પ. ૩.૯.૪૬

४ ज्ञानानुगतशक्तिं वा बाह्यं वा सत्यतः स्थितम् ।
कालात्मानमनाश्रित्य व्यवहर्तुं न शक्यते ॥ વા. પ. ૩.૯.૫૮

५ व्यापारव्यतिरेकेण कालमेके प्रचक्षते ।
नित्यमेकं विभु द्रव्यं परिमाणं क्रियावताम् ॥ વા. પ. ૩.૯.૧.

६ शक्त्यात्मदेवतापक्षैर्भिन्नं कालस्य दर्शनम् ।
प्रथमं तदविद्यायां यद्विद्यायां न वर्तते ॥ વા. પ. ૩.૯.૬૨

શક્તિ છે, તે આત્મા છે અને તે દેવતા છે એમ સિદ્ધ થાય છે. ભર્તૃહરિ ત્રીજા મતને અર્થાત્ કાલને દેવતા સમજતા હોય એમ ટીકાકારોના કહેવા ઉપરથી સમજવાનું મન થાય છે. શક્તિ તરીકે કાલ બીજમાં અંકુરજનન કરે છે અને સાથે સાથે પાંદડાંનો પ્રતિબન્ધ કરે છે. આવી શક્તિ ક્રમશઃ વ્યાપારનું પ્રવર્તન કરતી દેખાય છે. બીજા મત પ્રમાણે આત્મા અર્થાત્ પુરુષ અર્થાત્ જીવ એ જ કાલ છે. એ આત્મા જ ક્રમ પ્રમાણે જણાય છે. પોતાના પોતાના કાલસ્વભાવને કારણે તે ક્રમરૂપ અવસ્થાઓ ધારણ કરતો દેખાય છે. ત્રીજો મત કાલને દેવતા સમજે છે પરંતુ હેલારાજ જણાવે છે તેમ આ દેવતા શબ્દબ્રહ્મની શક્તિ જ છે.[1] આ ત્રણ મત જણાવતી કારિકા સ્પષ્ટાર્થ નહિ હોવાથી અને લગભગ આઠસો વર્ષ પછી થયેલા ટીકાકાર હેલારાજના મનમાં શાંકર અદ્વૈતનો ભાર હોવાથી એણે કરાવેલું અર્થદર્શન સુસ્પષ્ટ નથી. ભર્તૃહરિના મનમાં કાલશક્તિ વિષે કોઈ એક જ ખ્યાલ નથી. તેને શબ્દબ્રહ્મની અંતર્નિહિત શક્તિ તરીકે તે માનતા હોય એમ લાગે છે.

શબ્દબ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય અને એની જ મૂર્તિરૂપ વેદ પણ ભર્તૃહરિને મતે એક જ છે. જુદા જુદા ઋષિઓ વડે તે આમ્નાત થયો હોવાથી તે જુદો જુદો લાગે છે. અનેક સ્મૃતિઓ તથા એકત્વવાદીઓના અને દ્વૈતીઓના જુદા જુદા સિદ્ધાન્તો પણ તેને અનુસરે છે. શબ્દબ્રહ્મની પ્રાપ્તિ માટે સાક્ષાત્ ઉપકારક એવી જો કોઈ વિદ્યા હોય તો તે વ્યાકરણસ્મૃતિ જ છે. તે ઉત્તમ તપ છે[2] અને છ વેદાંગોમાં પ્રથમ છે. વાણીને જ્યારે રૂપવિભાગ પ્રાપ્ત થાય ત્યારે તે વાણીનો ઉત્તમ રસ વ્યાકરણ છે. અર્થપ્રવૃત્તિના તત્ત્વને જાણવા માટે શબ્દો જ જવાબદાર છે અને શબ્દોનો તત્ત્વાવબોધ વ્યાકરણ વિના સંભવતો નથી. વ્યાકરણશાસ્ત્ર માટે પ્રશંસાનાં વચનોમાં ભર્તૃહરિને આનંદ પડે છે. વ્યાકરણ, એમને મતે, મોક્ષનું દ્વાર છે, વાણીના દોષોનું ઔષધ છે, સર્વ વિદ્યાઓમાં સૌથી પવિત્ર અને ઉત્તમ વિદ્યાને સ્થાને છે. આ જ વ્યાકરણમાં ઋક્, યજુસ્ સામ અને અથર્વના સઘળા શબ્દો પરિસમાપ્ત થાય છે, અરે એટલું જ નહિ પણ વર્ણ, પદ, પ્રકૃતિ પ્રત્યયો એવા વિવિધ વિભાગોરૂપે જે શબ્દતત્ત્વ સર્વત્ર વિલસે છે તે તો વ્યાકરણને પામીને પરબ્રહ્મ રૂપે જાહેર બને છે.[3]

---

૧ अन्ये तु निग्रहवर्तीं महाप्रभावां देवतां कालत्वेन प्रतिपन्नाः ।
अत्रापि चिद्रूपस्य ब्रह्मणः शक्तिर्देवता एव । ...अक्रमा हि पश्यन्तीरूपा संवितत्प्राणप्रवृत्तिमुपारूढा कालात्मना परिगृहीतक्रमेव चकास्तीति अस्माभिः कृतः निर्णयः वाक्यपदीये शब्दप्रभायाम् ।

૨ (અ) साऽयमक्षरसमाम्नाया वाक्समाम्नायः पुष्पित = फलितः चन्द्रतारकवत्प्रतिमण्डितो वेदितव्यो ब्रह्मराशिः । सर्ववेदपुण्यफलावाटितश्चास्य ज्ञाने भवति । મહાભાષ્ય, બીજું અહ્નિક, અંતિમ વાક્યો—

(બ) यानि लोके तपस्त्वेनाभिख्यातानि ब्रह्मचर्याधःशयनोदवासचान्द्रायणादिनि, ये च पवित्रतमाः स्वाध्यायातेषामिदं दृष्टादृष्टविशेषफलहेतुत्वादभिख्याततमं तपः । સ્વોપજ્ઞવૃત્તિ, વાક્યપદીય૧.૧૧

(ક) ऋष्यादौ प्राप्तसंस्कारो यः शब्दोऽन्येन युज्यते ।
तत्रान्तरङ्गः संस्कारो बाह्येऽर्थे न निवर्तते ॥ વા. પ. ૨.૨૮૪.

૩ शास्त्रेषु प्रक्रियाभेदैरविधैवोपवर्ण्यते ।
अनागमविकल्पा तु स्वयं विद्योपवर्तते ॥ વા. પ. ૨.૨૩૩.

વ્યાકરણસ્મૃતિ જેમ આગમને અધીન છે તેમ સર્વ જ્ઞાન પણ આગમાધીન અને આગમપૂર્વક છે. આ જ્ઞાનનો અથવા તો તે લોકપ્રસિદ્ધ વ્યવહારનો કેવળ તર્કની મદદથી કોઈ બાધ કરી શકતું નથી. ભર્તૃહરિ અહીં પ્રત્યક્ષ અને અનુમાન એ બે જ પ્રમાણ છે એવા આગ્રહનો નિરાસ કરવાનો અને એ રીતે પ્રમાણવિભાગ અથવા તો પ્રમાણકલ્પના કેવી નિરાધાર છે તે બતાવવાનો પ્રયાસ કરે છે. ઝવેરી અથવા સોની ઝવેરાત કે અલંકારની સામે પણ જોયા વિના તેની પરીક્ષા કરી શકે છે. એવી જ રૂપે યોગી, પિતૃઓ અને પિશાચોની સિદ્ધિઓ ઘણીવાર પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણોને અધીન રહેતી નથી. વળી યોગીના પ્રત્યક્ષને અનુમાનથી પણ બાધ થતો નથી. તેથી કેવળ જો આગમને પ્રમાણ માનવામાં આવે તો પ્રત્યક્ષ જ્ઞાન કે અનુમાનની મુશ્કેલીઓ પણ આવતી નથી. અનુમાનને જ સમર્થીને ચાલનાર વિષમ માર્ગમાં દોડતા આંધળા જેવો છે. તેનો વિનિપાત સુલભ છે જ.

વ્યાકરણશાસ્ત્રને દર્શનની કક્ષાએ પહોંચાડવા માટે પરમતત્ત્વનો નિર્દેશ, જગદુત્પત્તિ, પ્રામાણ્યવિચાર, સ્વશાસ્ત્રપ્રશંસા વગેરે જરૂરી હોઈને ભર્તૃહરિએ તેમના સંદર્ભમાં જ પ્રાસ્તાવિક ચર્ચા કરી. સ્વસિદ્ધાન્તને અનુકૂળ શબ્દચર્ચાનો હવે તે વિસ્તાર કરે છે.

ભર્તૃહરિને મતે શબ્દ, અર્થ તેમનો સંબંધ નિત્ય છે. આ મતમાં કશું નવીન નથી. તેમની પૂર્વેના વ્યાકરણાચાર્યો, પાણિનિ, કાત્યાયન વગેરેએ આ જ સિદ્ધાન્તની સ્થાપના કરી છે. પાણિનિએ આ વાત તેમનાં કેટલાંક સૂત્રો ( तदशिष्यं संज्ञाप्रमाणत्वात् વગેરે પા. સૂ. ૧.૨.૫૩ )માં સૂચવી છે અને વાર્તિકકારે એક વાર્તિકમાં—नित्ये शब्दार्थसंबन्धे लोकतोऽर्थप्रयुक्ते शब्दप्रयोगे शास्त्रेण धर्मनियमः । તેને સ્પષ્ટ કરી છે. પતંજલિ અને વ્યાડિએ આ ચર્ચા આગળ ચલાવી છે. ઉપાદાન અથવા વાચક શબ્દોના બે પ્રકાર છે, એક છે સ્ફોટ અને બીજો ધ્વનિ. આ બંનેને પ્રાકૃતધ્વનિ અને વૈકૃતધ્વનિ કહેવામાં આવ્યા છે. આમાંનો સ્ફોટ એ ધ્વનિનું નિમિત્ત બને છે.[1] આ સ્ફોટ અથવા બુદ્ધિસ્થ શબ્દ અરણિમાં અન્તર્નિહિત રહેલ જ્યોતિ જેવો છે. અરણિમાંનો અગ્નિ દેખાતો નથી પણ મંથન કરતાં તે પ્રગટ થાય છે અને બીજા પ્રકાશનું કારણ બને છે. આ સ્ફોટ એક અને અક્રમ છે, એણે ઉત્પન્ન કરેલ ધ્વનિઓ ભલે ક્રમજાત હોય. જલમાં રહેલ ચન્દ્રબિંબ જલની હલનચલનક્રિયાને કારણે નાનું મોટું થતું દેખાય છે, ચન્દ્રમાં આવું અલ્પત્વ કે મહત્ત્વ નથી. આવી જ સ્થિતિ સ્ફોટ અને ધ્વનિની છે. આ સ્ફોટ અથવા ક્રતુ ઈંડામાં રહેલા રસ જેવો છે. એ ઈંડામાંથી બચ્ચાના હાથ, પગ, બીજાં અંગો વગેરે વિકસે છે પણ મૂળમાં તો તેનું રસરૂપત્વ જ છે;[2] જેવી રીતે તન્તુઓથી પટ ઉપર એક મૂર્તિ ઉપસ્થિત કરવામાં આવે

---

૧ ( અ ) एको निमित्तं शब्दानामपरोऽर्थे प्रयुज्यते । વા. પ. ૧.૪૪ બ.

( બ ) ध्वनिः स्फोटश्च शब्दानां ध्वनिस्तु खलु लक्ष्यते ।
अल्पो महांश्च केषांचिदुभयं तत्स्वभावतः ॥
ભાષ્ય, પા. સૂ. ૧.૧.૭૦ तपरस्तत्कालस्य

૨ आण्डभावमिवापन्नो यः क्रतुः शब्दसंज्ञकः ।
वृत्तिस्तस्य क्रियारूपा भागशो भजते क्रमम् ॥ વા. પ. ૧.૫૧

તેમાં મૂર્તિનું જ્ઞાન તો અક્રમ જ છે, તેમ ધ્વનિ અથવા વૈકૃત શબ્દ ભલે અક્રમ હોય પણ સ્ફોટ અર્થાત્ પ્રાકૃત શબ્દ તો અક્રમ જ રહે છે. બુદ્ધિમાસંનિવિષ્ટ શબ્દતત્ત્વ એક જ છે. ધ્વનિ તેને પ્રકાશે છે. આ ધ્વનિ કે ધ્વનિઓની વાક્યમાં એકતા અર્થાત્ અભિન્નતા છે. [1] વર્ણ, પદ, વાક્ય એ ત્રણ એક જ છે. વર્ણ અને પદોમાં ભેદ નથી કે પદ અને વાક્યમાં પણ કશો જ ભેદ નથી.[2] સ્ફોટની અભિવ્યક્તિ થયા પછી જે ધ્વનિઓ ઉત્પન્ન થાય છે તે બધા દ્રુત, મધ્ય, વિલમ્બિત એવી વૃત્તિઓના પૃથક્ત્વને માટે જવાબદાર બને છે. સ્ફોટાત્મામાં તેનાથી કશો ફેરફાર થતો નથી.[3] આ વિષયમાં પતંજલિએ ઢોલ વગાડનારનું ઉદાહરણ આપ્યું છે. ઢોલ વગાડનારો ઢોલને વગાડીને પછી કોઈવાર વીસ ડગલાં આગળ ચાલે છે તો કોઈવાર ત્રીસ. અહીં જે પ્રાકૃતધ્વનિ ( સ્ફોટ ) છે તે તો એમ જ રહે છે પરંતુ ધ્વનિ નાનોમોટો સંભળાય છે[4] આમ અહીં વિષયભેદ થતો નથી પરંતુ કાલભેદ પ્રાપ્ત થાય છે. સ્ફોટ અને ધ્વનિની અભિવ્યક્તિના સંબંધમાં ભર્તૃહરિ ત્રણ ત્રણ મતાન્તર દર્શાવે છે. સ્ફોટ જ્યારે અભિવ્યક્ત થાય છે ત્યારે કાં તો તે શ્રોત્રેન્દ્રિયને સંસ્કારે છે અથવા તો શબ્દને અથવા બંનેને; એવી જ રીતે ધ્વનિ પણ ત્રણ રીતે અભિવ્યક્ત થાય છે. જેમ ઇન્દ્રિયો વિષયની પ્રતિપત્તિ કરાવે છે છતાં તે પોતે તો અસંવેદ્ય રહે છે. વસ્તુને જોવા છતાં આપણે ચક્ષુરીન્દ્રિયને જોતા નથી તેમ, ધ્વનિ અભિવ્યંજક બને છે પરંતુ આપણે તેને પકડી શકતા નથી. બીજા મતમાં, અભિવ્યક્ત થતો ધ્વનિ સ્ફોટથી સ્વતંત્ર રહે છે. ત્રીજા મતમાં ધ્વનિ સ્ફોટથી અભિન્ન રીતે વ્યક્ત થતો નથી પરંતુ પ્રાકૃત ધ્વનિ અર્થાત્ સ્ફોટ અને ધ્વનિ બંને વ્યક્ત થાય છે.

સ્ફોટની નાદદ્વારા અભિવ્યક્તિની પ્રક્રિયા સમજાવતાં ભર્તૃહરિ જણાવે છે કે પૂર્વપૂર્વ ધ્વનિઓ વડે જ્યારે અર્થનું બીજ રોપ્યું હોય ત્યારે અને અર્થસંસ્કાર ઊત્પન્ન થાય ત્યારે અન્ત્ય ધ્વનિની મદદથી તેની સાથે શબ્દનું ગ્રહણ થાય છે. વર્ણ, પાદ, વાક્ય, એ બધાનું ગ્રહણ એક સાથે અક્રમરૂપે જ થાય છે. કોઈ જો એમ કહેતું હોય કે ધ્વનિની ઉત્પત્તિ અને સ્ફુટ થયેલ શબ્દના ગ્રહણની વચ્ચે તે પોતે શબ્દોને અથવા વર્ણોને બરાબર સમજે છે તો તે સમજનારની અશક્તિ છે. આવા વર્ણો કે શબ્દોનું જ્ઞાન આત્યંતિક નહિ પણ સળંગ અર્થને ગ્રહણ કરવામાં ઉપાયરૂપ અથવા મદદરૂપ જ છે, એથી વિશેષ કશું નહિ. પૂર્વપૂર્વ વર્ણની ભાવના જ્યારે

---

૧ यदन्तः शब्दतत्त्वं तु नादैरेकं प्रकाशितम् ।
तदाहुरपरे शब्दं तस्य वाक्ये तथैकता ॥ વા. પ. ૨.૩૦

૨ पदे न वर्णा विद्यन्ते वर्णेष्ववयवा न च ।
वाक्यात्पदानामत्यन्तं प्रविवेको न कश्चन ॥ વા. પ. ૧.૭૩

૩ शब्दस्योर्ध्वमभिव्यक्तेर्वृत्तिभेदे तु वैकृताः ।
ध्वनयः समुपोहन्ते स्फोटात्मा तैन भिद्यते ॥ વા.પ. ૧.૭૫ અને વા. પ. ૧.૧૦૧

૪ तद्यथा भेर्याहन्ता भेरीमाहत्य कश्चिद्विंशतिपदानि गच्छति कश्चित त्रिंशत् कश्चिच्चत्वारिंशत् स्फोटस्तावानेव ध्वनिकृता वृद्धिः । મહાભાષ્ય, सूत्र तपरस्तत्कालस्य વા. પ. ૧.૧.૭૦

અંતિમ વર્ણના અર્થ સાથે જોડાય અને એ પ્રક્રિયા અક્રમ અને એક રૂપે જ ખ્યાલમાં આવે ત્યારે જ શબ્દનું અવધારણ અર્થાત્ જ્ઞાન થાય છે. આ બાબત ઉપર ભાર મૂકવાનું કારણ એ છે કે ભર્તૃહરિ અખંડ વાક્યસ્ફોટમાં માને છે. તેમના મતે વાક્યમાં પદ લીન થઈ ગયેલ હોય છે અને પદમાં વર્ણો તથા વર્ણમાં તેમના વિભાગો પણ લીન થયા હોય છે.[૧]

સ્ફોટમાંથી અથવા શબ્દતત્ત્વમાંથી જ આ જગતની ઉત્પત્તિ થઈ છે, આ સંસાર શબ્દના જ પરિણામરૂપે છે એમ જ્યારે ભર્તૃહરિ જણાવે છે ત્યારે તે ઔપનિષદ્‌સિદ્ધાન્તોને જ જાણે સ્પષ્ટ કરતા હોય એમ લાગે છે. ઉપનિષદોમાં, મહાભારતમાં, મનુસ્મૃતિમાં અને પુરાણોમાં આ પરંપરા અનવરત ચાલી આવી છે. ભર્તૃહરિ જણાવે છે કે છન્દમાંથી જ અર્થાત્ વેદમાંથી આ સઘળું વિશ્વ ઉત્પન્ન થયું છે. ભર્તૃહરિ અહીં ' **व्यवर्तत** ' એવો શબ્દ વાપરે છે, જ્યારે આ જ કારિકાના પ્રથમ ચરણમાં ' **परिणाम** ' એવો શબ્દ વાપરવામાં આવ્યો છે, એવી જ રીતે ' વાક્યપદીયની પ્રથમ કારિકામાં ' **विवर्ततेऽर्थभावेन प्रक्रिया जगतो यतः ।** ' એમ જણાવીને ' વિવર્ત ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ટીકાકારો આ બાબતમાં જગતને શબ્દનો ' વિવર્ત ' સમજાવવા પ્રયાસ કરે છે પરંતુ ભર્તૃહરિને કોઈ એકાંત પક્ષ અભિપ્રેત નથી.

સ્ફોટના અનુલક્ષમાં કૈયટ વગેરે વૈયાકરણોએ પદસ્ફોટ અને વાક્યસ્ફોટ એવા વિભાગ પાડ્યા છે. મહાભાષ્યના પ્રાચીન સિદ્ધાન્તનો અવતાર કરતાં કૈયટ કોઈ એક પક્ષને વળગી રહેતા નથી. શબ્દસિદ્ધિ માટે જરૂરી પક્ષનો તે આશ્રય કરે છે. તેવી જ રીતે પદાર્થ તે આકૃતિ બતાવે છે કે દ્રવ્ય તે વિષે પણ તેમને કશો આગ્રહ નથી. ભર્તૃહરિના સિદ્ધાન્તમાં અખંડ વાક્યસ્ફોટ અને તે પણ જાતિસ્ફોટ સિવાય બીજા કોઈ પક્ષને સ્થાન નથી દરેક પદના અર્થમાં જાતિ અને વ્યક્તિ એવા બે ભાવ રહેલા છે. તેમાં જાતિ એવો પદાર્થ સત્ય છે અને વ્યક્તિ એવો પદાર્થ અસત્ય છે. આ જાતિ એટલે સત્તા અર્થાત્ અસ્તિત્વ જે નિત્ય ભાવ છે અને પરમાર્થથી ભિન્ન નથી. પ્રકૃતિ, પ્રત્યય અને ધાત્વર્થને પણ આ જ સત્તા, આ જ મહાન આત્મા, આ જાતિ, જાહેર અને એના પરની હેલારાજીય ટીકા : **एवं च सर्वशब्दवाच्या सत्ता शब्दप्रवृत्तिनिमित्तभूता इति यथायथं भिन्नोपाधिभावप्रत्ययाभिधेया सा एव ।** પૃ. ૪૨, લી. ૧૦, વાક્યપદીય તૃતીયકાંડ, ભાગ. ૧ (પૂના)

કરે છે.[૨] આ સત્તારૂપ જાતિ સર્વ ભાવવિકારોમાં છ અવસ્થાઓ રૂપે પરિણમે છે. આવા પરિણામને માટે સત્તારૂપ મહાસામાન્ય અર્થાત્ જાતિ, જેને ભર્તૃહરિ બ્રહ્મ જ સમજે છે તે પોતાનામાં રહેલી શક્તિઓ વડે પ્રવૃત્તિ કરે છે. પદાર્થને જાતિ સમજો કે દ્રવ્ય, પણ પરમાર્થ દૃષ્ટિએ તો

---

૧ शब्दस्य न विभागोऽस्ति कुतोऽर્थस्य भविष्यति ।
विभागैः प्रक्रियाभेदमविद्वान् प्रतिपद्यते ॥ વા. પ. ૨.૧૩

૨ तां प्रातिपदिकार्थं च धात्वर्थं च प्रचक्षते ।
सा नित्या सा महानात्मा तामाहुस्त्वतलादयः ॥ વા. પ. ૩.૧.૩૪

જાતિરૂપ શબ્દબ્રહ્મ જ સમજવાનું છે એમ ભર્તૃહરિના ટીકાકાર હેલારાજ અર્થદર્શન કરાવે છે.[૧] આ જ વાત ભર્તૃહરિએ મહાભાષ્ય પરની પોતાની ટીકા પ્રદીપિકામાં દર્શાવી છે.[૨]

સર્વ લોકવ્યવહાર શબ્દ જ છે એમાં ભર્તૃહરિને શંકા નથી. શાબ્દવ્યવહારથી સંસ્કૃત લોકવ્યવહાર અવિચ્છિન્ન રીતે ચાલે જ છે. ઋષિઓનું જે દર્શન છે તે પરમાર્થદર્શન છે. તેનાથી લોકવ્યવહાર ચાલે જ નહિ. શાબ્દવ્યવહારની અહીં આવશ્યકતા રહેવાની. કદાચ કોઈ એમ કહે કે ઇન્દ્રિયો વડે અમે જે અનુભવીશું તે પ્રમાણે આચરણ કરીશું; તો ભર્તૃહરિ આવા વ્યવહારની નિષ્ફળતા બતાવતાં કહે છે કે આકાશ તલવત્ છે અને આગિયામાં અગ્નિ છે એમ કોઈ કહે તો શું એને સાચું માની લેશો. વ્યોમ તલવત્ નથી અને આગિયો હુતાશન નથી. આમ શાબ્દ-વ્યવહાર વિના ચાલે તેમ નથી. આવા શાબ્દવ્યવહારને માટે ભર્તૃહરિ 'પ્રતિભા' એવો શબ્દ વાપરે છે. સર્વ વ્યવહારના મૂળમાં આ આન્તર્પ્રતિભા છે.[૩] તે આન્તરવૃત્તિ છે[૪] અને તેને શબ્દભાવના પણ કહે છે. પૂર્વજન્મમાં થયેલ શબ્દક્રિયાની સ્મૃતિ રૂપે તે જણાય છે. આવી સ્મૃતિ લઈને બાળક જન્મતું હોવાથી વિશિષ્ટ પ્રસંગે ચોક્કસ પ્રકારના શબ્દો તે ઉચ્ચારે છે.

'વાક્યપદીય'ના બીજા કાંડને 'વાક્યકાંડ' કહેવામાં આવ્યું છે કારણ કે આ કાંડમાં 'વાક્ય' વિષે ભર્તૃહરિએ કરેલી ચર્ચા અત્યંત મહત્ત્વની છે. વૈયાકરણ સિદ્ધાન્તમાં 'વાક્યસ્ફોટ'ને અંતિમ સિદ્ધાન્ત માન્યો છે. વાક્યને એક, અખંડ, ક્રમહીન અને સમસ્ત એવો વિચાર માનવા માટે ભર્તૃહરિ પાસે પ્રાચીન પરંપરા છે. તૈત્તિરીય સંહિતા, 'પહેલાં અવ્યાકૃતા વાક્ બોલાતી હતી' એમ જણાવે છે.[૫] ઋક્પ્રાતિશાખ્ય પણ पदप्रकृतिः संहिता (૨.૧.) એમ કહીને સંહિતાને પદોનું કારણ ગણાવે છે. પાણિનિ આચાર્યે 'तिङतिङः' (૮-૧-૨૮) એવા સૂત્રદ્વારા આ વાતને પુષ્ટિ આપી છે.[૬] દ્વિતીયકાંડના ટીકાકાર પુણ્યરાજ આ ઉપરથી સિદ્ધાન્ત નિર્દેશ કરે છે કે સૂત્રકાર

---

૧ जाति पदार्थे सर्वत्रान्वयिरूपं जात्यात्मना ब्रह्म विवक्षितम ।
द्रव्यपदार्थनये तु परिनिष्ठितरूपं परमार्थनयेति दर्शनविकल्पैः । अयमेव
च पक्षद्वयेऽपि एकपक्षीभावरूपः सिद्धान्तः परमार्थदृष्टया । હેલરાજ વા. પ. ૩.૧.૩૫

૨ बाल्यकौमारयौवनस्थाविरेषु अभिन्नः स एवायमिति संप्रत्ययः
सा आकृतिः शब्दवाच्या । પ્રદીપિકા પૃ. ૨૨, લી. ૨.

૩ अनादिश्चैषा शब्दभावना प्रतिपुरुषमवस्थितज्ञानबीजपरिग्रहा ।
સ્વોપજ્ઞવૃત્તિ. વા. પ. ૧.૧૨૩

૪ इदं तदिति सान्येषामनाख्येया कथंचन ।
प्रत्यात्मवृत्तिसिद्धा सा कर्त्रापि न निरूप्यते ॥ વા. પ. ૨.૧૪૫

૫ वाग्वै पराच्यव्याकृता । તૈત્તિરીય સંહિતા, ૬.૪.૭

૬ यत एवं सूत्रकारस्य भाष्यकारस्य चाखण्डपक्षोऽभिरुचितः ।
तस्माद् वाक्यवादिभिः स्फोटवादिभिरभेदकल्पनमाश्रितं काल्पनिकः पदनादोऽभ्युपगत
इत्यर्थः । પુણ્યરાજ 'વાક્યપદીય' પ્રકાશ, બનારસ, પૃ. ૯૧.

અને ભાષ્યકારને અખંડ વાક્યસ્ફોટ અભિપ્રેત છે.[1]

ભર્તૃહરિએ વાક્ય માટે આઠ મત રજૂ કર્યા છે.[2] આમાંથી અખંડ પક્ષમાં સંઘાતવર્તિની જાતિ, એક અને અનવય એવો શબ્દ તથા બુદ્ધયનુંસંહાર એમ ત્રણ પક્ષ છે. બાકીના પાંચ,–આખ્યાત શબ્દ, ક્રમ, સંઘાત વાક્ય અંગે આ મતાન્તરોનું ખંડન કુમારિલ ભટ્ટ તેમના શ્લોકવાર્તિકમાં (વાક્યાધિકરણ–શ્લોક ૪૯ થી ૫૪ થી શરૂ કરીને) કર્યું છે. જૈનપરંપરામાં મલ્લવાદીના ટીકાકાર સિંહસૂર દ્વાદશારનયચક્રટીકામાં (પૃ. ૯૫. વડોદરા) અને પ્રભાચંદ્ર તેમના 'પ્રમેયકમલ-માર્તણ્ડ' (પૃ. ૪૫૮–૪૫૯) માં આ મતોનો ઉલ્લેખ કરે છે.

આદ્યપદ અને સાકાંક્ષ એવું પૃથક્પદ—ખંડ પક્ષમાં સ્વીકારવાના છે. આ પાંચને પણ અભિહિતાન્વય પક્ષમાં, સંઘાત અને ક્રમ એમ બે અને અન્વિતાભિધાન પક્ષમાં આખ્યાત શબ્દ, આદ્યપદ અને પૃથક્ સાકાંક્ષ પદ એમ બાકીના ત્રણ, એ રીતે વિભક્ત સમજવાના છે.

વર્ણ, પદ કે વાક્ય નિર્ભાગ હોઈને તેમના વડે અભિવ્યક્ત થતો અર્થ પણ એવો જ અક્રમ અને નિર્ભાગ છે. પદ કે વાક્યમાંથી સળંગ અર્થનો જનક એવો આન્તર અખંડ સ્ફોટ જ વ્યક્ત થાય છે. વિભાગ કે પ્રક્રિયાભેદ એવા વિચારો અવિદ્વાનના વિચારો છે. સર્વે ભાવો હમેશાં સાથે ઉત્પન્ન થાય છે. તેમનામાં કાલાન્તર— યુગ કે ક્ષણ-નો ભાવ હોતો નથી, અને જો એવો ભાવ માનવામાં આવે તો તે ભાવ તેમનાથી જુદો નથી. શબ્દોની અભિવ્યક્તિને પરિણામે જે અર્થ-બુદ્ધિ પ્રાપ્ત થાય છે તે એક અને નિર્ભાગ છે. એનામાં 'તત્ત્વ' કે 'નાનાત્વ' એવા પ્રવિભાગ હોતા નથી.[3]

ભર્તૃહરિના વ્યાકરણવિષયક વિચારોમાંથી દર્શનની કક્ષાએ જેમને પહોંચાડવામાં આવ્યાં છે તેવાં તત્ત્વો–શબ્દબ્રહ્મ, સ્ફોટ, વાક્ય અને શબ્દાર્થ સંબંધનો આપણે આછો પરિચય કર્યો. પાણિનિપૂર્વેથી પ્રચલિત બનેલી વ્યાકરણદર્શનપરંપરાના સિદ્ધાન્તો વ્યાડિ અને પતંજલિમાં વિકસ્યા. વસુરાત અને ભર્તૃહરિએ તેમને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું. વાક્યના પ્રવિભાગો, લિંગ, ગુણ, ગુણવચન, કારક, પુરુષ, ઉપગ્રહ, વૃત્તિ, કાલ વગેરે અંગે ભર્તૃહરિના ગ્રંથમાં કેટલુંક મૌલિક અને અસાધારણ ચિન્તન છે. ભારતીય દર્શનધારામાં એનો અત્યંત મહત્ત્વનો ફાળો છે.

---

૧ आख्यातशब्दः संघातो जातिः संघातवर्तिनी ।
एकोऽनवयवः शब्दः क्रमो बुद्ध्यनुसंहृतिः ।
पदमाद्यं पृथक्सर्वपदं साकाङ्क्षमित्यपि ।
वाक्यं प्रति मतिर्भिन्ना बहुधा न्यायवादिनाम् ॥ વા. ૫. ૨. ૧–૨

૨ सहोत्पादा हि सर्वे भावाः कालान्तरावस्थापरिकल्पिते कालाध्वनि मन्वन्तराख्ये क्षणाख्ये वा नात्मतत्त्वमतिक्रामन्तोऽनैकान्तिकेनागान्तुनाप्यनागन्तुके भेदेन संस्पृश्यन्ते । न हि तेभ्यो व्यतिरिक्तः क्षणाख्यः कालाध्वा मन्वन्तराख्यो वा कश्चिदन्यो विद्यते । 'સ્વોપજ્ઞવૃત્તિ' વા. ૫. ૨.૨૪

૩ क्रमोल्लेखानुषङ्गेण तस्यां यद्बीजमाहितम् ।
तत्त्वनानात्वयोस्तस्य निरुक्तिर्नावतिष्ठते ॥ વા. ૫. ૨.૨૬
અને अर्थभागैस्तथा तेषामान्तरोऽर्थः प्रकाशते ।
एकस्यैवात्मनो भेदौ शब्दार्थावपृथक्स्थितौ । વા. ૫. ૨.૩૧

ભર્તૃહરિ પછી વ્યાકરણદર્શનનો જે વિકાસ થયો તેના ઉપર તેમની અતિ ગાઢ અસર છે. બીજી રીતે કહીએ તો એ દર્શનનું સઘળું ચિન્તન એમણે ચિંધેલા માર્ગથી સહેજ પણ પરાઙ્મુખ બનતું નથી ઈસુની સાતમી સદી પછી વ્યાકરણપરંપરા બે વિભાગમાં વિભક્ત થતી દેખાય છે. એક છે વ્યાકરણસિદ્ધાન્તનું સ્થાપન અર્થાત્ વ્યાકરણના દાર્શનિક સિદ્ધાન્તોનું પ્રસ્થાપન અને અન્ય દર્શનપરંપરાના વિરોધમાં સ્વપક્ષનું ગૌરવોદ્‌ઘાટન. બીજી પરંપરા છે રૂપસિદ્ધિની. આ પરંપરામાં એક તરફ પાણિનીય સૂત્રો, વાર્તિક અને ભાષ્યના વિચારોને સ્પષ્ટ રીતે સમજાવીને તેમાંના સિદ્ધાન્તોની વિકસતા સંસ્કૃત ભાષાપ્રવાહ સાથે સંગતિ સાધવાની પ્રવૃત્તિ છે. આવી પ્રવૃત્તિમાં કૈયટ, વામનજયાદિત્ય, જિનેન્દ્રબુદ્ધિ, હરદત્ત અને ભટ્ટોજી તથા તેમના અનુયાયીઓનો સવિશેષ ફાળો છે. બીજી તરફ રૂપસિદ્ધિ માટે અત્યંત કઠોર આગ્રહ ધરાવનાર વૈયાકરણો–ભટ્ટોજી, સીરદેવ, ઈન્દુમિત્ર, મૈત્રેયરક્ષિત, માધવ, નાગેશ અને તેમની શિષ્યપરંપરા-છે. ન્યાયશાસ્ત્રની તર્કશુદ્ધિ અને નવ્યન્યાયની દલીલબાજીથી આ વિદ્વાનો પરિચિત હોઈને રૂપસિદ્ધિ માટેના આગ્રહથી જન્મતા ખંડનમંડનના અસામાન્ય વાતાવરણનો તેમણે આવિષ્કાર કર્યો છે. ભર્તૃહરિસિદ્ધાન્તનો વિશેષ વિકાસ આ ધમાલમાં અવરુદ્ધ થઈ ગયો.

ભર્તૃહરિના 'વાક્યપદીય'માં સહસ્ર જ્વાળાએ રૂપે પ્રજ્વલિત બનેલ વ્યાકરણદર્શન સ્વદેહમાં જ જરાને પામ્યું. ભારતીય દર્શનધારાની સઘળી શાખાઓ—બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન—ના મહાન વિચારકો જે ભર્તૃહરિ સિદ્ધાન્તનો વારંવાર ઉલ્લેખ કરતાં થાકતા નથી તે સિદ્ધાન્ત કદાચ ભર્તૃહરિના પોતાના સમયમાં જ ઉપેક્ષિત થતો રહ્યો હશે. 'વાક્યપદીય'ના તૃતીયકાંડના કેટલાક સમુદ્દેશો—બાધા સમુદ્દેશ અને લક્ષણ સમુદ્દેશ—તેમના પોતાના સમયમાં જ અપ્રસિદ્ધ બની નાશ પામ્યા એમ ટીકાકાર હેલારાજ આપણને જણાવે છે. આવી જ સ્થિતિ 'વાક્યપદીય' ઉપર તેમણે લખેલી વૃત્તિની—જેને આપણે સ્વોપજ્ઞવૃત્તિ તરીકે જાણીએ છીએ—થઈ. ઈસુની પાંચમી સદીથી માંડીને દસમી સદી સુધીનો યુગ વ્યાકરણના સમગ્ર વિકાસ માટે જાણીતો નથી. બૌદ્ધ વિદ્વાનો—ચન્દ્રગોમિન્, જિનેન્દ્રબુદ્ધિ વગેરેએ પાણિનીય પરંપરા સાચવી રાખી. આ યુગમાં જ ભર્તૃહરિની સ્વોપજ્ઞવૃત્તિ અનેક ફેરફારો પામી. પં. ચારુદેવશાસ્ત્રીએ સંપાદન કર્યા પછી આ સ્વોપજ્ઞવૃત્તિએ આપણું ધ્યાન ખેંચ્યું છે.

વાક્યપદીય અને સ્વોપજ્ઞવૃત્તિનો વિચાર કરતાં એક વાત ચોક્કસ લાગે છે કે બંનેના કર્તા એક જ છે અને તે ભર્તૃહરિ જ છે. આવો ઉલ્લેખ કરનાર ઈત્સિંગ પણ છે. એની આ વાત સ્વીકારવામાં વાંધો નથી. સ્વોપજ્ઞવૃત્તિ કારિકાઓનાં પાઠાન્તરો આપતી નથી, તેમાંના વિચારો અને કારિકાઓના વિચારો વચ્ચે કશો મતભેદ નથી, કારિકાના વિચારને વિદ્યાર્થીભોગ્ય બને તે રીતે પદશઃ સમજાવવાને બદલે, સમગ્ર સિદ્ધાન્તના સૂક્ષ્મ ઊહાપોહ દ્વારા તથા અન્ય મતોના ઉલ્લેખ અને ચર્ચા દ્વારા વિપુષ્ટ કરવામાં આવ્યો છે, એમાં પ્રાચીન ગ્રંથો—ભાષ્ય, વાર્તિક, સૂત્ર, ઉપનિષદ્, નિરુક્ત, બ્રાહ્મણ ગ્રંથો, કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય અને મૈત્રાયણીય શાખાઓ અને ઋગ્વેદનાં અવતરણો નોંધ્યાં છે. ભાષા સમગ્ર રીતે આર્ષ પ્રયોગો અને આર્ષ લઢણવાળી તથા બૌદ્ધ પારિભાષિક શબ્દોથી સુમંડિત, ક્રિયાપદના ઓછા ઉપયોગવાળી, તેમ જ સમાસપ્રચુર છે. આ બધી બાબતો સ્વવૃત્તિના આર્ષત્વને કારિકાઓના આર્ષત્વની કોટિમાં મૂકે છે. આમ છતાં એક તરફ પતંજલિના મહાભાષ્યના ગદ્યને તો બીજી તરફ ભર્તૃહરિની 'મહાભાષ્યપ્રદીપિકા'ના ગદ્યને 'સ્વોપજ્ઞવૃત્તિ'

સાથે સરખાવતાં આ આર્ષત્વનો ખ્યાલ કાંઈક અંશે શિથિલ પણ બને છે. હાલ પૂરતું એવા અનુમાન પર આવવાનું મન થાય છે કે ભર્તૃહરિના મરણ પછી ‘ સ્વોપજ્ઞવૃત્તિ ’નો પ્રચાર પણ મંદ પડચો હશે. તેને સમજનારા અને માણનારા વિદ્વાનો અલ્પ સંખ્યામાં હશે અને સમગ્ર ભર્તૃહરિગ્રંથ–કારિકાનો તથા સ્વોપજ્ઞવૃત્તિ–અનેક હાથે ફેરફાર પામ્યાં હશે. જે દશા ‘ મહાભાષ્ય ’-ની થઈ હતી તેવી જ દશા–ગ્રંથપાત અથવા ગ્રંથ વિપ્લાવન–ભર્તૃહરિના સમગ્ર ગ્રંથની થઈ હોય અને એવી જ વિચ્છિન્ન દશામાં ભર્તૃહરિ ગ્રંથ ટકી રહ્યો હોય એમ માનવા તરફ મનની વૃત્તિ ઢળે છે. પં. ચારુદેવે સ્વોપજ્ઞવૃત્તિના સંપાદનમાં ઘણો પરિશ્રમ કર્યો હોવા છતાં દ્વિતીય કાંડ ઉપરની સ્વોપજ્ઞવૃત્તિમાં મોટાં અને અસંખ્ય ગાબડાં પડેલાં છે. બીજી સારી અને સંપૂર્ણ હસ્તપ્રતોની પ્રાપ્તિ થાય અને ભર્તૃહરિ ગ્રંથનો પૂરો પરિચય પ્રાપ્ત થાય ત્યાં સુધી આ વિષયમાં સઘળાં અનુમાનો વ્યર્થ લાગવાનાં.

કૈયટ પોતાના ‘ મહાભાષ્યપ્રદીપ ’માં વ્યાકરણસિદ્ધાન્તની ચર્ચા કરતી વખતે ભર્તૃહરિને જ અનુસરે છે, આ વાત દાર્શનિક તત્ત્વનિરૂપણ પૂરતી તો યથાતથ જ છે. તેમણે ઉલ્લેખેલા મતો—अन्ये त्वाहुः, केचित्तु, केचिदाहुः, अन्ये तु प्रपञ्चार्थमिदमाहुः–દાર્શનિક ચર્ચા કરતા નથી. જિનેન્દ્રબુદ્ધિ (ઈ. સ. ૭૫૦) ‘ કાશિકા ’ ઉપરની પોતાની વ્યાખ્યા ‘ વિવરણપંજિકા ’માં ભર્તૃહરિની એકાદ કારિકાનો ઉલ્લેખ કરે છે. ‘ પદમંજરી ’ (અને ‘ મહાપદમંજરી ’ના પણ)ના લેખક હરદત્ત (ઈ. સ. ૧૩૫૦) ભર્તૃહરિની લગભગ પચાસ કારિકાઓ ઉદ્ધૃત કરે છે. હરદત્ત પછી લગભગ ત્રણસો વર્ષ સુધી ભર્તૃહરિસિદ્ધાન્તનું અધ્યયન મંદ પડયું. ઈ. સ. ૧૬૫૦ની આસપાસ થયેલ ભટ્ટોજી દીક્ષિતે ‘ સિદ્ધાન્તકૌમુદી ’ જેવા પ્રસિદ્ધ અને શબ્દવ્યુત્પત્તિના ગ્રંથની રચના ઉપરાંત ‘ વૈયાકરણ સિદ્ધાન્તકારિકા ’ અને ‘ શબ્દકૌસ્તુભ ’ જેવા ગ્રંથો રચ્યા. ‘ વૈયાકરણસિદ્ધાન્તકારિકા ’માં તેમણે ભર્તૃહરિનું જ અનુસરણ પૂર્ણપણે કર્યું છે એટલું જ નહિ પણ ભર્તૃહરિની કેટલીક કારિકાઓ સ્વગ્રંથમાં સંનિવિષ્ટ કરી છે. તેમનો બીજો ગ્રંથ ભાષ્યરૂપી સાગરમાંથી સમુધ્ધૃત કૌસ્તુભમણિ સમાન તે ‘ શબ્દકૌસ્તુભ ’ ભાષ્યના સિદ્ધાન્તોના નિરૂપણની સાથે સાથે ભર્તૃહરિ સિદ્ધાન્તનું તેમણે આમાં કરેલું નિરૂપણ હૃદયંગમ છે. ભર્તૃહરિ અને ભટ્ટોજી વચ્ચેના વ્યાકરણદર્શનનો કેવો વિકાસ થયો તે જાણવા માટે આ ગ્રંથ ઉપયોગી છે. આ જ અરસામાં ભટ્ટોજી દીક્ષિતના ભત્રીજા કૌન્ડભટ્ટે ‘ વૈયાકરણસિદ્ધાન્તકારિકા ’ ઉપર ટીકારૂપે ‘ વૈયાકરણભૂષણ ’ નામે ગ્રંથની રચના કરી. આ ગ્રંથે દાર્શનિક પરંપરામાં મહત્ત્વનો ઉમેરો કરેલ છે, કારણ કે મીમાંસા અને ન્યાયના શાબ્દસિદ્ધાન્તનું તેમાં ખંડન પ્રાપ્ત થાય છે. ભર્તૃહરિની પરંપરામાં આવા અનેક ગ્રંથોની આવશ્યકતા હતી. આ ગ્રંથ પણ ભટ્ટોજી દીક્ષિતે પ્રર્વતાવેલ પરિષ્કાર-પરંપરાના વાતાવરણમાં કેવળ નામશેષ જ રહ્યો.

ભર્તૃહરિના પોતાના સમયમાં તેમને, સુશિષ્યો પ્રાપ્ત થયા હોય એમ લાગતું નથી. ‘ વાકચપદીય ’ના આપણને મળતા, ટીકાકારોના ગ્રંથો ઈસુની અગિયારમી સદીના છે. એ ટીકાકારોએ—ખાસ કરીને હેલારાજે—ભર્તૃહરિસિદ્ધાન્તને શાંકરવેદાન્તનો ઓપ ચઢાવ્યો છે જે સર્વથા યોગ્ય થયું નથી.

‘ શબ્દકૌસ્તુભ ’, ‘ વૈયાકરણસિદ્ધાન્તકારિકા ’ અને ‘ વૈયાકરણભૂષણ, ’ એ ત્રણ ગ્રંથોની રચનાથી ભર્તૃહરિસિદ્ધાન્તના અભ્યાસને થોડોક વેગ મળ્યો એમ કહેવું જોઈએ. આને પરિણામે

ભટ્ટોજી દીક્ષિતની પરંપરામાં લગભગ સિત્તેર વર્ષ પછી આવેલા નાગેશ ભટ્ટે પોતાના 'પરમલઘુમંજૂષા' અને 'લઘુમંજૂષા' તથા 'સ્ફોટવાદ' ગ્રંથો દ્વારા વ્યાકરણદર્શનને પુનરુજ્જીવિત કરવાના પ્રયાસ કર્યા.

નાગેશ સ્વતંત્રપ્રજ્ઞ વૈયાકરણ હતા. પારષ્કાર શાખાના તેમના ગ્રંથો 'પરિભાષેન્દુશેખર' અને 'લઘુશબ્દેન્દુશેખર'માં ગુરુપરંપરાને તેમણે બરાબર જાળવી છે. બીજી બાજુ ભાષ્યના કૈયટકૃત 'પ્રદીપ' ઉપરની તેમની 'ઉદ્યોત' નામે ટીકામાં અનેક સ્થળે કૈયટથી સ્વતંત્ર, ભિન્ન અને વિરોધી વ્યાખ્યાન તેમણે કર્યું છે. કૈયટનાં વચનોને તે 'અગ્રન્થ' અથવા 'ચિન્ત્ય' એવાં વિશેષણોથી સંબોધે છે. ભાષ્યવ્યાખ્યાનમાં નવીન માર્ગનું અનુસરણ કરાવવાનો તેમનો પ્રયાસ છે. એવી જ રીતે 'લઘુમંજૂષા'માં પણ ભર્તૃહરિ-સિદ્ધાન્તને તેમણે આગમપરક વલણવાળો ઝોક આપ્યો છે. કાશ્મીર શૈવાગમના અનુવ્યાખ્યાન સાથે ભર્તૃહરિના શબ્દબ્રહ્મવાદના વ્યાખ્યાનની એકતા સાધવાનો તેમનો પ્રયાસ છે.

નાગેશના આવા અર્થદર્શનની સાથે સાથે શૈવાગમના કેટલાક પ્રાચીન આચાર્યો, ખાસ કરીને અભિનવગુપ્ત અને મહેશ્વરાનંદ, તેમના 'તન્ત્રાલોક' અને 'મહાર્થમંજરી'માં માહેશ્વર-સિદ્ધાન્તનું નિરૂપણ કરતી વખતે ભર્તૃહરિ સિદ્ધાન્તથી ઘણા નજીક આવતા દેખાય છે. આ એક વિચારણાયોગ્ય મુદ્દો છે. ભર્તૃહરિને, પ્રાચીન આગમપરંપરાનાં મૂળ જેમાં રહેલાં છે એવી, ઔપનિષદ્–વિચારધારાના કોઈક પ્રવાહ સાથે સંબંધ હોય એવી, શક્યતા નકારી શકાય તેમ નથી. 'વાક્યપદીય' ઉપરની 'સ્વોપજ્ઞવૃત્તિ'માં (સરખાવો વા. પ. ૧. ૧૨૧ થી ૧૨૮) ઉદ્ધૃત કરેલાં અવતરણોના અર્થદર્શનથી આ વાતને પુષ્ટિ મળે છે. આરણ્યક અને ઉપનિષદ્ યુગમાં વાક્, પ્રણવ, અથવા ૐકારની ઉપાસના તથા વૈરાજપુરુષની–શબ્દમાં જે 'પુરુષ' રહ્યો છે તેની–ઉપાસના, પ્રચલિત હતી. ભર્તૃહરિના 'શબ્દબ્રહ્મવાદ'ના મૂળમાં આવા વિચારોએ બળ પ્રેર્યું હોય તેવો સંભવ છે. ભર્તૃહરિ જાહેર કરે છે કે વ્યાકરણ દ્વારા જ વૈખરી, મધ્યમા અને પશ્યન્તી રૂપી અનેક વિભાગોમાં વિભક્ત એવી વાક્નું દર્શન થાય છે. સ્વોપજ્ઞવૃત્તિ (૧. ૧૩૨)માં તે જાહેર કરે છે કે શબ્દતત્ત્વના અભ્યાસથી શબ્દભાવના રૂપી પ્રતિભાને સારી પેઠે જાણીને ક્ષેમની પ્રાપ્તિ કરી શકાય છે. પ્રાણવૃત્તિની પેલે પાર રહેલા શબ્દતત્ત્વ પર નિશ્ચિત બનીને, ક્રમનો વિનાશ કરીને, આત્માને આત્મામાં લીન બનાવીને, વાણીને શુદ્ધ બનાવીને, તેનો જ્ઞાનમાં વિનિવેશ કરી અને તેને છિન્નબંધન બનાવ્યા પછી આન્તર્જ્યોતિની પ્રાપ્તિ થાય છે. આવી આન્તર્જ્યોતિ પ્રાપ્ત થયા પછી તેની સાથે સંપૂર્ણ એકત્વ સધાય છે.

वैखर्याः मध्यमायाश्च पश्यन्त्याश्चैतदद्भुतम् ।
अनेकतीर्थभेदायास्त्रय्या वाचः परं पदम् ॥ १.१५३
प्राणवृत्तिमतिक्रान्ते वाचस्तत्वे व्यवस्थितः ।
क्रमसंहारयोगेन संहृत्यात्मानमात्मनि ॥
वाचः संस्कारमाधाय वाचं ज्ञाने निवेश्य च ।
विभज्य बन्धनान्यस्याः कृत्वा तां छिन्नबन्धनाम् ॥
ज्योतिरान्तरमासाद्य च्छिन्नग्रंथिपरिग्रहः ।
परेण ज्योतिषैकत्वं छित्वा ग्रन्थीन्प्रपद्यते ।

ભારતીય દર્શનપરંપરાના અનેક બૌદ્ધ, જૈન અને બ્રાહ્મણ વિદ્વાનોએ પોતાના ગ્રન્થોમાં ભર્તૃહરિસિદ્ધાન્તનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપયોગ કર્યો છે. વેદાન્તદર્શનનો તેની સાથેનો સંબંધ પુત્ર-પિતાનો કહી શકાય, અને એટલા જ માટે વેદાન્તના વિચારકો ભર્તૃહરિની કારિકાઓનો સૌથી ઓછો ઉલ્લેખ કરે છે.

પાશ્ચાત્ય દેશોમાં ઓગણીસમી સદીના અંતભાગથી વિકસેલા ભાષાશાસ્ત્રના જ્ઞાનમાં અર્થ-વિજ્ઞાનનું ક્ષેત્ર અલ્પ પ્રમાણમાં ખેડાયેલું છે. આ વિષયમાં ભર્તૃહરિસિદ્ધાન્ત ઘણો મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે એ નિઃશંક છે. આપણા સદ્ભાગ્યે ભર્તૃહરિના ગ્રંથોનો પુનરભ્યાસ આપણા દેશમાં શરૂ થયો છે એ આનંદની વાત છે.

# બોલીઓ અને બોલી-વિજ્ઞાન*

**ટી. એન. દવે**

## ૧. બોલીઓ

બોલવું એ માણસ જાતની આગવી ખાસિયત છે. વાતચીત કરવાથી માણસ પોતાના વિચારો, લાગણીઓ, જરૂરિયાતો વગેરે બીજાને વ્યક્ત કરી શકે છે. બોલવાની શક્તિ ન હોય તો આપણી સ્થિતિ મૂંગા ઢોર જેવી થાય. ટૂંકામાં બોલવું, વાત કરવી એ મનુષ્યની સૌથી અમૂલ્ય અને ઉપયોગી સિદ્ધિ છે. બોલવું એ સામાજિક ખાસિયત છે. વાતચીત માટે ઓછામાં ઓછાં બે માણસ—બોલનાર અને સાંભળનાર—જરૂર જોઈએ; પરંતુ બોલનાર-સાંભળનાર સમુદાય, ભાષકવૃન્દ, બેથી વધારે માણસનો હોય છે. આવા સમુદાયોમાં એક બાજુથી કરોડો ભાષકો હોય છે, તો બીજી બાજુ કોઈ કોઈ વખત એકાદ હજારથી પણ ઓછા ભાષકો હોય છે. આખા જગતની માનવ જાત અનેક જુદી જુદી બોલીઓ બોલનાર-સમજનારનાં નાનાં મોટાં ભાષકવૃન્દોમાં વહેંચાઈ ગયેલ છે. આ પ્રત્યેક વૃન્દને આપણે **ભાષક-સમાજ** તરીકે ઓળખીએ. જગતમાં એક પણ માણસ એવું નહીં હોય જેને પોતાની ભાષા ન હોય.

ભાષામાં સમાજને **સંગઠિત કરવાની શક્તિ** છે. કોઈ એક વ્યક્તિ પોતાની ભાષા સમજનાર બીજી વ્યક્તિ જ્યારે મળે છે ત્યારે તે બન્ને વચ્ચે ભ્રાતૃભાવ, એકતાની લાગણી ઉત્પન્ન થાય છે. જ્યારે આપણે જુદી ભાષાવાળા પ્રદેશમાં મુસાફરી કરતા હોઈએ છીએ ત્યારે આ બાબતની ખાસ પ્રતીતિ થાય છે. આ શક્તિ જેમ ભાષામાં છે તેમ ધર્મ, રાજકારણ, અર્થકારણ, કુટુંબ, જ્ઞાતિ વગેરે સંસ્થાઓમાં પણ છે. કયે વખતે કઈ સંસ્થામાં આ શક્તિ વધારે પ્રમાણમાં છે તે સંજોગો પર આધાર રાખે છે, પરંતુ એટલું કહેવું જરૂરનું છે કે કોઈ એક સંસ્થાનો કાર્યપ્રદેશ બીજી સંસ્થાઓના કાર્યપ્રદેશ સાથે સંપૂર્ણપણે મળતો આવતો નથી, અને દરેકમાં જે જે ફેરફારો થાય છે તે એકબીજાથી નિરપેક્ષ અને સ્વતંત્ર રીતે થાય છે. ગુજરાતી ભાષાકીય પ્રદેશ રાજકીય પ્રદેશ કરતાં મોટો છે; એ પ્રમાણે બીજી સંસ્થાઓ માટે સમજવું. પણ જ્યારે એ સંસ્થાઓમાંના બે કે ત્રણના કાર્યપ્રદેશ એક બીજા સાથે મળી જતા હોય છે ત્યારે તે પ્રદેશમાં સંગઠનની દ્વિગુણિત અભિવૃદ્ધિ થાય છે, અને પ્રદેશનો ઉત્કર્ષ ઝડપી બને છે.

આ રીતે જેમ સમાજને સંગઠિત કરનાર તત્ત્વો છે તેમ તેમાં **વિશ્લેષક તત્ત્વો** પણ છે. ભાષા પૂરતો વિચાર કરતાં આપણે કહી શકીએ કે કોઈ પણ બે વ્યક્તિઓની ભાષા એક સરખી હોતી નથી, એટલું જ નહીં પણ પ્રત્યેક વ્યક્તિ જુદે જુદે વખતે અને વિવિધ પ્રસંગે વિવિધ પ્રકારની બોલીનો ઉપયોગ કરે છે. આ ફરક હોવાનાં અનેક કારણો છે : આપણી શરીર રચના જ

---

* વડોદરા ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટમાં વિઝીટિંગ પ્રોફેસર તરીકે તા. ૯-૧૨-૬૫ તથા તા. ૧૦-૧૨-૬૫ને દિવસે આપેલાં ભાષણોનો સાર.

એવી છે કે કોઈ પણ બે શરીરો સર્વાંશે સરખાં હોતાં નથી. આપણા અવાજો જુદા પડે છે; સ્ત્રી-પુરુષના, બાળક-જુવાન-વૃદ્ધના સ્વરોમાં, તેમની ભાષામાં ફરક હોય છે. સામાજિક સંસ્થાઓ જેવી કે નિશાળો, કૉલેજ, કોર્ટો, વેપારી મંડળીઓ ભાષા પર અસર કરે છે. ભૌગોલિક કારણો, જેવાં કે પર્વતો, મોટી નદીઓ, જંગલો, રેતાળ રણો, ખાડીઓ પ્રદેશના ટુકડા પાડી ભાષક સમુદાયનાં વિશ્લેષક બને છે. ગુજરાતની ઉત્તર-પૂર્વ-દક્ષિણ સરહદ પર સાતપૂડો, વિન્ધ્ય, વનો વગેરે ગુજરાતને રાજસ્થાન, મહારાષ્ટ્રથી જુદો પાડે છે અને ગુજરાતી ભાષાને બીજી આર્ય-ભાષાઓથી જુદી પાડે છે. તાપી, નર્મદા, બનાસ, મહી જેવી નદીઓ ગુજરાતના ભાગલા પાડી બોલીઓમાં ફરક પેદા કરવામાં ફાળો આપે છે. ઓખામંડળની ખાડી ઓખામંડળને હાલારથી જુદું પાડી ભાષાફરકને પોષણ આપે છે. મોટા વિગ્રહો, પ્રજાનાં નિર્વંસનો વિશ્લેષક તત્ત્વો બને છે.

આ સંયોજક—વિયોજક બળોને પરિણામે કોઈ પણ મોટા પ્રદેશ પર ફેલાએલ ભાષા સમગ્ર પ્રદેશ પર એક ધારી રહી શકતી નથી, અને તેનું કારણ એ છે કે તેઓ માણસોના પરસ્પર **વાગ્વ્યવહારમાં ઘનવિરલભાવ** પેદા કરે છે. આ તારતમ્યમાં જ બોલીઓના ઉદ્ભવ અને વિકાસનાં મૂળ રહેલ છે. દક્ષિણ ગુજરાતના લોકો પોતપોતામાં જેટલી વાગ્વ્યવહારની ઘનતા અનુભવે છે તેટલી તેઓ મધ્ય ગુજરાત કે ઉત્તર ગુજરાતના લોકો સાથે અનુભવી શકતા નથી. સુરતના લોકો સુરતીઓ સાથે જેટલો વાગ્વ્યવહાર રાખે છે તેટલો વડોદરા, અમદાવાદ, સિદ્ધપુર, પાલનપુર, રાજકોટ, જૂનાગઢ, જામનગર સાથે રાખી શકતા નથી. આ પ્રમાણે રાજકીય, ધાર્મિક, સામાજિક ક્ષેત્રે સમજવું. આ ઘનવિરલભાવ ગમે તે સંજોગોમાં અને ગમે તે કારણોથી ઉપસ્થિત થતો હોય તોપણ તેનું પરિણામ તો એક જ આવે છે અને તે એ છે કે તે વ્યાપક ભાષામાં વિવિધ બોલીઓનાં ઝૂમખાં પેદા કરે છે. આ ઝૂમખાં સુરતી, ચરોતરી, અમદાવાદી, હાલારી, સોરઠી એવાં નામો ગ્રહણ કરે છે. આ ઘનવિરલભાવ એકદમ કે એક સ્થળે અકસ્માત બની જતો નથી. પણ આપણે જેમ જેમ કોઈ એક દિશામાં આગળને આગળ વધીએ તેમ તેમ પહેલા વર્તુલની, એટલે ધારો કે સુરતીની, અસર ઓછી થતી જાય છે અને પડોશના વર્તુલની, ચરોતરીની, અસર શરૂ થાય છે અને તે ધીમે ધીમે વધતી જાય છે. છેવટે આપણે એવી જગ્યાએ આવી પહોંચીએ છીએ કે જ્યાં પહેલા વર્તુલની બોલીનું અને નવા વર્તુલની બોલીનું અમુક પ્રકારનું મિશ્રણ જોવામાં આવે છે. કેટલીક વખત તો ત્યાં કઈ બોલી બોલાય છે એ પારખવું પણ મુશ્કેલ બને છે. આવા સ્થળને આપણે સુરતી—ચરોતરીની સીમા તરીકે ગણી શકીએ. તેથી પણ જો આગળ વધીએ તો આપણને ચરોતરી પ્રયોગો ખૂબ વધારે પ્રમાણમાં મળવા માંડે અને છેવટે સુરતીનો એક શબ્દ કે કોઈ પણ ખાસિયત સાંભળવા ન મળે. આ રીતે દરેક બોલીને ચારે બાજુ મર્યાદાઓ હોય છે. તે મર્યાદાઓ બતાવવા જો આપણે નકશા પર લીટી દોરીએ તો તે લીટીને **સીમા-રેખા**, મર્યાદા-રેખા કે વિરલતા—સૂચક લીટી કહી શકાય, કારણ કે તે લીટીની બંને બાજુની બોલીઓ ત્યાં વિરલભાવ પામી અટકે છે. આ લીટી કાલ્પનિક હોય છે, બોલીના પ્રદેશ પર આવું કશું ચિહ્ન હોતું નથી એટલું જ નહીં પણ બોલીઓના શંભુમેળા જેવો ભાગ દસદસ માઈલની પહોળી પટ્ટીઓ પર પથરાએલ હોય છે. ઉત્તર ગુજરાતમાં સુઈગામ, વાસણ વગેરે ગામડાંઓમાં આ પ્રકારનો ગુજરાતી—મારવાડીનો શંભુમેળો આ લેખકને જોવા મળેલ. જેમ બોલી—બોલીઓ

વચ્ચે મર્યાદા-લીટી હોય છે તેમ ભાષા-ભાષા માટે પણ હોય છે. ફક્ત તફાવત એટલો જ કે ભાષાની મર્યાદા-લીટી ખૂબ જ લાંબી તથા કોઈ કોઈ વખત દસ માઈલ કરતાં પણ વધારે પહોળી, અત્યંત અનિયમિત અને વાંકીચૂંકી હોય છે; અને તેની બંને બાજુ નજીકમાં જ અપવાદભૂત ગામડાં, વસાહતો વેરાએલ હોય છે. દાખલા તરીકે, ગુજરાતીની મર્યાદા-લીટીની ગુજરાતી તરફની બાજુમાં ઘણે ઠેકાણે મારવાડી, રાજસ્થાની કે મરાઠી બોલનાર કુટુંબો, ગામડાંઓ, કસ્બાઓ વસેલ માલૂમ પડે છે. તે જ પ્રમાણે તે સીમા-લીટીની બીજી બાજુ ગુજરાતી બોલતી વસાહતો મળી આવે છે. પણ એટલું તો નક્કી કહી શકાય કે, જોકે મર્યાદા-લીટી ગણિતની લીટી જેવી સુઘડ રીતે દોરાએલ હોતી નથી, તોપણ તેને અમુક પ્રકારની વાસ્તવિકતા ચોક્કસ હોય છે.

વ્યાપક ભાષા પરથી દૃષ્ટિ ઉપાડી લઈ આપણે ચરોતર જેવા પ્રદેશ પર ઝીણી નજરથી જોઈએ તો તેના ભાષાના નકશા પર અનેક જાળાં બાઝી ગયાં હોય એવી વાંકીચૂંકી, જટિલ લીટીઓ આખા પ્રદેશને આવરી લેતી જોવા મળશે, અને આપણને એમ થશે કે આમાં ચરોતરી બોલીનાં સૂચક ચિહ્નો કેમ જણાતાં નથી? પણ વધારે બારીકીથી તપાસ કરતાં જણાશે કે ચરોતરીની અંદર પણ નાનીમોટી પેટાબોલીઓ છે અને તે પેટાબોલીઓને પણ પોતાનાં કેન્દ્ર, વિસ્તાર અને મર્યાદાઓ છે. આવા પ્રકારના અભ્યાસને એટલે કે વ્યાપક ભાષાના પ્રાંતીય ભાગ પાડી તેના પણ પેટાભાગનો અભ્યાસ કરી તેની બોલીઓ નક્કી કરવી તેને Linguistic Geography કહે છે, આવા ભાષાકીય નકશાને Linguistic Map કહે છે, તથા જે લીટીઓની ઉપર વાત કરી તેને મર્યાદા-લીટી Isogloss કહે છે. આ લીટીઓ વિશે વિશેષ જાણવું જરૂરનું છે.

આ લીટીઓનું અસ્તિત્વ સમજાવવા માટે પહેલાં એક એવો મત હતો કે જ્યારે કોઈ ભાષા બે કે વધારે બોલીઓમાં વહેંચાય છે ત્યારે તેના વિભાગો એકબીજાથી તદ્દન અને એકદમ જુદા પડે છે. ઉદાહરણ તરીકે એક ભાષા તૂટી અને તેના બે ભાગલા પડ્યા : એક ભાષકગણ 'ક' બોલવાનું ચાલુ રાખે, અને બીજો ગણ 'ક' નો 'ગ' કરીને બોલે, આ બન્ને વિભાગો તદ્દન જુદા પ્રદેશો રોકશે. 'ગ' બોલનાર એક પણ વ્યક્તિ 'ક' બોલનારના પ્રદેશમાં નહીં હોય, અને 'ક' બોલનાર એક પણ વ્યક્તિ 'ગ' બોલનારના પ્રદેશમાં નહીં હોય. જે પ્રદેશમાં 'ક'નો 'ગ' થયો ત્યાં 'ક'વાળા શબ્દોમાં 'ગ'જ બોલાય અને એક પણ શબ્દ આ વર્ણ-વિક્રિયાથી બચી ન જાય. આનો અર્થ એ થયો કે વર્ણવિક્રિયાને એક પણ અપવાદ ન હોય. આ સિદ્ધાન્તના પુરસ્કર્તાઓને માટે Neo-grammarians એટલે કે 'નવ્ય વૈયાકરણો' શબ્દ વપરાવા લાગ્યો. જર્મનીમાં પીશલ, વાકર્નેગલ વગેરે, ઇંગ્લંડમાં બીમ્સથી માંડી ગ્રીઅર્સન, ટર્નર સુધીના બધા ભાષાવૈજ્ઞાનિકોએ આ સિદ્ધાન્તને અનુસરી અને તેને પુરવાર કરવા આખી જિંદગી પ્રયત્નો કર્યા. પરંતુ જ્યારે જ્યારે આવા પ્રયત્નો થતા ત્યારે તેમના વર્ણવિક્રિયાના અન્વેષણને અંતે થોડાક એવા શબ્દો પડ્યા રહેલા કે જે તેઓના એક પણ સિદ્ધાન્ત નીચે આવી શકતા નહીં. આ 'શેષ' તરીકે પડી રહેતા શબ્દો, રૂપો નવ્ય વૈયાકરણોને કાયમ ખૂંચ્યાં કરતાં અને સમર્થ વિદ્વાનોને છાજે તેમ તેઓ પોતે પણ કબૂલ કરતા કે આ 'શેષ' શબ્દો તેમના કોઈ સિદ્ધાન્તમાં આવી શકતા નથી. આવા અપવાદભૂત શબ્દોને સમજાવવા જર્મન પંડિત પ્રો. શ્મીડે **"વીચિતરંગ ન્યાય"** શોધ્યો, અને જોકે તે વડે એ શબ્દોને નિયમમાં લાવી શકાયા નથી, તોપણ

તે કેવી રીતે અસ્તિત્વમાં આવ્યા અને તે નિયમોના અપવાદરૂપ શા માટે બન્યા તેનો ખુલાસો આપવા પ્રયત્ન થયો છે. એ ન્યાયની રૂપરેખા નીચે પ્રમાણે છે. એ વિદ્વાન ભાષાને સમગ્ર સંસ્કૃતિનું એક મહત્ત્વનું પણ અંગ જ છે, અને સમગ્ર સંસ્કૃતિને લાગુ પડતા નિયમો ભાષાને પણ લાગુ પડે છે એમ માને છે, અને તેથી સંસ્કૃતિને જેમ કેન્દ્ર હોય છે, જ્યાં સંસ્કૃતિની પરંપરા ખૂબ જોરદાર અને જડ ઘાલી રહેલ હોય છે, જેને સાચવવા તથા પાછળની પેઢીઓને સાંગોપાંગ, શુદ્ધ સ્વરૂપમાં સોંપવા માટે મોટાઓ નાની પ્રજાને કેળવણી આપવા માટે અને તેના સંસ્કારો સજીવન રાખવા માટે તનતોડ મહેનત કરે છે, તેમ ભાષાને પણ ભાષાકીય કેન્દ્ર હોય છે, ત્યાં ઉત્તમ પ્રકારની ભાષા બોલવા, તેને સાચવવા, શિખવવા ઉપર પૂરતું લક્ષ આપવામાં આવે છે. પૈંડાના કેન્દ્રમાંથી જેમ આરાઓ ચારે બાજુ ફેલાય છે તેમ સંસ્કૃતિ અને ભાષાના કેન્દ્રમાંથી ચારે બાજુ સંસ્કૃતિ અને ભાષા ફેલાય છે. આવું કેન્દ્ર ફક્ત એક બિન્દુના રૂપમાં હોય એમ નથી. એ એક નાનકડો પ્રદેશ, જિલ્લો કે શહેર પણ હોઈ શકે. આવા કેન્દ્રમાંથી ભાષા ચારે બાજુ ફેલાય છે. જેમ આપણે શાન્ત સરોવરમાં પથ્થર નાખીએ તો તે જગાની આસપાસ **વર્તુલાકાર તરંગો** જાગે છે તેમ ભાષાના કેન્દ્રમાંથી વર્તુલાકાર પ્રસરતી તરંગપરંપરા ચાલુ જ હોય છે; ( જુઓ આકૃતિ નં. ૧ ). જેમ જલતરંગો કેન્દ્રથી દૂર જતા જાય છે તેમ વર્તુલો વધારે વ્યાપક પણ ઓછી શક્તિવાળાં થતાં જાય છે, તે પ્રમાણે ભાષાપ્રસરણનાં વર્તુલો પણ મોટાં અને વધારે વ્યાપક બનવાની સાથે વધારે નિર્બળ પણ બનતાં જાય છે; અને છેવટે ઘણે દૂર જતાં તે નહીંવત્ અને પોતાની વિશિષ્ટતા ગુમાવી બેઠેલ જેવાં માલૂમ પડે છે. કેન્દ્રની ભાષા શ્રેષ્ઠ, શુદ્ધ અને શિષ્ટ ગણાતી પ્રજામાં બોલાતી હોઈ તે અનુકરણીય ગણાય છે; અને કેન્દ્રની સાથે જે સીધા સંપર્કમાં હોય તેઓ તેનું અનુકરણ કરવા ખંતથી પ્રયત્ન કરે છે. આ અનુકરણ કરનારાઓને આપણે પહેલા નંબરની હરોળ કહીએ. આ પ્રાથમિક હરોળના સીધા સંપર્કમાં આવનાર પણ કેન્દ્રથી જરા દૂર હોવાને કારણે કેન્દ્રનો પ્રત્યક્ષ સંપર્ક નહીં સાધી શકનાર લોકો પહેલી હરોળવાળાની બોલીનું અનુકરણ કરી સંતોષ માને છે. આ હરોળને આપણે બીજા નંબરની હરોળ કહીએ—બીજી હરોળ અસ્તિત્વમાં આવે છે ત્યારે ભાષાનું પ્રસરણ મોજું વધારે વિસ્તૃત બને છે, પણ સાથે સાથે જરા વધારે નિર્બળ પણ થઈ જાય છે. આ પ્રમાણે બીજી હરોળનું અનુકરણ કરનાર ત્રીજી હરોળ પેદા કરે છે, અને ભાષાપ્રસરણના તરંગને વધારે વિસ્તૃત પણ સહેજ નિર્બળ બનાવે છે. આ રીતે જેમ જેમ નવી હરોળ ઉત્પન્ન થતી જાય છે તેમ તેમ ભાષાપ્રસરણનું મોજું વધારે વિસ્તાર પર ફેલાતાં વધારે નિર્બળ બને છે. આવા તરંગોની પરંપરા જ્યારે તદ્દન બલહીન થાય છે, ત્યારે તેનો વિસ્તાર થતો અટકે છે, એટલું જ નહીં પણ તેની વિશિષ્ટતાનું નામનિશાન પણ રહેતું નથી. આ સ્થળ તે તરંગપ્રસરણની **સીમા** બની રહે છે.

આ પ્રક્રિયામાં બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે : (૧) ભાષાનો વિસ્તાર થતો જાય છે તેમ તેમ તેની વિશિષ્ટતાઓ કેમ ભુંસાતી જાય છે? (૨) જો ભાષા આમ તરંગો પેઠે ફેલાય છે તો તરંગો જેમ સુંદર, અખંડ વર્તુલાકાર હોય છે તેમ ભાષાની સરહદો અખંડ વર્તુલાકાર કેમ હોતી નથી? બન્ને પ્રશ્નો અગત્યના છે. પ્રથમ પ્રશ્નનો જવાબ એ છે કે જ્યારે આગલી હરોળવાળાઓ પાસેથી પાછળનાં અમુક રૂપો અપનાવે છે ત્યારે તે શીખવા માટે તેઓ મુખ્યત્વે "અનુકરણ" પદ્ધતિનો ઉપયોગ કરે છે. અનુકરણ એ નકલ કરવાનો પ્રકાર છે, અને અસલ કરતાં નકલ હમેશાં



ચિત્ર ૧



ચિત્ર ૩



ચિત્ર ૨




ચિત્ર ૪



ચિત્ર ૫

ગુણવત્તામાં ઊતરતી હોય છે. તેથી જો કોઈ પણ વસ્તુની નકલ અને નકલ ઉપરથી નકલ કરવામાં આવે તો પાછળની નકલોમાં ગુણવત્તા ઓછી થાય જ એમાં નવાઈ નથી. ભાષાની નકલમાં પણ આ નિયમ લાગુ પડતો હોવાથી, નકલ કેન્દ્રથી જેમ જેમ દૂર જતી જાય છે તેમ તેમ તેની યથાર્થતામાં પણ ફરક પડે છે. બીજા પ્રશ્નના જવાબમાં એ કહેવું જરૂરનું છે કે પાણીના તરંગોમાં અને ભાષાના તરંગોમાં મોટો ફરક છે. પાણીના તરંગોને પોતાનો ફેલાવો સાધવામાં કોઈ અવરોધ મળતો ન હોવાથી તેમની આકૃતિ સુંદર અને સંપૂર્ણ વર્તુલાકાર બને છે. પણ જો તેમને રસ્તામાં કોઈ ખડક કે ઝાડનો અવરોધ મળે તો જરૂર તેમની આકૃતિમાં વિકૃતિ આવે છે. ભાષાના તરંગોને પાણીના તરંગો પેઠે જડ પદાર્થ પર ફેલાવાનું હોતું નથી, તેમને હજારો મનુષ્યો પર કાબૂ મેળવવાનો હોય છે. તે બધાંમાંથી કોઈ વ્યક્તિ, કોઈ કુટુંબ, એવાં પણ નીકળે જે નવીન મોજાંને વગર વિચાર્યે સ્વીકારી ન લે, બલ્કે તેનો થોડેઘણે અંશે **પ્રતિકાર** પણ કરે. આ કારણથી જ્યાં ભાષાકીય તરંગો અવરોધથી રોકાય છે ત્યાં તેની ગતિ આછી થઈ જાય છે પરંતુ જ્યાં અવરોધ હોતો નથી ત્યાં ઝડપથી ફરી વળે છે. આ રીતે ભાષાના ફેલાવામાં જૂના પ્રયોગોને વળગી રહેનાર વ્યક્તિઓ કે કુટુંબો અપવાદો ઊભા કરે છે, અને સરહદ સુધી પહોંચનાર છેલ્લું મોજું સુંદર, વર્તુલાકાર હોવાને બદલે બેડોળ, વાંકુંચુંકું, ખૂણાખાંચાવાળું અને અત્યન્ત અનિયમિત બની જાય છે; (જુઓ આકૃતિ નં. ૨). કેન્દ્રમાંથી વારંવાર કે એકીસાથે આવાં અનેક મોજાંઓ નીકળી પોતાનો વિવિધ પ્રકારનો વિસ્તાર સાધે છે, અને છેવટે સરહદ પર જુદે જુદે સ્થળે જુદો જુદો આકાર પામી શાન્ત થાય છે. ઉદાહરણ તરીકે, 'તુલસી'નું 'તળશી', 'પુરુષોત્તમ'નું 'પરશોતમ', 'મુકુન્દ'નું 'મકન્દ', 'ગુળ'નું 'ગળ' ફેલાવનાર મોજું અમુક ક્ષેત્ર પર ફેલાઈ પોતાની સીમા પર શાન્ત થયું. તો 'કરઈ'નું 'કરે', 'લખઈ'નું 'લખે', 'ભમઈ'નું 'ભમે' બનાવતું મોજું જોકે તે જ કેન્દ્રમાંથી નીકળ્યું હોય તોપણ તે 'તળશી'-વાળા ક્ષેત્ર પર જ ફેલાશે અને તેની સીમા પર જ તેની પોતાની સીમા નક્કી થશે, કે તેનો વિસ્તાર પહેલા મોજાના વિસ્તાર જેવો જ કે જેટલો જ હશે એમ આપણે ચોક્કસ કહી શકીએ નહીં. બન્ને મોજાંના ફેલાવાનાં ક્ષેત્રફળ, બન્નેનાં સીમાસ્થાન, બન્નેનાં આકારો, સરહદો જુદાં જ રહેશે. ભાષાપ્રસરણમાં સમાનતા હોવી એ અપવાદ છે અને અસમાનતા હોવી એ જ નિયમ છે. આવાં સેંકડો મોજાંઓ, ઉચ્ચાર-વિષયક, વર્ણવિકાર-વિષયક, રૂપ-વિષયક, અર્થવિકાર-વિષયક, કેન્દ્રમાંથી બહાર ફેંકાયા જ કરે છે; અને તે બધાં એક જ કેન્દ્રમાંથી નીકળતાં હોય તોપણ પ્રત્યેકને નડતા પ્રતિકારોના વૈવિધ્યને કારણે, પોતાની મૂલભૂત શક્તિના તારતમ્યને લઈને, અને ખુદ કેન્દ્રમાં પણ ભાષાવિષયક ફેરફારો કાયમ થયા જ કરતા હોય છે તેને લઈને તે પોતાની પ્રસરણદિશામાં, પોતાના પ્રસરણક્ષેત્રમાં, પોતે ઊભા કરેલ અપવાદોની બાબતમાં, પોતાની સીમાની અને સીમાલીટીની બાબતમાં એકબીજાથી તદ્દન જુદાં પડે છે. આ બધાં મોજાંઓ જે જે જગાએ શાન્ત થતાં હોય તેને નકશા પર બતાવીએ તો તેમાંથી એક જટિલ, અનિયમિત, વાંકીચૂંકી લીટીઓની આકૃતિ ઉત્પન્ન થાય, અને તે આકૃતિ આપણને તે બોલીના **કેન્દ્રનો, વિસ્તારનો** અને **તેની સરહદનો** આછોપાતળો ખ્યાલ આપે. ચરોતરના આખા પ્રદેશનો અભ્યાસ કરી આખા પ્રદેશ ઉપર સીમારેખાઓ દોરીએ તો આપણને સમજણ પડે કે ચરોતરી બોલીનું કેન્દ્ર ક્યાં છે, તેનો વિસ્તાર કેટલો છે, અને તેની સીમાઓ ક્યાં સુધી છે. તે જ નકશાને વધારે વિગતોથી ભરીએ તો

ચરોતરની અંદર આવેલ નાનીમોટી પેટા-બોલીઓનાં કેન્દ્ર, વિસ્તાર અને સરહદોનો પણ અમુક અંશે ખ્યાલ આવે.

સમગ્ર ગુજરાત માટે તો શું પણ એક ભાગ માટે પણ આપણી પાસે આવો એક પણ નકશો નથી. આ લેખકે ગુજરાતના સીમાપ્રાન્તોમાં ફરીને, સાતપૂડાની ગિરિમાળાઓમાં થઈને, નર્મદાને કાંઠે કાંઠે શૂલપાણીશ્વર સુધી, જ્યાં અનુક્રમે 'ગરાશિયારી બોલી', 'ભીલી વિવિધ બોલીઓ,' 'ધાણકી' વગેરે એકબીજા સાથે સેળભેળ થાય છે, તેનાં રેકર્ડો લઈ, પાંચેક ક્ષેત્રોનો અભ્યાસ કરેલ, અને નકશા પર તેની સીમારેખાઓ દોરેલ, તથા તે જ સ્થળે ગુજરાતી ભાષાની પણ સીમાસૂચક રેખા દોરેલ છે. ડાંગના જંગલોમાં ફરી ત્યાંની બોલીઓનું માપન કરી, વાંસદા-ધરમપુર સુધીનું ક્ષેત્રકાર્ય કરેલ, પણ તે પ્રસિદ્ધ થઈ શકે તે પહેલાં તેઓને લંડન યુનિવર્સિટીમાં જવું પડેલ એટલે એ કાર્ય ત્યાં જ અટક્યું છે. આ કામ કરવા જેવું છે, અને એક વ્યક્તિથી બની શકે તેમ નથી. માટે ગુજરાતી ભાષાવિજ્ઞાનના **નવા વિદ્વાનોને** મારી ખાસ અરજ છે કે તેઓ **ગુજરાતના ભાષાકીય નકશા તરફ લક્ષ આપે.** આ બાબતમાં આપણે યુરોપ, અમેરિકાથી તો શું પણ ભારતનાં કેટલાંક રાજ્યોની યુનિવર્સિટીઓથી પણ પછાત છીએ.

હવે સામાન્ય ઉપલક નજરથી ગુજરાતમાં કઈ કઈ બોલીઓ ક્યાં ક્યાં બોલાય છે તથા તે કોણ કોણ બોલે છે તેનો નિર્દેશ કરી જાઉં, જેથી આપણે આ બાબતમાં કેટલું કરવાનું છે તેનો સહજ ખ્યાલ આવે. ગુજરાત પ્રાદેશિક તેમ જ સામાજિક બોલીઓની બાબતમાં ઘણો જ સમૃદ્ધ દેશ છે; કારણ કે વિવિધ પ્રકારની જાતો ગુજરાતમાં આવી ગુજરાતના લોકો સાથે ભળી ગઈ છે. ગુજરાતનો નકશો જોતાં જ આપણને ગુજરાતના બે મોટા વિભાગો પાડવાનું મન થાય છે: (૧) દ્વીપકલ્પ ગુજરાત જેને આપણે **સૌરાષ્ટ્ર** કહીએ છીએ, જેમાં કચ્છના મોટા ટાપુનો પણ સમાવેશ કરવો ઘટે છે. આ વિભાગની લગભગ ત્રણ બાજુએ સમુદ્ર અને એક જ બાજુએ જમીન છે જેનાથી તે ભારતના મુખ્ય દેશ સાથે જોડાએલ છે. સૌરાષ્ટ્રમાં જમીનરસ્તે પ્રવેશ કરવા માટે આ પૂર્વ બાજુનો એક જ રસ્તો છે. આ કારણથી સૌરાષ્ટ્ર અને મુખ્ય દેશ વચ્ચેનો વ્યવહાર અનિયંત્રિત નથી. તેની અસર ભાષા પર થાય એ સમજી શકાય તેમ છે. (૨) ગુજરાતનો બીજો ભાગ ભારતના ઉપખંડ સાથે જોડાએલ છે અને તે પણ તેની સરહદે આવેલ સાતપૂડા, વિન્ધ્ય વગેરે ગિરિમાળાઓથી તથા જંગલોને કારણે ભારતના બીજા ભાગોથી જુદો પડે છે. આ ભાગ પૂર્વ-પશ્ચિમ કરતાં ઉત્તર-દક્ષિણ વધારે લાંબો છે, તેથી તેના ત્રણ પેટાભાગ પડે છે: **ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત.** ઉત્તર ગુજરાત, આબુથી અમદાવાદ જિલ્લા સુધી, મધ્ય ગુજરાત ત્યાંથી શરૂ થઈ વડોદરાની દક્ષિણે થોડા માઈલ સુધી, તથા દક્ષિણ ગુજરાત મુખ્યત્વે ભરુચ અને સૂરતના જિલ્લાઓનો બનેલ છે. મધ્ય ગુજરાતના ભાષાકીય દૃષ્ટિએ બે વિભાગ પડે છે: ચરોતર અને પંચમહાલ. **ઉત્તર ગુજરાતની બોલી**માં મારવાડીની, **મધ્ય ગુજરાતની ચરોતરી** બોલીમાં તથા **પંચમહાલની બોલી**માં ભીલી બોલીઓની અને કેટલાક બીજા આદિવાસીની બોલીઓની અસર જણાય છે; જ્યારે **દક્ષિણ ગુજરાત** ભૂતકાળમાં મહારાષ્ટ્રી પ્રાકૃતનો પ્રદેશ હતો અને તેના પર શૌરસેનીનો ફેલાવો થએલ હોવાથી ત્યાંની ગુજરાતીમાં મરાઠીની અસર સ્પષ્ટપણે દેખાય છે. ઉત્તર ગુજરાતમાં **ત્રણ પેટા-બોલીઓ** છે: (અ) રાધનપુર-સાંતલપુરમાં કચ્છીપ્રચુર બોલી બોલાય છે. (બ) થરાદ-

ડીસામાં ઠેઠ ઈડર અને ખેડબ્રહ્મ સુધી બોલાતી થરાદરી મારવાડી, મેવાડીપ્રચુર છે, અને મહેસાણા, પાટણ, ચુંવાળમાં પટ્ટણી બોલી બોલાય છે. આ ભૂમિ જૂના વખતમાં ગુજરાત તરીકે ઓળખાતી અને તેની બોલીને કદાચ તળપદી ગુજરાતી એવી સંજ્ઞા આપી શકાય. મધ્ય-ગુજરાતની ચરોતરીમાં ખેડા–નડીઆદ–આણંદ–વસો કેન્દ્રવાળી તથા દક્ષિણે ખંભાત પહોંચતી બોલીઓનો સમાવેશ થાય છે. પૂર્વે પંચમહાલની બોલી ગોધરા–ઝાલોદ, દાહોદ સુધી વિસ્તરે છે. દક્ષિણમાં ભરુચની બોલીને સુરતીથી જુદી પાડવી હોય તો ભલે, નહીંતર તે આખા પ્રદેશમાં ત્યાંની અસંખ્ય આદિવાસી જાતિઓની બોલીથી મિશ્રિત થએલ એક જ બોલી બોલાય છે.

ગુજરાતના મહાદ્વીપકલ્પ સૌરાષ્ટ્રની બોલીના નીચે પ્રમાણે પ્રાન્તીય ભાગો પડે છે: (૧) વીરમગામથી થાનગઢ સુધી અને ખારાગોઢાથી બોટાદ સુધી **ઝાલાવાડી** જેની કેન્દ્રભૂમિ હળવદ–ધ્રાંગધરા–વઢવાણ–લીંબડી છે. (૨) તેની પશ્ચિમે ઠેઠ ઓખામંડળ સુધી **હાલારી** બોલાય છે તેની કેન્દ્રભૂમિ જામનગર–રાજકોટ–ગોંડળ છે. (૩) તેની દક્ષિણે **સોરઠી** જેતપુર–ધોરાજી–ગિર–સોમનાથ–પોરબંદર સુધી ચાલી જાય છે. કેટલાકના મતે પોરબંદરની આસપાસમાં બરડાના ડુંગરોમાં અલગ પ્રકાર બોલાય છે તેને સોરઠીની ઉપબોલી '**બરડાઈ**' કહેવામાં વાંધો નથી. (૪) તેની પૂર્વે ગોહિલવાડી બોલી છે તે ઉત્તરે બોટાદથી શરૂ થઈ ઢસા, લાઠી, પાલિતાણા, અમરેલી, ભાવનગર, મહુવા સુધી પહોંચે છે. તેની કેન્દ્રભૂમિ પાલિતાણા–ભાવનગર–મહુવા છે. ધંધુકા–ભીમનાથની બોલી ઝાલાવાડી **ગોહેલવાડી**નું મિશ્રણ બતાવે છે. તે સિવાય સૌથી જુદી પડતી બોલી ઓખામંડળની છે. તે નાનકડા ભૂમિ ભાગમાં વિવિધ જાતની કોમો વસે છે: તુંબેલ ચારણો, આયરો, વાઘેરો, રબારી, લુવાણા, ગુગળી બ્રાહ્મણો, વગેરે અને બધા લગભગ બબ્બે બોલીઓ બોલે છે: એક પોતપોતાના ઘરમાં અને બીજી બહાર વ્યવહારમાં. આ પ્રમાણે સ્થૂલ દૃષ્ટિએ પ્રાદેશિક બોલીઓની ગણતરી થઈ. પ્રાદેશિક બોલીઓના વર્ણનમાં મુખ્યત્વે ભૌગોલિક સંબંધો જ લક્ષમાં રાખવાના હોય છે.

સામાજિક દૃષ્ટિએ ગુજરાતમાં જે જે કોમો વિવિધિ બોલીઓ બોલે છે તે નીચે પ્રમાણે છે: સાહિત્યની ગુજરાતી અને કેળવાએલ વર્ગની ગૃહીત કે સ્ટાન્ડર્ડ બોલી કોઈ ખાસ જ્ઞાતિ-જાતિ સાથે સંબંધ ધરાવતી નથી અને સમગ્ર ગુજરાતમાં લગભગ એક ધારી બોલાય છે. તે સિવાયની ઉપયોગી અને મહત્ત્વની બોલીઓ નીચે પ્રમાણે છે: **પારસી ગુજરાતી** લગભગ સ્ટાન્ડર્ડની કક્ષાએ પહોંચી છે. તેમાં છાપાંઓ, નોવેલો, કવિતાઓ, વાર્તાઓ અને નાટકો લખાય છે, કેટલાક પારસી લેખકો સ્ટાન્ડર્ડ ગુજરાતી બોલે છે અને સાહિત્યિક બોલીમાં ખ્યાતનામ લેખક છે. (૨) **મુસલમાની કોમો**માં (ક) ખેતી કરનાર મોમના વાંકાનેરની આસપાસ તથા ભરુચ જિલ્લામાં મોલેસલામ ભાઈઓ, દરબારો, ત્યાંની પ્રાદેશિક બોલીઓ બોલે છે પણ કેટલીક બાબતોમાં તે તેનાથી જુદી પણ પડે છે. તે સિવાય (ખ) વેપારી કોમના મુસલમાનો ગામડાંમાં રહે છે, જેવા કે, ઘાંચી, ધોબી, હજામ, બીજા. તેઓ પોતાના વતનની બોલીને મળતી પણ ઉચ્ચારાદિમાં વિશિષ્ટતા ધરાવતી બોલી બોલે છે. મુસલમાનોમાં (ગ) વહોરા કોમની બોલી ઘણી જ આકર્ષક અને ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ રસપ્રદ છે. વહોરાઓ મૂળ હિન્દુઓ હતા એ આપણે જાણીએ છીએ. તેમણે તેમ જ ઉપર જણાવેલ મુસલમાન કોમોએ કોઈ દિવસ ઉર્દૂ ભાષા અપનાવી જ નથી અને આપણે જેટલા સૈકાથી ગુજરાતી ભાષા બોલતા આવ્યા છીએ તેટલા જ સૈકાથી તે પણ તે બોલ્યા

કરે છે. પરંતુ ધર્મપલટાને અને તેને અંગે સામાજિક ફેરફારને અંગે તેઓ મૂળ પ્રવાહથી સ્હેજ જુદા પડી ગએલ હોવાથી, તેમની ભાષામાં અમુક ખાસિયતો અસ્તિત્વમાં આવી છે. (ઘ) ધોરાજી, જેતપુર, સલાયાના મેમણો કચ્છીને મળતી બોલી બોલે છે. કારણ કે તેઓ મૂળ કચ્છમાંથી આવ્યા છે. (ઙ) મોરબી પાસે માળીઆ ગામમાં મીઆણાની વસ્તી ઘણી છે. તેઓ પણ પોતાની ખાસ બોલી (કચ્છી જેવી) બોલે છે.

**હિન્દુ કોમોમાં** (ક) **કાઠી** દરબારોની બોલી વ્યાપક ગુજરાતીથી જુદી પડે છે. તેઓ મુખ્યત્વે ચોટીલા, અણંદપુર, જસદણ, જેતપુર, પાળીઆદ, અમરેલી વગેરે સ્થળોએ વધારે સંખ્યામાં માલૂમ પડે છે. તેથી તે પ્રદેશનું નામ કાઠીઆવાડ પડેલ. પછી મરાઠાઓએ 'કાઠેવાડ' એવું નામ આખા દ્વીપકલ્પ માટે વાપરવાનું શરૂ કર્યું, જેનું અનુકરણ અંગ્રેજોએ કર્યું. (ખ) પોરબંદર પાસે મેર લોકોની વસ્તી છે. ભારતની બધી કોમોમાં તે સૌથી કદાવર કોમ છે. તેમની બોલી એટલી બધી જુદી છે કે પોરબંદરવાસીઓને પણ તે સમજવામાં મુશ્કેલી નડે છે.

ગુજરાતનો દરિયાકિનારો મોટો છે અને તેનાં વિવિધ બંદરો વચ્ચે મછવાવ્યવહાર ઘણા જૂના વખતથી ચાલે છે. તેથી દરિયાકિનારે રહેતા **ખારવા લોકોએ** પોતાની જુદી બોલી ઉપજાવી છે. માંડવી, મુંદ્રા, દ્વારકા, વેરાવળ, ભાવનગર, ખંભાત, ભરુચ, સૂરત કે દમણમાંથી ગમે તે ગામના ખારવા હોય પણ તે બધા એક સરખી અને પરસ્પર સમજી લે એવી બોલી બોલે છે. તેમની બોલીને પ્રાદેશિક બંધનો નથી. ઓખામંડળના રબારી, ચારણો, વાઘેરો પોતપોતાની બોલીઓ વાપરે છે. આ વિવિધ સામાજિક બોલીઓ વિશે એટલું લક્ષ્યમાં રાખવું જરૂરનું છે કે એવી બોલીઓ બોલનાર બધા દ્વિભાષાભાષી હોય છે. એટલે કે તેઓ ઘરમાં, પોતાની ન્યાતમાં, પોતાની સામાજિક કે ખાસ બોલીઓ બોલે છે, પણ બજારમાં કે બીજા સાથેના વ્યવહારમાં તેઓ તે દેશની લૌકિક કે પ્રાંતિક બોલી બોલે છે.

## ૨

## બોલીમાપન : ભાષાઓની ભૂગોળ

વિવિધ પ્રકારની બોલીઓ માટે આપણે થોડો વિચાર કર્યો. હવે બોલીઓનો અભ્યાસ કેવી રીતે કરી શકાય તે વિચારવાનું છે. તે માટે આપણી પાસે એક જ સાધન છે, અને તે છે "ભાષામાપન." ભાષામાપનનું કામ ઘેર બેઠાં કે ઑફીસમાં બેઠાં થઈ શકતું નથી. તે માટે જે પ્રદેશમાં વિવિધ બોલીઓ બોલાતી હોય તે પ્રદેશોમાં આપણે જવું પડે છે; એટલે કે ભાષા-માપન માટે **ક્ષેત્રકાર્ય** કે સ્થાનિક અન્વેષણની જરૂર છે. તેમાં સૌથી પહેલું કામ ક્ષેત્રો કે સ્થાનો નક્કી કરવાનું છે. તે આ પ્રમાણે છે. માપન માટે આપણે જે વિસ્તાર પસંદ કર્યો હોય તેનો નકશો લઈ તે પર પંદરથી વીસ માઈલ વચમાં આવે એવી રીતે આડી અને ઊભી લીટીઓ દોરી તેના ભાગલા પાડવા; એટલે પ્રત્યેક ભાગ આશરે પંદરથી વીસ માઈલ લાંબો અને તેટલો જ પહોળો બનશે. તે બધા ભાગો ક્ષેત્ર કે સ્થાનિક નામે ઓળખવા. પછી તે ભાગોને અનુક્રમ નંબરો આપવા. માનો કે ચરોતરના નકશાને આપણે ૧૬ વિભાગમાં વહેંચ્યો, તો ચરોતરમાં ૧૬ ક્ષેત્રો થયાં. પછી પ્રત્યેક ક્ષેત્રમાંથી એક એક ગામ પસંદ કરવું જેને ક્ષેત્રકેન્દ્ર નામથી ઓળખવું. આ રીતે ચરોતરમાં ૧૬ **ક્ષેત્રકેન્દ્રો** બન્યાં. સામાન્ય રીતે તે ૧૬ ક્ષેત્રકેન્દ્રોની ભાષાનું માપન થયું એટલે

તે વિસ્તારનું ભાષામાપન થયું એમ સમજવું. પરંતુ જો આપણને અમુક કેન્દ્ર કે ક્ષેત્રમાં ભાષા-વિષયક કંઈ નવીનતા કે જટિલતા જણાય અને વધારે અન્વેષણની જરૂર લાગે તો એક ક્ષેત્રમાં એકથી વધારે કેન્દ્રો રાખવામાં અડચણ નથી. ક્ષેત્ર કે કેન્દ્રો તૈયાર થયા પછી **ભાષામાપનનાં સાધનોનો** વિચાર કરવો ઘટે છે. જેમ બધી વસ્તુઓ માપવા માટે માપનાર વ્યક્તિ, માપવાની વસ્તુ અને માપવાના મીટરની જરૂર પડે છે તેમ ભાષામાપનમાં પણ (૧) ક્ષેત્રકાર્ય કરનાર **ભાષામાપક,** (૨) માપવાની વસ્તુ એટલે **બોલી,** અને (૩) માપવાનું મીટર એટલે **સાધન.** આ ત્રણે બાબતો પર થોડું થોડું વક્તવ્ય પ્રાપ્ત થાય છે. ભાષા માપનાર ગમે તે માણસ ન ચાલે. તે માટે માપ કે તાલીમ લેવાની જરૂર હોય છે. તે તાલીમમાં તેને ખાસ કરી પોતાનો કાન કેળવવાનો હોય છે. ઉચ્ચારોનું વૈવિધ્ય પારખનાર વિદ્વાન(ફોનેટીશ્યન)ની પાસે તાલીમ લઈ પ્રત્યેક ઉચ્ચારમાં જે જે વિકૃતિ કે ફેરફાર બને છે તે બધા સાંભળતાં, તેને પારખતાં, તેનું વર્ગીકરણ કરી સ્થાન નક્કી કરતાં શીખવું જોઈએ. ઉદાહરણ તરીકે એક જ વર્ણ 'ક'ના આશરે બાર પ્રકારો તો સાધારણ તાલીમવાળો માણસ પણ પારખી શકે. પ્રોફેસર ડેનીઅલ જોન્સ કોઈ પણ સ્વરના ઓછામાં ઓછા ચાળીસ પ્રકારો કાન દ્વારા પારખી શકતા હતા. મારી સાંભળ-વાની શક્તિ હમણાં હમણાંથી ક્ષીણ થતી જાય છે, પણ તે પહેલાં હું પણ વર્ણના સોળ જેટલા ઉચ્ચારો સહજમાં પારખી શકતો હતો. આ શીખવા માટે કાન—કેળવવાની (ઈઅર ટ્રેનિંગ) તાલીમ લેવી પડે છે, તેમાં વિવિધ અજાણી ભાષાના ઉચ્ચારો ગ્રામોફોન રેકર્ડ પરથી કે તેના બોલનાર પાસેથી સાંભળવાના અને પારખવાના હોય છે. તે સિવાય અર્થ વિનાનાં (નોનસેન્સ) શબ્દોનાં ઝૂમખાંનું શ્રુતલેખન વગેરે કરવાનું હોય છે. સ્વરો માટે પ્રો. ડેનીઅલ જોન્સની કે બીજા કોઈ લબ્ધપ્રતિષ્ઠ ઉચ્ચારશાસ્ત્રીની માનભૂત સ્વરોની રેકર્ડો સાંભળી તે પ્રમાણે આપણા ગળા-માંથી તે સ્વરો પેદા કરવાની અને બીજી જાણીતી કે અજાણી ભાષાના સ્વરોને તે સ્વરો સાથે સરખાવવાની લઢણ કરવી પડે છે. ઉચ્ચારભાર અને સ્વરારોહ—અવરોહનો મહાવરો કરવાનો હોય છે. આ પ્રમાણે કાન ચોકખો થયા પછી તે ઉચ્ચારોને કેવી રીતે નોંધવા તે જાણવાનું હોય છે. તે માટે આન્તરરાષ્ટ્રીય ઉચ્ચારોનું સારી લિપિ (ઈન્ટરનેશનલ ફોનેટિક સ્ક્રિપ્ટ) એટલે ગમે તે ભાષાના ઉચ્ચારો જેમાં નોંધી શકાય એવી લિપિ શીખવાની હોય છે. તે લિપિ રોમન અક્ષરોમાં તૈયાર કરેલી મળે છે, પણ ભારતીય લિપિ તે માટે વધારે અનુકૂળ હોઈ, તેમાં સ્હેજસાજ ફેરફાર કરી, કેટલાંક ચિહ્નો નવાં ઉમેરી તે સારી રીતે વાપરી શકાય છે. આ બધું શીખવા–શિખવવા માટે સાધનો જેમાં વસાવ્યાં હોય તેવી પ્રયોગશાળામાં તાલીમ લીધી હોય તો વધારે સારું પરિણામ આવે. આટલી તૈયારી માપન કરનાર માટે આવશ્યક છે.

હવે આપણે માપવાની વસ્તુ વિશે વિચાર કરીએ. આપણે જાણીએ છીએ કે માપવાની વસ્તુ તે તે કેન્દ્રની બોલી છે. પણ પ્રશ્ન એ થાય છે કે કેન્દ્ર પર તો બધા લોકો એ બોલી જ બોલતા હોય છે. આ હજારો મનુષ્યોના પરિચયમાં આવવું કેમ અને તેમની બોલી માપવી કેમ ? આ કામ અશક્ય જેવું લાગે છે. આ મુશ્કેલીને દૂર કરવા માટે **નમૂનાપદ્ધતિ**(સેમ્પલીંગ મેથડ)નો ઉપયોગ કરવો પડે છે; આને આપણે સ્થાલિ-પુલાકા ન્યાય તરીકે ઓળખીએ છીએ. જેમ ચૂલા પર મૂકેલ ભાત તૈયાર થયો છે કે નહીં તે જાણવા માટે તેમાંથી નમૂના તરીકે માત્ર ચારપાંચ દાણા લઈ તપાસ કરી શકાય, આખી તપેલીનો ભાત જોવાની જરૂર નથી, તે પ્રમાણે હજારો ભાષકોમાંથી

આપણે બે ચાર ભાષકોને નમૂના તરીકે પસંદ કરી તેઓ જે બોલી બોલતા માલમ પડે તે આખા કેન્દ્રની અને ક્ષેત્રની બોલી છે એમ સમજી લેવું જોઈએ. પરંતુ બધા ભાષકો તે માટે સરખી લાયકાત ધરાવતા નથી. તેથી **ભાષકો ચૂંટવા માટે** થોડા નિયમો ઘડી કાઢેલા હોય છે તેમાંથી મહત્ત્વના અત્રે રજૂ કરું છું. તે નિયમો સામાન્ય બુદ્ધિગમ્ય છે. ઉદાહરણ તરીકે ભાષક સ્ત્રી કે પુરુષ પુખ્ત ઉમરનો હોવો જોઇએ, છેક બાળક નહીં, છેક વૃદ્ધ નહીં. તેના મોંમાં બધા દાંત સાબિત હોવા જોઈએ તથા જીભનો કશો દોષ (જેવો કે તોતડાપણું, વગેરે) ન હોવો જોઈએ અને ભાષામાં ઉપયોગમાં આવતા બીજા અવયવો, જેવા કે હોઠ, નાક, ગળું વગેરે સારી સ્થિતિમાં હોવાં જોઈએ. તે ત્યાંનો જ વતની અને નાનપણથી તે ક્ષેત્ર કે કેન્દ્રમાં જ ઊછરેલો હોવો જોઈએ, વગેરે સામાન્ય પણ ઉપયોગી નિયમો છે. આ નિયમો પ્રમાણે પસંદ કરેલ વ્યક્તિને **ભાષક પ્રતિનિધિ** (રિપ્રિઝેન્ટેટીવ સ્પીકર) કહેવો. આવા ઓછામાં ઓછા ચાર પ્રતિનિધિઓ ચૂંટી તેમાંથી બેને બોલવાનું અને બીજા બેને **સાંભળ**વાનું તથા શંકા રહી જતી હોય ત્યાં ખુલાસો કરવાનું કામ વારાફરતી સોંપવું. આ પ્રમાણે માપવાની વસ્તુ એટલે ભાષા (તેના ભાષકો દ્વારા) આપણને મળી શકે છે.

હવે **ભાષા માપવાના ગજ** તરફ આપણે વળીએ. આપણો આશય તે કેન્દ્રની સમગ્ર બોલી જાણવાનો હોઈ આપણે બોલીનાં મુખ્ય અંગો (૧) શબ્દ ભંડોળ, (૨) શબ્દનાં રૂપો, (૩) શબ્દોથી બનેલ વાકયો અને (૪) પ્રત્યેક વર્ણના વિવિધ પ્રકારના ઉચ્ચારો, જાણવા પ્રયત્ન કરવાનો છે. આ વસ્તુ મેળવવા માટેનો કાર્યક્રમ આપણે અગાઉથી તૈયાર કરી રાખવો જોઈએ. જે શબ્દો ગામના લોકો સૌથી વધારે વાપરતા હોય તે શબ્દો જે જે વસ્તુઓ સાથે તેમને ખૂબ પરિચય હોય તેનાં નામો, જે ક્રિયાઓ તેઓ હંમેશ વારંવાર કરતા હોય તે બતાવનાર ક્રિયા-પદો વગેરેની એક નાની યાદી તૈયાર રાખવી જેથી ક્ષેત્રકાર્ય કરતી વખતે સમયનો નકામો વ્યય ન થાય. ઉદાહરણ, કૌટુંબિક ક્ષેત્રે સગપણનાં નામો, ઢોરનાં, તેમનાં ખેતીનાં ઓજારોનાં, ખોરાકની વસ્તુઓનાં, રસોઈનાં વાસણોનાં, પહેરવાનાં કપડાંનાં નામો વગેરે તે લોકો સહેલાઈથી આપી શકે છે. તે જ પ્રમાણે ખોદવાનું, વાવવાનું, લણવાનું, ચાલવાનું, ફેંકવાનું, ઉપાડવાનું કામ તેઓ લગભગ હંમેશ કરતા હોવાથી તે સૂચક શબ્દો પણ તે સહેલાઈથી આપી શકે છે. વળી એક મોટી ક્રિયાના પેટામાં નાની અનેક ક્રિયાઓ થતી હોય તેની શ્રેણિઓ ગોઠવવાથી આપણને એકી સાથે ઘણાં ક્રિયાપદો મળી જાય છે. જેમ કે ખેતરમાં વાવણી કરવાની મોટી ક્રિયામાં, સવારમાં ઉઠવું, સાંતી જોડવું, બિયાંની પોટલી લેવી, ખેતર તરફ સાંતી લઈ જવું, પોટલીમાંથી બિયાં કાઢવાં, વગેરે અનેક પેટાક્રિયાઓ માટે ક્રિયાપદો મળી રહે છે. તે સિવાય ભાષકોને અનિયંત્રિત રીતે સ્વતંત્ર બોલવાની તક આપવી જોઈએ જેથી આપણને તેની છૂટથી બોલાતી બોલી સાંભળવાની તક મળે. વળી નાની નાંની રમૂજી વાર્તાઓ જ તૈયાર રાખવી, જે ભાષકોને સંભળાવીને તેમને તે વાર્તા તેમના જ શબ્દોમાં આપણને કહી સંભળાવે એવી સૂચના આપવી.

આ બધા તૈયાર કરેલ પ્રકારોને નંબરો આપી તેને ચોક્કસ ક્રમમાં ભાષક આગળ રજૂ કરવા જેથી પાછળથી ગડબડ થવા પામે નહીં. ભાષામાપકે ભાષકો પાસે ભાષા કેવી રીતે કઢાવવી તેના પણ નિયમો છે. તેમાં મુખ્ય એ છે કે જે શબ્દ કે વાકય આપણે જોઈતું હોય તે આપણે પહેલું કદી બોલવું નહીં. જો તેમ કરવામાં આવે તો ભાષક માપકની બોલીનું અનુકરણ કરવા

મંડી જાય અને આપણને સાચી બોલી હાથ ન લાગે. માટે ગમે તે યુક્તિ કરી જોઈતું ભાષાવસ્તુ તેઓ જ પહેલાં બોલે તેમ વ્યવસ્થા કરવી જોઈએ. ભાષક એક વખત પોતે બોલે પછી માપકને બોલવાની, તેનું અનુકરણ કરી તે અનુકરણ બરાબર છે કે કેમ તે ભાષકને પૂછવાની છૂટ હોય છે. ભાષા માપનાર બનતાં સુધી બબ્બે રાખવા, કારણ કે ભાષકો ઘણી વખત એટલી ઝડપથી બોલે છે કે તે બધું એક માણસ લખવા જાય તો ભૂલો કરી બેસે, પરંતુ જો બે જણ લખતા હોય તો પાછળથી એકબીજાની ભૂલો સુધારી શકાય. આ રીતે **ભાષાના નમૂના** લેવામાં ટેઈપ રેકોર્ડીંગ મશીન મદદરૂપ થઈ પડે છે, કેમ કે તેની પટ્ટી પર જે નમૂના લીધા હોય તેને આપણે ઑફિસમાં કે ઘેર ઘણા દિવસો પછી પણ સાંભળી શકીએ છીએ અને શંકાસ્પદ સ્થાનો વારંવાર બોલાવી તેનો નિર્ણય કરી શકીએ. ટેઈપ રેકોર્ડર કેવી રીતે વાપરવો અને તેમાં સંગ્રહેલા નમૂનામાંથી ઉપયોગી ભાગ કેવી રીતે તૈયાર કરવો (જેને એડીટિંગ કહે છે) તે અલગ વિષય છે. આ રીતે એકઠા કરેલ નમૂનાઓનો અભ્યાસ કરી તેનું પૃથક્કરણ કરી તેમાંથી જુદા જુદા શબ્દો, ઉચ્ચારો, વ્યાકરણનાં રૂપો વગેરેનું વર્ગીકરણ કરવું. અને તેને આધારે બોલીઓનાં સ્વરૂપો નક્કી કરવાં.

આ સ્થળે 'ફલક્ચ્યુએશન' '**ફરક**' નામના તત્ત્વને સમજવાની જરૂર છે; (જુઓ આકૃતિ નં. ૩). આગળ આપણે જોયું કે કોઈ પણ બે માણસો એકસરખું બોલતા નથી. એક માણસ પણ પોતે પોતાની સમયે સમયે બોલાતી બોલીમાં ફરક કરે છે. તો પછી એકબે માણસોની બોલી ઉપરથી આખા કેન્દ્રની બોલીનું અનુમાન શી રીતે થઈ શકે? 'ફરક'નો સામાન્ય અર્થ તો આપણે બધા જાણીએ છીએ. કોઈ પણ એક કે અનેક વસ્તુમાં થોડેઘણે અંશે કોઈ પણ કારણને લઈને ફેરફાર થાય તેને 'ફરક' કહે છે. ફરકના અનેક પ્રકારો છે, પણ બે પ્રકારો ખાસ મહત્ત્વના છે. કેટલાક ફરક ઉપેક્ષણીય છે, એટલે કે તદ્દન અનુપયોગી છે, તેના અસ્તિત્વથી કે તેના અભાવથી પરિણામમાં ખાસ ફેર પડતો નથી. દાખલા તરીકે હું અત્યારે આપ સાથે વાત કરી રહ્યો છું ત્યારે મને ઉધરસ આવે અને મારા શબ્દમાં, અવાજમાં ફરક પડે. તે ફરકની આપને તુરત જ ખબર પડે છે, પણ તેની આપ અવગણના કરી બોલનારના મંતવ્ય ઉપર જ લક્ષ રાખો છો. આવા ફરકને "ઈન્સિગ્નીફીકન્ટ ફલક્ચ્યુએશન **ઉપેક્ષણીય ફરક** કહે છે. બીજા પ્રકારનો ફરક 'સિગ્નિફિકન્ટ' એટલે ધ્યાનમાં લેવા જેવો **નોંધપાત્ર** અનુપેક્ષણીય હોય છે, જે આપણી પ્રક્રિયા માટે ઉપયોગી છે. ભાષામાં આ ફરક ત્રણ કક્ષાએ રજૂ થતો જોવામાં આવે છે. (૧) વર્ણના ઉચ્ચારણની કક્ષાએ, (૨) રૂપનિષ્પત્તિની કક્ષાએ, (૩) અને ઉક્તિના કે વાક્યના સંધાનની કક્ષાએ. વર્ણના ઉચ્ચારણની કક્ષાએ થતા ફરક સૌથી અગત્યના છે. ઉદાહરણ તરીકે હું કા, કિ, કૂ, કે અને કો એવા અક્ષરો ઉચ્ચારું છું ત્યારે દરેક અક્ષરમાં હું 'ક' જુદી રીતે ઉચ્ચારું છું. સામાન્ય ભાષક માટે એ ફરક ઉપેક્ષણીય છે, નકામો છે અને તે સમજે છે કે તે પાંચે અક્ષરોમાં ઉચ્ચારાએલ 'ક' એક જ છે, પરંતુ ભાષાવૈજ્ઞાનિક જેણે ઉચ્ચારો સાંભળવાની તાલીમ લીધી છે તે આ બધા ઉચ્ચારોમાં શો શો ફરક છે, કેટલો ફરક છે તે તરત જ જાણી લે છે. તેને માટે આ ફરક સીગ્નિફિકન્ટ અને મહત્ત્વના બની રહે છે. તે જાણે છે કે કોઈ પણ વર્ણના ઉચ્ચારમાં ફરક પડવાનું કારણ તે ઉચ્ચારના **પૂર્વાપર સંદર્ભ**માં છે, એટલે કે તે ઉચ્ચારની આજુબાજુ, આગળપાછળ જે વર્ણો બોલાયા હોય તેની છાયા પ્રસ્તુત ઉચ્ચાર પર પડે છે. ભાષામાં વર્ણ ઝડપથી એક પછી એક અનુક્રમે

પ્રવાહની પેઠે બોલાતા આવે છે. તેથી કોઈ વર્ણ બોલાતો હોય ત્યારે તે પછી બોલાવાના વર્ણ પર ભાષકનું ધ્યાન કેન્દ્રિત થતું હોઈ તેના ઉચ્ચારણ માટે અનુકૂળ થાય એવી રીતે વાણીનાં અંગ પ્રત્યંગોને તેણે ગોઠવવાં પડે છે. એટલે જે ઉચ્ચાર ચાલતો હોય તેના છેલા અંશ ઉપર નવા આવતા ઉચ્ચારની છાપ પડે છે અને ચાલુ ઉચ્ચારને અંશતઃ વિકૃત કરે છે. આ બધી વાત સેકન્ડના સોમા કે તેથી પણ ઓછા વખતમાં બને છે. પણ જો આપણે કોઈ પણ શબ્દ યંત્રમાં બોલીએ તો આ બાબત દીવા જેવી પ્રત્યક્ષ જણાય છે. વર્ણમાં પડેલા આવા ફરકને 'મોડીફીકેશન' 'આંશિક ફેરફાર' કહે છે, અને ફરક પાડનાર વર્ણને 'મોડીફાયર' એટલે 'ફેરફાર કરનાર' કહે છે. જેમ કે 'કી'ના ઉચ્ચારમાં 'ક' પછી 'ઈ' આવે છે તે તાલવ્ય સ્વર છે એટલે 'ક'ના ઉચ્ચારનો છેલો ભાગ તાલવ્ય રંગથી રંગાય છે. આ ક્રિયાને 'Palatalisation' **તાલવ્યીકરણ** કહેવાય છે. સાંભળો 'રાખ', 'રાખું'; મળ, મળુ; બોલ, બોલુ; વગેરે. આ તાલવ્યભૂત 'ક' 'કા'ના 'ક' કરતાં જુદો પડે છે. જો 'કા'વાળા 'ક'ના ઉચ્ચારને આપણે ક$_{1}$ કહીએ તો 'કી'વાળા 'ક'-ના ઉચ્ચારને ક$_{2}$ કહેવો પડે. તે પ્રમાણે 'કુ' બોલવા જતાં 'ક' પછીનો સ્વર 'ઉ' કંઠ્ય હોવાથી 'ક'ના પાછલા ભાગ પર કંઠ્યની અસર થાય છે, આને 'Velarised ક' એટલે '**કંઠ્યીકૃત ક**' કહેવાય છે, આ 'ક' ઉપરના બંને 'ક' કરતાં જુદા હોઈ તેને ક$_{3}$ સંજ્ઞા આપવી ઘટે છે. 'અક્કડ' શબ્દમાં બે 'ક' છે તેમાંથી પહેલો 'ક' અંગભંગ થએલ છે, તેનો પાછલો ભાગ લુપ્ત થએલ છે, તેનો **સ્ફુટકારો** (explosion) સંભળાતો જ નથી. આવા 'ક'ને ક$_{4}$ની સંજ્ઞા આપવી, તથા તે જ શબ્દમાં બીજા 'ક'ને પૂર્વાંગ નથી, કારણ કે પહેલા 'ક' માટે જીભને જે સ્થાનમાં મૂકેલી હોય છે તે જ સ્થાનમાં વાણીના અવયવોને લાવી બીજા 'ક'નું પૂર્વાંગ રચવાનું હોય, પણ તે સ્થાન આ શબ્દમાં જીભને તૈયાર કરેલું મળે છે એટલે બીજા 'ક'નું પૂર્વાંગ રચાતું જ નથી, લુપ્ત થાય છે. આ 'ક' ઉપરના બધા 'ક'થી આ રીતે જુદો પડતો હોઈ તેને 'ક$_{5}$' કહી શકાય. આ પ્રમાણે ક્મ, ર્ક, ક્ષ, ક્ર વગેરે અક્ષરોમાં બોલાતા બધા 'ક' જુદા જુદા પ્રકારના હોય છે અર્થાત્ તે બધાય 'ક'માં પરસ્પર ફરક છે, જે સામાન્ય ભાષક માટે ઉપેક્ષણીય (ઇન્સિગ્નિફીકન્ટ) છે, પણ ભાષાવિજ્ઞાનવાળા માણસને માટે (સીગ્નિફીકન્ટ) અનુપેક્ષણીય, નોંધપાત્ર ગણાય છે. ક્ષેત્રકાર્ય કરનારે આવા બધા ઉચ્ચારભેદોની નોંધ લેવી જોઈએ, કારણ કે ઘણી વખત બોલીઓનાં મંડાણો તેવી જાતના ઉચ્ચાર-ફરકો પર રચાએલ હોય છે. જે બાબત આપણે 'ક' વિશે જોઈ તે જ ભાષાના બધા વર્ણો માટે સમજવી. ક્ષેત્રકાર્ય કરનારે વર્ણોના ઉચ્ચારવિષયમાં કેટલી ચોકસાઈ રાખવી જોઈએ તે ઉપરના ઉદાહરણથી સ્પષ્ટ થશે. રૂપ વિશેના ફેરફારો સંસ્કૃતમાં जहाहि, जहीहि, जहिहि જેવાં એક જ શબ્દનાં ત્રણ રૂપો થાય છે એ પરથી જોઈ શકાશે. ગુજરાતીમાં અને ખાસ કરી બોલીઓમાં કેટલાક શબ્દો નાના રૂપમાં અને મોટા રૂપમાં દેખાય છે. તે પણ આ 'ફરક'ની પ્રક્રિયાને આભારી છે. જુઓ 'હાથ **ન** પગ,' 'હાથ **અને** પગ; ઘોડા **પર; ઉપર** નીચે; વગેરે ઉક્તિઓમાં એક જ શબ્દનાં 'ન' અને 'અને,' તથા 'પર' અને 'ઉપર' રૂપો ફરક સાથે વપરાયાં છે. ભાષામાપકે તેની નોંધ લેવી ઘટે. તે પ્રમાણે વાક્યોમાં 'હું કાલે આવીશ, કાલે હું આવીશ,' જૂઠું ન બોલીશ, જૂઠું બોલીશ નહીં, વગેરેમાં ક્રમમાં ફરક માલૂમ પડે છે તે તરફ ધ્યાન રાખવું જોઈએ. પરંતુ આવી જાતના ફરકના કરતાં વર્ણોના ઉચ્ચારણમાં જે ફરક પડે છે તે અત્યંત સૂક્ષ્મ અને ભાષાવિજ્ઞાન માટે ઘણો

ઉપયોગી છે. વાક્યની ઉક્તિના શબ્દના અંતે આવતા સ્વરવ્યંજનના ઉચ્ચારોમાં ફરક પડે છે જે 'સંધાન' પ્રક્રિયાનો પ્રકાર છે. આ રીતે બોલીઓનું માપન થયા પછી તેનો અભ્યાસ કરવાની વિવિધ રીતો તરફ આપણે થોડું લક્ષ આપીએ. (૧) સંપૂર્ણ અભ્યાસ કરવાની રીત : જો આપણને ખાત્રી હોય કે અમુક બોલી આજુબાજુની બોલીઓ કરતાં જુદી સ્પષ્ટ તરી આવે છે તો તેનો અભ્યાસ સંપૂર્ણપણે કરવો એ સહેલું પડે છે; એટલે કે તે બોલીના વર્ણોનો, તેના વ્યાકરણનો તેમ જ શબ્દભંડોળનો—એમ ત્રણ થરોનો અભ્યાસ કરીને તે વિશે સંપૂર્ણ વર્ણનાત્મક માહિતી લખવી. આવી જાતનો અભ્યાસ હાલ ઓખામંડળમાં વાઘેરી બોલીનો ચાલે છે. આવા અભ્યાસમાં શરૂઆત શબ્દોથી કરવાની હોય છે, કારણ કે તે કામ સરળ અને ભાષાવિજ્ઞાનનું વિશિષ્ટ જ્ઞાન ન હોય તોપણ તે કરી શકાય એવું છે. જે **શબ્દસૂચિ** આપણે તૈયાર કરવાની હોય છે તેમાં નીચે પ્રમાણે વિગતો જોઈએ :—(૧) શબ્દનું સ્વરૂપ બતાવવા તેને 'ફોનીમિક' એટલે વર્ણાનુસારી લિપિમાં લખવો. (૨) ઉચ્ચારમાં ખાસ વિશેષતા હોય તો તેને ઉચ્ચારાનુસારી 'ફોનેટિક' લિપિમાં લખી તે તરફ વાચકનું ધ્યાન દોરવું. (૩) જો બોલી લિપિબદ્ધ હોય, તો પરંપરાગત જોડણી કૌંસમાં મૂકવી. શબ્દોને વર્ણાનુસારી લિપિના ક્રમમાં ગોઠવવા. (૪) ત્યારે-પછી તેનો વ્યાકરણમાં કયો વર્ગ છે તે સંક્ષેપમાં જણાવવું. (૫) પછી શબ્દનો અર્થ લખવો. છેવટે (૬) જે વ્યાપક બોલીની પેટાબોલી આ પ્રસ્તુત બોલી હોય તો વ્યાપક બોલી કે ભાષાનો શબ્દ સરખામણી માટે મૂકવો. બોલીમાં વ્યાપક ભાષાના શબ્દો જેવા જ શબ્દો હોય તોપણ તેને નોંધવા, તેની ઉપેક્ષા કરવી નહીં. આવો કોશ બીજા સંશોધકને ઉપયોગી થવા સંભવ છે. આ કામ પૂરું થયા પછી **વ્યાકરણની** રૂપરેખા તૈયાર કરવી, એકઠા કરેલ શબ્દોના પાંચ ઢગલા કરવા : નામનો, સર્વનામનો, વિશેષણનો, ક્રિયાપદનો અને બાકી રહેલ શબ્દોનો; પછી નામના ઢગલાને નાની ઢગલીઓમાં વહેંચવો : જેમ કે વ્યંજનાન્ત નામ, ઓ-કારાન્ત નામ, ઈ-કારાન્ત નામ, વગેરે. આ ઢગલીઓ લિંગ વિશે પણ થોડી માહિતી આપશે. લિંગવાર વર્ગણી થયા પછી વચન અને વિભક્તિનાં રૂપો પ્રમાણે વર્ગણી કરવી. ઉદાહરણ : વ્યંજનાન્ત નામોમાં લિંગદર્શક નિશાની હોતી નથી, ઓ-કારાન્ત નામો મુખ્યત્વે પુંલિંગી હોય છે. ઈ-કારાન્ત નામો ઘણાંખરાં સ્ત્રી-લિંગી હોય છે. વળી વ્યંજનાન્ત નામો બહુવચનનો ભેદ સ્પષ્ટપણે બતાવતાં નથી, જેમ કે 'એક હાથ,' 'બે હાથ'; પણ ઓ-કારાન્ત નામો તે જુદા રૂપો વડે સ્પષ્ટ બતાવે છે, જેમ કે, "એક ઘોડો," "બે ઘોડા". વિભક્તિઓમાં પણ અલગ રૂપથી બતાવાતી વિભક્તિઓને જ જુદી ગણવી, અનુગ દ્વારા વિભક્તિનો અર્થ બતાવનાર ઉક્તિને વિભક્તિમાં ગણવી નહીં. આ રીતે રૂપાખ્યાનો તૈયાર કરવાં. પછી સર્વનામ, વિશેષણ, સંખ્યા-વાચક શબ્દોનાં રૂપાખ્યાનો પણ ઉપર બતાવેલ રીતે જ કરવાં. આ ઉપરથી એટલું સ્પષ્ટ જણાશે કે ભાષાવિજ્ઞાનમાં વર્ગીકરણ ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. જ્યાં વર્ગીકરણ હોય છે ત્યાં લક્ષણો બાંધવાં પડે છે, કારણ કે લક્ષણો વિના વર્ગીકરણ બની શકતું નથી. લક્ષણો બાંધવામાં એટલું ધ્યાનમાં રાખવું કે તેને શબ્દના અર્થ સાથે સંબદ્ધ ન કરવું, પણ શબ્દના રૂપ સાથે જોડવું. ઉદાહરણ "કોઈ પણ વસ્તુ કે પદાર્થનું નામ હોય તે સામાન્ય નામ," આવાં લક્ષણો આધુનિક વ્યાકરણો માટે નકામાં છે. ભાષામાં શબ્દ શું કામ કરે છે, વાક્યરચનામાં તે કયો **ભાગ ભજવે છે ( ફન્કશન )**, અને તે માટે રૂપભેદ બતાવે છે કે કેમ તે બંને બાબતો ધ્યાનમાં

લઈ લક્ષણો તૈયાર કરવાં. આવા વ્યાકરણને 'ફન્કશનલ' વ્યાકરણ કે ઉપયોગલક્ષી વ્યાકરણ કહે છે. નવા વ્યાકરણમાં એક જ શબ્દ એક કરતાં વધારે વર્ગમાં આવી શકે છે: ઉદાહરણ, 'છાપરા ઉપર'માં 'ઉપર' શબ્દ અનુગ છે; 'ઉપર જાઓ' એ ઉક્તિમાં તે ક્રિયાવિશેષણ છે. ક્રિયાપદોમાં પુરુષવાચક પ્રત્યયોથી કાળ બતાવવાની જૂની રીત હતી, જેમ કે, 'છોકરો દોડે છે,' 'હું લખું છું,' પણ ઘણી નવીન ભાષાઓમાં એ રીત નાશ પામી છે અને તેમાં કાળો કૃદંતથી બતાવાય છે. આ કૃદંત-ક્રિયાપદો લિંગભેદ પણ બતાવે છે. જેમ કે 'છોકરો આવ્યો, 'છોકરી આવી,' વગેરે માટે જ્યારે. આપણે કાળનું વર્ણન કરતા હોઈએ ત્યારે આ બંને રીતો પર લક્ષ આપવું અને વાંચનારનું તે તરફ ધ્યાન દોરવું. કૃદંતોનું વર્ગીકરણ તેઓ જે અર્થમાં વપરાય છે તે પર ન કરવું, પણ તેના રૂપના ધોરણે કરવું, કારણ કે કૃદંતના અર્થો ઘણી વાર બદલાઈ જાય છે. ઉદાહરણ: 'હતો,' 'હતી,' વગેરે 'હો' ધાતુને વર્તમાન કૃદંતનો પ્રત્યય 'ત' લાગીને બનાવેલ છે, છતાં તેઓ વર્તમાનનો અર્થ બતાવતાં નથી, પણ ભૂતના અર્થમાં વપરાય છે. પછી ક્રિયાવિશેષણ, અનુગો, ઉભયાન્વયી વગેરે પર નોંધ લખવી. આ પ્રમાણે રૂપોનો અભ્યાસ (મૉર્ફોલૉજી) પૂરો કરવો. ક્રિયાવિશેષણ, અનુગો વગેરેને જૂના વ્યાકરણોમાં 'અવ્યય' તરીકે ઓળખાવેલ છે તે બરાબર નથી, કારણ કે તેમાં કેટલાક વ્યયી પણ છે. ઉદાહરણ: 'ઘણો સારો છોકરો,' 'ઘણી સારી છોકરી,' 'છોકરાનો હાથ,' 'છોકરાની પાટી,' વગેરે. વળી કેટલાંક વ્યંજનાન્ત વિશેષણો અવ્યય છે, લિંગવચન વિભક્તિભેદ બતાવતાં જ નથી: 'સુંદર ઘર', 'સુંદર અક્ષરો' વગેરે. આ કારણથી નવા વ્યાકરણમાં 'અવ્યય' શબ્દ જ ન વાપરવો એ વધારે સલામતીભર્યું છે.

**ઉક્તિ-રચના:** વિવિધ રૂપવાળા શબ્દો પરસ્પર જોડાઈ ઉક્તિ અને વાક્યો બનાવે છે. બોલીમાં શબ્દો અને રૂપો કદાચ ઓછાં હોય તો તેની ખોટ ઉક્તિ-રચના પૂરી પાડે છે. ગુજરાતી ભાષાની આ બાબતની શક્તિ અજાયબીભરેલ છે. ઉક્તિઓ દ્વારા તે અર્થના ઝીણામાં ઝીણા ભેદો પણ બતાવી શકે છે. 'ખાવું' ક્રિયાપદમાંથી 'ખાઈ ગયો,' 'ખાઈ આવ્યો', 'ખાઈ લીધું,' 'ખાઈ શક્યો' વગેરે ઉક્તિઓ બને છે. આવાં દસ સહાયકારક ક્રિયાપદોની મદદથી ગુજરાતી ભાષા પોતાનાં ક્રિયાપદોની સંખ્યા દસ ગણી વધારી શકે છે. આવી અને બીજી ઉક્તિઓનાં વર્ગીકરણ કરી તેના અર્થો સમજાવવા અને વાક્યરચનામાં તેઓ કેવો ભાગ ભજવે છે તે જણાવવું. 'સારો ઘોડો' એ નામ-વિશેષણ ઉક્તિ વાક્યમાં કર્તા કે કર્મ તરીકે આવે છે; 'ઘરમાં,' 'હાથ વડે' વગેરે ઉક્તિઓ ક્રિયાવિશેષણનું કામ કરે છે વગેરે. આ રીતે '**રચના**' નામનો ભાષા-વિજ્ઞાનનો ભાગ પૂરો કરવો. પછી વર્ણોનો અભ્યાસ શરૂ કરવો. તેનો ઉપરછલો અભ્યાસ તો શરૂઆતમાં જ થઈ જવો જોઈએ, કારણ કે શબ્દસૂચિનું કામ બોલીના વર્ણોના સામાન્ય જ્ઞાન વિના થઈ શકતું નથી, પણ શાસ્ત્રીય કોટિનો અભ્યાસ પાછળથી થઈ શકે છે. એક જ વર્ણના સંદર્ભ અનુસાર વિવિધ ઉચ્ચારો થતા હોય તે બધાને સસંદર્ભ નોંધી તેઓનો જેટલા વર્ણોમાં અન્તર્ભાવ થતો હોય તે કરી બોલીમાં ઓછામાં ઓછા કેટલા વર્ણોની જરૂર છે તે વિચારવું. વિવિધ પ્રકારના **ઉચ્ચારોનો વર્ણમાં અન્તર્ભાવ** કરવાના નિયમો હોય છે જેને '**ફોનીમિક્સ**' કહે છે. તે નિયમો જટિલ હોવાથી અત્રે તેનું નિરૂપણ કર્યું નથી; પરંતુ બોલીને સંપૂર્ણપણે લિપિબદ્ધ કરવા માટે ઓછામાં ઓછા કેટલા અને કયા કયા વર્ણો જોઈશે તે જાણી લેવાની

વિદ્યાને 'ફોનીમિક્સ' કહે છે તે ધ્યાનમાં રાખવું. બોલીના અભ્યાસનો આ એક પ્રકાર પૂરો થયો. આવા વર્ણનને '**લૅંગ્વેજ મોનોગ્રાફ**' કહે છે.

બોલીઓનું ક્ષેત્રકાર્ય શીખતા વિદ્યાર્થીએ તો ભાષાવિજ્ઞાનનાં ત્રણ અંગો—વર્ણવિજ્ઞાન, રૂપવિજ્ઞાન અને શબ્દવિજ્ઞાન છે, તેમાંથી કોઈ પણ એક ભાગમાંથી નાનો ટુકડો લેવો અને ભાષાના મોટા વિસ્તાર પર તે કેવાં કેવાં રૂપે દેખાય છે તેની નોંધ લેવી. ઉદાહરણ, **શબ્દભંડોળ**-માંથી "પૈસો" માટે વિવિધ વિસ્તારોમાં કયા કયા શબ્દો બોલાય છે તે નોંધવા. કેળવાયેલ બધા ગુજરાતીઓ 'પૈસો' શબ્દ વાપરે છે; પણ તે સિવાયના ઝાલાવાડમાં 'જેઈ,' ગોહિલ-વાડમાં 'ફદિયું,' સોરઠમાં 'કાવડીઉ,' સૂરતમાં 'સવાકો,' બીજા ભાગોમાં 'દમડી' વગેરે શબ્દો વપરાય છે. આ શબ્દભેદનું ઉદાહરણ થયું. તે જ પ્રમાણે ઓખામંડળમાં 'રાબ' ને બદલે 'વાની,' 'બાધા' ને બદલે 'આખડી,' 'બેડાં' ને બદલે 'હેલ,' 'જરૂર છે' ને બદલે 'ખપે છે,' 'ગોદડી' ને બદલે 'ધડકી' વગેરે શબ્દો વાપરે છે. રૂપોમાં 'રૂએ છે' ને બદલે 'રોય છે,' 'જુવે છે' ને બદલે 'જોય છે,' 'ધુવે છે' ને બદલે 'ધોય છે,' વાપરે છે. 'છોકરા' ને બદલે 'છોરા,' 'છોકરી' ને બદલે 'છોરી,' 'છીએ' ને બદલે 'છૈયેં' વાપરે છે. વળી ત્યાં 'ળ' વર્ણ બોલાતો જ નથી, તેને બદલે 'ર' વપરાય છે. 'ગુગળી' ને બદલે 'ગુગરી,' 'થાળી' ને બદલે 'થારી' વગેરે. ત્યાંની અમુક કોમોમાં 'ણ' વર્ણ જ નથી જેથી તેઓ 'ચારણ' ને બદલે 'ચારન,' 'પાણી' ને બદલે 'પાની,' 'તોરણ' ને બદલે 'તોરન' બોલે છે. વિવિધ પ્રદેશોમાં થતા આવા ફેરફારો માટે કેટલાક આઉટલાઈન (માત્ર લીટીઓ દોરી હોય તેવા) નકશા તૈયાર રાખવા અને તેમાં જુદા જુદા સ્થળની જુદી જુદી ખાસિયતો નોંધવી. આવો નકશો ભાષાકીય નકશાનું પહેલું પગથિયું ગણાય. તે ન ફાવે તો ઊભી અને આડી લીટીઓ દોરી કોષ્ટકો બનાવવાં.

જ્યારે ભાષામાપનનો અને ક્ષેત્રકાર્યનો સારો અનુભવ થાય ત્યારે મોટો પ્રદેશ પસંદ કરવો. ઉદાહરણ પાલનપુર તાલુકો, ચરોતર, હાલાર, નવસારી. તે વિસ્તારનો નકશો લઈ તે પર આડી અને ઊભી સીધી લીટીઓ દોરી ઉપર વર્ણવ્યા પ્રમાણે તેને ક્ષેત્રોમાં વહેંચી નાખવો, અને પછી હમણાં જ વર્ણવ્યા પ્રમાણે ભાષક પ્રતિનિધિને પસંદ કરવા અને બોલીનું વસ્તુ ઉપર વર્ણવેલ રીત પ્રમાણે મેળવવું. આ બધું કામ બધાય કેન્દ્રમાં પૂરું થાય ત્યારે (અને ઘણી વખત તો તે પહેલાં જ) આપણને જણાઈ આવે છે કે પ્રાન્તભેદો, બોલીભેદો, ઘણા છે. તે ભેદોને નકશા પર ભેદરેખા વડે અંકિત કરીએ એટલે તે પ્રાન્તમાં કેટલી પેટાબોલીઓ છે તેનો ખ્યાલ આવશે. પછી પ્રત્યેક પેટાબોલીનો ઊંડો અભ્યાસ કરી, વધારે માહિતી મેળવી, તેનાં વર્ણવિષયક, વ્યાકરણવિષયક, રચનાઓવિષયક વ્યાકરણનું ખોખું તૈયાર કરી નવી શોધેલ બોલીઓનાં **તુલનાત્મક કોષ્ટકો** બનાવવાં. આ બધી વિગતોને આપણે જો વ્યવસ્થિત રીતે મૂકીએ તો તે અમુક પ્રાન્તની બોલીઓનું તુલનાત્મક વ્યાકરણ બની જાય; (જુઓ આકૃતિ નં. ૪).

**બોલીઓના નકશા** બે રીતે બતાવાય છે: (૧) પ્રસ્તુત વિસ્તારના નકશાનું ખોખું લઈ તેમાં ગામો માટે મીંડાં મૂકવાં અને દરેક મીંડાને નંબર આપવો. પછી બોલીની અક્કેક ખાસિયત લઈ તેને લઈને ગામો જે જે વિભાગોમાં વહેંચાઈ જતાં હોય તે વિભાગોને

મર્યાદા-લીટીથી બતાવવાં; ( જુઓ આકૃતિ નં. ૫ ). તે લીટીને તે ખાસિયતનું નામ અને નંબર આપવાં; જેમ કે, મર્યાદા-લીટી ને. ૫. ક/ગ. આનો અર્થ એ થયો કે મર્યાદા-લીટી ને. ૫. જ્યાં જ્યાં જોવામાં આવે ત્યાં ત્યાં બધે તેની એક બાજુ 'ક' બોલાય છે અને તેની બીજી બાજુ 'ક'ને બદલે 'ગ' બોલાય છે : આ પ્રમાણે બીજી ખાસિયતો લઈ એક પછી એક તે માટેની મર્યાદા-લીટીઓ દોરવી અને તેને નંબર તથા નામ આપવાં. આવી લીટીઓ જેમ વધારે દોરાય તેમ તેઓ વધારે માહિતી આપે, પરંતુ આ રીતમાં ખાસ ઊણપ એ છે કે પાંચેક લીટીઓ દોર્યા પછી નકશો એટલો બધો સંકુલ બની જાય કે લીટીઓમાં પરસ્પર ભ્રમ પેદા થાય છે, અને ધ્યાન ન રાખ્યું હોય તો રેખાઓએ પાડેલ ભાગો સેળભેળ થઈ જાય છે, જેથી નકશો વાંચવામાં શ્રમ પડે છે. તેના કરતાં બીજી રીત અજમાવી હોય તો સારું પડે. આ રીતિમાં પ્રત્યેક રેખા-લીટી માટે અલગ પણ સરખા કદના નકશા વાપરવા અને એ રીતે ધારો કે દસ લીટીઓ માટે દસ નકશા થયા. પછી તેમાંના એકબેને ( જે ખાસિયતનો આપણે અભ્યાસ કરવો હોય તે ખાસિયતવાળા નકશાને ) એકબીજા પર પાથરવા, અને કાગળ જો પારદર્શક કે અર્ધપારદર્શક હોય તો જુદી જુદી રેખાઓ કયાં કયાં મળે છે અને તે કયાં કયાં જુદી પડે છે એ બધું બરાબર જોઈ શકાય, અને તેથી પ્રસ્તુત બોલીની વિવિધ ખાસિયતો કયાં કયાં કેવી કેવી રીતે વહેંચાએલ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે. આ બીજો પ્રકાર જોકે ખર્ચાળ છે, પણ સરવાળે તે સારો પડે છે. દરેક બોલીના, આવી મર્યાદા-રેખાઓ દર્શાવતા દસબાર નકશાઓ એકઠા કર્યા હોય તો તે તે બોલીની નકશાપોથી ( Atlas ) બને; અને તેને સમજાવવા નાનકડી પુસ્તિકા છપાવી હોય તો જેઓ ભાષાવિજ્ઞાન જાણતા ન હોય તેઓ પણ તે નકશા વાંચી તેમાંથી માહિતી મેળવી શકે.

**સીમા-રેખાના પ્રકારો :** સીમા-રેખા એક ઉચ્ચારને બીજા ઉચ્ચારથી જુદા પાડે છે એ ખરું, પણ બધી સીમા-રેખાઓ એકસરખા મહત્ત્વની નથી. કેટલીક તદ્દન નાનો ફરક બતાવતી એક કે બે ગામડાને આવરી લેતી રેખા હોય છે. તે ગામડાંની કોઈ નાની ટેવ તરફ આપણું ધ્યાન ખેંચે છે, તે સિવાય તેનો વધારે ઉપયોગ નથી. તેથી ઊલટું કેટલીક રેખાઓ સેંકડો માઈલ સુધી લંબાતી હોય છે અને આખા દેશને ચીરી વચમાં નીકળતી હોય છે અને દેશના બે મોટા વિભાગો કરતી હોય છે, અને સમગ્ર દેશની ભાષાને બે મોટી બોલીઓમાં વિભક્ત કરે છે. આવી રેખા બહુ જ મહત્ત્વની છે, કારણ કે તે ભૂતકાળમાં ભાષાના ઇતિહાસમાં બનેલ કોઈ મહત્ત્વના બનાવની સૂચક હોય છે અને લોકોના સાંસ્કૃતિક ફેરફારોની સાક્ષી પૂરે છે. આવી મોટી સીમા-રેખા વડે પડેલ બે મોટા ભાગની બોલીનું જ્યારે આપણે વર્ણન કરીએ છીએ ત્યારે આપણે ઘણી વખત ભાષાના મૂળભૂત બંધારણ સુધી પહોંચી જઈએ છીએ. આ દૃષ્ટિબિન્દુથી સીમા-રેખાઓને ચાર વર્ગોમાં વહેંચવામાં આવે છે.

**( ૧ ) સૌથી મોટી સીમા-રેખા** જે આખા મોટા ભારત જેવા દેશને ચીરી તેના બે વિભાગ પાડતી હોય: ઉદાહરણ 'ક્ષ'નો પશ્ચિમ ભારતમાં 'ખ' બન્યો અને પૂર્વ ભારતમાં 'છ' બન્યો. પશ્ચિમ હિન્દી વ્રજભાષા, પંજાબી, રાજસ્થાની, ગુજરાતી વગેરે ભાષાઓ 'લખમણ' બોલે છે જ્યારે પૂરબીઆ બોલીઓ 'લછમન' બોલે છે, તે પ્રમાણે લખમી, લછમી, લચ્છી વગેરેનું સમજવું. બીજી મોટી સીમા રેખા બેવડા વ્યંજનને એકવડો કરી આગળના સ્વરને દીર્ઘ કરનાર ફેરફારની છે. આ રેખા લગભગ આખા પૂર્વ ભારતને પશ્ચિમ ભારતના અમુક ભાગથી

અલગ કરે છે, કારણ કે સીંધી, પંજાબી, લહંદા, કચ્છીવાળા પ્રદેશમાં આ ફેરફાર થયો નથી જ્યારે ગુજરાતી, મારવાડી, હિન્દી, ઓડીઆ, બંગાળી વગેરેમાં તે થયો છે. ઉદાહરણ તરીકે સિંધી, પંજાબી, લહંદા, કચ્છી, પ્રાકૃત હત્થો વગેરે શબ્દોમાં બેવડો 'થ' કાયમ રાખે છે અને તે પ્રદેશોમાં હત્થુ, હથ, હથ્થ, વગેરે સંભળાય છે, જ્યારે ગુજરાતી વગેરે પ્રદેશમાં હાથ સંભળાય છે. આ સીમા-રેખાનો પહેલો પ્રકાર થયો.

(૨) બીજા પ્રકારની સીમા-રેખાઓ **એક મહાભાષાને બીજી મહાભાષાથી જુદા પાડે છે:** જેમ કે ગુજરાતી, મરાઠીને જુદી પાડનાર સીમા-રેખાઓ ગુજરાત ફરતી અને મહારાષ્ટ્ર ફરતી ફરી વળે છે, અને ભાષાના ફરકો પેદા કરે છે. નપુંસક લિંગની સીમા-રેખા ગુજરાતને મારવાડથી અલગ કરે છે. કર્મણિનું અખંડ રૂપ ગુજરાતીને, હિન્દીમાં તે માટે વપરાતી અખંડ ઉક્તિથી જુદી પાડે છે; જેમ કે ગુ. કરાય છે; હિન્દી-'ક્રિયા જાતા હૈ' વગેરે.

(૩) ત્રીજા પ્રકારની સીમા-રેખાઓ **એક જ ભાષામાં આવેલ વિવિધ બોલીઓને** એકબીજાથી જુદી પાડે છે, જેમ કે ચરોતરીને સૂરતીથી જુદી પાડનાર સૂરતી—ચાલુ વર્તમાન: તે ખાતો છે; ચરોતરી—તે ખાય છે. તે પ્રમાણે ઉત્તર ગુજરાતનાં લેંબડો, પેંપળો, રૂપો બાકીના ગુજરાતમાં બોલાતાં લીંબડો, પીપળો રૂપોથી જુદાં પાડે છે. વગેરે.

(૪) ચોથો પ્રકાર **ક્ષુદ્રરેખા**ઓનો છે જે એકબે ગામને કે કસ્બાને કે કુટુંબોની બોલીને તેમની આસપાસની બોલીથી જુદી પડતી બતાવે છે. નકશા પર આ પ્રકારોના ભેદ બતાવવા રેખાઓ જાડીપાતળી કરી હોય કે વિવિધ રંગવાળી કરવી એ ઇષ્ટ છે.

રેખાઓનાં જૂથો : ઘણી વખત એવું બને છે કે એક કરતાં વધારે રેખાઓ અમુક માઈલો સુધી ભેગી મળી કોઈ ચોક્કસ પ્રદેશ પરથી પસાર થાય છે. આ બનાવ ઘણો જ અગત્યનો છે. એનો અર્થ એ થાય છે કે એક જ સ્થળે એકીસાથે બેત્રણ ફેરફારો થયા છે, એટલે એ **રેખાવૃંદ**થી કપાએલ દેશની બોલીઓ પરસ્પર એકદમ અને સ્પષ્ટ રીતે જુદી પડે છે, અને બોલીઓના વર્ગીકરણ માટે ઉપયોગી માહિતી પૂરી પાડે છે, કારણ કે કોઈ નાનકડી રેખા જે ભાષામાં બનેલ નાના ફેરફારનું અને મહત્ત્વના બનાવોનું સૂચન કરે છે; ઉદાહરણ, જે રેખા અનાદિ અસંયુક્ત 'ક' વર્ણવાળી બોલીને તેનો લોપ કરતી બોલીઓથી જુદી પડે છે તેના જેવી જ બીજી પાંચ રેખાઓ ग/શૂન્ય, च/શૂન્ય, ज/શૂન્ય, त/શૂન્ય, द/શૂન્ય તે જ પ્રદેશ પરથી પસાર થઈ ભાષાના તે જ પ્રમાણે સરખા ભાગ પાડે છે, એટલે કે એક બાજુ काको, બીજી બાજુ काओ; એક બાજુ खगो, બીજી બાજુ खओ, એક બાજુ वातो, બીજી બાજુ वाओ વગેરે તદ્દન જુદાં રૂપો બોલાય છે અને તેથી તે બે બોલીઓ વચ્ચેનો ફરક અત્યંત સ્પષ્ટ અને દૂરગામી પરિણામવાળો બને છે. આ ઉપરથી નક્કી થાય છે કે જ્યારે રેખાઓ મોટી હોય અને વળી તેમાંની બે કે વધારેનાં વૃંદ બની તે પ્રદેશને એકીસાથે વિભક્ત કરતી હોય ત્યારે બોલીવિભાગ ઘણો જ સ્પષ્ટ અને જાણીતો બને છે. ગુજરાતી ક, ખ, ગ, ઘ, પછી ઈ કે એ આવે છે ત્યારે સૌરાષ્ટ્રની બોલીની બે પેટાબોલીઓમાં, ઝાલાવાડી અને સોરઠીમાં, વિભાગ પડી જાય છે. સોરઠી કી, ખી, ગી, ઘી = ઝાલાવાડી ચી, છી, જી, ઝી બોલાય છે. સોરઠી કાકી = ઝાલાવાડી કાચી; સોરઠી કીકી = ઝાલાવાડી

ચીચી; સો. રાખી = ઝા. રાછી; સો. ગગી = ઝા. ગજી, સોરઠી ઘી = ઝા.ઝી થાય છે. આ ફેરફારની પરંપરા એટલી બધી સબળ છે કે સોરઠી ઝાલાવાડી બોલીઓને જુદી પારખના ભાષાશાસ્ત્રીની જરૂર રહેતી નથી.

આ રેખાઓ મોટે ભાગે રાજકીય, ધાર્મિક, સામાજિક ક્ષેત્રે થયેલ મોટા ફેરફારો અને તે અંગે માણસોમાં નવા ઉપસ્થિત થતા વ્યવહારના ઘનવિરલ ભાવને આભારી છે, એટલે કે ઘણી વખત ભાષાની સરહદો રાજકીય, ધાર્મિક અને સામાજિક સરહદો તરફ ખેંચાય છે અને રાજકીય સરહદો વગેરે સરહદો સ્થાપિત થયા પછી લગભગ ૫૦ વર્ષે નવી ભાષાકીય સરહદો અસ્તિત્વમાં આવે છે; પણ જ્યારે રાજકીય વગેરે સરહદો બદલાય છે, લુપ્ત થાય છે ત્યારે ભાષાકીય જૂની સરહદો લગભગ ૨૦૦ વર્ષ સુધી ચાલુ રહે છે. અને પછી ઘણી ધીમી ગતિએ ભુંસાય છે. ટૂંકામાં ભાષામાં થતા ફેરફારો વાગ્વ્યવહારના ઘનવિરલ ભાવ ઉપર, ભાષા બોલતાં જુદાં જુદાં સામાજિક જૂથોની પ્રતિષ્ઠા, સરસાઈ ઉપર અને સામાજિક વ્યવહાર (લગ્ન, યાત્રા, વેપાર, વગેરે) ઉપર ખાસ આધાર રાખે છે.

**જૂનવાણી રૂપો :** ઘણી વખત એવું બને છે કે જ્યારે લગભગ આખા પ્રદેશ પર એક પ્રચલિત રૂપ સાંભળવામાં આવે છે ત્યારે પ્રદેશના કોઈ એક કે બે **ઊંડા ખૂણાઓમાં** તેનાથી જુદાં કેટલાંક જૂનવાણી રૂપો સંભળાય છે. જેમ કે: ગોળ, કેડ રૂપો ગુજરાતના લગભગ બધા પ્રદેશમાં બોલાય છે ત્યારે ઓખામંડળ, પોરબંદર, રાજૂલા જેવા દૂરના ભાગોમાં ગળ, કડ રૂપો જોવા મળે છે. આ થવાનું કારણ એ છે કે પહેલાં સમગ્ર પ્રાન્તમાં ગળ, કડ વગેરે રૂપો પ્રચલિત હતાં, પરંતુ પાછળથી કોઈ કેન્દ્રમાંથી ગોળ, કેડ રૂપો ચાલુ થઈ, જૂનાં રૂપોને હાંકી કાઢી દેશના મોટા ભાગ પર પોતાનું આધિપત્ય સ્થાપ્યું; પણ તે નવું મોજું ગમે તે કારણસર ઓખામંડળ કે વેરાવળ સુધી પહોંચી શકયું નહીં. એ કારણથી ત્યાં જૂનાં રૂપો જ ચાલુ રહ્યાં. આવાં રૂપોને જૂનવાણી રૂપો કહેવામાં આવે છે. જૂનવાણી અને નવાં રૂપો જોવામાં આવે ત્યારે સમજવું કે તે પ્રદેશમાંનાં બધાં જૂનાં રૂપોનો નાશ કરીને તેમના પર નવાં રૂપોનું મોજું ફરી વળ્યું છે. જ્યારે ઓખામંડળ ને વેરાવળ જેવા કે ખારાગોઢા અને ભાવનગર જેવા તદ્દન જુદા પડેલ અનેક સ્થળોએ એક જ પ્રકારનાં જૂનવાણી રૂપો મળે તો સમજવું કે ભૂતકાળમાં આ પ્રદેશમાં બધે જૂનાં રૂપો હતાં અને પછી તેના પર નવાં રૂપોનું મોજું ફરી વળ્યું. ગુજરાતી અને બંગાળી જેવી પૂર્વપશ્ચિમની ભાષાઓ વચ્ચે સેંકડો માઈલોનું અંતર છે છતાં બન્નેમાં 'છે' ધાતુનાં કેટલાંક રૂપો વપરાય છે તે આ સિદ્ધાન્તને આધારે સમજી શકાય છે.

**નહિ હારેલ બોલીઓ :** છેવટે ભાષામિશ્રણના એક પ્રકાર ઉપર ધ્યાન દોરવા રજા લઉં છું. આપણે જાણ્યું કે જ્યારે કોઈ બળવાન કેન્દ્રમાંથી ભાષાનાં નવાં રૂપો ફેલાવા માંડે છે ત્યારે તેનાં મોજાં કેન્દ્રની ચારે બાજુ આવેલ જૂના રૂપોનો નાશ કરી તેમની જગાએ પોતાનું આધિપત્ય જમાવે છે. આનું નામ (લિંગ્વીસ્ટિક લેવલીંગ) ભાષાકીય સમીકરણ. પરંતુ કોઈ કોઈ વખતે એવું બને છે કે તે મોજું બધાં જૂનાં રૂપોને પહોંચી વળવા પૂરતી શક્તિવાળું હોતું નથી, અને તેથી કોઈ કોઈ સ્થળે જૂનાં રૂપો સદંતર વિનાશમાંથી બચી જાય છે. અથવા જૂની બોલી બોલતાં કેટલાંક કુટુંબો, ટોળીઓ, વસાહતો નવાં રૂપોનો પ્રતિકાર કરી જૂની રસમ ચાલુ રાખે

છે, એટલે તે બધી જગાએ જૂનાં રૂપો સજીવન રહે છે; તેથી આગળ વધીએ તો ઘણે ઠેકાણે એમ પણ જણાય છે કે જૂની બોલીની પરંપરા મજબૂત હોવાને કારણે તેને આખા પ્રદેશમાંનાં ઘણાં માણસો બોલવાનું ચાલુ રાખે છે અને સાથે સાથે નવીન બોલી પણ પોતાની શક્તિ પ્રમાણે તે જ પ્રદેશમાં ફેલાય છે, તથા ઘણા માણસો નવીન પ્રકારે બોલવાનું પણ સ્વીકારે છે. આવા પ્રદેશમાં **મગચોખાના મિશ્રણની** પેઠે જૂની અને નવી બોલીઓ બોલનારાઓનો ઓછાવત્તા પ્રમાણમાં છંટકાવ રહી જાય છે. આ પરિસ્થિતિ દમણથી મુંબઈ સુધીના, ગુજરાતની દક્ષિણે આવેલ પ્રદેશમાં છે. ત્યાં લગભગ ૫૫ થી ૬૦ ટકા મરાઠી અને ૪૫ થી ૪૦ ટકા ગુજરાતી બોલનારાઓનું તિલતંડુલ ન્યાયે મિશ્રણ જોવામાં આવે છે; લોકો દ્વિભાષી નથી, પણ પ્રદેશ દ્વિભાષી છે.

આ પ્રમાણે બોલીઓ અને તેનો અભ્યાસ કરવાની રીતો પર બની શક્યું તેટલું લોકભોગ્ય છતાં શાસ્ત્રીય શુદ્ધિ સાચવીને સંક્ષેપમાં નિરૂપણ કર્યું. સમય અને અનુકૂળતા મળ્યે વિશેષ વક્તવ્ય રજૂ કરવાની તક લેવાશે.

---

# પ્રભાસપાટણનાં પ્રાચીન જૈનમંદિરો

મધુસૂદન ઢાંકી
હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી

બ્રાહ્મણ ધર્મનું મહાતીર્થ પ્રભાસ મધ્યયુગમાં પ્રશસ્ય જિનક્ષેત્ર તરીકે પણ પ્રસિદ્ધ હતું. 'શત્રુંજય-માહાત્મ્ય' અને એવા પ્રકારના જૈન ગ્રંથોનાં પાછલા કાળના પ્રક્ષેપસૂત્રોમાં પ્રભાસ-પાટણનો 'ચંદ્રપ્રભાસ' તરીકે ઉલ્લેખ થયેલો મળે છે,[1] એટલું જ નહિ પણ જૈનદષ્ટિએ એ તીર્થનું મહત્ત્વ સૌરાષ્ટ્ર પ્રદેશમાં શત્રુંજયેશ શ્રીયુગાદિદેવ અને રૈવતાચલાધીશ ભગવાન નેમિનાથ પછી તરતનું સ્વીકારાયેલ છે. આ પુરાણ-પવિત્ર તીર્થની પ્રાચીનતા અંગે જૈન સાહિત્યમાં જે દંતકથાઓ અને આખ્યાયિકાઓ પ્રચલિત છે તેને બાજુએ રાખીએ તોપણ એટલું તો ચોક્કસ સ્વીકારવાનું રહેશે કે વલભીભંગસમયે ચંદ્રપ્રભ, અંબિકા અને ક્ષેત્રપાલની પ્રતિમાઓ ત્યાંથી પ્રભાસમાં લાવવામાં આવી એ હકીકત લક્ષમાં લેતાં પ્રભાસમાં જૈનતીર્થની પ્રાચીનતા એ કાળ સુધીની ગણવી જ જોઈએ. એ પરંપરાગત હકીકત ખાસ કરીને ચૌદમા પંદરમા શતકના જ પ્રબંધાત્મક અને તીર્થનિરૂપણના[2] સાહિત્યમાં જળવાયેલી જોવામાં આવે છે; પરંતુ એ ગ્રંથોની

---

૧. 'શત્રુંજય–માહાત્મ્ય' સર્ગ ૯–૫૧, સર્ગ ૧૩–૩૧ અને સર્ગ ૧૪–૯૪. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીએ અકાટ્ય પ્રમાણો દ્વારા આ ગ્રંથની રચના ઈ. સ. ૧૩૧૫ બાદ થઈ હોવાનું સિદ્ધ કર્યું છે. (જુઓ 'મૈત્રકાલીન ગુજરાત', ભા. ૨જો, પૃ. ૪૮૯.) આ ઉપરાંત 'વીરવંશાવલી'-માં સંપ્રતિએ પ્રભાસમાં જિનાલય બંધાવ્યાનો ઉલ્લેખ છે તેમ જ તે મંદિર ચદ્રપ્રભનું હોવાનો તર્ક કરવામાં આવ્યો છે (જુઓ 'જૈનસત્યપ્રકાશ' ક્રમાંક ૩૭); પણ એ માટે હાલ તો કોઈ પ્રમાણ પ્રાપ્ત નથી. પટ્ટાવલી સમુચ્ચયકાર મુનિ શ્રી દર્શનવિજયજીએ 'વિચારશ્રેણી' (ઈ. સ. ૧૩૪૪)-માંથી જે કાલાનુક્રમ પરિશિષ્ટ ૩ (સી)માંથી ઉદ્ધૃત કર્યો છે તેમાં વીરનિર્વાણ ૪૧૬ પછી દેવપત્તનમાં ચંદ્રપ્રભજિનભવન થશે તેવો ઉલ્લેખ છે.

तदा च देवपत्तने चंद्रप्रभजिनभवनं भविष्यति ।

પણ આ કથનને શ્રદ્ધેય ગણી શકાય એવાં કોઈ ઐતિહાસિક પ્રમાણો ઉપલબ્ધ નથી.

૨. મેરુતુંગાચાર્ય–વિરચિત 'પ્રબંધ–ચિંતામણિ,' સર્ગ ૫૦ (ઈ. સ. ૧૩૦૫), શ્રી જિનપ્રભસૂરિ–રચિત 'વિવિધતીર્થકલ્પ' અંતર્ગત 'સત્યપુરતીર્થકલ્પ' (ઈ. સ. ૧૩૧૧) અને મુનિશ્રી જિનવિજયજી–સંપાદિત 'પુરાતન–પ્રબંધ–સંગ્રહ' માંહેની હસ્તપ્રત 'પી' (ઈ. સ. ૧૪૭૨)માં આ ત્રણ પ્રતિમાઓ અધિષ્ઠાતા દેવના પ્રભાવે વ્યોમમાર્ગે પ્રભાસ આવ્યાનો ઉલ્લેખ છે. વર્તમાન ચંદ્રપ્રભ–જિનાલયમાં અંબિકાની પ્રતિમા પર ઈ. સ. ૧૩૦૯નો તુલ્યકાલીન લેખ છે; જોકે વલભી વિશે એ મૌન સેવે છે. લેખ વધુમાં આ અંબિકાની દેવકુલિકાનો જીર્ણોદ્ધાર એ વર્ષમાં થયાનો નિર્દેશ કરે છે; પણ શૈલીની દૃષ્ટિએ એ પ્રતિમાને લેખના સમય કરતાં પ્રાચીનતર કહી શકાય

રચના પ્રમાણમાં પાછલા કાળે થયેલી છે, એવું કારણ દર્શાવી આ સબળ પરંપરા કાઢી નાખવા જેવી નથી. પ્રભાસમાં પાછળથી બંધાયેલ કેટલાંયે જૈનમંદિરો આજે વિલીન થઈ ગયાં છે, એનું વિસ્મરણ પણ થઈ ગયેલ છે, પણ મધ્યકાલીન જૈન સાહિત્યમાં આ તીર્થના જૈન અધિષ્ઠાતા દેવ ચંદ્રપ્રભનો ઉલ્લેખ વારંવાર થયેલ છે એ હકીકત નકારી શકાય નહીં. સંભવ તો એવો છે કે આ પ્રતિમાઓ વલભીથી પ્રભાસમાં લાવવામાં આવી તેનું કારણ એ યુગનું એ જાણીતું જૈનકેન્દ્ર હશે. આજે પણ પરંપરાગત ચંદ્રપ્રભ જિનાલય કાળના વારાફેરાઓ સહી સ્થળાંતર, રૂપાંતર પામ્યા છતાં ટકી રહી પ્રભાસતીર્થને ગરવું બનાવી રહ્યું છે. બારમા શતકના અંતમાં અને તેરમા શતકની શરૂઆતમાં દિગમ્બર જૈન સંપ્રદાયને પ્રભાસના ચંદ્રપ્રભની જાણ હતી, એટલું જ નહિ પણ એ સંપ્રદાયપ્રસ્થાપિત ચંદ્રપ્રભ મંદિર પણ ત્યાં હોવાની સંભાવના છે.[1] ઉપર નિર્દેશાયેલ ગ્રંથ–પરમ્પરાની સામગ્રી હકીકતમાં સાચી હોય તો પ્રભાસમાં શ્રીવલભીચંદ્રપ્રભની પ્રતિષ્ઠા ઈશુ વર્ષ ૭૮૮–૮૯ કે એની આસપાસ થઈ હોવી જોઈએ[2] આ સ્થળે એ પણ નોંધવું જોઈએ કે 'પ્રબંધકોશ' (રચના કાળ ઈ. સ. ૧૩૪૯)માં બપ્પભટ્ટિસૂરિ-(૯મી શતાબ્દિ)એ પ્રભાસમાં ચંદ્રપ્રભને નમસ્કાર કર્યાનો ઉલ્લેખ છે; પણ એની વિશ્વસ્તતા

---

એમ નથી. એટલે તારતમ્ય એ નીકળે છે કે ઈ. સ. ૧૨૯૮માં ઉલૂઘખાને કરેલા વિનાશ પછી અંબિકાની નવી જ પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. 'નાણાવાલગચ્છ–પટ્ટાવલી' અનુસાર આચાર્ય પ્રભાનંદસૂરિનો પ્રભાસમાં ઈ. સ. ૮૨૪માં સ્વર્ગવાસ થયો. આ વાત સાચી હોય તો પ્રભાસ નવમા શતકના પ્રારંભમાં શ્વેતામ્બર જૈનોનું કેન્દ્ર હોવાની હકીકતને વિશેષ સમર્થન મળી રહે.

૧. હાલ જુનાગઢ મ્યૂઝિયમમાં સંરક્ષિત કરવામાં આવેલ ભીમદેવ બીજાના સમયના, પ્રભાસમાંથી પ્રાપ્ત થયેલા સં. ૧૨××ના ખંડિત લેખમાં કોઈ જીર્ણશીર્ણ જિનાલયનો જીર્ણોદ્ધાર થયાનો ઉલ્લેખ છે; અને એમાં પહેલી જ પંક્તિમાં (श्रे)यादमीष्ट संसिध्यैमुखं चंद्रप्र(भः) અને ત્રેવીસમી પંક્તિમાં (स) चंद्रप्रभः स प्रभुस्तीरे पश्चिम सागरस्य जयतादिगवाससां शासनम् કહ્યું છે. લેખ દિગમ્બર સંપ્રદાયને લગતો છે. એનું વિશેષ પ્રમાણ બારમી પંક્તિમાં મળી રહે છેઃ (म्नं) दिसंघे गणेश्वराः बभूवुः कुंदकुंदाख्याः साक्षातकृतः जगत्त्रयाः । જોકે આ લેખના અવશિષ્ટ રહેલ ભાગમાં ક્યાંયે પ્રભાસનો સીધો ઉલ્લેખ નથી તોપણ એ કલ્પવું અઘરું નથી કે એવું જ 'સોમેશ' શબ્દના પ્રયોગથી છત્રીસમી પંક્તિમાંથી સૂચન નીકળે છેઃ सीतायाः स्थापना यत्र सोमेशः पक्षपात कृत ॥ જુઓ DISKALKAR, D. B., *Poona Orientalist, Vol. II, No. 4 (1938)*, p. 222 અને લેખની પુનર્વાચના JHOHRAPURKAR, V. P. *Epigraphia Indica, Vol. XXXIII, July 1959* Plate III, pp. 117-120. આ પ્રતિમાના સ્નાનપયથી કુષ્ટરોગ જતો હોવાનું શિલાલેખમાં જણાવ્યું છે. મદનકીર્તિરચિત "શાસન–ચતુસ્ત્રિંશિકા' (તેરમી સદીનો પૂર્વાર્ધ)માં દિગમ્બર જૈનતીર્થોનું ટૂંકુ વર્ણન કરેલું છે તેમાં આ જ શ્લોક શબ્દશઃ આપેલો છે. સંભવ છે કે એ પ્રભાસના ચંદ્રપ્રભને ઉદ્દેશીને કહેવાયું હશે. એમ છતાં દિગમ્બર સાહિત્યમાં પ્રભાસના ચંદ્રપ્રભને લગતો કોઈ ઉલ્લેખ નથી, એવું સ્વ. પંડિત નાથુરામ પ્રેમીજીએ પત્ર દ્વારા પ્રથમ લેખકને જણાવેલું.

૨. શાસ્ત્રી, હ. ગં., 'મૈત્રકકાલીન ગુજરાત', ભાગ ૧, પૃષ્ઠ ૧૫૯–૬૦.

ચકાસવાનું કોઈ સાધન આજે ઉપલબ્ધ નથી.[1] આ અંગે જે હોય તે, પણ એટલું ખરું છે કે પ્રભાસમાં શ્રીચંદ્રપ્રભના આગમનના કારણે જૈનદૃષ્ટિએ આ તીર્થનું મહત્ત્વ પ્રસ્થાપિત થઈ જતાં ઈશુની બીજી સહસ્રાબ્દીના પ્રારંભિક સમયમાં જ જૈનમંદિરોની નિર્માણ–પ્રવૃત્તિને ખૂબ જ વેગ સાંપડ્યો હતો.

પ્રભાસમાંનાં જૈન મંદિરો રચવામાં ગુજરાતની સોલંકી યુગમાં પ્રચલિત અલંકારપ્રધાન સ્થાપત્યશૈલીના સર્વોત્તમ નમૂના સમાં હતાં એ હવે પછી વિચારીશું. પથ્થરના પ્રકાર-ભેદ સિવાય એની શિલ્પસમૃદ્ધિ આબુનાં મંદિરો સાથે સ્પર્ધા કરી શકે તેવી હતી. પરંતુ સોમનાથના પ્રસિદ્ધ દેવાલય સિવાય બ્રાહ્મણસંપ્રદાયના પ્રણાલિકાગત પ્રભાસનાં અન્ય મહત્ત્વનાં સ્થળોની જેમ જૈન મંદિરો પરત્વે પણ સંશોધકોનુ લક્ષ દોરાયું નહિ, એટલું જ નહિ પણ એ પ્રત્યે ઉપેક્ષા પણ સેવવામાં આવી. 'સ્કંદપુરાણ' જેવા બ્રાહ્મણગ્રંથોમાં જૈનમંદિરોના ઉલ્લેખની અપેક્ષા રાખી ન શકાય, પરંતુ જૈન ગ્રંથોમાંયે પ્રભાસનાં જૈનમંદિરોનો ઉલ્લેખ કેવળ સંક્ષિપ્ત, પરોક્ષ અને અસ્પષ્ટ જ થયેલો જોવામાં આવે છે; અને એને પરિણામે પ્રભાસમાં નિર્માણ થયેલા જ્વલંત અને જાજ્વલ્યમાન, ભવ્ય અને ભદ્ર જૈન પ્રાસાદોનો ખ્યાલ આજે તો અલ્પ પ્રમાણમાં જ રહેલો છે.

સૌ પહેલાં આપણે પ્રાચીનતમ અને પુરાણ-પવિત્ર ચંદ્રપ્રભ-જિનાલયના ઇતિહાસની કડીઓ શોધવા પ્રયાસ કરીએ. ઉપલબ્ધ સાધનસાહિત્યનું નિરીક્ષણ કરતાં સોલંકીયુગના પૂર્વાર્ધ સુધી પ્રભાસના ચંદ્રપ્રભ વિશે કોઈ ઉત્કીર્ણ લેખ કે ગ્રંથસ્થ ઉલ્લેખ મળતો નથી. હાલના ચંદ્રપ્રભ-જિનાલયમાં ધાતુની એક અતિ મધુર અને મનોરમ કાયોત્સર્ગ પ્રતિમા પર ઈ.સ. ૧૦૦૯નો તુલ્યકાલીન લેખ છે. પરંતુ એની પૂર્ણ વાચના થઈ શકી ન હોવાથી, આ પ્રતિમાની પ્રતિષ્ઠા પ્રભાસમાં જ થયેલી કે કેમ એ નિશ્ચિત કહેવું કપરું બને છે.[2] એ પ્રતિમાની

---

૧. 'પ્રબંધકોશ'–અંતર્ગત બપ્પભટ્ટિ–પ્રબંધ.

૨. શ્રી સારાભાઈ નવાબે 'ભારતીય જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય'માં આ પ્રતિમાનું ચિત્ર પ્રગટ કર્યું છે ( ચિત્ર ૩૨ ). આ પ્રતિમા પશ્ચિમ ભારતની ધાતુપ્રતિમાવિધાન–પ્રણાલીના એક ઉત્કૃષ્ટ ઉદાહરણ સમી છે. એના નીચેના ખંડમાં પદ્મપીઠિકા પર ગરુડાસના દેવી ચક્રેશ્વરી શોભી રહ્યાં છે. એમના હસ્તોમાં અનુક્રમે માલા, ચક્ર, અને શંખ રહેલાં છે. ફરતું સુંદર પરિકર્મ ભદ્રભાગે સ્થિત છે. એમના વામપક્ષે શિશુ અને આમ્રલુંબી-ધારી યક્ષી અંબિકા ઘટાટોપ નીચે ઊભેલાં છે, જ્યારે દક્ષિણ પક્ષે માલાધારિણી ઊભેલી જણાય છે. ઉપરના ખંડમાં ભદ્રપીઠ પર કાયોત્સર્ગમાં સ્થિર જિનેશ્વરની અત્યંત પ્રભાવશાળી પ્રતિમા રહેલી છે. એમની ધોતી પરની સળી અને ગ્રંથિબંધ પશ્ચિમ ભારતની પ્રાચીન શિલ્પપ્રથાના જાણે કે અંતિમ અવશેષરૂપે ઉપસ્થિત છે. પગ પાસે બંને બાજુ વાહિકો ત્રિભંગમાં ઊભાં રહેલાં છે, જ્યારે પરિકરની સ્તંભિકાઓમાં ઉભય પક્ષે ત્રણ ત્રણ કાયોત્સર્ગ જિનની પ્રતિમાઓ પરિકર્મમંડિત શોભી રહી છે. મુખ્ય જિન-પ્રતિમાના શિર પર મુક્તાદામયુક્ત છત્રત્રય રહેલું છે, જ્યારે મસ્તકની બન્ને બાજુએ ગગનગામી માલધરો દૃષ્ટિગોચર થાય છે. દક્ષિણ પક્ષની પાર્શ્વસ્તંભિકા પર ગજ અને વ્યાલ શિરોભાગે રહેલાં છે. એ જ પ્રમાણે વામપક્ષે મકર અને વ્યાલ આવી રહેલાં છે. છત્રત્રયની આજુબાજુ ગજારૂઢ હિરણ્યેન્દ્રો નિયમાનુસાર ઉપસ્થિત છે. આ પરિકર-યુક્ત સમસ્ત પ્રતિમા-વિધાન બેનમૂન કહી શકાય તેવું છે.

મૂળ પ્રતિષ્ઠા પ્રભાસમાં જ થઈ હોય તો મહમૂદ ગઝનવીના પ્રભાસ પર થયેલા આક્રમણ પૂર્વે ત્યાં કોઈ જૈન મંદિરની હસ્તી હોવાની સંભાવના અવશ્ય પ્રગટ થાય છે; પરંતુ જૈન સંપ્રદાયમાં પ્રતિમાઓનું–અને એમાંયે ખાસ કરીને ધાતુપ્રતિમાઓનું–સ્થળાંતર કર્યાનાં કેટલાંયે દૃષ્ટાંતો હોઈ, પ્રસ્તુત કાયોત્સર્ગ–પ્રતિમા વિશે પૂરક માહિતીના અભાવે એની વાસ્તવિક પરિસ્થિતિ અંગે કશું ચોક્કસ અનુમાન દોરી શકાય નહિ.

પણ એ ખરું કે 'પ્રબંધ-ચિંતામણિ' (રચનાકાળ ઈ. સ. ૧૩૦૫)માં એક પ્રસંગમાં દેવપત્તન-ચંદ્રપ્રભનો ઉલ્લેખ આચાર્ય હેમચંદ્રને કરતા બતાવ્યા છે. એમાંથી એટલું જરૂર ફલિત થાય છે કે બારમી શતાબ્દીમાં ચંદ્રપ્રભ-જિનાલયનું અસ્તિત્વ હતું.[1] 'પ્રબંધકોશ' અને 'પુરાતન-પ્રબંધ-સંગ્રહ' માંહેની 'બી' સંજ્ઞક હસ્તપ્રત (રચનાકાળ ૧૫મી શતાબ્દી)માં કુમારપાળે દેવપત્તન-ચંદ્રપ્રભની યાત્રા કર્યાનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે; પરંતુ એ અતિ આશ્ચર્યજનક છે કે જેમની દૃષ્ટિએ આ પ્રસંગ ખૂબ જ મહત્ત્વનો ગણાય તેવા સ્વયં આચાર્ય હેમચંદ્રે કે મેરુતુંગાચાર્યે આ પરત્વે મૌન સેવેલું છે. હાલના ચંદ્રપ્રભ-જિનાલયના ભૂમિગ્રહમાં લેખ ધરાવતા બે પબાસણો પર અનુક્રમે ઈશુ વર્ષ ૧૧૬૪ અને ૧૧૮૪ના તુલ્યકાલીન લેખો છે;[2] પણ એમાં ચંદ્રપ્રભ-જિનાલયનો ઉલ્લેખ ન હોવાને લીધે, એ લેખો ચંદ્રપ્રભ-જિનાલયની હસ્તી દર્શાવવા માટે પૂરતા ન ગણાય. આ પૈકીનો પહેલો લેખ કુમારપાળના શાસનકાળનો છે જ્યારે બીજો ભીમદેવ બીજાના સમયનો છે. આ લેખો દ્વારા એટલું જ કહી શકાય કે આ સમય દરમિયાન અહીં કોઈ જૈન મંદિર હતું; પણ 'અંચલગચ્છ-પટ્ટાવલી'માં મંત્રી (કે શ્રેષ્ઠી) આંબા કે આચાર્ય જયસિંહસૂરિના ઉપદેશથી ચંદ્રપ્રભના જિનાલયનો ઉદ્ધાર કરાવ્યાનું જે કથન છે તે સાચું હોય તો બારમા શતકના ઉત્તરાર્ધ પહેલાં આ મંદિરનું અસ્તિત્વ હોવા અંગે બળવાન પ્રમાણ સાંપડી રહે.

પણ તેરમી શતાબ્દીના પ્રારંભકાળે ચંદ્રપ્રભ-જિનાલયનું અસ્તિત્વ હતું એ પુરવાર કરવા માટે તો સમકાલીન અને ઉત્તરકાલીન સંખ્યાબંધ ગ્રંથસ્થ પ્રમાણો મોજૂદ છે; અને એ તમામ આ વિશે એકમત છે. વસ્તુપાળના સમય દરમિયાન પ્રભાસનું ચંદ્રપ્રભ–જિનાલય સુપ્રસિદ્ધ અને સ્વયં-પ્રસિદ્ધ હતું. કવિ સોમેશ્વર,[3] કવિ બાલચંદ્ર,[4] મેરુતુંગાચાર્ય,[5] રાજશેખર-સૂરિ[6] અને જિનહર્ષગણિ,[7]—એ સૌ લેખકોએ પ્રભાસની યાત્રાસમયે વસ્તુપાલે શ્રીચંદ્રપ્રભની

---

૧. પ્ર. ચિં.-અંતર્ગત દેવબોધિ-પ્રબંધ.

૨. સ્વ. વલ્લભજી હરિદત્ત આચાર્યે આ બે પૈકીના સંવત ૧૨૪૦ (ઈ. સ. ૧૧૮૪)ના લેખનો નિર્દેશ વૉટ્સન મ્યુઝિયમના ૧૯૦૫-૬ના વાર્ષિક અહેવાલમાં કર્યો છે; જ્યારે ઈ. સ. ૧૧૬૪વાળો લેખ દ્વિતીય લેખકે ચંદ્રપ્રભ જિનાલયના ભૂમિગૃહમાં જોયેલો.

૩. 'કીર્તિકૌમુદી' સર્ગ ૯/૭૦.

૪. 'વસંતવિલાસ' સર્ગ ૧૧.

૫. 'પ્ર. ચિં.' સર્ગ ૪.

૬. 'ચતુર્વિંશતિ-પ્રબંધ'.

૭. 'વસ્તુપાલ-ચરિત' પ્રસ્તાવ-૬.

કરેલ અર્ચનાનો સ્પષ્ટ શબ્દોમાં ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત પ્રભાસપાટણ મ્યૂઝિયમમાં સંગ્રહાયેલી પાર્શ્વનાથની પ્રતિમાના પબાસણ પરના ઈ. સ. ૧૨૮૨ના તુલ્યકાલીન લેખમાં એની પ્રતિષ્ઠા ચંદ્રપ્રભચૈત્યમાં થયાનો અતિ સ્પષ્ટ ઉલ્લેખ છે.[૧] તેરમી શતાબ્દીના અંતભાગમાં થયેલ મુસ્લિમ આક્રમણ પછી પણ એ મંદિરનું અસ્તિત્વ જીર્ણોદ્ધાર પામી ચાલુ રહ્યાનો નિર્દેશ અગાઉ પાદટીપ નં. ૨ માં ચર્ચેલી અંબિકાની મૂર્તિ નીચેના શિલાલેખમાંથી મળી રહે છે.[૨] પંદરમી શતાબ્દીમાં ઇશુ વર્ષ ૧૪૬૫ના તુલ્યકાલીન લેખો ધરાવતી ચંદ્રપ્રભની બે ધાતુ-પ્રતિમાઓ ચંદ્રપ્રભના મંદિરમાં જ પ્રતિષ્ઠિત છે,[૩] અને એ આ મંદિરમાં એ કાળ દરમિયાન પણ પૂજા ચાલુ હોવાનું સૂચન કરી જાય છે. સત્તરમી શતાબ્દીના પ્રારંભકાળે તો આ મંદિરનો મોટા પાયા પર જીર્ણોદ્ધાર થયો જણાય છે. જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિના શિષ્ય શ્રીવિજયસેનસૂરિએ ઈ. સ. ૧૬૧૦માં આ મંદિરમાં લગભગ દશેક જેટલી પ્રતિમાઓ અધિવાસિત કરી હતી.[૪] શહેનશાહ અકબર અને એ પછીનાં તરતના વર્ષો જૈનધર્મને અનુલક્ષીને સાર્વત્રિક જીર્ણોદ્ધારનો કાળ હતો, અને તેથી અહીં પણ જીર્ણોદ્ધાર થવા અંગે કશું આશ્ચર્યજનક નથી. શહેનશાહ અકબરનું શાહી ફરમાન મેળવી શ્રીહીરવિજયસૂરિ અને એમના શિષ્યગણે આ સમય દરમિયાન રાજસ્થાન અને ગુજરાતમાં ઘણાં સ્થળોએ જીર્ણોદ્ધાર અને પુનઃપ્રતિષ્ઠા કરાવેલ. એ વાત સાચી છે કે પ્રભાસના ચંદ્રપ્રભના જીર્ણોદ્ધાર વિશે ચંદ્રપ્રભના મંદિરમાંથી ક્યાંયે સ્પષ્ટ અને સીધો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી, પણ ઇશુ વર્ષ ૧૬૧૦માં મોટી સંખ્યામાં એ મંદિરમાં થયેલ પ્રતિમા-પ્રતિષ્ઠાના સંદર્ભમાં તેમ જ મંદિરની સ્થાપત્યશૈલીના અભ્યાસથી એટલું તો જરૂર નક્કી થઈ શકે કે મંદિરનો પણ જીર્ણોદ્ધાર એ સાલ આસપાસ અવશ્ય થયો હોવો જોઈએ. ત્યારપછી આજ દિવસ સુધી ચંદ્રપ્રભ–જિનાલયનું અસ્તિત્વ અબાધિત રીતે ચાલુ રહ્યું જણાય છે, અને એ એટલે સુધી કે ઔરંગઝેબના સમયમાં થયેલી વિનાશલીલામાંથી પણ સંભવતઃ એ બચવા પામ્યું હતું. છેલ્લો મોટા પાયા પરનો જીર્ણોદ્ધાર હાલમાં જ શ્રી સંઘ તરફથી સુપ્રસિદ્ધ સ્થપતિ શ્રા પ્રભાશંકર સોમપુરાના નિદર્શન તળે થયો છે.

---

૧. स. १३३८ वर्षे अद्येह श्रीदेवपत्तने श्रीचन्द्रप्रभस्वामीचैत्ये वैशाख शुदि ३ खौ श्री पल्लीवालजातीय भां. आसा-सुत भां. धांधपुत्रेण भां. सीडहेन स्वपितृ श्रेयसे श्री पार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं मलधारि स्वगुरु श्री ?( भा )णंदसूरिभिः ॥

૨. આ લેખ આ પ્રમાણે વંચાય છે:

संवत् १३६५ वर्षे वैशाख वदि ५ बुधे श्रीदेवपत्तनवास्तव्य श्री श्रीमाल ज्ञातीय पितृ ठ. सोमसींहस्य मातृगुउडरदेव्याश्च पुण्याय श्री चन्द्रप्रभस्वामीचैत्ये पूर्वं व्योममार्गेण समागतायाः अम्बिकाया मूर्ते जीर्णोद्धार पूर्वक द्वयालंकृता या देवकुलिका ..........ठ. सुहडसीहेन कारितः पेटलापद्रीय श्रीमदन-सूरिणां प्रसादेन धवलक्कीय श्री धर्मदेवसूरिभिः प्रतिष्ठिता शुभं भवतु ।

૩. 'શ્રી સિદ્ધચક્ર' વર્ષ ૧૮, અંક ૬, ૭, પૃ. ૧૪૫.

૪. એ જન, પૃ. ૧૪૫-૧૪૬-૧૪૭-૧૪૮.

ઉપલબ્ધ માહિતી અનુસાર પ્રભાસમાં લખાયેલી હસ્તપ્રતોની પુષ્પિકાઓમાં પ્રભાસના કોઈ પણ જૈન મંદિરનો ઉલ્લેખ નથી,[૧] એમ છતાં તેરમી શતાબ્દીના સમાપ્તિકાળ પૂર્વે ચંદ્રપ્રભ-ચૈત્ય ઉપરાંત અહીં બીજાં ચાર શ્વેતામ્બર સંપ્રદાયનાં જિનમંદિરો હતાં એમ માનવા પૂરતાં પ્રમાણો છે.

ગુર્જરેશ્વર કુમારપાળે દેવપત્તનમાં પાર્શ્વનાથ-ચૈત્ય બંધાવ્યાનું આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ 'દ્વયાશ્રયકાવ્ય'માં કહે છે. 'પ્રબંધ-ચિંતામણિ'માં શ્રીસોમેશ્વરપત્તનના કુમારવિહારનો ઉલ્લેખ છે, તે જિનાલયને હેમચંદ્રાચાર્યે કહેલ પાર્શ્વનાથચૈત્ય માનવામાં હરકત નથી. આ મંદિર બારમી શતાબ્દીના ત્રીજા ચરણમા કયારેક બંધાયું હોવાનું અનુમાન કરી શકાય.[૨]

પ્રભાસમાં એક ત્રીજા મંદિર વિશે નિર્દેશ 'પ્રબંધ–ચિંતામણિ'ના પોતે બંધાવેલા અષ્ટાપદ પ્રાસાદના કલશવિધિ માટે પ્રસ્થાન કરતાં મંત્રીશ્વર વસ્તુપાલના ચિત્રણમાંથી પ્રાપ્ત થાય છે.[૩] ઉત્તરકાલીન હોવા છતાં પણ અતિ પ્રમાણભૂત ગણી શકાય તેવું જિનહર્ષગણિ-રચિત 'વસ્તુપાલ-ચરિત્ર' (રચનાકાલ ઈશુ વર્ષ ૧૪૪૧) ઉપર્યુક્ત વિધાનને પુષ્ટિ આપે છે; એટલું જ નહિ પણ વધુમાં એમ કહે છે કે મંત્રીના (વસ્તુપાલના) અનુજે (તેજપાલે) ત્યાં આદિ જિનેન્દ્રનું મંદિર બંધાવ્યું;[૪] પરંતુ સંભ્રમમાં મૂકી દે એવી હકીકત તો એ છે કે વસ્તુપાલના વિદ્યાશ્રિતો અને સમકાલીન પ્રશંસકો આ બંને બંધુઓ પ્રભાસમાં નિર્માણ કરેલ સ્થાપત્યનો પોતાની ગ્રંથરચના કે પ્રશસ્તિઓમાં કયાંયે ઉલ્લેખ કરતા નથી.

આ બાબતમાં કવિ સોમેશ્વરના મૌનનો બહુ અર્થ નથી. એની 'કીર્તિ-કૌમુદી'માં વસ્તુપાલની સ્થાપત્ય-નિર્માણ પ્રવૃત્તિઓ વિશે અતિ આછોપાતળો અહેવાલ છે; અને એનું કારણ એ છે કે આ ગ્રંથની રચના વસ્તુપાલની કારકિર્દીના આરંભકાળમાં થઈ હોય એમ જણાય

---

૧. સ્વ. શ્રી. સી. ડી. દલાલ સં. 'પત્તનભાંડાગારીય ગ્રંથસૂચિ' તેમ જ 'જેસલમીર ભાંડાગારીય ગ્રંથસૂચિ.' (પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા, પ્રકાશિત) અને મુનિશ્રી પુણ્યવિજયજી-સમ્પાદિત 'દેશવિરતિધર્મારાધક સભા' દ્વારા પ્રકાશિત 'પ્રશસ્તિસંગ્રહ' તેમ જ મુનિશ્રી જિનવિજયજીસંપાદિત 'જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ' અને થોડા સમય પહેલાં લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર તરફથી પ્રકાશિત સંસ્કૃત-પ્રાકૃત હસ્તપ્રતોની મહાસૂચિના બંને ભાગો પણ તપાસી જોયાં છે. આ લેખ તૈયાર કરવામાં ઉપયોગી નીવડે તેવા જૈન ગ્રંથોની સંદર્ભસૂચિ મોકલવા માટે મુનિશ્રી પુણ્યવિજયજી તથા ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીના લેખકો ઋણી છે.

૨. શ્રી. કે. કા. શાસ્ત્રી 'અનુશીલન'માં મેરુતુંગ-કથિત કુમારવિહારપ્રાસાદ પ્રભાસ-પાટણમાં નહીં, પણ અણહીલપાટણમાં હોવા વિશેની માન્યતા પ્રગટ કરે છે; પણ હેમચંદ્રનું પ્રમાણ લક્ષમાં લેતાં કુમારવિહાર પ્રભાસપાટણમાં પણ હોવા વિશે કોઈ શંકા રહેતી નથી. મુનિશ્રી જિનવિજયજી-સંપાદિત 'કુમારપાલ ચરિત્રસંગ્રહ'માં પ્રભાસપાટણના કુમારવિહાર વિશે કોઈ ખાસ નવીન નોંધ નથી.

૩. પ્ર. ચિં., સર્ગ. ૪.

૪. વ. ચ., પ્રસ્તાવ ૬.

છે. મોટે ભાગે તો વસ્તુપાલની ઈશુ વર્ષ ૧૨૨૧ની મહાતીર્થયાત્રા પછી તરતમાં થયેલ હોય તેમ લાગે છે.[૧] સોમેશ્વર વસ્તુપાલને પ્રભાસમાં તો લાવે જ છે જેની નોંધ અત્રે લઈએ.

રચના-કાળની દૃષ્ટિએ સોમેશ્વરની 'કીર્તિ-કૌમુદી' પછી મૂકી શકાય એવી તો છે વસ્તુપાલે ભૃગુકચ્છના શકુનિકાવિહારમાં ધર્મપ્રીત્યર્થે કરાવેલ સુકૃત્યોને અનુલક્ષીને એ મંદિર માટે રચાયેલી જયસિંહસૂરિની પ્રશસ્તિ. એની હસ્તપ્રત ઈ. સ. ૧૨૩૦ના વર્ષની પ્રાપ્ત થયેલ હોઈ, વસ્તુપાલની દેવપત્તનની બીજી વારની યાત્રા કરતાં દેખીતી રીતે જ વહેલી હોઈને આ સમસ્યા પર કોઈ પ્રકાશ પાડી શકે એમ નથી.

ત્યાર પછી આવે છે ઉદયપ્રભસૂરિરચિત 'ધર્માભ્યુદય મહાકાવ્ય'. આ ગ્રંથની રચના ગિરનારના વસ્તુપાલ-વિહારના શિલાલેખો (ઈ. સ. ૧૨૩૨)ના સમય પહેલાં તો થઈ હોવી જોઈએ, કેમ કે આ ગ્રંથમાં વસ્તુપાલે કરાવેલાં બાંધકામોની નોંધમાં ગિરનાર અને શત્રુંજય પરનાં કામોની પૂરી યાદી આપવામાં આવી નથી.[૨] શત્રુંજય પરના યુગાદિદેવના મંદિર સંમુખ વસ્તુપાલે કરાવવા માંડેલો ઇન્દ્ર-મંડપ એ સમયે હજુ બંધાતો હશે એમ એના લખાણ પરથી જણાય છે.

શત્રુંજય પરના એ ઇન્દ્ર-મંડપમાં લગાવવા માટે આ બંને બંધુઓનાં સુકૃત્યોની પ્રશસ્તિ કરતી આ જ લેખકની 'સુકૃતકીર્તિ કલ્લોલિની'માં 'ધર્માભ્યુદય મહાકાવ્ય'માં નહિ ઉલ્લેખાયેલ, શત્રુંજય પર વસ્તુપાલે કરાવેલ સત્યપુર—મહાવીર અને ભૃગુપુર—મુનિસુવ્રતના મંદિરનો ઉલ્લેખ છે. પરંતુ આ પ્રશસ્તિમાં પણ ગિરનાર પરના વસ્તુપાલનાં સ્થાપત્યકામોની નોંધ લીધેલ નથી અને તેથી એની રચના પણ ગિરનારના શિલાલેખોના સમય પૂર્વે થયેલી હોવી જોઈએ.

અરિસિંહરચિત 'સુકૃતસંકીર્તન'માં વસ્તુપાલની ધર્મવિષયક પ્રવૃત્તિઓનું વિશદ વર્ણન આપવામાં આવ્યું છે; પરંતુ એમાં પણ પ્રભાસમાં નિર્માણ કરાયેલાં મંદિરોની વાત વિષે ઉદાસીનતા સેવવામાં આવી છે. 'સુકૃતસંકીર્તન'નો રચનાકાળ ઈશુ વર્ષ ૧૨૩૧ પૂર્વેનો માનવામાં આવ્યો છે, કેમ કે એમાં આબુ પરના તેજપાલે બંધાવેલ નેમિનાથ મંદિરનો ઉલ્લેખ નથી.[૩] એની ઉત્તર સીમા ઈશુ વર્ષ ૧૨૨૨ પછીની ગણવામાં આવે છે, કારણ કે વિમલવસહીમાં મલ્લદેવના શ્રેયાર્થે વસ્તુપાલે ઈશુ વર્ષ ૧૨૨૨માં કરાવેલ દેવકુલિકાનો એમાં ઉલ્લેખ છે; પરંતુ આ મુદ્દો જરા વિવાદાસ્પદ ગણાય, કારણ કે 'સુકૃતસંકીર્તન'માં ગિરનાર પર વસ્તુપાલે કરાવેલાં આદિનાથ અને પાર્શ્વનાથનાં મંદિરનો ઉલ્લેખ છે! આનો સૂચિતાર્થ એટલો જ થાય કે ગિરનાર પરનાં પાર્શ્વનાથ અને આદિનાથનાં મંદિરો વહેલાં પૂર્ણ થઈ ગયાં હશે; અને આદિનાથના મંદિરની સાથે વામ અને દક્ષિણ ભાગે જોડેલ અષ્ટાપદ-મંડપ તેમ જ

---

૧. જુઓ 'કીર્તિકૌમુદી'ના ગુજરાતી ભાષાન્તરની સ્વ. શ્રી. વલ્લભજી હરિદત્ત આચાર્યની પ્રસ્તાવના તેમ જ ડૉ. ભોગીલાલ સાંડેસરા-રચિત 'મહામાત્ય વસ્તુપાલનું સાહિત્ય-મંડળ'.

૨. જુઓ 'ધર્માભ્યુદય મહાકાવ્ય'ની પ્રસ્તાવના તેમ જ મ. વ. સા. મં.

૩. જુઓ પ્રસ્તાવના, 'સુકૃત-સંકીર્તનમ્' (જૈન આત્માનંદ-સભા, ભાવનગર).

સમેત-શિખર-મંડપ (કે જે બંનેમાં ઈશુ વર્ષ ૧૨૩૨ની સાલવાળા ત્રણ ત્રણ લેખો સ્થિત છે) તેની રચના જરા પાછળથી થયેલી હશે. સંભવ છે કે ગિરનાર પરનું આદિનાથ મંદિર પેલા બે પાર્શ્વમંડપો બાદ કરતાં, થોડું પ્રાચીન હોય.[1] આ સિવાય વિજયસેનસૂરિકૃત 'રેવંત-ગિરિરાસુ' અને પાલ્હણપુત્રકૃત 'આબૂરાસ' (ર. કા. ઈ. સ. ૧૨૩૩)માં અનુક્રમે ગિરનાર અને આબુ પર કરાવેલાં સુકૃત્યોનો જ ઉલ્લેખ હોઈ આ વિષય પર કશું કહેવામાં આવ્યું નથી.

વસ્તુપાલના સમકાલીન લેખકોમાં કદાચ સૌથી છેલ્લા નરેન્દ્રપ્રભસૂરિ છે. એમની વિરલ અને અત્યંત પ્રમાણભૂત કહી શકાય તેવી ૧૦૪ શ્લોકપ્રમાણ-પ્રશસ્તિ અત્યાર સુધી મળી આવેલ પ્રશસ્તિઓમાં સૌથી મોટી અને સવિશેષ વિગતવાળી છે; પણ એમાંયે પ્રભાસનાં મંદિરો વિશે કશું જ કહેવામાં આવ્યું નથી.

ગિરનારના ઉપર ચર્ચેલ વસ્તુપાલ-વિહારના શિલાલેખોમાં આ બંને બંધુઓની વાસ્તુવિષયક પ્રવૃત્તિઓ વિશે ઘણી માહિતી આપવામાં આવેલી હોવા છતાં એ લેખો પ્રભાસમાં હાથ ધરાવેલ કામો વિશે કશું કહેતાં જણાતાં નથી; આથી એટલું સ્પષ્ટ થાય છે કે આ તમામ ગ્રંથો અને પ્રશસ્તિઓ પ્રભાસમાં એમણે કરાવેલ મંદિરો પૂર્વે રચાઈ ગયેલાં હોવાં જોઈએ.

આ અનુસંધાને હવે છેલ્લી નોંધ બાલચંદ્રના 'વસંતવિલાસ'ની લઈએ. એની રચના વસ્તુપાલના સ્વર્ગગમન (ઈશુ વર્ષ ૧૨૪૦) પછી થયેલી હોઈ એમાંથી કંઈક માહિતી મેળવવાની આશા રાખી શકાય; પણ એ ગ્રંથમાં તો વસ્તુપાલની કીર્તનાત્મક પ્રવૃત્તિઓનો સામાન્ય–અતિસામાન્ય–નિર્દેશ છે અને તેથી એ ગ્રંથની આ વિષયની બાબતમાં કશી ઉપયુક્તતા રહેતી નથી.

પરંતુ વસ્તુપાલના સમયથી બહુ દૂર નહિ એવા મેરુતુંગાચાર્યનું પ્રમાણ બાજુએ રાખતાં પહેલાં વિચાર કરવો પડે એમ છે. જિનહર્ષ તો એ અષ્ટાપદ-પ્રાસાદ ચંદ્રપ્રભ-જિનાલયના અંતભાગે બંધાયો કહી એના સ્થાનનો પણ નિર્દેશ કરે છે. એટલે આ બાબતમાં પુરાતત્ત્વના પ્રમાણો ઉપલબ્ધ થઈ શકે તો અષ્ટાપદ-પ્રાસાદની અને સાથે સાથે તેજપાલે કરાવેલ આદિનાથના મંદિરની સંભાવના સ્વીકારવામાં ખાસ વાંધો નથી.

તેરમા શતકમાં પ્રભાસમાં ભગવાન નેમિનાથનું પણ એક સ્વતંત્ર મંદિર અસ્તિત્વમાં હતું. ચંદ્રપ્રભ-જિનાલયના ભૂમિગૃહમાં સંરક્ષિત રાખવામાં આવેલા એક ભગ્ન પબાસણના ઈશુ વર્ષ ૧૨૮૭ના તૂલ્યકાલીન વર્ષના મહત્ત્વના શિલાલેખના ખંડમાં એ મંદિરનો સીધો ઉલ્લેખ છે. એમાં કહ્યું છે કે મુનિસુવ્રતસ્વામીની સમલિયા-વિહાર-ચરિત્રસહિત દેવકુલિકા શ્રી સોમેશ્વરપત્તનદેવમાં શ્રી નેમિનાથચૈત્ય વિશે કરવામાં આવી.[2] આ નેમિનાથ-જિનાલય ક્યારે

---

૧. આ સારાયે ઝૂમખાનો ગિરનાર પરના રાજુલની ગુફા પાસેના ઈ. સ. ૧૨૩૩ના તુલ્યકાલીન લેખમાં 'વસ્તુપાલ-વિહાર' તરીકે પરિચય આપવામાં આવ્યો છે.

૨. संवत १३४३ वर्षे माघ वदि १ शनीवर्येह श्रीसोमेश्वरपत्तनदेव श्रीनेमिनाथचैत्ये श्री-आगमिक संघेन श्रीमुनिसुव्रतस्वामी बिंबं समलीयाविहारचरित्रसहितं आत्मश्रेयार्थं देवकुलिकासहितं कारापितं प्रतिष्ठितं श्रीचंद्रगच्छे श्रीपृथ्वीचन्द्रसूरि शिष्यैः श्रीविजयचंद्रसूरिभि। 'શ્રીસિદ્ધચક્ર', વર્ષ ૧૮, અંક ૬-૭, પૃષ્ઠ ૧૪૫).

બંધાયું હશે એ પ્રશ્ન સહેજે ઉપસ્થિત થાય છે. 'શત્રુંજયપ્રકાશ'ના કથન મુજબ ઈશુ વર્ષ ૧૨૬૪માં માંડવગઢ (મંડપદુર્ગ)ના પેથડશાએ મહાતીર્થયાત્રા કરી તે દરમિયાન દેવપત્તનમાં એક જિનાલય કરાવેલું. રત્નમંદિરગણિના પંદરમા શતકનાં લખાણોમાં મંડપદુર્ગના પેથડશાએ જૈનતીર્થોમાં જે સુકૃત્યો કરાવ્યાનો ઉલ્લેખ છે તેમાં સોમેશ્વરપત્તનનો પણ ઉલ્લેખ છે.[૧] ઈશુ વર્ષ ૧૩૦૪ના અરસામાં રચાયેલા 'પેથડરાસુ'માં પેથડશાને સોમનાથ અને ચંદ્રપ્રભને વંદના કરતા દર્શાવ્યા તો છે જ,[૨] અને તેથી એ સંભવિત છે કે પ્રભાસપાટણમાં ઈશુ વર્ષ ૧૨૬૪ની આસપાસ કોઈ જિનાલય બંધાયું હોય અને એ કદાચ ઉપર્યુક્ત નેમિનાથનું જિનાલય હોય. ઉપર્યુક્ત વિગતોનું પુનરવલોકન કરતાં એટલું ચોક્કસ જણાય છે કે ઉલૂઘખાનના આક્રમણ પૂર્વે પ્રભાસમાં નીચે દર્શાવેલ જૈન મંદિરો વિદ્યમાન હતાં :

(૧) ચંદ્રપ્રભ જિનાલય (દિગમ્બર સંપ્રદાય)
(૨) ચંદ્રપ્રભ જિનાલય (શ્વેતામ્બર સંપ્રદાય)
(૩) કુમારવિહાર પ્રાસાદ (પાર્શ્વનાથ ચૈત્ય)
(૪) વસ્તુપાલ-નિર્મિત, અષ્ટાપદ પ્રાસાદ.
(૫) તેજપાલ-નિર્મિત, આદિનાથ-જિનાલય અને
(૬) પેથડશા-નિર્મિત (?) નેમિનાથ-ચૈત્ય.

આ મંદિરોના અસ્તિત્વ વિશે આપણને ઉપલબ્ધ સ્થાપત્ય અવશેષોના પરીક્ષણ દ્વારા જે કંઈ પ્રમાણો પ્રાપ્ત થાય છે તે હવે વિચારીએ :

(૧) આઠમા શતકના અંતભાગમાં કે નવમા શતકની શરૂઆતમાં પ્રભાસમાં દિગમ્બર સંપ્રદાયનું કોઈ મંદિર વિદ્યમાન હતું એવા થોડાંક, પણ ચોક્કસ પ્રમાણો પ્રાપ્ત થયાં છે. પ્રભાસ-પાટણથી લાવવામાં આવેલી અને હાલ જૂનાગઢ મ્યૂઝિયમમાં સંરક્ષિત થયેલી આદિનાથની શીર્ષવિહીન પણ અતિસુંદર અને સૌમ્ય પ્રતિમા આ પરત્વે પ્રથમ દાર્શનિક પુરાવો પૂરો પાડે છે (ચિત્ર નં. ૧). એનું પબાસણ પ્રાચીન શૈલીનું છે; વચ્ચે ધર્મચક્ર છે; એની બાજુ સામસામા મુખ માંડી બેઠેલાં સત્યમૃગ અને કરુણામૃગીની સુરેખ આકૃતિઓ કંડારેલ છે. બન્ને છેડે પીઠ વાળી બેઠેલા સિંહો છે. આસનના બન્ને પક્ષે જોવામાં આવતા 'ગજમકરવ્યાલ' તદ્દન ખંડિત થયેલાં છે. ખભા પર કેશવલ્લરી શોભે છે. પ્રતિમાનું દેહસૌષ્ઠવ ઉચ્ચ પ્રકારનું છે. શીર્ષવિહીન હોવા છતાંયે પ્રતિમા પ્રભાવશાળી લાગે છે. નિર્માણકાળ નવમા શતકનો આરંભ હોઈ શકે છે. આ ઉપરાંત પ્રભાસથી જૂનાગઢ મ્યૂઝિયમમાં લાવવામાં આવેલી ભૂરા પથ્થરની એક ખૂબ ખંડિત બાહુબલીની દિગમ્બર કાયોત્સર્ગ પ્રતિમા પણ ગણનાપાત્ર છે. પ્રતિમા જરા વિશેષ ખંડિત હોઈ એના કાળનો નિર્ણય કરવો મુશ્કેલ છે, છતાં પગ પાસે કંડારેલ વલ્મિક તેમ જ શિર ઉપર વૃક્ષના

---

૧. જુઓ રત્નમંદિર-કૃત 'ઉપદેશ-તરંગિણી' (આ. ઈ. સ. ૧૪૫૯) તેમ જ રત્ન-મંડન-કૃત 'સુકૃત-સાગર' (આ. ૧૫મો સૈકો); પેથડશા અંગેની નોંધ માટે જુઓ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (મો. દ. દેસાઈ), પૃ. ૪૦૫.

૨૮. શ્રી. કે. કા. શાસ્ત્રી, 'આપણા કવિઓ', ખંડ ૧લો, પૃ. ૧૯૭.



ચિત્ર ૧

આદિનાથઃ પ્રભાસપાટણ
[હાલ જૂનાગઢ મ્યૂઝિયમમાં]



ચિત્ર ૨

પરિકર (૧૧મી શતાબ્દી): પ્રભાસપાટણ

(પુરાતત્ત્વ ખાતું, ગુજરાતરાજ્યના સૌજન્યથી)



ચિત્ર નં. ૩

કુમારવિહારના રંગમંડપનો સભામંદારક વિતાન (હાલ જુમા મસ્જિદ, પ્રભાસપાટણ)
વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી.



ચિત્ર નં. ૪
વસ્તુપાલ-નિર્મિત અષ્ટાપદપ્રાસાદના મંડપનો સભામંદારક વિતાન
(હાલ જુમા મસ્જિદ, પ્રભાસપાટણ) વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી.

છાયાછત્રના વળાંકો જોતાં આ પ્રતિમાને નવમા શતકની આસપાસ મૂકી શકાય. માત્ર ચરણારવિંદો બાકી રહ્યાં છે તેવી શ્વેત પાષાણની એક પદ્માસનસ્થ જિન-પ્રતિમા પ્રભાસના રામપુષ્કરકુંડ સમીપની વાવની દીવાલમાંથી પ્રભાસપાટણ મ્યૂઝિયમને પ્રાપ્ત થયેલી છે. ચરણોની અંગુલિઓનું કંડારકામ અતિ મનોહર અને ઉત્કૃષ્ટ શૈલીનું છે. પાષાણ પણ આઠમાથી દશમા શતક સુધીમાં પ્રભાસમાં વપરાતો તે પ્રકારનો છે. આ દૃષ્ટિએ આ પ્રતિમા મોડામાં મોડી દશમા શતકમાં જરૂર કંડારવામાં આવી હોય એવા અનુમાનને વિશેષ આધાર મળે છે. આ જ પ્રકારના પાષાણના પરિકરનો પાર્શ્વસ્તંભિકાનો કાયોત્સર્ગ દિગમ્બર જિન ધરાવતો એક ખંડ પણ ઉપર્યુક્ત સ્થળેથી પ્રાપ્ત થયો છે. આ જ સ્થળેથી એક સુંદર દિગમ્બર ચોવીસીજિનપટ્ટના બે ખંડો પણ પ્રાપ્ત થયા છે. આ પૈકીનો એક જૂનાગઢ મ્યૂઝિયમમાં લઈ જવામાં આવેલ છે જ્યારે બીજો પ્રભાસપાટણ મ્યૂઝિયમમાં સુરક્ષિત રાખવામાં આવેલ છે.

આ ઉપરાંત વેળુકા પાષાણના કંડારેલા ત્રણ ફલકો હાલ ચંદ્રપ્રભ જિનાલયના ભૂમિ-ગૃહમાં સંરક્ષિત કરવામાં આવ્યા છે, એની વિગત જોઈ જઈએ. ફલક નં. ૧ ત્રણેમાં સૌથી પ્રાચીન છે અને ખૂબ જ ઘસારો લાગેલ હોવા છતાં વિરલ પ્રકારના નમૂનામાંહેનો છે. ફલકની રચના જોતાં એના ત્રણ ખંડ પડી જાય છે. નીચેના ભાગમાં વચ્ચે ચૈત્ય વૃક્ષના થડની વામપક્ષે અશ્વારૂઢ આકૃતિઓ અને દક્ષિણ પક્ષે એવી જ ચાર આકૃતિઓ બતાવી છે. મધ્યખંડમાં વચ્ચેથી એક કલ્પતરુ સમું ત્રિશાખાયુક્ત ચૈત્ય વૃક્ષ પાંગરી રહ્યું છે. એના પર વચ્ચે પદ્માસનસ્થ જિનમૂર્તિ વિરાજમાન છે. એના મસ્તક પર છત્રછાયા ઢોળી રહ્યું છે અને બન્ને બાજુની શાખાની ઘટા પર ઊભી કાયોત્સર્ગ દિગમ્બર જિનાકૃતિઓ કંડારેલી છે. આ બન્ને મૂર્તિઓની એક બાજુ આકાશચારી માલાધર અને બીજી બાજુ વસંતરાજ શોભી રહ્યાં છે. વૃક્ષની નીચે જમણી બાજુ માતુલિંગ–ધારી સર્વાનુભૂતિ યક્ષ અને ડાબી બાજુ કદાચ યક્ષી અંબિકા અર્ધ પર્યંકાસને સ્થિર થયેલાં છે. યક્ષ અને યક્ષીની બાજુએ એક એક આરાધકની મૂર્તિની પાર્શ્વ-દર્શિત આકૃતિ બતાવવામાં આવી છે. પ્રતિમાઓનાં મુખ ખૂબ ઘસાઈ જવાને લીધે એનો કાળ નિર્ણય કરવાનું કામ જરા કપરું છે. આખુંયે આયોજન શ્વેતામ્બર સંપ્રદાયનું નહિ પણ સ્પષ્ટ રીતે દિગમ્બરપ્રણાલી અનુસારનું છે. ગુજરાતની કેટલીક તળપદી લાક્ષણિકતાઓ બાદ કરીએ તો મધ્યભારતમાં દશમા અગિયારમા સૈકામાં જોવામાં આવતા આવા દિગમ્બર સંપ્રદાયના પ્રતિમા-ફલકો સાથે ઘણે અંશે સામ્ય ધરાવે છે.[1] આ ફલક દશમી શતાબ્દિમાં કંડારાયો હશે. ફલક નં. ૨ પંચતીર્થી છે. મસુરક નીચે યક્ષ અને યક્ષીની ઘસાઈ ગયેલ મૂર્તિઓ છે. વચ્ચેની પદ્માસનસ્થ પ્રતિમાને ખાસ ઘસારો લાગ્યો નથી. એના મસ્તક પર છત્ર છે. બાજુમાં એક એક કાયોત્સર્ગ–પ્રતિમા છે. એ બંને પર પદ્માસનસ્થ મૂર્તિઓ છે. ફલક નં. ૧ની ત્રિતીર્થી જેટલી આ પંચતીર્થી પ્રાચીન નથી. વધુમાં વધુ ૧૧મી શતાબ્દીના મધ્યભાગે ભરાવવામાં આવી હશે.

ફલક નં. ૩ની પંચતીર્થી આગલા ફલક કરતાં પણ પાછળના કાળની છે. એનુ કંડારકામ રૂક્ષ અને ઊંડાણ વિનાનું છે અહીં યક્ષયક્ષી પ્રમાણમાં વધારે મોટા હોઈ સ્પષ્ટ છે. મસુરક

---

૧. મધ્યપ્રદેશમાં આવેલા દેવગઢ અને ખજૂરાહોમાં જિનના માતા-પિતાવાળી દિગમ્બર સંપ્રદાયની પ્રતિમાઓ આ ફલક સાથે સારું સામ્ય ધરાવે છે.

વિસ્તીર્ણ કમલ પર આધારિત છે. વચલી જિન-પ્રતિમાના મસ્તક પર છત્રત્રય શોભે છે. તેરમા શતકના અંતભાગ કરતાં આ પ્રતિમા પ્રાચીન જણાતી નથી.

આ સિવાય આ જ સંગ્રહમાં આરસની એકાદ ફૂટ ઊંચી નાગછત્રધારી કાયોત્સર્ગ પાર્શ્વનાથની ત્રણ દિગમ્બર પ્રતિમાઓ છે. એક પૂર્ણ કદની પીળા આરસની ખંડિત જિન-પ્રતિમા પણ છે. આ છેલ્લી ચાર પ્રતિમાઓ બારમા શતકના અંત ભાગ કરતાં પ્રાચીન જણાતી નથી અને મોટે ભાગે ભીમદેવ બીજાના સમયે થયેલા જીર્ણોદ્ધાર સમયે કે એ પછીનાં થોડાં વર્ષોમાં પ્રતિષ્ઠિત થઈ હશે.

આ જ કાળમાં મૂકી શકાય તેવો દિગમ્બર જૈન મુનિની આકૃતિવાળો મંદિરની જંઘાનો ખંડ રામપુષ્કરકુંડ પાસેથી મળી આવેલો અને હાલ એને પ્રભાસપાટણ મ્યૂઝિયમમાં પ્રદર્શિત કરવામાં આવ્યો છે.

શિલ્પોનાં આ પ્રમાણો જોતાં એમ જણાય છે કે આઠમા નવમા શતકની આસપાસ પ્રભાસમાં કોઈ દિગમ્બર જૈન મંદિર અવશ્ય હતું. મહમૂદ ગઝનવીના આક્રમણ સમયે આ મંદિર નષ્ટ થયું હોય અને ત્યારપછી એના પર કાંઈ ધ્યાન આપવામાં આવ્યું ન હોય. ભીમદેવ બીજાના સમયમાં દિગમ્બર મુનિ હેમસૂરિએ જે જીર્ણશીર્ણ જિનાલયનો ઉદ્ધાર કરાવેલો તે મોટે ભાગે આ જ ચંદ્રપ્રભનું મંદિર હોઈ શકે. આ શિલાલેખનો નિર્દેશ પાદટીપ નં. ૩માં અગાઉ અપાયેલ છે.

દિગમ્બર મંદિરને લગતા તમામ શિલ્પખંડો રામપુષ્કરકુંડ પાસેથી મળી આવેલા છે. અને તેથી આ મંદિર એ કુંડની આસપાસમાં જ હોવું જોઈએ. આ રામપુષ્કરકુંડ પાસે પાનવાડી મસ્જિદના પ્રવેશદ્વારમાં મંદિરોના કાટમાળમાંથી બનાવેલી પીળા પાષાણની સાદી પણ સૌમ્ય જૈન મંગલમૂર્તિ ધરાવતી દ્વારશાખા છે. મસ્જિદમાં હિ. સં. ૭૨૦નો ફારસી લેખ હતો.[૧] સંભવ છે કે હેમકીર્તિએ કરેલ જીર્ણોદ્ધારવાળા મંદિરનો જ કાટમાળ આ મસ્જિદમાં રૂપાંતર પામ્યો હોય. પીળા પાષાણનો બહોળો ઉપયોગ કુમારપાળના સમયથી થવા લાગેલો. આ દ્વારશાખા એની શૈલીની દૃષ્ટિએ બારમા તેરમા શતકની જણાય છે. મસ્જિદની સ્તંભાવલી પ્રમાણમાં સાદી છે.

(૨) શ્વેતામ્બર સંપ્રદાયનાં મંદિરોમાં સૌથી પ્રાચીન મંદિરપરંપરા અનુસાર વલભી-ચંદ્રપ્રભનું હશે એ અંગે આ અગાઉ ચર્ચા થઈ ગયેલી છે. આ મંદિર સાથે સીધી રીતે સાંકળી શકાય તેવાં આઠમા શતકથી અગિયારમા શતકના પ્રથમ ચરણ સુધીનાં શિલ્પ કે સ્થાપત્યનાં કોઈ પ્રમાણો દુર્ભાગ્યે હજી સુધી મળી શક્યાં નથી. સંભવ છે કે મહમૂદ ગઝનવીના આક્રમણ સમયે ચંદ્રપ્રભના આ મંદિરનો નાશ થયો હોય અને પાછળથી જીર્ણોદ્ધારકોએ ખંડન પછીના તમામ જૂના અવશેષો દૂર કર્યા હોય; પરંતુ અગિયારમી શતાબ્દીના પૂર્વાર્ધમાં મૂકી શકાય તેવી પ્રભાસથી જૂનાગઢ મ્યુઝિયમમાં આવેલી શ્વેત પાષાણની એક શીર્ષવિહીન પદ્માસનસ્થ સવસ્ત્ર પ્રતિમા આ સમય પૂરતું તો મહત્ત્વનું પ્રમાણ પૂરું પાડે છે. એના પબાસણનો ભાગ હજી આગલા યુગની

૧. આ લેખ હાલ જૂનાગઢ મ્યૂઝિયમમાં સંરક્ષિત કરવામાં આવ્યો છે.

પ્રથાને અનુસરે છે, પણ એ સારી રીતે ખંડિત હોઈ આ પ્રતિમા કયા જિનની હશે એ નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ. પ્રતિમાની બન્ને બાજુએ કંડારેલી ચામરધારી મૂર્તિઓની શૈલી સ્પષ્ટપણે અગિયારમી શતાબ્દીના પ્રારંભકાળની છે. જિનપ્રતિમાનું વસ્ત્ર પણ ઘણું જ પાતળું અને કટિસૂત્રરહિત છે. આ સિવાય હાલના ચંદ્રપ્રભ-જિનાલયના ભૂમિગૃહમાં એક ત્રિકોણાકાર પરિકરના ઉપરનો છત્રવૃતનો વેળુકા–પાષાણનો ખંડ સંરક્ષિત કરવામાં આવેલો છે. ( ચિત્ર નં. ૨ ). શૈલીની દૃષ્ટિએ આ ખંડ અગિયારમી શતાબ્દીમાં મૂકી શકાય એમ છે. સામાન્ય રીતે પરિકરનો છત્રવૃત અર્ધ-વર્તુળાકાર હોય છે, પણ અહીં એ ત્રિકોણાકાર હોઈ વિશેષતા અને વિરલતા સૂચવી રહે છે. વિગતની દૃષ્ટિએ અહીં પણ ઐરાવતારૂઢ હિરણ્યેન્દ્રો, ગંધર્વો, દુંદુભિધારી દેવો, શંખપાલ વગેરેની પરિકરોમાં સામાન્ય રીતે જોવામાં આવતી આકૃતિઓ ઉપસ્થિત છે.

આ ઉપરાંત પ્રભાસમાં પંચમુખમહાદેવ સામેની ઓરડીની ભીંતમાં યક્ષી અજિતાની અત્યંત સુડોળ અને ભાવવાહી આરસની પ્રતિમા જડેલી છે. પ્રતિમાના નીચલા બે હસ્તો ખંડિત છે. ઉપરના બે હાથોમાં અનુક્રમે અંકુશ અને પાશ જોવામાં આવે છે. નીચે ગાયનું કે વૃષનું વાહન છે. દેવીના મસ્તકે કરંડ મુકુટ શોભે છે. ગ્રીવામાં પહેરેલ રત્નજડિત હાર અને બાહુબલોની કારીગરી ખૂબ ઝીણવટભરી અને સુંદર છે. સુરેખ, લલિતલયમયી આ સુંદર પ્રતિમાનો કંડારકાળ આગયારમા શતકના મધ્ય ભાગનો જણાય છે.

અત્યારનું પ્રભાસનું ચંદ્રપ્રભ-મંદિર તપાસી જોતાં અવશિષ્ટ રહેલો જૂનો ભાગ સ્પષ્ટ રીતે જ સત્તરમી સદીનો જણાઈ આવે છે.[૧] શત્રુંજય પરના ભુલવણી મંદિર (ઈશુ વર્ષ ૧૬૧૯), જામનગરમાં વર્ધમાન શાહે બંધાવેલ શાંતિનાથ જિનાલય ( ઈશુ વર્ષ ૧૬૧૬ થી ૧૬૨૨ ), તથા રાયસીશાહવાળા ચતુર્મુખ સંભવનાથના મંદિર ( ઈશુ વર્ષ ૧૬૪૦ ) અને પોરબંદરના શાંતિનાથ મંદિર ( ઇશુ વર્ષ ૧૬૩૫ )ની કારીગરી સાથે આ મંદિરને સરખાવતાં આ હકીકત વિશેષ સ્પષ્ટ થશે. આગળ જોયું તેમ પ્રભાસના આ ચંદ્રપ્રભ જિનાલયમાં ઈશુ વર્ષ ૧૬૧૦ના વર્ષવાળા એક જ માસના લેખોનું બાહુલ્ય હોઈને આ સાલમાં જ ચંદ્રપ્રભનું મંદિર ફરીને બંધાયું લાગે છે. આ મંદિરમાં જૂના ભાગમાં ધ્યાન ખેંચે તેવો એનો ગૂઢ મંડપ છે. ગૂઢમંડપના નીચેના સ્તંભો બારમા-તેરમા શતકના છે, જ્યારે ઉપરના સ્તંભો પૈકી બે સ્તંભો સભામંડપ પર વેદિકામાં રાખવામાં આવે છે તેવા 'ઘટપલ્લવ' પ્રકારના છે. એની શૈલી અગિયારમા શતકના અંતભાગની જણાય છે; પણ સ્તંભો વચ્ચે ભરાવેલી જાળીઓ તેમ જ મંડપનો વિતાન સત્તરમા સૈકાની શૈલી બતાવે છે. દ્વારશાખાઓ પણ સત્તરમી સદીની જ જણાય છે. આથી એટલું સ્પષ્ટ થાય છે કે પહેલાના ચંદ્રપ્રભ-મંદિરના કાટમાળનો ઉપયોગ સત્તરમા સૈકાના જીર્ણોદ્ધાર સમયે કરવામાં આવ્યો હશે અને ચંદ્રપ્રભા-મંદિરનું મૂળ સ્થાન એના હાલના સ્થાનથી કદાચ બહુ દૂર નહિ હોય.

કુમારપાળે જે ચંદ્રપ્રભ-મંદિરની યાત્રા કરી હશે અને વસ્તુપાળે જેમાં અર્ચના કરેલી તે મંદિર કેવું હતું, કેવડું હતું, એ જાણવાને અત્યારે કોઈ સાધન ઉપલબ્ધ નથી. મોટે ભાગે

૧. જુઓ નવાબ સારાભાઈ, 'ભારતનાં જૈનતીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય' ( એમાં આ મંદિરના અંદરના ભાગનાં ચિત્રો ૧૮૪-૧૮૫.

એ મંદિર મહમૂદ ગઝનવીના આક્રમણ પછી જીર્ણોદ્ધાર સમયે બંધાયું હશે તે જ હોવું જોઈએ. ઉલૂઘખાનના આક્રમણ વખતે ફરીથી આ મંદિરનો નાશ થયો હશે અને ચૌદમા શતકના પહેલા દશકામાં અંબિકાની પ્રતિમાના શિલાલેખમાંથી જે પરોક્ષ નિર્દેશ સાંપડે છે તે અન્વયે એ કાળે એનો પુનરુદ્ધાર થયો હશે. ત્યાર પછી સત્તરમા સૈકાના જીર્ણોદ્ધારની વાત તો આપણે કરી ગયા.

(૩) કાલક્રમાનુસાર ચંદ્રપ્રભ પછી બંધાયેલું મંદિર કુમારપાળનું પાર્શ્વનાથ-ચૈત્ય હતું. એની શોધ માટે ગામની મધ્યમાં આવેલી આશરે ત્રણસો જેટલા હિન્દુ કારીગરીવાળા સ્તંભો ધરાવતી જુમામસ્જિદ તરફ વળીએ; એમાં સારી સંખ્યામાં બ્રાહ્મણ અને જૈન સંપ્રદાયનાં મંદિરોના અવશેષો છુપાયેલા છે. આ સ્થળે સૂર્યમંદિર હોવાનો અને સૂર્યકુંડ પૂરીને મસ્જિદનો વચલો ભાગ—ચૉક—બનાવ્યો હોવાનો તર્ક કઝિન્સ કરે છે.[૧] પ્રભાસપાટણની બ્રાહ્મણ-શ્રુતપરંપરા પણ આ જ કથા કહે છે.[૨] આ માન્યતાનું સમર્થન દીવાન રણછોડજી પોતાની 'સોરઠી તવારિખ'માં કરે છે;[૩] પરંતુ 'સ્કંદ-પુરાણ'ના કથન અનુસાર સોમનાથની ઉત્તરે આવેલા સામ્બાદિત્યનું મંદિર એમાં આપેલી ધનુષ-ગણત્રીના આધારે આ મસ્જિદના સ્થાન સાથે બંધબેસતું નથી. આ સામ્બાદિત્યનું મંદિર સોમનાથ અને મસ્જિદ બન્ને વચ્ચેના કોઈ સ્થળ પર હશે. 'સ્કંદપુરાણ'માં ઉલ્લેખાયેલાં તમામ બ્રાહ્મણ-મંદિરોને એક નકશા પર ઉતારતાં એમ જણાય છે કે આ મસ્જિદના સ્થળ જેટલા ભાગમાં શૂન્યાવકાશ રહે છે. આ ઘટના જરા આશ્ચર્યજનક લાગે છે; પણ એનું કારણ એ જણાય છે કે આ મસ્જિદને મૂળ સ્થાને એકથી વધુ વિશાળ જૈન મંદિરો ઊભાં હશે અને પ્રભાસખંડકાર આ નોંધ ન લે એ તદ્દન સ્વાભાવિક છે.

પ્રભાસનાં કેટલાંક જૈન મંદિરોના અસ્તિત્વના અનુમાનને સંપૂર્ણ સમર્થન આપી રહેતાં પ્રમાણો તો આ જ મસ્જિદની અંતર્ગત રહેલા સ્થાપત્યના સહજ અવલોકનથી આપોઆપ મળી રહે છે. જુમામસ્જિદનો પ્રવેશમંડપ છોડી આગળ રહેલ વિશાળ ચોગાન વટાવી પ્રાર્થના-ગૃહમાં આવી પહોંચતાં ત્યાં સ્તંભો વડે ટેકાવેલા પાંચ વિતાનો નજરે પડે છે. એમાંનો વચલો

---

૧. *A. S. I. Vol. XVI*, p. 250 અને *A. S. I. Vol. IX. Somanātha and other Mediaevel Temples in Kāṭhiāwār* p. 28. શ્રી. અંબાલાલ પ્રેમચંદ શાહ, 'જૈન તીર્થ સર્વસંગ્રહ'-(પ્રથમ ખંડ, પૃ. ૧૩૪.)માં છતના જૈન લક્ષણ તરફ ધ્યાન ખેંચે છે તે વ્યાજબી જ છે. ઈ.સ. ૧૯૨૭માં ડૉ. શાર્લોટે ક્રાઉઝેએ એમની પ્રભાસપાટણની મુલાકાત વખતે આ મસ્જિદની નિરીક્ષા કર્યા બાદ એ જૈનમંદિર હોવાનો અભિપ્રાય આપેલો, અને સ્વ. શ્રી શંકરપ્રસાદ હરપ્રસાદ દેસાઈએ એમને ત્યાં આવેલ દ્વિતીય લેખકને પ્રભાસના કાજી પાસે રહેલા એક ફારસી ખતની વાચના પરથી આ મસ્જિદને સ્થળે મૂળ 'મંદિર-ઈ-પારસનાથ' હતું એવું પ્રમાણ કહેલું. (જુઓ ક્રાઉઝે, શાર્લોટે, 'જૈન રૌપ્ય મહોત્સવ ગ્રંથ', પૃ. ૧૯૦).

૨. વૉટ્સન મ્યૂઝિયમના ૧૯૦૫-૬ના વાર્ષિક અહેવાલમાં સ્વ. વલ્લભજી હરિદત્ત આચાર્યે આ મસ્જિદના સ્થાનને 'અર્કસ્થળ' તરીકે ઓળખાવ્યું છે, તથા હોજને હિન્દુ લોકો સૂર્યકુંડ કહે છે એવી નોંધ કરી છે; પણ અર્કસ્થળ તો ત્રિવેણીકાંઠે હતું, જે અંગે સ્કંદપુરાણ અને પ્રભાસની પરંપરા એકમત છે.

૩૪. 'સોરઠી તવારીખ', ગુજરાતી ભાષાન્તર, પૃ. ૫૪.

વિતાન છોડતાં બાકીના ચાર વિતાનો સાદા છે, પરંતુ આ મધ્યનો વિતાન ખાસ ધ્યાન ખેંચે તેવો પૂર્ણ અલંકારમય છે. વચમાં અષ્ટાંશ કરી દ્વાદશ સ્તંભો પર આ સુંદર છતને ટકવેલી છે. આ સ્તંભો બધા લગભગ એક સરખી કોરણીવાળા અને બારમા શતકમાં બંધાયેલા સેજકપુરના પ્રસિદ્ધ નવલખા મંદિરના સભામંડપના અષ્ટાંશના સ્તંભોને ખૂબ જ મળતા આવે છે. અષ્ટાંશના ભારપટ્ટની સંધો પર પરિકર્મ કરેલાં છે; તેમાંથી મૂર્તિઓ તો નષ્ટ થઈ ચૂકી છે. વિતાનનાં અંગ-ઉપાંગો જોવા જેવાં છે. કર્ણદર્દરિકા ઉપરના રૂપકંઠમાં જિન-દર્શને જતા લોક-સમુદાયનાં દશ્યો એમાં આલેખાયેલાં છે. રૂપકંઠમાં સોળ વિદ્યાધરો શોભી રહ્યા છે. એની ઉપર વિદ્યાદેવીઓ માટેનાં આસનો ખાલી પડેલાં છે. રૂપકંઠ ઉપર કોલના ત્રણ થર અને ત્યારબાદ ત્રિભાગી ગજ-તાલુના ત્રણ થર અને છેવટે મધ્યમાં સાત થરવાળી નયનાભિરામ પદ્મશિલા ઝૂમી રહી છે. આ પદ્મશિલા ત્રિખંડા ગજતાલુના સંક્રમણથી નિર્મિત કરેલી છે. એમાં વચ્ચે પદ્મકેસરયુક્ત મુકુલિ સોહી રહી છે ( જુઓ ચિત્રાંક ૩ ). આવા પ્રકારની પદ્મશિલા કુમ્ભારીઆના નેમિનાથ મંદિરમાં મેઘનાદ-મંડપના વિતાનમાં જોવામાં આવે છે. સમસ્ત વિતાનનો વ્યાસ ૧૭′–૬″ છે. આ સુંદર છત વિશે કઝિન્સ બિલકુલ મૌન સેવે છે, એ અતિ આશ્ચર્યજનક છે.

આ વિતાનનાં જૈન લક્ષણ અંગે ઉપર કહ્યાં તે કારણોસર કોઈ શંકા રહેતી નથી; અને એની રચનાવિધિ બારમા શતકના મધ્યભાગ જેવી સ્પષ્ટ રીતે હોઈ કુમારવિહારપ્રાસાદની કલ્પનાને બરોબર અનુરૂપ થાય તેવો આ વિતાન છે. વધુમાં જુમામસ્જિદમાં કારીગરી-યુક્ત કુલ ત્રીસ નાની છતો પૈકીની ઘણીખરી બારમા શતકના પ્રકારની છે જે મૂળે કુમારવિહારમાં હોવી સંભવે છે.

આ મંદિરને લગતા કોઈ પ્રતિમાવશેષો સાંપડી શકે તેમ છે કે કેમ તે હવે તપાસીએ. અહલ્યાબાઈ હોલ્કરના સોમનાથના મંદિરના ભૂમિગૃહમાં ઉત્તર દિશાના ગોખમાં પ્રતિષ્ઠિત કરેલ શ્યામ પાષાણની લક્ષ્મી તરીકે પૂજાતી પ્રતિમાનું મૂર્તિવિધાન જરા ઊંડા ઊતરી તપાસવ જેવું છે. અહલ્યાના સોમનાથના મંદિરના પાયાના ખોદકામ ( ઈસુ વર્ષ ૧૭૮૨ )માં મળી આવેલી પ્રતિમાઓ માંહેની આ એક હતી. ( હ. પ્ર. શાસ્ત્રી પાસેના એક જૂના હસ્તલિખિત પત્રમાં આ હકીકત જણાવેલી છે ).

આ પ્રતિમાના હસ્તોમાં અનુક્રમે પદ્મ, પાશ, અંકુશ અને બીજપૂરક છે. નીચે કુક્કુટનું વાહન છે અને શિર પર ત્રિપલ્લી સર્પનું છત્ર છે. પ્રતિમા–ત્રિભંગ લચિત અને કરંડ મુકુટ, હાર, હ્રીણમાલા, બાહુબલ, મેખલા, કટિસૂત્ર આદિ અલંકારોથી શોભિત છે. શૈલીની દષ્ટિએ આ પ્રતિમાનો વિચાર કરીએ તો એમાં અગિયારમી શતાબ્દીની પ્રતિમાઓમાં જોવામાં આવતુ લલિત ડોલન નથી, જ્યારે બીજી બાજુથી તેરમા શતકથી દેખાતાં જડ થયેલાં અંગો પણ નથી. કંડારકામ એકંદરે શુદ્ધ અને સફાઈદાર છે. સોમનાથના કુમારપાળે બંધાવેલ મંદિરની જંઘાની દેવી પ્રતિમાઓની સાથે એનો મેળ બેસતો હોઈ આ પ્રતિમાને બારમા શતકના ઉત્તરાર્ધમાં સહેજે મૂકી શકાય. મૂર્તિવિધાનની દષ્ટિએ આ પ્રતિમા લક્ષ્મીની નહિ પણ પાર્શ્વનાથની શાસન-દેવી જૈન યક્ષી પદ્માવતીની છે. કુક્કુટ નામના સર્પને બદલે અહીં શિલ્પીએ કુક્કુટનો અર્થ કૂકડો કરી એ વાહન કરી નાખ્યું છે. આ મુદ્દો જરા મહત્ત્વનો ગણાય; કેમ કે શૈલીની દષ્ટિએ

બારમા શતકના ઉત્તરાર્ધની જણાતી પદ્માવતીની આ પ્રતિમાને સ્વાભાવિક રીતે જ કુમારપાળે બંધાવેલ પાર્શ્વનાથ-ચૈત્યમાં યક્ષ-કુલિકામાં મૂકવાનું મન થાય, અને આ સંભાવના કાઢી નાખવાને હાલ તો કોઈ કારણ પણ નથી.

( ૩ ) કુમારવિહાર પછીથી બંધાયેલા જૈન પ્રાસાદોમાં હવે અષ્ટાપદ પ્રાસાદના સંશોધન તરફ વળીએ. જુમામસ્જિદના મજલાવાળા પ્રવેશમંડપનો વિતાન લક્ષપૂર્વકનો અભ્યાસ માગી લે છે. એના રૂપકંડમાં વિદ્યાધરોની વચ્ચે જિન પ્રતિમા પર કળશ ઢોળતી હાથણીઓનાં આલેખન છે. આલેખન કઝિન્સના ધ્યાન બહાર ગયેલાં હોય એમ જણાય છે. વળી એ જ રૂપકંઠમાં સોળ વિદ્યાધરો છે, જે સ્પષ્ટ રીતે જૈન રંગમંડપમાં જોવામાં આવતી સોળ વિદ્યાદેવીઓ માટેના આધારરૂપ હોઈ આ વિતાનના જૈનત્વને સવિશેષ પુષ્ટિ મળે છે. વાસ્તુગ્રંથ અપરાજિતપૃચ્છામાં કહેલ આ સભામંદારક પ્રકારના વિતાનનું વિગતવાર નિરીક્ષણ કરવાથી એનો કાળનિર્ણય થઈ શકે. આ વિતાનનો વ્યાસ ૧૬′–૯″ છે અને એના અંગોમાં કર્ણદર્દરિકા, રૂપકંઠ, ક્રમશઃ ત્રણ કાલ અને ત્રણ ત્રિભંગી ગજતાલુ અને વચ્ચે સુંદર પદ્મશિલા શોભી રહ્યાં છે. પદ્મશિલાના પહેલા થરમાં દ્વાદશ ગુરુલૂમા અને દ્વાદશ લઘુલૂમા પદ્મના સમૂહ સમી લટકી રહી છે. બીજા થરમાં એ જ પ્રમાણે અષ્ટ લૂમાનો સમૂહ વિલસી રહ્યો છે. ત્યારપછીનો મધ્યવર્તી થર પદ્મકેસરસહિત નષ્ટ થયો છે. આ પ્રવેશમંડપના ઉપરના અને નીચેના સ્તંભો પ્રમાણમાં સાદા છે અને વિશેષે ગ્રાસ–કિંકણિકાથી અલંકૃત કરેલા છે, એક ભારપટ્ટ બાદ કરતાં તમામ પર પલ્લવાન્વિત કિંકણિકાની અલંકારપટ્ટિકા શોભી રહી છે. અષ્ટાંશની ખૂણીના નીચલા માળના ચાર તથા ઉપલા માળના ચાર એમ કુલ આઠ ત્રિકોણાકાર વિકર્ણ વિતાનોમાં ‘મયુર કિન્નર યુગ્મ’નાં સ્વરૂપ કંડારવામાં આવ્યા છે. મંડપનાં સ્તંભોના ઘાટવિધાનની એકરૂપતા અને કારીગરીનું સામંજસ્ય જોતાં આ સમગ્ર પ્રવેશમંડપ કોઈ એક જ મંદિરમાંથી ઉઠાવી લઇ અહીં મસ્જિદમાં ફરીને અસલ ઢબેઢબે ગોઠવી દેવામાં આવેલો છે. આ મંડપને ઉપલો મજલો હોવાથી એ આયોજનને મુસ્લિમ ખયાલાત માની લેવાની ભૂલ ન કરીએ, કારણ કે આવા જ પ્રકારનો પણ આથી જરા વિશાળ રંગમંડપ બારમા શતકના મધ્યભાગમાં બંધાયેલા કુમ્ભારિયાના નેમિનાથ મંદિરમાં એના મૂળ સ્થાને વિદ્યમાન છે અને તેથી મસ્જિદમાંહેના પ્રવેશમંડપનું આયોજન હિન્દુ શિલ્પીઓનું જ મૂળ આયોજન સમજવાનું છે. આ પ્રવેશમંડપના કાલ-નિર્ણયનો વિચાર કરીએ. એમાં પદ્મશિલા પર લટકતી લૂમાઓનું સ્વરૂપ સહાયભૂત થશે ( જુઓ ચિત્રાંક ૪ ).[૧] આબુના તેજપાલ મંદિરમાં પણ આવી જ લૂમાઓ છે અને એથી આ મંડપનું જૈન લક્ષણ જોતાં, શૈલીની દૃષ્ટિએ તેરમા શતકના પૂર્વાર્ધનો એનો સમય વિચારતાં અને ગ્રંથસ્થ પ્રમાણોને અન્વયે અહીં વસ્તુપાલે અષ્ટાપદ પ્રાસાદનું નિર્માણ કરાવેલ એ હકીકતનાં સંદર્ભમાં જુમામસ્જિદના આ પ્રવેશમંડપને એ મંદિરનો મૂળભાગ માનવામાં જરાયે હરકત નથી.[૨] પદ્મશિલા પ્રમાણમાં ચિપ્પટ છે એ

---

૩૫. ઉપરાંત *A. S. I. Vol. IX,* **Plate XI.**

૩૬. શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહ અષ્ટાપદનું મંદિર કુમારપાળે બંધાવ્યાનો તેમ જ એના પર એ નરેશે સુવર્ણકલશો ચઢાવ્યાનો ઉલ્લેખ પ્ર. ચિં.ના આધાર પર કરે છે. ( જુઓ જૈ. તી. સ. પૃ. ૧૩૪ ); પણ પ્ર. ચિં. આ અષ્ટાપદપ્રાસાદને સ્પષ્ટ રીતે જ વસ્તુપાલ સાથે સાંકળે છે.

મુદ્દો ધ્યાનમાં લઈએ તો એની નીચે મંડપમાં અષ્ટાપદની રચના હોવાનો પૂરો સંભવ છે. આ અષ્ટાપદના શિખર સાથે પદ્મશિલા અથડાઈ ન પડે એટલા માટે પદ્મશિલા ચિપ્પટ કરવામાં આવી હશે.

(૪) તેજપાલે પ્રભાસમાં આદિ જિનેન્દ્રનું મંદિર બંધાવ્યાનું વિધાન શ્રીજિનહર્ષસૂરિએ કર્યું છે. ઉપલબ્ધ સાધનો જોતાં વસ્તુપાલ-તેજપાલના તત્કાલીન કે ઉત્તરકાલીન કોઈ પણ અન્ય લેખકો આ વિધાનને પુષ્ટિ આપતા નથી; પરંતુ એ પણ યાદ રાખવું ઘટે કે કોઈ પણ અન્ય લેખક કરતાં જિનહર્ષસૂરિ પાસે એવાં અને એટલાં વિશેષ અને ચોક્કસ સાધન પ્રાપ્ત હતાં કે જેના આધારે એમણે વસ્તુપાલ-તેજપાલની કીર્તનાત્મક પ્રવૃત્તિઓ વિશે વિગતપૂર્ણ, વિપુલ અને સર્વાંગીણ માહિતી આપી છે. આ માન્યતાને પુરવાર કરવા એટલું કહેવું પૂરતું થઈ પડશે કે કેવળ જિનહર્ષે જ સેરિસામાં વસ્તુપાલે કરાવેલી જિનબિંબોની પ્રતિષ્ઠાનો, આબુના અચલેશ્વરના જીર્ણોદ્ધારનો અને તારંગાના અજિતનાથ પ્રાસાદમાં કરાવેલી પ્રતિમાપ્રતિષ્ઠાનો ઉલ્લેખ કરેલો છે. એમનાં આ કથનોનું સંપૂર્ણ સમર્થન થોડાં વર્ષો પહેલાં એ સ્થળોએ પ્રાપ્ત થયેલ શિલાલેખોથી મળી રહે છે. આથી જિનહર્ષની માહિતી પૂરેપૂરી આધારભૂત હોવા પ્રત્યે જરા પણ શંકા સેવવા સરખું નથી. આ બાબતમાં એક ઝાંખો પણ રસપ્રદ પ્રકાશ ફેંકતો ઈશુ વર્ષ ૧૨૩૩નો તુલ્યકાલીન લેખવાળો પબાસણનો સફેદ આરસનો ખંડ હાલ ચંદ્રપ્રભ જિનાલયના ભૂમિગૃહમાં સંરક્ષવામાં આવેલો છે. એમાં આસદેવ તથા તેજપાલની પત્ની અનુપમાદેવી અને વિજયસેનસૂરિનાં નામો સ્પષ્ટ રૂપમાં જણાવ્યાં છે.[૧] અલબત, આ શિલાલેખને તેજપાલે ત્યાં આદિનાથનું મંદિર બંધાવ્યાના પ્રમાણ તરીકે સ્વીકારી ન શકાય; પરંતુ એ નિર્વિવાદ છે કે આ વિખ્યાત પરિવારને પ્રભાસ સાથે કંઈક અંશે સાંકળી શકાય ખરો. સદ્ભાગ્યે આ મંદિરને લગતું એક બહુ જ અગત્યનું સ્થાપત્યપ્રમાણ મોજૂદ છે.

પ્રભાસપાટણ અને વેરાવળ વચ્ચેના રસ્તા પર દક્ષિણે આવેલી માઈપુરી મસ્જિદ પ્રાચીન અવશેષોમાંથી બનાવેલી છે. એમાં તળભૂમિ ઉપર છત્રીસ સ્તંભો છે. એ પૈકીના વચ્ચે વિતાનને

---

૧. संवत १२८९ वर्षे वैशाख वदि १२ शुक्रे ती. आसदेव तद्......भार्या ता...... अणुपमादेविभ्यामात्म श्रेयसे श्रीमहावीरबिंबं कारितं प्रतिष्ठितं। श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीविजयसेनसूरिभीः। ('શ્રી સિદ્ધચક્ર', વર્ષ ૧૮, અંક ૬-૭, પૃ. ૧૪૬). આ લેખને હાલમાં તપાસી જોતાં એમાં તેજપાલનું નામ કોતરનાર ભૂલી ગયો હોય એમ જણાય છે, નહિ કે અસ્પષ્ટ છે. 'શ્રી સિદ્ધચક્ર'માં એ સ્થાને બતાવેલો ગાળો એથી જરૂરી નથી.

આ સિવાય પ્રભાસપાટણમાં ભટ્ટ કાનજી રણછોડના ઘરમાં પુજાતી શ્યામ પાષાણની ગણેશની પ્રતિમાની ગાદી પર ઈ. સ. ૧૨૩૫નો તુલ્યકાલીન લેખ છે, તે ઉપરથી શ્રીપત્તનનિવાસી મહં શ્રી તેર(જ)પાલ શ્રી કરણિય વદિ કાર્ય પ્રસંગે દેવપત્તન આવ્યા હશે ત્યારે ગણપતિની પ્રતિમા કરાવ્યાનો ઉલ્લેખ મળી આવે છે. (જુઓ કે. કા. શાસ્ત્રી, સાપ્તાહિક 'ગુજરાતી,' ૭મો શ્રી કૃષ્ણાંક, ૨૯ ઑગસ્ટ, ૧૯૩૭, પૃ. ૧૩૫૫-૫૬). આ તેરપાલ તે જ મંત્રી તેજપાલ હોવાનો ઘણો સંભવ છે, જે અંગે અગાઉ કહેવાઈ ગયું છે.

ટેકવતા બાર સ્તંભો પર બીજા બાર નાના સ્તંભો ચડાવી ઊર્ધ્વ ભૂમિકાની રચના કરી એને ઊંચો લીધેલો છે. સ્તંભો પ્રમાણમાં સાદા અને સરખા છે. એ જ પ્રમાણે ભારપટ્ટ પર એકસરખી કારીગરી કરેલી છે. દેખીતી રીતે જ આ બધા જ સ્તંભો અને ભારપટ્ટો વિતાનસહિત કોઈ એક જ મંદિરમાંથી ઉઠાવવામાં આવ્યા હોય એવું ભાસે છે. વિતાનને મજલો આપી ઊંચો કરવાની પદ્ધતિ અત્રે અન્યત્ર ચર્ચાયેલ જુમા મસ્જિદના પ્રવેશમંડપનું સ્મરણ કરાવે છે. મસ્જિદ ત્રણ બાજુ ખુલ્લી છે. પશ્ચિમ ભાગ બંધ કરી ત્યા ત્રણ મહેરાબો કરવામાં આવેલી છે. આ મહેરાબ પાસેની ચોકીઓમાં નાનકડી ચોરસ છતોમાં આબુના તેજપાલના મંદિરની નવ-ચોકીની ડાબી તેમ જ જમણી ચોકીઓનાં જેવું કામ છે. ભારપટ્ટોમાં નીચલા થરમાં વલ્લી અને ઉપલા થરમાં મત્તાલમ્બની શોભન-આકૃતિઓ છે. આવું અલંકરણ કંડારવાની પ્રથા તેરમા શતકથી પ્રચારમાં આવેલી એવું આબુના તેજપાલ જિનાલયનું અને ડભોઈની હીરાભાગોળનું અવલોકન કરતાં સહેજે જણાઈ આવે છે.

મસ્જિદનો મધ્યવર્તી વિતાન તો સઘનતા અને સૌન્દર્યના ભવ્ય અવતાર સમો છે. એની અલંકાર-રચના નભોમંડળમાં ચમકતા નક્ષત્રમંડળ સમી સુશ્લિષ્ટ, ગહન અને કલ્પના થંભાવી દે તેવી અદ્ભુત છે. ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતા વિતાનોમાં મૌલિમંડન મહાતેજસ્વી રત્ન સમો છે (ચિત્રાંક ૫: જુઓ પાછલા પૂંઠા પરનું ચિત્ર). આ મસ્જિદ વિશેના કઝિન્સના ખ્યાલો ભ્રમજનક છે. કઝિન્સની માન્યતા મુજબ આ મસ્જિદ ઈશુ વર્ષ ૧૨૬૪માં નુરઉદ્-દીન પીરોજે બંધાવેલી. (આ હકીકતને સંબંધકર્તા શિલાલેખ હાલ વેરાવળમાં હર્ષદ માતાના મંદિરમાં સુરક્ષિત રાખવામાં આવ્યો છે.) કઝિન્સનો બીજો તર્ક એ છે કે આ મસ્જિદનો સુંદર વિતાન સોમનાથ મંદિરની સંમુખના કોઈ મંડપનો જો એ હોય તો, અથવા તો હર્ષદ માતાના શિલાલેખમાં ઉલ્લેખાયેલા બાલેશ્વર મહાદેવ કે જેની પલ્લડિકા આ મસ્જિદ માટે ખરીદવામાં આવેલી હોય તો એનો, કઝિન્સનો ત્રીજો તર્ક એ છે કે આ વિતાનના કંઠમાં ગજલક્ષ્મીનાં સ્વરૂપો કંડારેલાં છે. એમની આ ત્રણે ધારણાઓ સત્યથી વેગળી છે.[૧]

સોમનાથ-મંદિરની સંમુખ ભીમદેવ બીજાએ ઈસુ વર્ષ ૧૨૧૭માં મેઘધ્વનિ કે મેઘનાદ મંડપ બંધાવેલો,[૨] પરંતુ એ મંડપ સોમનાથ જેવા વિશાળ મંદિર સામે શોભે તેવો મહાકાય મંડપ જ હોઈ શકે, અને આ ગણત્રી મુજબ માઈપુરી મસ્જિદના વિતાન કરતાં એ મંડપના વિતાનનો વિસ્તાર વધુ હોવો ઘટે અને તેથી આ તર્ક બંધબેસતો નથી નીવડતો. બીજી બાજુ બાલેશ્વરના મંદિરના વિતાનનો તર્ક પણ સાનુકૂળ નથી.[૩] એ કાળના બ્રાહ્મણધર્મીઓ આવા સુંદર અને આટલા મોટા વિતાનવાળા ભાગને મસ્જિદના ઉપયોગ માટે સ્વયમેવ સ્વાધીન કરી દે કે વેચી નાખે એમ માની લેવું વધુ પડતું ગણાય. આ વિતાનના રૂપકંઠમાં કઝિન્સે જેને

---

૧. COUSENS, H., op. cit., pp. 21-22. શ્રી. અંબાલાલ પ્રેમચંદ શાહે આને જૈન મંડપ માન્યો છે એ યોગ્ય જ છે. (જુઓ જૈ. તી. સ., પૃ. ૧૩૫).

૨. Epigraphia Indica, Vol. II.

૩. મૂળ શિલાલેખમાં ‘ ચઉલેશ્વર ’ નામ આપેલું છે.



ચિત્ર નં. ૫
તેજપાલ-નિર્મિત આદિનાથ જિનાલયની સંભવતઃ નવચોકીનો સભામંદારક વિતાન.
( આ. ઈ. સ. ૧૨૩૪ ). [ હાલ જુમા મસ્જિદ, પ્રભાસપાટણ ]
વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી.



ચિત્ર નં. ૬

સંભવતઃ પેથડશા-નિર્મિત નેમિનાથ જિનાલયના મંડપનો નાભિચ્છંદ વિતાન.

(આ. ઈ. સ. ૧૨૩૪) [હાલ ચોગાન મસ્જિદ, પ્રભાસપાટણ]

વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી.

ગજલક્ષ્મીનાં સ્વરૂપ માન્યાં છે તે વસ્તુતઃ તો પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ છે, અને એની બન્ને બાજુ શુંડિકાઓ કલશ ઢોળી રહેલ છે. આ યોગમુદ્રામાં સ્થિર મૂર્તિઓ સ્ત્રીમૂર્તિઓ નથી, પુરુષમૂર્તિઓ છે એ નિઃશંક છે.[1] આવાં જ સ્વરૂપો અષ્ટાપદના વિતાનમાં પણ દષ્ટિગોચર થાય છે જેના વિશે અત્રે અગાઉ ચર્ચા થઈ ગયેલી છે. વિશેષમાં અહીં પણ રૂપકંઠમાં સોળ-વિદ્યાદેવીઓ માટેના આસનરૂપે સોળ વિદ્યાધરો રૂપકંઠમાં છે.

આ વિતાન પૂર્ણાંગ અને સર્વાંગસુંદર છે. અટ્ટાંશ ઉપર કર્ણદર્દરિકા, એના પછી રૂપકંઠ, ઉત્તરોત્તર ત્રણ કોલ અને ત્યારબાદ ત્રણ ગજતાલુ અને છેલ્લે પાંચ થરવાળી અનુપમ કોલજ પદ્મશિલા આખાયે વિતાનને સામર્થ્ય, ગૌરવ અને શોભા આપી રહે છે. ધ્યાનપૂર્વક જોઈએ તો આ પદ્મશિલા આબુના વિશ્વવિખ્યાત તેજપાલના મંદિરના વિતાન સાથે રચના અને રૂપમાં ઘણું સામંજસ્ય ધરાવે છે. ફેર માત્ર એટલો જ કે ત્યાં બે થર વિશેષ હોઈ એ જરા વિશાળ છે; પણ અહીંના વિતાનમાં નાવીન્ય અને વિશેષતા તો એની પદ્મશિલાના નાભિચક્રમાંથી ગતિમાન થતી સોળ ત્રિજ્યાની રેખાઓ પર ગજતાલુ અને કોલના ગર્ભમાં ઊગમ પામતી ગુરુક્રમમાં પ્રયોજાયેલી લૂમાઓની માલિકાઓ છે. આ રચના એક અપૂર્વ શોભામંડલ રચી રહે છે. આવા પ્રકારનું અપ્રતિમ રચના-કૌશલ તો આબુમાં પણ નથી. બીજી રીતે આ લૂમાઓનું સ્વરૂપ, અલબત, આબુના એ મહાન વિતાનમાં સ્થિત લૂમાઓ જેવું જ છે. તેરમી શતાબ્દીના આરંભ-કાળે ચરમ સીમાએ પહોંચી ચૂકેલી ગુજરાતની અભિજાત વિતાન-વિધાનકલાનાં શ્રેષ્ઠ ઉદાહરણોમાં આ વિતાન મોખરે રહે છે.

માઈપુરીના વિતાનની તમામ લાક્ષણિકતાઓ તેરમા શતકના આરંભકાળની અચૂક છે. એમાં રહેલાં જૈન ચિહ્નાંકનોને કારણે આ વિતાનનું એ કાળના કોઈ જૈન મંદિર સાથે સંયોજન સાધવું એ સંપૂર્ણ રીતે સુસંગત છે. વસ્તુસ્થિતિ એમ જ હોય તો મંત્રી તેજપાલે બંધાવેલા આદિનાથ મંદિરના રંગમંડપનો મૂળભાગ કેમ ન હોઈ શકે? કુમારવિહાર અને અષ્ટાપદના વિતાનો કરતાં યે આ વિતાન વધુ વિશાળ છે; એનો વ્યાસ ૨૦′–૩″ જેટલો છે. વિશેષમાં આ તો આબુના તેજપાલ-મંદિરના વિતાન કરતાં પણ સહેજ મોટો છે. (ત્યાં એ વિતાનનો વ્યાસ ૧૯′–૫″ જેટલો છે). તેજપાલે બંધાવેલું પ્રભાસનું આદિનાથ મંદિર ઠીક ઠીક પ્રમાણમાં વિશાળ અને ઉત્તુંગ હશે. જિનહર્ષે એને 'કૈલાસ શિખરાકાર' કહેલ છે, એ નિષ્કારણ તો નહિ જ હોય તેમ આ વિતાન જોતાં સહેજે કલ્પના થઈ શકે છે. આ મંદિરની સાથે સાંકળી શકાય તેવી કારીગરીની સમતાવાળી એક નાની પણ એક બીજી છતની નોંધ પણ લઈએ.

જુમા મસ્જિદની મધ્ય મહેરાબની બરોબર ઉપર ગુજરાતના વિતાન-વિધાનની યશકલગી સમી એક અભિનવ ચોરસ છત ચંદરવા સમી શોભી રહી છે (ચિત્ર નં. ૫). અહીં ચતુરસ્ત્ર આયોજનને છેક પદ્મશિલા સુધી ખેંચી જવામાં આવેલું છે. પદ્મશિલા ત્રિદલ અને ચતુરસ્ત્ર છે, અને કોલના ગર્ભમાં રહેલી લૂમાઓ અને પુષ્પકો કયાંક ખંડિત થયાં છે તો કયાંક વળી પૂર્ણરૂપે પણ સુવ્યવસ્થિત પ્રયોજના બનાવી રહે છે. આબુના તેજપાલમંદિરની નવચોકીમાં પ્રવેશતાં

---

૧. કઝિન્સ, એ જન, પ્લેઈટ્સ xviii & xviv.

મધ્યમાં જે ચોરસ છત દષ્ટિએ પડે છે તેની સાથે આ છત હૂબહૂ સામ્ય ધરાવે છે. એ ચોરસ છતમાં પણ આવી જ અને વિરલ કહી શકાય તેવી ચતુરસ્ત્ર પદ્મશિલા છે, અને આવી જ અષ્ટદલ-પદ્મકની પંક્તિમાલાઓની વ્યવસ્થા છે. આ બન્ને છતો વચ્ચે વિગતોમાં જરાતરા જ ફેર છે, અને બન્ને સમકાલીન હોવા અંગે કોઈ શંકા રહેતી નથી. આ અને આ મસ્જિદમાં રહેતી બીજી કેટલીક નાની રૂપસુંદર છતો મૂળ તેજપાલના આદિનાથ જિનાલયમાં મૂકવા અંગે ખાસ વાંધો કાઢી શકાય એમ નથી, આવી નાની સુંદર છતો બ્રાહ્મણમંદિરો કરતાં જૈનમંદિરોમાં વિશેષે સંભવે છે. ત્યાં છચોકી કે નવચોકીમાં અને ભમતીમાં આવી છતો માટે વિશેષ અવકાશ રહે છે. બ્રાહ્મણ-મંદિરોમાં મંડપોનું તલ-આયોજન જુદા પ્રકારનું હોવાને કારણે ત્યાં અર્ધમંડપો કે મુખમંડપોમાં આવી છતો મળી આવવાનાં ઉદાહરણો છે ખરાં, પણ જૂજવાં. અણહિલવાડ પાટણ, કર્ણાવતી, સ્તંભતીર્થ, ભૃગુકચ્છ, ધવલક્ક, વામનસ્થલી, ઉન્નતપુર, અને મંગલપુરનાં મંદિરોનાં કાટમાળમાંથી બનાવેલી મસ્જિદોનાં સમાંતર દષ્ટાંતો તપાસીએ તો ત્યાં પણ બહુધા જૈન મંદિરોમાંથી જ સામગ્રી લેવામાં આવી હોય એવું સ્પષ્ટ રીતે જ જણાઈ આવે છે. નવચોકીઓ, નૃત્યમંડપ, પાર્શ્વમંડપ, વલાણક અને ચોવીસ, બાવન કે બ્હોંતેર દેવકુલિકાઓનો પરિવાર ધરાવતાં મધ્યકાલીન જૈન મંદિરોનું વિશિષ્ટ તલ-નિયોજન અને એને કારણે પ્રગટ થતી વિપુલ સ્તંભાવલી અને વિતાનગણ મુસ્લિમોને મસ્જિદોમાં ઉપયોગ કરવા માટે ખૂબ જ સહેલાં અને સગવડભરેલાં લાગેલાં.

ચંદ્રપ્રભ-જિનાલય, કુમાર-વિહાર અને અષ્ટાપદ પ્રાસાદ હાલની જુમા મસ્જિદના સ્થળ ઉપર કે એને તદ્દન નિકટવર્તી હતાં, પણ આ આદિનાથ-મંદિરનું સ્થળ કયાં હોવાનો સંભવ છે એ વિચારવું ઘટે. એ સુનિશ્ચિત છે કે પ્રભાસથી ગામની બહાર આવેલી આ માઈપુરી મસ્જિદના સ્થાને તો આ આદિનાથનું મંદિર નહિ જ હોય, કારણ કે જૈન મંદિરો નગર બહાર આમ એકલાં અને અટૂલાં ભાગ્યે જ બંધાતાં. પ્રભાસપાટણ ગામમાં જુમા-મસ્જિદથી ઈશાને આવેલ સુતારવાડામાં તેરમી શતાબ્દીની જૈન-પ્રતિમાઓના ખંડો, પરિકરોના ભગ્નાવશેષો અને શિલા-લેખો ઠીક ઠીક પ્રમાણમાં મળી આવ્યા છે. પ્રભાસપાટણની જૈનપરંપરા અનુસાર પણ એ સ્થળે કોઈ પ્રાચીન જૈન મંદિર હોવાનું કહી જાય છે. આ સ્થળની આસપાસમાં જ તેજપાલે બંધાવેલ આદિનાથ-પ્રાસાદનું મૂળ સ્થાન હોવું જોઈએ.[૧]

(૫) ઈ. સ. ૧૯૫૬માં આ લેખના લેખકોને પ્રભાસ શહેરના સર્વેક્ષણ દરમિયાન ચોગાન મસ્જિદમાંનાં 'હુજરો'માં એક સુંદર વિતાન જોવામાં આવ્યો. આ ચોગાન મસ્જિદના પ્રાર્થનાગૃહમાં વચલી મહેરાબ સામે ચોરીના કુંભયુક્ત ચાર સ્તંભો હતા, જેને હમણાં જ વાટાથી પૂરી દેવામાં આવ્યા છે. હુજરાવાળા વિતાનમાં નીચલા કોલના થરો હાલ પ્રાપ્ત નથી,

---

૧. આ સ્થળેથી પ્રાપ્ત થયેલા ઈ. સ. ૧૨૭૪ તથા ૧૨૮૪ના તુલ્યકાલીન બે શિલા-લેખોની ટૂંકી નોંધ 'ભાવનગર શોધસંગ્રહ' પુસ્તક પહેલામાં પાછળ પ્રસિદ્ધ થયેલ શિલાલેખોના સૂચિપત્રમાં પૃ. ૨૮ પર અનુક્રમે લેખાંક નં. ૧૦૦ અને નં. ૧૪૧થી પ્રસિદ્ધ થયેલ છે. આ બંને લેખોની સંશુદ્ધ વાચના શ્રી ફાર્બસ ગુજરાતી સભાના ત્રૈમાસિક પૃ. ૧૮/૨-૩માં દ્વિતીય લેખકે પ્રગટ કરેલ છે.

પણ જ્યારે એ પૂર્ણ હશે ત્યારે લગભગ ૧૫'–૬" જેટલા વ્યાસવાળો હશે. આ વિતાનમાં રૂપકંઠ જોકે નષ્ટ થયેલ છે, તોપણ ગજતાલુની પ્રથમ શ્રેણિમાં સંધિઓમાં સોળ સાલ જોવામાં આવે છે જે દેખીતી રીતે જ આ સોળ સાલ સોળ વિદ્યાદેવીઓના શિરપૃષ્ઠે રહેલા માંકડાઓની પકડ માટે હતાં. આ વિતાન નક્કી કોઈ જૈન મંદિરનો હોવો જોઈએ (જુઓ ચિત્રાંક ૬). વિતાનની શૈલી તેરમી શતાબ્દીના પૂર્વાર્ધની શૈલી કરતાં પ્રમાણમાં ઊતરતી કક્ષાની છે. ગજતાલુની શિરાઓ વધુ પડતી સંખ્યામાં કરી નાખવામાં આવી છે. અંતિમ વર્તુળમાં કંડારેલ પદ્મો ભારેખમ અને પ્રમાણહીન છે. આ સમગ્ર કામ વાઘેલા યુગના અંતસમયની સમીપનું લાગે છે.

ચોરીવાળા ચાર સ્તંભોને કારણે આ મંદિર નેમિનાથનું જ હોવું જોઈએ અને હુજરાવાળો વિતાન એના મંડપનો હોવા સંભવ છે. આ લેખના આરંભમાં અવલોકન કર્યા મુજબ ઉત્કીર્ણ લેખના આધારે પ્રભાસમાં એક નેમિનાથ-ચૈત્ય ઈશુ વર્ષ ૧૮૮૨ પૂર્વે હતું. આપણે એ પણ જોઈ ગયા કે ઈશુ વર્ષ ૧૨૬૪ આસપાસ પેથડશાએ અહીં કોઈ મંદિર બંધાવેલું, શૈલીની દૃષ્ટિએ પરીક્ષણ કરતાં આ મસ્જિદના પ્રાર્થનાગૃહના સ્તંભોની નાની છતોની હુજરાવાળા વિતાનની રચના તેરમા શતકના ઉત્તરાર્ધમાં થઈ હોય એવો નિર્દેશ મળે છે; અને એથી આ તમામ મુદ્દાઓનો સરસ, સરલ, સંતોષપ્રદ અને સુલભ મેળ બેસી જાય છે. નિશ્ચિત તારવણી એ થાય છે કે ચોગાન મસ્જિદ આ નેમિનાથ મંદિરના કાટમાળમાંથી જ બનાવેલી છે.

મસ્જિદનું ક્ષેત્રફળ ઠીક પ્રમાણમાં વિશાળ છે અને નેમિનાથનું અસલ મંદિર ઘણું કરીને આ જ સ્થાન ઉપર અથવા તેની સમીપમાં હશે. આ અનુમાનને સમર્થન આપી શકે તેવાં ત્રણ પ્રમાણો પ્રાપ્ત થયાં છે. આ મસ્જિદની તદ્દન નજીકમાંથી છેક ઘસાઈ ગયેલા લેખવાળો જૈન શિલાલેખ પ્રભાસપાટણના એક સલાટને મળી આવેલો. એ સિવાય અહીંથી જૈન યક્ષી નટદત્તાદેવીની ઇશુ વર્ષ ૧૨૮૮ના તુલ્યકાલીન લેખવાળી આરસની પ્રતિમા તથા એક શ્યામ પથ્થરનો ચકચકિત, મનોહર, કાયોત્સર્ગ-પ્રતિમાનો અર્ધો ભાગ મળ્યો છે. આ છેલ્લી બન્ને મૂર્તિઓ હાલ પ્રભાસપાટણ મ્યૂઝિયમમાં સંરક્ષવામાં આવેલી છે.

હવે તેરમા અને ચૌદમા શતકના પ્રથમ ચરણમાં મૂકી શકાય તેવી કેટલીક પ્રકીર્ણ સામગ્રીનો થોડોએક અભ્યાસ કરી લઈએ.

દ્વિતીય લેખકના સંગ્રહમાં પ્રભાસમાંથી મળી આવેલી પીળા પથ્થરની કોઈ જૈન મંદિરની મોટી પ્રશસ્તિનો એક ખંડ સચવાયેલો છે. મૂળ લેખની માત્ર નવ જ પંક્તિઓ ત્રુટિત રીતે મળતી હોઈ એમાંથી વિશેષ માહિતી પ્રાપ્ત થઈ શકતી નથી. સાતમી પંક્તિમાં 'જિનેન્દ્ર' સ્પષ્ટ રીતે વંચાય છે. અક્ષરો ચૌદમા શતકના લાગે છે. સુરતના સરદાર વલ્લભભાઈ પટેલ મ્યૂઝિયમમાં ઇ. સ. ૧૩૦૦ના તુલ્યકાલીન વર્ષના કાળા પબાસણ પરના લેખમાં શ્રી દેવપત્તનમાં મહેન્દ્રસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ પાર્શ્વનાથના બિંબની પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે.

આ યુગના પ્રતિમાવશેષોમાં જોઈએ તો ભદ્રકાલીના મંદિરમાં અંબિકાની એક નાની પ્રતિમા ઉલ્લેખનીય છે. એવી જ આરસની અંબિકાની પ્રતિમા પ્રભાસમાં હાલના નવા નેમિનાથના મંદિરમાં છે. આ છેલ્લી બે પ્રતિમાઓ ચંદ્રપ્રભ-જિનાલયમાં ઈશુ વર્ષ ૧૩૦૯ના તુલ્યકાલીન લેખવાળી અંબિકાની પ્રતિમા સાથે સંપૂર્ણ સામ્ય ધરાવતી હોઈને એ જ સમયની હશે.

ત્રિવેણીકાંઠે સૂર્યમંદિર પાસે એક ફલક પર કંડારેલ પાંચ જોડાજોડ ઊભી શ્વેતામ્બર કાયોત્સર્ગ-પ્રતિમાઓ છે. દરેકને શિરે રાજછત્ર છે. આ ફલક પાંચ પાંડવ તરીકે હાલ પૂજાય છે. સંભવ છે કે આ પાંચ પાંડવ જૈનપરંપરા અનુસારના પાંચ પાંડવો છે, અને કદાચ પેથડશાવાળા નેમિનાથ-મંદિરમાં એની પ્રતિષ્ઠા કરવામાં આવી હોય. શૈલીને ચકાસતાં આ પ્રતિમાઓમાં રૂક્ષતા અને કનિષ્ઠતા બંને પ્રદર્શિત થાય છે, અને તેરમા શતકના અંતભાગ કરતાં એને પ્રાચીન ગણી શકાય એમ નથી.

સોલંકીયુગના આથમતા દિવસો પહેલાં અહીં જૈન મંદિરોની ખૂબ જ જાહોજલાલી હશે અને મોટી સંખ્યામાં જિનબિંબો ભરાયાં હશે એની કંઈક કલ્પના આપણને અત્યારના ચંદ્રપ્રભ-જિનાલયના ભૂમિગૃહમાં સંગ્રહાયેલી જિન-પ્રતિમાઓના અવશિષ્ટ પરિકરો પરથી સહેજે આવી શકે છે. ત્યાં હાલ જુદાં જુદાં દશ પબાસણ અને દશેક પરિકરના છત્રવૃત્તના ખંડો સંગ્રહાયેલા જોવામાં આવે છે. આ ઉપરાંત, પ્રભાસપાટણ મ્યૂઝિયમમાં બારમાતેરમા શતકમાં મૂકી શકાય તેવી ચાર ખંડિત પદ્માસન-મૂર્તિ અને ત્રણ પરિકરના ઉપલા ભાગના ખંડો અને એક જિનશીર્ષ પ્રદર્શિત કરવામાં આવેલાં છે. આ ઉપરાંત પ્રભાસપાટણના બ્રાહ્મણ-મંદિરોમાં છૂટાછવાયા ચારેક પરિકરના ખંડો અને ત્રણેક જિનપ્રતિમાના ખંડાવશેષો તેમ જ જૂનાગઢ મ્યૂઝિયમમાં ત્રણ પરિકરના ઉપલા ભાગો, બે જિનશીર્ષ, અને એક કાયોત્સર્ગ–પ્રતિમા પ્રભાસથી લઈ જવામાં આવેલાં છે. થોડા માસ પહેલાં મ્યૂઝિયમની પાછળના વંડામાં સાર્વજનિક હૉસ્પિટલના પાયાના ખોદકામમાંથી ઈ. સ. ૧૨૨૯ના તુલ્યકાલીન વર્ષવાળો લેખ ધરાવતો પબાસણનો ટૂકડો મળી આવ્યો છે. કોઈ સજનની ભાર્યા સહજમતીના શ્રેય માટે ભદ્રસૂરિએ જિનબિંબની પ્રતિષ્ઠા કરી એવું એમાં વંચાય છે. આ સિવાય દ્વિતીય લેખકના સંગ્રહમાં લેખવાળા ત્રણ ખંડિત પબાસણોના ટુકડા છે જેની વિગતો અહીં નોંધી લઈએ : એમાંનો એક કાળા પથ્થરનો મુનિસુવ્રત-સ્વામીની પ્રતિમાનો છે. દિસાવાલ જ્ઞાતિના કોઈ શ્રેષ્ઠીએ પ્રતિમા કરાવી એટલું જ એમાંથી જાણવા મળે છે. બીજો લેખ પણ ત્રુટિત અને કાળા પબાસણ પર છે, જેમાં લેખનો અવશિષ્ટ રહેલો ભાગ નીચે મુજબનો છે.

सं. १३३८ वैशाख शु. ३ शनौ च श्रीवा...
सचालेन ठ आवड श्रेयसे श्रीपार्श्व...

ત્રીજો લેખ પીળા પાષાણના પબાસણ પર છે, પણ એ અત્યંત ઘસાઈ ગયેલો હોઈ એની વાચના દુર્બોધ બની છે. આ ઉપરાંત પ્રભાસપાટણ મ્યૂઝિયમમાં થોડા સમય પહેલાં એક પીળા પબાસણનો લેખયુક્ત ટુકડો પ્રાપ્ત કરવામાં આવ્યો છે. એમાંથી સાલવાળો ભાગ દુર્ભાગ્યે નષ્ટ થયો છે પણ શાંતિનાથબિંબનો ઉલ્લેખ વંચાય છે અને શ્રી શ્રીમાલ જ્ઞાતિના કોઈ શ્રેષ્ઠીએ પ્રતિમા ભરાવી હોવાનું જણાય છે. લેખ તેરમા શતકના અંત આસપાસનો જણાય છે. દ્વિતીય લેખકના સંગ્રહમાં તેરમા શતકની અને નાની, આમ્રવૃક્ષ તળે સ્થિત અંબિકાની એક પ્રભાસમાંથી પ્રાપ્ત થયેલી પ્રતિમા અને કોઈ વિશાળકાય શ્યામ જિન-પ્રતિમાનું શીર્ષ પણ છે. પ્રભાસના પંચમુખ મહાદેવના લિંગ પર ગોઠવી દેવામાં આવેલું પાંચમું શ્યામ શીર્ષ પણ કોઈ જિન પ્રતિમાનું છે.

આ તમામ પરિકરો અને પ્રતિમા-ખંડો બારમા–તેરમા શતકથી વધારે પ્રાચીન નથી, અને આપણે વિચારી ગયા તે મુજબ પ્રભાસના જૈન મંદિરોની કાલગણના સાથે સમગ્ર દૃષ્ટિએ જોતાં સંપૂર્ણપણે બંધ બેસી રહે છે.

આ લેખ સમાપ્ત કરતાં પહેલાં સત્તરમા સૈકામાં બનેલાં કેટલાએક મહત્ત્વનાં સ્થાપત્યોની અંતિમ નોંધ લઈએ.

ચંદ્રપ્રભના ઈશુ વર્ષ ૧૬૧૦ના જીર્ણોદ્ધાર સમયે એની સમીપમાં બીજાં બે મંદિરો બંધાયેલાં, જેમાંના એકમાં હાલ મૂલનાયક મલ્લિનાથ વિદ્યમાન છે, અને બીજામાં મૂલનાયક મહાવીર સ્વામી છે. આ બંને મંદિરોનો થોડા દશકાઓ પહેલાં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. પણ એ યુગનું મહત્ત્વનું કહી શકાય તેવું અને અસલ સ્વરૂપમાં હજુ કાયમ રહેલું અને એક-કાળે મુસ્લિમોના વસવાટ તરીકે કોઠાનામથી ઓળખાતા જૈન મંદિર વિશે અહીં ઉલ્લેખ કરવો ઘટે. કઝિન્સે આ મંદિરનું તળદર્શન પ્રસિદ્ધ કર્યું છે.[૧] કઝિન્સના દાવા અનુસાર આ મંદિર જૈનોના પ્રાચીનતમ અને સુંદરતમ અવશેષોમાંનું એક છે, પરંતુ આ મંદિર ન તો સૌથી પ્રાચીન છે કે ન તો સૌથી સુંદર. એના ગૂઢમંડપની ચતુષ્કીની કઝિન્સે પ્રગટ કરેલ છતનું કામ શત્રુંજય પરના ભુલવણીના મંદિરના અંદરના પશ્ચિમ મંડપના કામને ખૂબ જ મળતું છે, જ્યારે અંદરના ગોખલાઓના ઉદ્દગમો અને ગર્ભગૃહમાં પીઠિકાનું તોરણ તો અહીં પ્રભાસના ચંદ્રપ્રભ જિનાલયના ઈશુ વર્ષ ૧૬૧૦ના કામ સાથે પૂર્ણપણે સામ્ય ધરાવે છે. આ મંદિરના ગૂઢમંડપની તથા ગર્ભગૃહની દ્વારશાખાઓ પણ સત્તરમા શતકની લઢણ બતાવી રહી છે. મંડપની ચોકીઓ પર ઉચ્છાલકો દ્વારા એક મજલો કરી એને જાળીઓથી ભરી લેવામાં આવ્યો છે. આ જાળીકામ પણ સત્તરમા શતકના પ્રકારનું જ છે.

છતાં આ મંદિરની ધ્યાન ખેંચે તેવી એક વિશિષ્ટતા છે. મંદિર પૂર્વાભિમુખ છે. એના ગર્ભગૃહમાં પ્રવેશદ્વારે પૂર્વ દિશાએ એક એક ગોખલો છે. ગર્ભગૃહની દક્ષિણ દિશાની દિવાલમાં પ્રદક્ષિણા-માર્ગમાં ચાર ગોખલા છે; પશ્ચિમ દિશાએ આઠ ગોખલા છે, ઉત્તર દિશાએ દશ ગોખલા છે. ક્યાંક ક્યાંક આ ગોખલા ખંડિત થયા છે, તોપણ એની સંખ્યા બરોબર ગણી શકાય. આ ગોખલાઓની કુલ સંખ્યા ચોવીસની થાય છે અને એનો ક્રમ બે, ચાર, આઠ, અને દશના સૃષ્ટમાર્ગ અનુસાર હોઈ વાસ્તુના આકરગ્રંથ વૃક્ષાર્ણવ પ્રમાણે એ અષ્ટાપદ-પ્રાસાદ હોવો જોઈએ અને એથી મૂલનાયક તરીકે આ મંદિરમાં આદિનાથ વિરાજમાન હશે, નહિ કે કઝિન્સ કહે છે તેમ પાર્શ્વનાથ. આયોજનની દૃષ્ટિએ આ મંદિર પાછલા કાળનું હોવા છતાંયે મહત્ત્વનું કહી શકાય.

આ પછીના કાળે થયેલાં બાંધકામો પુરાતત્ત્વ અને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતાં ન હોઈ અહીં આ ભાગ સમાપ્ત થાય છે.[૨]

---

૧. કઝિન્સ, એ જન, પ્લેઈટ્સ XV & XVI.

૨. પુસ્તકનો આ ભાગ તૈયાર કરવામાં લેખકોને પ્રભાસપાટણના શ્રી જૈન શ્વેતામ્બર તપગચ્છ સંઘ, એના સન્નિષ્ઠ પ્રમુખ શેઠશ્રી રામચંદ માણેકચંદ તથા કાર્યરત મંત્રી શેઠશ્રી જાદવજી રતનજીએ ખૂબ જ રસ લઈ સહકાર તથા સહયોગ આપી સહાયતા આપી છે, જેનો અહીં હાર્દિક ઋણસ્વીકાર કરતાં આનંદ અનુભવીએ છીએ.

# હાઈકુનું કાવ્યસ્વરૂપ અને તેનો ગુજરાતી સાહિત્યમાં પ્રયોગ*

ધીરુભાઈ ઠાકર

અભિવ્યક્તિની નવી જરૂરિયાત કવિની પાસે ભાષા, છંદ, અલંકાર આદિ કાવ્યાંગોના અભિનવ પ્રયોગો કરાવે છે તેમ તેને કોઈ વાર નવા કાવ્યસ્વરૂપ ભણી પણ ખેંચી જાય છે. આપણી કવિતાના ઇતિહાસમાં ગઝલ અને સૉનેટ તેનાં નોંધપાત્ર દૃષ્ટાન્તો છે. મુસ્લિમ અમલ દરમ્યાન અરબી-ફારસી સાહિત્યના સંપર્કથી ગુજરાતને ગઝલનો પરિચય થયો હતો એ ખરું પણ બાળાશંકર જેવા આત્મલક્ષી કવિની મસ્ત પ્રકૃતિ અને દર્દદિલી સૌ પ્રથમ ગઝલમાં મોકળાશ પામી હતી એ હકીકત ભૂલવી જોઈએ નહીં. તેની અનેક મર્યાદાઓ છતાં ગઝલનો કાવ્યપ્રકાર, ગુજરાતી રંગ અને છટા ધારણ કરીને આપણા સાહિત્યમાં જીવતો રહ્યો છે. અભિવ્યક્તિ પરત્વે ગઝલના કરતાં સૉનેટ વધુ કાર્યસાધક નીવડેલ છે. નવી કવિતાનું વ્યક્તિત્વ બાંધી આપવામાં સૉનેટ અને તેના આદ્ય પ્રવર્તક પ્રો. ઠાકોરનો ફાળો જાણીતો છે. પ્રો. ઠાકોરનો સળંગ અગેય પદ્યરચના અને વિચારપ્રધાન કવિતા માટેનો આગ્રહ આ કાવ્યપ્રકાર દ્વારા ઉત્તમ ચરિતાર્થતા પામ્યો. એટલું જ નહીં, ત્રીશીના કવિઓએ સ્વકીય વિત્તથી એ પરદેશી કાવ્યપ્રકારને એવો ખીલવ્યો કે વખત જતાં એનું પરદેશીપણું લુપ્ત થઈ ગયું.

વ્યાપક દૃષ્ટિએ જોતાં, કવિતામાં દેશી કે પરદેશીના ભેદ પડે તે ન્યાય્ય નથી. કવિતા કોઈ એક દેશ કે ભાષાની મિલકત નથી. સમસ્ત મનુષ્યસમાજનો તેના પર હક્ક છે. અમુક ભાષામાં તે પ્રગટે છે એ કેવળ અકસ્માત છે. તેમાં સર્જક અને તેના દેશકાળનું પ્રતિબિંબ પડે તે આનુષંગિક બાબત છે. તેમાં ઊતરેલી અનુભૂતિમાંથી નિષ્પન્ન થતું વિશ્વજનીન—(Universal) તત્ત્વ સૌના રસનો વિષય બને છે. અભિવ્યક્તિમાં એક દેશનું કાવ્યસ્વરૂપ બીજામાં સ્વીકાર પામે અને રૂઢ થાય તો તેમાં કશું ખોટું નથી. ઇટાલીમાં જન્મેલું સૉનેટ ઈંગ્લેન્ડ-અમેરિકામાં અને પછી ભારતમાં પ્રચલિત થયું. ભાષાની ગુંજાએશ અને કવિતાની અનુભૂતિ જમાને જમાને નવા વિવર્તો પામે છે. એટલે એવું બને કે એક વાર નિરૂપયોગી ઠરેલો કાવ્યપ્રકાર અમુક વખતે પુનઃ પ્રચારમાં આવે, તો પ્રચલિત કાવ્યપ્રકાર અમુક વખતે કાર્યસાધક ન નીવડે અને એક દેશનો જૂનો કાવ્યપ્રકાર બીજા દેશમાં નવેસર પ્રયોગો પામે એવું પણ બને. બધો આધાર અભિવ્યક્તિની જરૂરિયાત પર છે. કવિતાની અનુભૂતિ અને અભિવ્યક્તિ એકરસ થઈ શકે તેમાં કાવ્યસ્વરૂપની સાર્થકતા છે.

---

*મ. સ. યુનિવર્સિટીના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ સમક્ષ તા. ૨૮-૧-૬૬ના રોજ આપેલું વિદ્યાવિસ્તાર વ્યાખ્યાન.

ત્રીશીના એક પ્રૌઢ કવિ સ્નેહરશ્મિને હાથે તાજેતરમાં હાઈકુનો પ્રયોગ થયો છે તેનો આ સંદર્ભમાં વિચાર કરવો ઘટે છે. હાઈકુ જાપાનનો એક અતિ પ્રતિષ્ઠા પામેલો કાવ્યપ્રકાર છે. છેલ્લાં પાંચસો વર્ષથી જાપાનની શ્રેષ્ઠ કોટીની કવિતા હાઈકુમાં ઊતરેલી છે. ઈંગ્લેંડ અને અમેરિકામાં તેનું આકર્ષણ ઘણું છે. જાપાની હાઈકુનાં અંગ્રેજી ભાષાન્તર થયેલાં છે. ખુદ અંગ્રેજીમાં હાઈકુ પ્રકારની રચનાઓ વર્ષોથી થતી આવે છે.

૧૯૬૫ના વર્ષમાં જ ગુજરાતી કવિનો કળશ આ નાનકડા કાવ્યપ્રકાર પર કેમ ઢળ્યો? અદ્યતન કવિતા અને કાવ્યસમજ એને માટે કેટલે અંશે નિમિત્તરૂપ ગણાય?

સાંપ્રત કવિતાનો પ્રવાહ તપાસીશું તો તેનું એક વલણ વસ્તુનિષ્ઠતા જણાશે. આત્મલક્ષિતા તજીને તટસ્થ, બિનંગત ભાવે વસ્તુનું ચિત્ર જોવું અને દેખાડવું એ નવીનતર કવિતાનું લક્ષણ દેખાય છે. કવિતા અને ચિત્રકળા આજના જેટલી પરસ્પર નજીક ભૂતકાળમાં ભાગ્યે જ કદી આવી હશે. વાણીના માધ્યમ દ્વારા ચિત્રની તાદૃશતા ઉપસાવવાનો કેટલાક નવતર કવિઓનો પ્રયત્ન જોવા મળે છે. વિશદતાને ભોગે પણ વક્તવ્ય સ્ફોટક રાખવાનું વલણ કવચિત્ જોવા મળે છે. વળી લઘુસ્વરૂપોમાં રાચવાનું સામાન્ય વલણ તો છે જ. આ સ્થિતિમાં કોઈ કવિ હાઈકુનો પ્રયોગ કરવા પ્રેરાય તો તે હાઈકુનું સ્વરૂપ જોતાં સ્વાભાવિક લાગવું જોઈએ. નવીન પેઢીના કોઈ જુવાન કવિને બદલે શ્રી સ્નેહરશ્મિ જેવા પીઢ કવિને હાથે એનો પ્રથમ પ્રયોગ થાય છે એ હકીકત સૂચક છે.

હાઈકુની રચના સાદી, સંક્ષિપ્ત અને ધ્વનિપૂર્ણ હોય છે. એની વિશેષતા એ કે તે સંપૂર્ણપણે વસ્તુલક્ષી હોય છે. કવિના અંગત ભાવ કે ચિંતનને તેમાં ભાગ્યે જ અવકાશ હોય છે. કવિ વસ્તુને જ બોલવા દે છે. તેમાં ઉપસતું ચિત્ર વાચકના ચિત્તમાં સંવેદન ધ્વનિત કરે તેના પર તેની સફળતાનો આધાર હોય છે. તેમાંની વિગત તુચ્છ લાગે, પણ તે ભારે સ્ફોટક હોય છે. તેનો એક એક શબ્દ અર્થસભર હોય છે. સંયમી અને ઓછાબોલા જાપાની કવિઓને ૧૭ અક્ષરનો આ કાવ્યબંધ બહુ ફાવી ગયેલ છે. બીજા કવિઓ ઊર્મિ કે ચિંતનના કથનમાં વા તેને પ્રેરનાર વસ્તુ યા ઘટનાના વર્ણનમાં રાચે, ત્યારે જાપાની કવિ તેનું મિતાક્ષરી ચિત્ર દ્વારા સૂચન કરીને સંતોષ માને છે. જાપાનના જાણીતા કવિ બુસોનનું આ કાવ્ય જુઓ—

**O, the rains of spring!**
**An umbrella and raincoat,**
**Pass by, Conversing.**

જાપાની ભાષામાંથી અંગ્રેજીમાં ઉતારતાં, કેનેથ યસુદા નામના જાપાનના વતની પણ અમેરિકામાં ઊછરેલા કવિએ, મૂળ વક્તવ્યમાં પ્રાસ પોતાના તરફથી ઉમેરેલ છે. પ્રાસના શબ્દો હાઈકુના ચાવીરૂપ શબ્દો બને છે અને કવિના હૃદ્ગતને પ્રગટ કરવામાં મદદરૂપ નીવડે છે એમ તેમનું કહેવું છે. જાપાની હાઈકુમાં આવો પ્રાસ અપેક્ષિત નથી.

૧૭ શ્રુતિ ધરાવતા ઉપરના ત્રણ પંક્તિના લઘુકાવ્યમાં રજૂ થયેલું દૃશ્ય કેટલું ચિત્રાત્મક છે! કવિ વસંતની વર્ષામાં છત્રી અને વરસાદી કોટ પહેરેલી બે વ્યક્તિઓને વાત કરતી જતી બતાવીને કેટલું બધું સૂચવી જાય છે!

હાઈકુ વસ્તુતઃ ચિત્ર જ છે. તેનો પ્રત્યેક શબ્દ વાચકના ચિત્તમાં સૌન્દર્યચિત્ર ઉપસાવતો જઈને સત્તર અક્ષરના ગુચ્છ વડે એક અપૂર્વ અનુભવ ઊભો કરે છે. અદ્ભુત પ્રકૃતિસૌન્દર્યના દર્શને થતો સ્તબ્ધતાનો અનુભવ એકશ્વાસે બોલાતી સત્તર અક્ષરની પંક્તિમાં ઝિલાય છે, માટે હાઈકુને માટે એ મર્યાદા બાંધી છે એમ એક વિવેચકે કહ્યું છે. એક સળંગ સંવેદન ચિત્ર રૂપે વાચકના ચિત્તમાં ઊપસે; પછી તેની અક્ષરસંખ્યા સત્તરને બદલે સોળ કે અઢારની હોય તો તેમાં વાંધો લેવા જેવું ન ગણાય, જોકે નિયમ તરીકે સૉનેટ માટે ચૌદ પંક્તિઓનું માપ આપણે સ્વીકાર્યું છે તેમ હાઈકુ માટે સત્તર અક્ષરનું માપ સ્વીકારવું ઘટે. વળી પંક્તિનું વિભાજન ૫, ૭, ૫ એ પ્રમાણમાં થાય છે તે પણ સયુક્તિક છે. પહેલી અને ત્રીજી પંક્તિનું સરખું માપ સમપ્રમાણતા સાધે છે. પહેલીના કરતાં બીજી પંક્તિ લગભગ દોઢ ગણી પ્રલંબ છે તે બાહ્ય ઉપરાંત આંતરિક લયસૌન્દર્ય સાધવામાં ઉપકારક છે. આ ગણતરીએ પણ ૧૭ શ્રુતિ કે અક્ષરનું તેનું બંધારણ ઉચિત છે. એક જૂનું જાપાની હાઈકુ જુઓ—

A falling flower, thought I,
Flew back to the branch, but oh,
It was a butterfly !

અહીં વસ્તુ અને સંવેદન કેવાં એકરૂપ બને છે! શબ્દ અને વિચારનો લય સંવાદી બનીને ઉત્તમ અસર ઉપજાવે છે. પ્રાસ સાધતા શબ્દો તેમાં આપોઆપ ચાવીરૂપ બને છે. કેટલાકનું માનવું એમ છે કે હાઈકુ રેખાચિત્ર કે તેની આછેરી લકીર માત્ર છે, ચિત્રના શીર્ષક જેવું છે. પરંતુ હાઈકુ સ્વયંસંપૂર્ણ ચિત્રની જ છાપ પાડે છે, ને એ રીતે તેની રચનામાં કલાની અખિલાઈ છે. તેનો બાંધો એટલો નાજુક છે કે પ્રાસ અને લયની પાંખડીઓને છૂટી પાડવા જતાં ફૂલ વીંખાઈ જવાનો સંભવ છે. મર્મ અને લય એક થઈને સૌન્દર્ય અને સુવાસની મીઠી લહર રૂપે વાચકના ચિત્તમાં સ્ફુરીને આહ્લાદ ઉપજાવે તેમાં તેનું સાર્થક્ય છે.

કવિતા અને ચિત્ર વચ્ચે રહેલો મૂલગત તફાવત હાઈકુ અને ચિત્ર વચ્ચે પણ છે. ચિત્ર સ્થળના પરિમાણમાં વસ્તુને મૂકે છે, હાઈકુ કાળના પરિમાણમાં તેને રજૂ કરે છે. અર્થાત્ ચિત્રમાં વસ્તુને સ્થિતિ મળે છે, હાઈકુમાં ગતિ મળે છે. ચિત્રની દૃશ્યરચનાની માફક હાઈકુમાં પણ દૃશ્યની ગોઠવણી હોય છે. હાઈકુની ખૂબી એ છે કે જે ક્રમમાં પ્રકૃતિની અંદર દૃશ્ય ગોઠવાયું તે જ ક્રમમાં હાઈકુનો કવિ તેને કાવ્યમાં ગોઠવે છે. ઉપર ટાંકેલા પ્રથમ દૃષ્ટાંતમાં પ્રથમ વરસાદ, પછી છત્રી ત્યારબાદ વરસાદી કોટ અને છેલ્લે બે વ્યક્તિઓની ગતિ દૃશ્ય દેખાય છે તે જ ક્રમમાં શબ્દ તેને કાવ્યમાં મૂકે છે. મૂળ સ્થિતિને તાદૃશ કરનારા શબ્દક્રમમાં જો ફેરફાર થઈ જાય તો હાઈકુની અસરને હાનિ પહોંચે છે. હાઈકુમાં વસ્તુ સજીવ બની આવે છે. કવિ કેનેથ યસુદા આ રીતે ઊપસતા ચિત્રની સ્થિતિ-ગતિ અનુસાર હાઈકુને પ્રલંબ (Vertical) સમક્ષિતિજ (Horizontal) અને ત્રાંસાં (Diagonical) એમ ત્રણ વિભાગમાં વહેંચે છે. ઉપરનાં બંને હાઈકુ પહેલા પ્રકારનાં છે.

હવે તેના ગુજરાતી નમૂના જોઈએ. શ્રી સ્નેહરશ્મિનું * આ હાઈકુ જુઓ—

* "સંસ્કૃતિ" અને "બુદ્ધિપ્રકાશ"માં પ્રગટ થયેલાં હાઈકુ ઉપરાંત શ્રી સ્નેહરશ્મિના અપ્રગટ સંગ્રહમાંથી અહીં કેટલીક રચનાઓ લીધી છે, જે માટે શ્રી સ્નેહરશ્મિનો હું આભારી છું.

રાખી જળને
બહાર, હોડી જળે
તરતી જાય.

મૂળ વસ્તુ જે રીતે ગોઠવાયું છે તેના ક્રમમાં અહીં શબ્દક્રમ ગોઠવીને કવિએ એક અત્યંત સાદું છતાં ઉદાત્ત અર્થપૂર્ણ ચિત્ર ઉપસાવ્યું છે, તેની ગતિ બીજા પ્રકારના હાઈકુની છે. એવું બીજું ગતિશીલ ચિત્ર જુઓ—

અબ્ધિછોળોએ
દડો સૂર્યનો ઝીલ્યો
ઉછળી ઊંચે.

આ પ્રલંબ ચિત્રનો સુંદર નમૂનો છે. અહીં ત્રીજી પંક્તિમાં સૂર્યને મૂકયો હોત તો મૂળ સ્થિતિનો ક્રમ કદાચ વધુ સારી રીતે સચવાઈ શકયો હોત.

ડૂબતું વહાણ
જુએ ક્ષિતિજ શઢ
થતા અલોપ.

આ ત્રીજા પ્રકારનું દશ્ય બતાવે છે. ક્ષિતિજમાં અલોપ થતા શઢને જોતું ડૂબતું વહાણ જીવનના લયનું સૂચન કરે છે.

હાઈકુના સત્તર અક્ષરમાં ત્રણે લોકનું ચિત્ર સમાવવાની શક્તિ રહેલી છે તેની પ્રતીતિ-શ્રી સ્નેહરશ્મિની આ રચના કરાવે છે—

નીલ અબ્ધિને
ભેટે ગંગા લઈને
સોનેરી સૂર્ય.

આ હાઈકુનું શીર્ષક "ત્રિપથગા" અન્વર્થ છે. આકાશ, સાગર, ગંગા અને સૂર્ય યથાર્થ ક્રમમાં ગોઠવાઈને કેવું ભવ્ય સુંદર ચિત્ર રજૂ કરે છે! વર્ણન નહીં પણ રજૂઆત, હાઈકુના કવિનું લક્ષ્ય હોય છે. હાઈકુનો કવિ પોતાના ચિત-મુકુરમાં સૌન્દર્યના સત્ત્વને ઝીલે છે. પોતે તેને તટસ્થપણે રજૂ કરીને વાચકને આનંદરોમાંચનો અનુભવ કરાવે છે. સંવેદનને ઉત્તેજતા પદાર્થો તે રજૂ કરે છે. એ પદાર્થો દ્વારા ઉત્તેજાતી લાગણી વ્યક્ત કરવાને બદલે તે પદાર્થોને આપણામાં સંવેદન જગાડવા દે છે. ઉ. ત. આ ત્રણ ચિત્રો જુઓ—

| **રણ ને ચંદ્ર** | **ખીણમાં સૂર્ય** | **હિરોશિમાની રજ** |
|---|---|---|
| રણ વેરાન | ઊંડી ખીણમાં | હિરોશિમાની |
| ઘામ ધખેલું—ચંદ્રે | ઝૂકે સૂરજ : કોળી | રજ લઈ જલમાં |
| ગયું ભરાઈ. | ઊઠી વનરાં. | ધૂમે વસંત. |

ત્રણેમાં અનુક્રમે દૃષ્ટિનો વ્યાપ, શબ્દક્રમ અને મર્મ ધ્યાન ખેંચે છે. ત્રણેમાં ગતિ છે. હવે આ બીડમાં ગ્રીષ્મનું ચિત્ર જુઓ—

બીડમાં ગ્રીષ્મ
વાસન્તી સોહાગની
કજળે ચિતા.

અહીં કવિની વાણી વાસ્તવિક ચિત્રને અનુરૂપ કલ્પનાનો આશ્રય લે છે. હાઈકુના નિયમ પ્રમાણે આ કવિએ લીધેલી છૂટ ગણાશે.

રમે ખેતરે
વર્ષા-જળે મેડક
પીઠી ચોળેલા.

શ્રી સ્નેહરશ્મિનું આ જાણીતું હાઈકુ પણ કલ્પનાની ચમક દર્શાવે છે. ક્વચિત્ આ રીતે લીધેલી છૂટ મૃદુ સંવેદન જગાડીને સુંદર બદલો વાળી આપે છે, દા. ત.,

ઝાકળ જેવું
જીવી ગઈ તું હવે
સ્મરણો ભીનાં.

વળી આ ચિત્ર જોવા જેવું છે :

ઠીંકરી જળે
ઠેકતી જાય-સરે
ઝાંઝર એનાં.

કવિએ જળમાં ઠેકતી ઠીકરીની જેમ કાવ્યમાં શ્લેષની રમત કરી છે. "સરે" શબ્દ નામ અને ક્રિયાપદ બંને અર્થમાં તેમણે અહીં વાપર્યો છે. "ઝાંઝર" શબ્દ જળમાં પડતી લહરીનું સૂચન કરે છે. કાવ્યમય ઉદ્‌ગારનો લોભ તજીને કવિએ મૂળ વસ્તુ-લહરીને જ રજૂ કરી હોત તો આ હાઈકુ અનવદ્ય બનત. પોતે પદાર્થ જોયો હોય તેવો જ—કશી ટીકા-ટિપ્પણી કે ઢોળચમક વિના—રજૂ કરવો એ સહેલી લાગતી શરત પાળવી કેવી અઘરી છે! શબ્દનો ઉપયોગ કરતી વખતે કવિ પોતાના મિજાજનો સ્પર્શ આપવાનો મોહ જતો કરે એ હાઈકુની રચનામાં ખાસ જૂનું છે. જોકે આ પ્રકારનો સંયમ બધા કવિઓ સર્વાંશે પાળી શકતા નથી. ફીગીન નામના સત્તરમી સદીના જાપાની કવિનું આ હાઈકુ જુઓ—

"Summer thinness, dear"
I replied to him and then
Burst into a tear.

આ રચનાનું શીર્ષક છે "Unconfessed Love" આ આત્મસંવેદનયુક્ત ચિત્ર ઘણું ભાવવાહી છે.

સામાન્ય રીતે કવિની કલ્પના પરથી કાવ્યની ચારુતા નક્કી થાય છે. અહીં કલ્પનાનો પ્રગટ ઉપયોગ કર્યા વિના કવિ જે ચિત્ર ઉપસાવે છે તેમાંથી વાચકની કલ્પના ઉત્તેજાય છે અને તેના ચિત્તમાં અનેક નવીન મધુર રહસ્યગુંજનો રમે છે. કવિએ પસંદ કરેલા ચિત્રમાં જ એવી અણુશક્તિ હોય કે તે વાચકના ચિત્તમાં અનાયાસે સંવેદન જગાડીને કાવ્યાનંદ પ્રગટાવે.

શ્રી સ્નેહરશ્મિએ એક ઠેકાણે હાઈકુ લખ્યું છે—

કોરી મટકી
શીતળ પાણી, એણે
પરબ માંડી.

હાઈકુના કવિને આ ઉદ્દગારો લાગુ પાડીને કહી શકાય કે તેના વક્તવ્યની મટકી કોરી એટલે કે અંગત ચિંતન કલ્પન કે સંવેદનના સ્પર્શ વિનાની હોય અને તેમાં ભાવકના હૈયાને ઠારે, આત્માને તૃપ્ત કરે અને ચૈતન્યને ભીંજવે એવું વસ્તુ-મર્મનું શીતળ પાણી ભર્યું હોય તો તેને સાચી કાવ્ય-પરબ કહીએ.

કવિની કલ્પના હાઈકુમાં ગુપ્ત રૂપે પ્રવર્તે છે. ચિત્રની વિભાવનામાં તેની કસોટી થાય છે. શ્વેત કિરણનો વૈભવ વખત આવ્યે મેઘધનુષમાં પ્રગટ થાય છે. તેમ કવિની પ્રતિભાનો કયાસ ચિત્રમાંથી ફૂટતી ધ્વનિ-રેખાઓ પરથી નીકળે. મનોરમ અને અર્થસભર પ્રકૃતિચિત્રોની વિભાવના હાઈકુના કાવ્યરસનું સાચું ઉદ્દ્ભવસ્થાન છે. શ્રી સ્નેહરશ્મિએ બુલબુલ, કરોળિયો, માખી, પતંગિયું, સૂર્ય, ચંદ્ર, ઋતુઓ વગેરે જૂના હાઈકુ-કવિઓના વિષયો સારી રીતે ખેડયા છે. ઉપરાંત કેટલાંક ચિન્તનપ્રેરક દશ્યો રજૂ કરવાની પણ તેમને સુંદર ફાવટ છે. સર્જન અને વિસર્જનની ક્રિયા સૃષ્ટિમાં એક સાથે ચાલે છે તે સૂચવતું આ હાઈકુ જુઓ—

વ્હેરાય થડ.
બાંધતાં માળા ડાળે
પંખી કૂજતાં.

એવું જ બીજું સુંદર હાઈકુ આ છે :

નવાં ફૂલોએ
ગયા ઢંકાઈ કાંટા
જૂની વાડના.

જિંદગીની ક્ષણભંગુરતા સૂચવતું ઝાકળનું ચિત્ર પણ એવું સચોટ છે:—

"છું હું નિર્ભય",
ગાતું ઝાકળ ફૂલે,
સૂરજ ઊગે.

તૂટેલાં ખિલૌના જેવાં ભાંગેલાં સ્વપ્નો લઈને ચિરનિદ્રામાં પોઢતા માનવીની યાદ દેવડાવતું હાઈકુ પણ હૃદયસ્પર્શી છે :

રડીને પોઢયું
બાળ ખિલૌનાં તૂટયાં
રાખી છાતીએ.

તેમણે કેટલાંક હળવાં ચિત્રો દોર્યા છે. દા. ત.

**કાગડો અને સ્ત્રી**

એરિયલ પે
કાગ, સ્ત્રી અગાશિયે,
પથે મેદની.

**રસ્તા વચ્ચે**

મળી ગઈ એ
રસ્તા વચ્ચે; નજર
લોકની આળી.

ઉપરના દાખલાઓ પરથી જોઈ શકાશે કે શ્રી સ્નેહરશ્મિનો હાથ હાઈકુ પર બેસી ગયો છે. તેમણે ચારસો-પાંચસો રચનાઓ કરી છે. તેમાંથી શુદ્ધ હાઈકુના નમૂના ઉપર જોયું તેમ સારી સંખ્યામાં મળે છે. અંગ્રેજીના કરતાં જાપાની અને આપણી ભાષાનું બંધારણ જુદું હોવાથી અંગ્રેજી હાઈકુમાં કેનેથ યસુદા ૧૭ શ્રુતિઓનું માપ સાચવે છે અને તેનો બાહ્ય તેમ જ આંતરિક લય ઉચ્ચારના સ્વરભારને અનુસરીને સાધે છે. ગુજરાતી રચનાઓમાં વર્ણ-માધુર્યનો આયાસ નથી. તેમ નિયમિત પ્રાસયોજના યે નથી છતાં તેમાંનો સૂક્ષ્મ અર્થાનુસારી લય સમજદાર વાચક પારખી શકે છે.

પોતે મુક્તકનો પ્રયોગ કરતાં કરતાં હાઈકુ તરફ વળ્યા એવો ખુલાસો શ્રી સ્નેહરશ્મિએ કર્યો છે. બંનેનાં કદ અને મર્મ મુક્તક ને હાઈકુ વચ્ચે સામ્યનો આભાસ ઊભો કરે છે. દા. ત. નીચેનો દૂહો જુઓ—

સાજન આયા હે સખી, જ્યાંકી જોતી વાટ,<br>
થાંભા નાચે, ઘર હસે, ખેલણ લાગી ખાટ.

આ દૂહામાં પતિના આગમનથી ઘરમાં ફેલાએલા ઉલ્લાસનું ચિત્ર છે, જે હાઈકુની નજીકનું દેખાય છે, પણ મુક્તક અને હાઈકુનાં સ્વરૂપ તત્ત્વતઃ ભિન્ન છે. મુકતકમાં ચિંતન અને કલ્પનાનો પ્રગટ આવિર્ભાવ હોય છે. હાઈકુમાં તે સ્ફોટક ચિત્રમાં ભારેલાં હોય છે.

રેલાઇ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની<br>
સિન્ધુના ઉરમાંથી તો ઊઠશે અમીવાદળી.

એ મુકતકમાંની અન્યોક્તિ હાઈકુનું સ્મરણ કરાવે, છતાં હાઈકુની નિશ્ચિત આકૃતિમાં નિબદ્ધ થતા વસ્તુલક્ષી ચિત્રથી એ તદ્દન જુદું તરી આવે છે. અર્થને લગતી કલ્પના અને જીવનના કોઈક મર્મ કે સંવેદનનું કથન મુકતકમાં મુખ્ય હોય છે. વળી તે એકથી પાંચ કે ૭ પંક્તિ સુધી વિસ્તરી શકે છે; પરંતુ હાઈકુનું માપ તો ૧૭ અક્ષરનું નક્કી થયેલું છે. એટલે તે વધુ સઘન અને ધ્વનિસભર હોય તે દેખીતું છે. મુક્તકમાં ક્વચિત્ સીધો ઉપદેશ હોય છે. તેમાં આત્મલક્ષી સંવેદનને પણ, ઉપરના પ્રથમ દૃષ્ટાંતમાં જોયું તેમ, અવકાશ હોય છે. વળી તેમાં ઉપમારૂપકાદિ અલંકારોનો છૂટથી ઉપયોગ થાય છે. પ્રકૃતિમાં દેખાતી નરી વસ્તુને હાઈકુનો કવિ અસલ સ્વરૂપમાં દેખાડે છે. આ અર્થમાં હાઈકુના કવિનું વલણ તદ્દન બિનંગત કે વસ્તુનિષ્ઠ ( objective ) હોય છે. એટલે મુકતકથી તે અનેક રીતે જુદું છે.

તારની મિતાક્ષરી ભાષામાં હાઈકુનો કવિ બોલે છે. એટલે અંગ્રેજીમાં તેને versegram કહે છે. ગુજરાતીમાં તેને અણુકાવ્ય કહી શકાય.

આ કાવ્યસ્વરૂપ અનેક નવીન શકયતાઓથી ભરેલું છે. ભાવકની કાવ્યસમજ અને કલ્પના-શક્તિની કસોટીનું એ એક સાધન છે. ઊઘડતી કવિ-કળીઓને ટૂંકાં અને નવાં ચિત્રો ગોઠવવાનો વ્યાયામ કરીને ખીલવાનો અવકાશ હાઈકુના પ્રયોગોએ કરી આપ્યો છે. કવિની શક્તિની કસોટી વ્યાપક મર્મને સચોટ ચિત્રમાંથી ધ્વનિત કરી બતાવવામાં રહેલી છે. શ્રી સ્નેહરશ્મિ એવું સામર્થ્ય દાખવતાં, અણુકાવ્ય જેવાં નમૂનેદાર હાઈકુ આપી શકયા છે, તે આનંદની વાત છે.

એક રીતે જોઈએ તો હાઈકુનું આ નાનકડું કાવ્યસ્વરૂપ અદ્યતન કાવ્યપ્રતિભાને પડકારરૂપ છે. સ્વસ્થતા, સંયમ, શબ્દપ્રભુત્વ અને ઊંડી મર્મગામી રસદૃષ્ટિની તેમાં અપેક્ષા રહે છે. તેના દૃઢ બંધમાં પ્રત્યેક શબ્દને ચોક્કસ સ્થાન છે. પદવિન્યાસમાં ભાગ્યે જ કશી પરિવૃત્તિ ત્યાં શક્ય હોય છે.

'સંસ્કૃતિ'ના ઑગસ્ટ ૧૯૬૫ના અંકમાં શ્રી હસમુખ પાઠકનું 'સરોવર' કાવ્ય પ્રગટ થયેલું છે.

તળિયે સ્વસ્થ ચંદ્રમા,
ભાંગતો ચંચલ સપાટી પર
ઓચિંતી કોઈ લહેરમાં !

એમાં કુલ ૨૭ અક્ષરો (૮, ૧૧, ૮) છે. હાઈકુની આવશ્યકતાઓ તેમાં જળવાતી નથી. છેલ્લી પંક્તિ છોડી દેવામાં આવે તો અર્થને હાનિ પહોંચાડ્યા વિના સુંદર અભિવ્યક્તિ સધાય છે, છતાં અક્ષર ૧૯ રહે છે. શ્રી સ્નેહરશ્મિ તેને આ પ્રમાણે ૧૭ અક્ષરમાં ગોઠવે છે.—

| | | |
|---|---|---|
| તળિયે સ્વસ્થ<br>ચંદ્ર ભાંગે ચંચળ<br>સપાટી પર | **અથવા** | તળિયે ચંદ્ર<br>સ્વસ્થ ભાંગે સપાટી<br>ચંચળ પર. |

લગભગ આવું પણ જુદો અર્થ ધ્વનિત કરતું શ્રી સ્નેહરશ્મિનું બીજું એક હાઈકુ છે :

ચંચળ જળે
ડહોળાઈ ચાંદો વચ્ચે
વચ્ચે ચમકે.

અહીં 'ચમકે' શબ્દના બંને અર્થ સ્વાભાવિક રીતે જ ડહોળાવાની ક્રિયા સાથે બંધ બેસે છે.

આપણા અગ્રણી કવિ-સર્જકોનું તટસ્થ અને આત્મ-સંયત વલણ જોતાં એમ લાગે છે કે સૉનેટની માફક હાઈકુ આપણી ભૂમિને માફક આવશે. સર્જન અને ભાવન ઉભયની કસણી અને ખિલવણી માટે આ અણુકાવ્યના વધુ ને વધુ પ્રયોગો આપણા કવિઓ કરે તે ઇચ્છવાજોગ છે. શ્રી સ્નેહરશ્મિએ હાઈકુનો પ્રથમ પ્રયોગ કરીને ભરપૂર શક્યતાઓવાળી એક નવી જ દિશા ખોલી આપી છે. નવતર કવિઓ એ માર્ગે વળ્યાના ચિહ્નો પણ જોવા મળે છે. 'કવિલોક'ના ૪૬મા અંકમાં શ્રી સ્નેહરશ્મિની કેટલીક હાઈકુ અને ટાન્કા પ્રકારની રચનાઓ છે. એ જ સામયિકના ૪૭મા અંકમાં શ્રી ચંદ્ર પરમારનાં ત્રણ હાઈકુ અને એક ટાન્કા જોવા મળે છે. તેમાંની નીચેની કૃતિ ધ્યાનપાત્ર છે—

કાદવ બેઠો
મેઢક, જુએ આભે
મેઘધનુષ.

રાવજી પટેલ અને મુકુન્દ પરીખ સંપાદિત 'શબ્દ'માં શ્રી પ્રિયકાન્ત મણિયારની બે અને ત્રણ પંક્તિઓવાળી કેટલીક રચનાઓ છે. તેમાં હાઈકુનું માપ સ્વીકારેલું નથી. છતાં તેમાં ખચિત ચિત્રો હાઈકુની સ્પષ્ટ અસર બતાવે છે. દા. ત.

નર્યા નીરનો
સાગરને અડવાનો પ્હાડે
ફેલાવ્યો શો હાથ !

તેમ જ

ખરી ગયેલાં ડાળ-પાન લઈ
પવન ઝૂંપડી બાંધે.

—એ સુંદર ગતિશીલ ચિત્રને સહેલાઈથી હાઈકુના ૧૭ અક્ષરના માપમાં ગોઠવી શકાત. એવી જ કેટલીક શ્રી ચિનુ મોદીની રચનાઓ પણ છે.

અહીં આ લઘુ કાવ્યસ્વરૂપના પ્રયોગમાં રહેલા ભયસ્થાનનો પણ નિર્દેશ કરવો જોઈએ. હાઈકુ ઉખાણું કે જોડકણું નથી તે ધ્યાનમાં રાખવું જોઈએ. તેના સાદા અને સંક્ષિપ્ત રૂપથી આકર્ષાઈને કરેલું દરેક કથન હાઈકુ બનતું નથી. સત્તર અક્ષરમાંથી ઉપસતું ચિત્ર પોતે જ મનોહર કલ્પનાને ઉત્તેજે તેવું હોવું જોઈએ. દા. ત.

સવારના આકાશે જોઉં
એક પંખી ને
બહુ બહુ પાંખો.

એ રચનાને ૧૭ અક્ષરમાં ગોઠવવામાં આવે, તોપણ તે હાઈકુની આંતરિક આવશ્યકતાને સંતોષી શકે કે કેમ એ શંકા છે. ધ્વનિ કવિતાનો પ્રાણ છે. પરંતુ તે સામાન્ય બુદ્ધિની કરામત નથી. અસ્પષ્ટતામાં ઊતર્યા વિના તત્કાળ કલ્પનાને ઉત્તેજે તેવું કાવ્યત્વ ૧૭ અક્ષરમાંથી ઉપસતા ચિત્રમાં હોવું જોઈએ. હાઈકુનો પ્રયોગ કરનાર કવિના આરંભના ઘણા બાર હવામાં જ થાય એવું બને.

ખૂબ ઘૂંટાયા પછી જ હાથ આવે તેવો તે કાવ્યપ્રકાર છે. કવિના સંયમની ખરેખરી કસોટી એમાં થાય છે. તેણે કરેલી ચિત્રની વિભાવનામાં કવિત્વનાં તમામ કિરણો-કલ્પના, ચિંતન, સંવેદન ઇત્યાદિ-સંમીલિત થઈને રહે છે. અણુમાં જેમ અસાધારણ શકિત રહેલી છે એવું આ લઘુ કાવ્યનું છે. માટે તો એને અણુકાવ્ય કહ્યું છે. તેનો વિપુલ પ્રયોગ ભવિષ્યમાં ગુજરાતી કવિતાનું ગજું માપી આપે એ સંભવિત છે.

**નોંધ :**—૧. બાશો અને બુસોન જાપાનના શ્રેષ્ઠ હાઈકુ કવિઓ છે. તેમનાં તેમ જ બીજા કવિઓનાં હાઈકુનું અંગ્રેજી ભાષાંતર કેનેથ યસુદાએ "શોસોન" ઉપનામથી કરેલ છે. ઉપરાંત અંગ્રેજીમાં સ્વતંત્ર રીતે હાઈકુ આ અમેરિકી કવિએ રચેલાં છે. તેનો સંગ્રહ "એ પેપર પૌડ" નામે ૧૯૪૭માં પ્રગટ થયો હતો. અંગ્રેજી વર્ણમાલામાં ઉતારેલાં મૂળ હાઈકુ સાથે તેમનાં અંગ્રેજી પ્રતિબિંબો ઉચ્ચારતાં વધુ સંગીતમય લાગે છે. છતાં મૂળનો મર્મ અંગ્રેજીમાં સચોટ ઝિલાયેલો છે એ હાઈકુનું સ્વરૂપ ભાષાંતરમાં જળવાયેલું છે તે જોતાં કહી શકાય. સંગ્રહના આરંભમાં હાઈકુના કાવ્યસ્વરૂપની આપેલી પિછાન દ્યોતક છે.

૨. પાનખરની એક સાંજે બાશો અને તેનો એક શિષ્ય કીકાકુ ડાંગરના ખેતરમાં થઈને જતા હતા. એક લાલ માખીને ઊડતી જોઈને કીકાકુએ હાઈકુ બનાવ્યું અને ગુરુ બાશોને બતાવ્યું–

"Take a pair of wings
From a dragon-fly, you would
Make a pepper-pod."

આ વાંચીને બાશોએ માથું ધુણાવ્યું અને કહ્યું, "નહિ." તે હાઈકુ નથી તમે લાલ માખીને મારી નાખી. તમારે હાઈકુ બનાવવું હોય તો તેને સજીવ કરો. તમારે આમ કહેવું જોઈએ—

"Add a pair of wings
To a pepper-pod, you would
Make a dragon-fly."

("હાઈવા"માંથી "પેપર પૌડ"માં ઉદ્ધૃત.)

# 'વૈષ્ણવગીત'નું કર્તૃત્વ તથા કેટલાંક પાઠાન્તરો

અગરચંદ નાહટા

'સ્વાધ્યાય' પત્રિકાના પુસ્તક ૩નું, અંક ૨માં, શ્રી મંજુલાલ મજમુદારે કવિ રામની બે પ્રાચીન રચનાઓ પ્રકાશિત કરી છે. એમાંના 'વૈષ્ણવગીત'ના કર્તા કવિ રામ હોય એમ નથી લાગતું; પરન્તુ તેમણે જ મુ. કેશવલાલભાઈના મતનો જે ઉલ્લેખ કરેલો છે તે પ્રમાણે ખરી રીતે તેનો કર્તા 'મીઠો' જ જણાય છે. મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાંના એક ગુટકામાં મને આ કૃતિ મળી છે. તેમાં 'વિષ્ણુવ મીઠઈ'ને સ્થાને 'સેવક મીઠઈ' એવો પાઠ છે. રચનાકાળના પાઠમાં પણ અન્તર છે. શ્રી મજમુદારે 'સત્યાસીઈ' પાઠ આપ્યો છે તેને સ્થાને શ્રી પુણ્યવિજયજીની પ્રતિમાં 'નિવ્યાસીહિઈ' એવો પાઠ છે, અને બીજા પણ કેટલાક પાઠભેદો છે જેથી આ નોંધ પ્રકટ કરવી એ આવશ્યક લાગ્યું છે.

'વૈષ્ણવ ગીત'નું નામ પણ શ્રીપુણ્યવિજયજીની પ્રતિમાં 'વિષ્ણૂવ ચઉપઈ' એવું મળે છે જે વધારે સુસંગત છે, કેમ કે તે કૃતિ ચૌપઈ છન્દમાં રચાયેલી છે. પ્રકાશિત પદ્યાંક ૧૬ થી ૩૭ સુધીની પંક્તિઓ શ્રીપુણ્યવિજયજીની પ્રતિમાં પદ્યાંક ૪૮ની પછી મૂકેલી છે અને આથી ચોથી પંક્તિની પરમ્પરા સમાનરૂપે મળી જતી હોવાથી આ ક્રમ પણ સુસંગત છે. વચ્ચે વ્યતિક્રમ થાય અને તે પછી ફરી તે જ કડી ચાલુ થાય તેના કરતાં સમાન પંક્તિઓવાળો પાઠ પૂર્ણ થયા પછી નવો ક્રમ ચાલુ થાય એ અધિક ઉપયુક્ત છે. શ્રી પુણ્યવિજયજીની પ્રતિમાં પ્રકાશિત પદ્યાંક ૭મો ૮મા તરીકે રજૂ થયો છે અને પ્રકાશિત પદ્યાંક ૮માના સ્થાને ૭મું પદ્ય આવે છે. આ ઉપરાંત બીજાં ઉલ્લેખનીય પાઠાન્તરો આ પ્રમાણે છે:—

| પદ્યાંક | મુદ્રિત પાઠ | શ્રીપુણ્યવિજયજીની પ્રતિમાંનો પાઠ |
|---|---|---|
| ૨ | 'સૂંપ્યા—દ્રોહ' | 'સ્વામી દ્રોહો' |
| ૬ | 'ઊમારગીઉ—સંગિઈ' | 'કુમારગી કુસંગતિ' |
| ૭ | 'વરણાવરણ' | 'વાણ ચ્યાર' |
| ,, | 'રમઈ' | 'જિમઈ' |
| ૮ | 'આહેડિઈ' | 'નિવહિંડિ' |
| ૧૦ | 'વિચરઈ' | 'વિભચરઈ' |
| ૧૧ | '(સર્વ ભૂત)'નું વાસી' | 'નિવ્યાસી' |
| ,, | 'સહુ કો ઇમ' | 'સહૂ ઇ મુખિ' |
| ૧૫ | 'હણઈ જીવ, નઈ' | 'દયા દયા મુખિ' |
| ૨૪ | '(મતિ)સાંન' | '(મતિ)માન' |
| ૨૬ | 'કાપઈ' | 'ભેદિ' |
| ,, | 'ધાસવઈ' | 'નાસવિ' |

| | | |
|---|---|---|
| ૨૬ | 'દાખવઈ' | 'ભાસઈ' |
| ૨૭ | 'તણી-પરિ શીતલ જેહ' | 'નિપઈરિ સુગણ સનેહ' |
| ૨૮ | 'મલિન' | 'મઈલિ' |
| ,, | 'સગુણ સનેહ' | 'નિરમલ નેહ' |
| ૩૦ | 'સિંઉ' | 'સરિસુ' |
| ૩૫ | 'નિર્મલ' | 'નિશ્ચલ' |
| ૩૬ | 'નઈ વિષ ખાઈ' | 'નિરવિષ થાઈ' |
| ૩૯ | 'અહનિસિ રમઈ' | 'અહનિશિ મનિ રમઈ' |
| ૪૪ | 'અહનિસિ' | 'સંગતિ' |
| ૪૫ | 'સરતિ' | 'સકતિ' |
| ૪૬ | 'દયા' | 'રૂદય' |
| ૪૯ | 'સત્યાસીઈ' | 'નિવ્યાસીહિઈ' |
| ,, | 'મનિ' | 'નઇ' |
| ૫૦ | 'વિષ્ણુવ' | 'સેવક' |
| ,, | 'પ્રબન્ધ' | 'પદબન્ધ' |
| ૫૧ | 'શિવંસુખ' | 'સર્વ સુખ' |

ખરું જોતાં પ્રાચીન કૃતિઓના પાઠના સમ્પાદનમાં માત્ર એક જ હસ્તપ્રત મળતી હોય ત્યારે મુશ્કેલી પડે છે, જ્યારે અધિક પ્રતિઓ મળતાં શુદ્ધ પાઠના નિર્ણય માટે બહુ સરળતા થાય છે.

# વસાવાની ઉત્પત્તિ

**ચન્દ્રકાન્ત વાઘેલા**

ગુજરાતની પૂર્વ દિશામાં ડુંગરાળ અને જંગલથી ભરપૂર પ્રદેશ આવેલો છે. એ પ્રદેશમાં આદિવાસીઓનાં અનેક રાજ્યો હતાં. રાણા પ્રતાપને ભીલ સરદારોએ મદદ કરી હતી તે હકીકત ઇતિહાસપ્રસિદ્ધ છે. વનરાજને પણ ભીલ સરદારોએ મદદ કરેલી. પંચમહાલનાં ભીલરાજ્યો જાણીતાં છે. શિવાજી મહારાજને સુરતની લૂંટમાં સોનગઢના સોનીઆ વસાવાએ મદદ કરેલી એવી વાતો પણ પ્રસિદ્ધ છે. ઠેઠ સ્વરાજ્ય આવ્યું ત્યાં સુધી ડાંગમાં ભીલરાજ્ય હતું. સાગબારાનું ભીલરાજ્ય પણ જાણીતું છે. આ રીતે ગુજરાતના આખાએ પર્વતીય પ્રદેશમાં આદિવાસી રાજાઓનાં નાનાંમોટાં રાજ્યો હતાં. ૧૫૪૯ પહેલાં માંડવી તાલુકાના પીપલવાડા ગામ પાસે વસાવા રાજા રાજ્ય કરતો હતો.[૧] એ કુળમાં છેલ્લો રાજા કુટિલ નામનો ભીલ રાજા થઈ ગયો. ઉદેપુર-જોધપુર તરફથી નાસી આવેલા રાણાના વંશજ પ્રેમજી દેવજી નામનો કુંવર ઈ. સ. ૧૫૫૦માં આ કુટિલ ભીલને મારી નાખી પોતે ગાદીએ બેઠો.

વસાવાનાં ઘણાં રાજ્યો હતાં—સાગબારા, વાડી, રાયસિંગપુર, કાંટી, સોનગઢ, સેગુપાડા વગેરે. સોનિયો વસાવો એ સાગબારાથી સોનગઢ આવીને વસેલો. સેગુપાડા (ટોકરવા પાસે) આજે પણ એક જાગીરદાર તરીકે ઓળખાય છે. ડાંગના રાજાઓ તો જાણીતા છે જ. આ વસાવા જાતિ ક્યાંથી આવી, મૂળ એ પ્રજા કોણ છે એ અંગે કોઈ ઇતિહાસ કે અન્ય સાધનો પ્રાપ્ત નથી; પણ કિંવદંતીના આધારે અને કેટલાક લોકો પાસેથી જે વાતો મળી તે નોંધું છું.

ભીલ લોકો મૂળ એકબીજાથી દૂર દૂર ઝૂંપડાં બાંધીને રહેતા. એ કુટુંબોમાંથી કેટલાકને ગામ વસાવીને સાથે રહેવાની પ્રેરણા થઈ. આથી તેઓ ગામ વસાવીને સાથે રહેતા થયા. માટે તેઓ "વસાવા" કહેવાયા.[૨]

'નવસારી પ્રાંત સર્વસંગ્રહ'માં ઉલ્લેખ છે કે "ભીલ લોકોની એક જાતિ વસાવા છે. તેઓ સ્વતંત્ર ગામો વસાવીને સ્વતંત્ર વસ્તી કરી રહેવા લાગ્યા માટે વસાવા કહેવાયા."

ગામીત સમાજમાં 'ગાવિત' એટલે ગામનો મુખી કે આગેવાન. 'ગાવિત' એ ગામના આગેવાન માટેનો ગૌરવયુક્ત શબ્દ છે જેનો અર્થ ગામઆગેવાન કે પટેલ થાય છે.

આગળ જેમ આપણે વાડી, સેગુપાડા, ડાંગ, સાગબારા વગેરે દેશી રજવાડા અંગે જોયું એવું જ એક જાણીતું વસાવાનું રાજ્ય મેવાસનું હતું. મેવાસ એ નાની નાની ઠકરાતવાળો પ્રદેશ છે. જેમ કાનમ, ચરોતર તેમ મેવાસ. મેવાસ એ લાડકો શબ્દપ્રયોગ છે. 'મેવાસી'નો એક અર્થ આત્મસ્વરૂપ એવો થાય છે. મીરાંએ ગિરધર-ગોપાલને માટે વાપર્યો છે. આ મેવાસનો દામજી

---

૧, ૨. "માંડવી સુરતનું દેશી રાજ્ય" પુસ્તકની નોંધ પરથી.

વસાવો પ્રસિદ્ધ હતો. એનું તો રાજ્ય પણ જબરું હતું. એનું એક લોકગીત આજે પણ લોકોમાં જાણીતું છે, જેની પ્રથમ પંક્તિના શબ્દો છે " દામજી દામજી દામજી મેવાસીના દામજી રે લોલ. "[૧]

આવડી મોટી અંગ્રેજ સલ્તનત પણ આ ડુંગરાળ પ્રદેશના દામજી વસાવાને જંગલો–ડુંગરાઓમાં પહોંચી જઈ વશ નો'તી કરી શકી.[૨] આ મેવાસના વસાવા પોતાને અસલ વાલ્મિકી ઋષિના વંશજ માને છે. સામાન્યરીતે વસાવાના કેટલાક રીતરિવાજ, સંસ્કારો, રહેણીકરણી પરથી ઘણા લોકોનું એમ માનવું છે કે વસાવા એ ભીલ સમાજની એક પેટા જાતિ છે.

આજે વસાવામાં ત્રણ મુખ્ય કુળો છે : વસાવા, વહાવી અને વળવી. આ ઉપરાંત પાડવી પણ એક કુળ છે. એ બધાં કુળો એકસરખાં. એમાં પરસ્પર રોટી અને બેટીવહેવાર ચાલે. એમની બોલી, પહેરવેશ, દેખાવ, સામાજિક રીતરિવાજ, ઉત્સવો, દેવો વગેરે એક જ. વસાવા સમાજનાં આગળ ત્રણ-ચાર મુખ્ય કુળો જોયાં. આ ઉપરાંત બીજાં કેટલાંક કુળો પણ છે એમ જાણવા મળે છે. એ કુળોમાં વડગરકુળ, બરાઠીકુળ, કણબીકુળ, રજપૂતકુળ, કડવાપાટીદારકુળ, વગેરે આવે છે.

ઉપર જે કુળો ગણાવ્યાં તેમાં વડગરકુળ મોટામાં મોટું અને ઊંચું કુળ ગણાય છે. એ લોકો ગામીતોનું પાણી ન પીએ. મેવાસના રાજા, વાડી, સાગબારા, સોનગઢ, સેગુપાડાના રાજાઓ પણ આ કુળના ગણાય છે.

કણબીકુળ, રજપૂતકુળ, કડવાપાટીદારકુળ વગેરે જોતાં એમ લાગે છે કે આ સમાજમાં રજપૂત, પાટીદાર વગેરે સાથે ભેળસેળ થઈ હોવી જોઈએ. મેવાડના ભીલોએ ત્યાંના રજપૂત રાજાઓને સૈન્યમાં મદદ કરી. આથી કેટલાક ભીલ આગેવાનોને જમીન-જાગીર ગરાસ મળ્યાં. આ લોકો સામાન્ય ભીલો કરતાં ઊંચા મનાવા લાગ્યા. રજપૂત અને આ ગરાસવાળા ભીલો વચ્ચેના સંબંધવાળી જે પ્રજા થઈ તે ગરાસીઆ તરીકે ઓળખાવા લાગી. તેવું કંઈ આ કુળો અંગે પણ બન્યું હોય એવો સંભવ ખરો.[૩]

ભીલસમાજનાં રહેઠાણો જોતાં એમ તારણ નીકળે છે કે ભીલસમાજ છૂટોછવાયો ઘર બાંધી વસતો હતો. આ આખા સમાજમાં સાગબારાની પ્રજા કંઈક ચોખ્ખી હતી. દેવરાજો-પાંહો, ઈવાદેવ અને મગીદેવી જે આ વસાવા સમાજના મુખ્ય અધિષ્ઠાતા દેવો મનાય છે. તેઓ કોઈક સ્થળે મુકામ કરવાના હેતુથી ફરતા ફરતા સાગબારા વિસ્તારમાં આવી પહોંચ્યા. એ વખતે એક વસાવા સ્ત્રી રાંધવા માટે પાસેના ઝરણા પર કોદરી ધોવા આવી. દેવોએ આ સ્ત્રીની

---

૩ દામજી દામજી દામજી મેવાસીના દામજી રે લોલ.
કેમ કરી મલવા આવું મેવાસીના દામજી રે લોલ.
દામજીના હાથમાં સોનાની વીંટી અલ્યા આવી સરકારની ચિઠ્ઠી......મેવાસી૰
દામજીના ઘરમાં સોનાનું બેડું અલ્યા આવ્યું સરકારનું તેડું......મેવાસી૰
તમારા દેશમાં જંગલ ઝાડી અલ્યા કેમ કરી મલવા આવું......મેવાસી૰
તમારા દેશમાં નાળા ગંનાળા અલ્યા કેમ કરી મલવા આવું......મેવાસી૰
દામજી દામજી દામજી મેવાસીના દામજી રે લોલ૰

૪ દલસુખભાઈ કેસુરભાઈ વસાવા–સાડોદ (તા. સંખેડા) સાથેનો વાર્તાલાપ.

૫. ભૂખ્યાભાઈ ભગત પાસેથી મળેલી વિગત પ્રમાણે. ભૂખ્યાભાઈ ભગત (બોરીસાવટ)

ચોખ્ખાઈની પરીક્ષા લેવા વિચાર કર્યો. દેવોએ દેવીને કાગડીનું સ્વરૂપ લઈ પેલી સ્ત્રી કોદરી ધૂએ તેમાં ચાંચ મારી તેને ગંદી કરવી એમ જણાવ્યું. દેવીએ એમ કર્યું. દેવીએ કાગડીનું રૂપ લીધું. પેલી સ્ત્રી કોદરી ધોઈ રહી કે તરત જ તેમાં કાગડીએ ચાંચ નાંખી.[1] આથી પેલી સ્ત્રીએ કોદરી પાછી ધોઈ. વળી પાછી કાગડીએ ચાંચ મારી. આથી પેલી સ્ત્રીએ ફરી ધોઈ. આમ છ-સાત વાર બન્યું, પછી દેવી જતી રહી.

પેલી સ્ત્રીએ વારંવાર કોદરી ધોઈ. એથી આ લોકો સ્વચ્છ છે અને આવા સ્થળે વાસ કરીએ તો આ લોકો સેવા કરે એમ છે. એમ માનીને દેવ-દેવીએ એક વિશાળ સાગના ઝાડના થડ પર લખ્યું કે "અમારી સેવા કરો અને અહીં રાજ્ય કરો. અમારી સેવા પૂજા કરશો ત્યાં સુધી તમારું કુળ રાજગાદી ભોગવશે."

બીજે દિવસે સાગના ઝાડ પર તે વિભાગના લોકોએ કંઈક લખાણ જોયું. તે પરથી તે લોકોએ સાગની આજુબાજુ એક ગામ વસાવ્યું ને ત્યાં રહેવા લાગ્યા. ત્યાં ખેતી કરવા લાગ્યા. આ સ્થળે એ કુટુંબોને ઘણું સુખ મળ્યું. તેઓ પર દેવકૃપા ઘણી ઊતરી. એ લોકોએ પાસેના ડુંગરા પર દેવનું સ્થાનક સ્થાપ્યું. એ દેવની પૂજા કરવા લાગ્યા. આજે પણ એ ડુંગર અને દેવ અતિદેવત્વવાળા મનાય છે. એથી એ ઘણા પ્રસિદ્ધ બન્યા છે. આ સ્થળે જે સાગ હતો તે લાંબી ડુંગરાઓની હારમાળા વચ્ચે બે ડુંગરીઓની વચ્ચે તળેટીમાં છે, જ્યાં પર્વતમાળામાં થઈને રસ્તો પસાર થતો હતો.

જેમ ઘાટ એટલે પર્વતોની વચ્ચે-ખીણમાંથી પસાર થતો રસ્તોઃ ગોમલઘાટ, ખૈબરઘાટ વગેરે, તેમ અહીં ડુંગરમાળામાં જે સ્થળેથી નાનકડા ડુંગર ઓળંગી કે કંદરામાંથી રસ્તો પસાર થાય તેને "બારી" કહેવામાં આવે છે. એ રીતે આ સાગ પાસેની બારીવાળું સ્થળ માટે "સાગબારી" કહેવાયું. એ પરથી અહીં જે ગામ વસ્યું તે સાગબારા કહેવાયું.

ઉપરનાં વિધાનો જોયા પછી એક વાત તો ચોક્કસ છે કે વસાવા એ એક આદિવાસી પ્રજા છે. મૂળ ભીલસમાજમાંથી છૂટી પડેલી એક જાતિ હોય એવો સંભવ ખરો, કેમકે ભીલોની અનેક પેટા જાતિઓમાં વસાવા પણ એક પેટા જાતિ છે. વળી વાલ્મિકીના વંશજનો આગળ જે ઉલ્લેખ છે, તે આધારે તો તેઓ મૂળ ભીલ જ હોવા જોઈએ, કેમકે વાલ્મિકી પોતે પણ પૂર્વજીવનમાં ભીલ હોવાનું મનાય છે. દેવવાળી વાતનું તથ્ય વિચારીએ તોયે અને ભીલસમાજ જે છૂટોછવાયો વસતો તેમાંથી જેઓ ગામ વસાવીને વસ્યા તેઓ વસાવા કહેવાયા એમ સાબિત થાય છે.

જંગલમાં છૂટીછવાઈ વસતી આ પ્રજા ધીમેધીમે સામાજિક રીતે, સંગઠન કરી, પરસ્પર સહકારની ભાવના કેળવતી ગઈ. એમાં કોઈક વહેલા સમજ્યા અને સમૂહમાં વસ્યા. એઓ સાથે સાથે ઘર બાંધી ગામ વસાવીને વસ્યા હોય એવો સંભવ ખરો. એ જેઓ ગામ વસાવીને વસ્યા તેઓને અન્ય લોકો વસેલા લોકો તરીકે ઓળખવા લાગ્યા. એ રીતે જેઓએ ગામ વસાવ્યું તેઓ વસાવા કહેવાયા.

---

૧. સામાન્ય રીતે કોદરી ધોવા જાય તો ટોપલીમાં કોદરી ધૂએ. સ્ત્રીઓ સાથે એક બેડું લઈ જાય. કોદરી ધોતી આવે ને વળતાં પાણી ભરતી આવે. કોદરી ધોઈને કિનારે મૂકીને પછી ઝરણામાં પાણી ભરવા જાય ત્યારે કાગડી ચાંચ મારે.

# બેથલેહેમનો તારો

**છોટુભાઈ સુથાર**

શિલાલેખો, તામ્રપટો, પ્રાચીન પુસ્તકોમાં વર્ણવેલા પ્રસંગો, લોકમાન્યતાઓ વગેરેના આધારે ઐતિહાસિક તારીખો તેમ જ ખગોળવિષયક પ્રસંગોનો કાલ-નિર્ણય કરવામાં આવે છે. ઘણીવાર એ રીતે મળતો કાલ-નિર્ણય રૂઢિગત માન્યતા કરતાં જુદો પણ પડતો હોય છે: ઉ. ત. ઈસુખ્રિસ્તની જન્મતારીખ ૨૫ ડિસેમ્બર ઈ.સ. ૧ નથી જ. ઈસ્વીસન કાલગણનાની પદ્ધતિ રોમન સાધુ દિયોનીસિયસ એક્ઝિક્યુઅસે આપેલા ગણિત અનુસારની છે. ઈસુખ્રિસ્તની જન્મ-તારીખ રોમ શહેર બંધાયા પછી ૭૫૪ વર્ષ બાદની છે એવું તેણે પ્રતિપાદિત કર્યું હતું, અને તદનુસાર તે તારીખ આજ પર્યંત ચાલુ રહેલી છે. સંશોધનો પરથી માલૂમ પડયું છે કે ઈસુ-ખ્રિસ્તનો જન્મ ૨૫ ડિસેમ્બરે થયો જ ન હતો. વળી ઈ.સ.ની ચોથી સદી સુધીમાં તા. ૨૫ ડિસેંબરને નાતાલ દિન તરીકે ઉજવવામાં પણ નહોતો આવતો. ઈસુખ્રિસ્તનો જન્મ ઈ.સ. પૂ. ૬નો સામાન્ય રીતે માનવામાં આવે છે, અને તેમ છતાંય તે કઈ ઋતુમાં યા કઈ તારીખે જન્મ્યા હતા તે વિષે કશું જ નિર્ણયાત્મક રીતે કહી શકાય તેમ નથી.

આમ કહી ન શકવાનાં કારણો છે.

ઈસુખ્રિસ્તનો જન્મ વર્ણવતા ગ્રન્થોમાં ઈસુખ્રિસ્તના જન્મસમયની ખગોલીય ઘટનાઓનો કશો ઉલ્લેખ જોવા મળતો નથી. સંત મથ્થી જ માત્ર 'બેથલહેમના તારા'નું વર્ણન કરે છે: પણ એ અંગેની માહિતી પૂરતા પ્રમાણમાં મળતી નથી. વળી એ અર્થપૂર્ણ બને તેટલી સ્પષ્ટ પણ નથી. નીચેની વિગતો પરથી એ અંગેનું અનુમાન કરી શકાશે.

ઈસુખ્રિસ્તનો જન્મ થયો ત્યારે પૂર્વના માગીઓ (શાણા માણસો) હેરોદ પાસે પહોંચ્યા અને તેને પૂછ્યું,

મથ્થી ૨ : ૨ "યહુદીઓનો રાજા જન્મ્યો છે તે કયાં છે? કારણ કે પૂર્વમાં તેનો તારો જોઈને તેનું સન્માન કરવા અમે આવ્યા છીએ."

ત્યાર પછીની વિગતો સંત મથ્થી નીચે અનુસાર આપે છે.

મથ્થી ૨ : ૭, ૮ પછી હેરોદે માગીઓને એકાંતમાં બોલાવ્યા અને તેમને દેખાએલા તારાનો સમય કાળજીપૂર્વક પૂછી લીધો. પછી તેમને બેથલહેમ તરફ વળાવતાં કહ્યું, "તમે ત્યાં પહોંચીને નવજાત શિશુ માટે ખંતપૂર્વક તપાસ કરજો અને જ્યારે તમને એના વિષેની ભાળ મળે ત્યારે મને પાછો સંદેશો કહાવજો જેથી હું પણ ત્યાં આવું અને તેનું સન્માન કરું."

મથ્થી ૨ : ૯, ૧૦ રાજાનું કહેવું સાંભળીને તેઓ પોતાને રસ્તે પડ્યા, અને બન્યું એવું કે જે તારો તેમણે પૂર્વમાં જોયો હતો તે તેમની આગળ થયો અને બાળક જ્યાં હતો તે ઠેકાણે જઈને થોભ્યો. તારો જોઈને તેમના આનંદની સીમા ન રહી.

સંત મથ્થી સિવાય બીજા કોઈ સંતે તારાઘટનાનો ઉલ્લેખ કર્યો નથી. એટલે આપણે એમણે આપેલા વર્ણનના આધારે હકીકતના આંકડા મેળવવા રહ્યા. સંત મથ્થી તારા અંગે નીચેની બાબતો આપે છે :

(૧) તારો પૂર્વમાં જોવાયો હતો.

(૨) તારો દેખાયાનો સમય હેરોદ કાળજીપૂર્વક જાણી લે છે.

(૩) તારો ફરીથી દેખાય છે પણ ત્યારે તે આગળ થઈને ચાલતો રહે છે.

(૪) તારો બાળકના જન્મસ્થાને પહોંચી થોભી જાય છે.

ઉપરની બાબતો પરથી નીચેની વિગતો ફલિત થાય છે :

(૧) તારો પૂર્વમાં સ્પષ્ટ રૂપે દેખાયો હતો. એટલે કે આકાશના બીજા તારાઓની સરખામણીમાં એને અલગ તારવી શકાય એ રીતે તે દેખાયો હતો.

(૨) તારાનું પ્રાકટ્ય ઓચિંતું થયું હતું. એ પ્રાકટ્ય ઈસુખ્રિસ્તના જન્મનું સૂચક છે. તારો કયે દિવસે અને કયા સમયે દેખાયો હતો તેની વિગત પરથી ઈસુખ્રિસ્તને જન્મ્યે કેટલો સમય વીત્યો હશે તેનો પાકો અંદાજ રાજા હેરોદ મેળવે છે.

(૩) બીજી વાર દેખાતો તારો મૂળનો જ તારો છે. એ તારો ચાલતો તારો છે. એટલે કે યાત્રીઓના ચાલવા સાથે એ પણ ખસતો રહ્યો છે.

(૪) તારો અમુક સમય સુધી જ સરકે છે. એના સરકવાનો મૂળ હેતુ માગીઓને માર્ગ દાખવવાનો છે. બાળકના જન્મસ્થાન સુધી પહોંચી એ અટકી જાય છે.

સંત મથ્થીના વર્ણનાનુસાર આ 'તારો' આકાશનો કયા પ્રકારનો જ્યોતિ હોવાનો સંભવ છે તે શોધવાનો હવે આપણે પ્રયત્ન કરીએ.

આકાશમાં અનેક તારા છે. તારાઓ ભેગા થોડા ગ્રહો પણ છે. ગ્રહો તારાઓ જેવા દેખાય છે. ગ્રહો અને તારાઓ પૂર્વમાં ઊગી પશ્ચિમમાં આથમે છે. આમ છતાંય તારાઓનાં દર્શન નિયમિત સ્વરૂપ (મંડળોના રૂપમાં)નાં છે પણ ગ્રહોનું તેવું નથી. ગ્રહો તારાઓની પૃષ્ઠભૂમિ પર સરકે છે. આ કારણે તેમ જ તેમનો સરકવાનો વેગ તારાઓ કરતાં ભિન્ન હોવાથી તેઓ તારાઓની પેઠે દરેક વર્ષે એક જ પ્રકારનો ઉદય યા અસ્તનો સમય દાખવતા નથી. આ દૃષ્ટિએ 'તારો ઊગ્યા'નો અર્થ પૂર્વ દિશામાં કોઈ ગ્રહનું દર્શન થવાનો લઈ શકાય. જૂના જમાનામાં પાંચ ગ્રહો (મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ) જાણીતા હતા. એ પૈકી બુધને જોવો સરળ નથી પણ બાકીના ચારને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. વળી એ બધા ગ્રહો તારાઓમાં સ્પષ્ટ રીતે અલગ વરતાઈ આવે તેવા પણ છે. આમ માગીઓએ જોએલો તારો ઉપર્યુક્ત ચાર ગ્રહો પૈકીનો કોઈ એક ગ્રહ હોઈ શકે છે. એ તારાને એકદમ નજરે ચઢે તેવો યા અત્યંત તેજસ્વી માની લઈએ. એ ગુરુ યા શુક્રનો ગ્રહ હોવાનો વધુ સંભવ છે. વિશેષ સંભવ શુક્રનો થશે કારણ માગીઓએ એને ફરીથી જોયો છે. માગીઓએ એને દિવસના આકાશમાં જોયો હતો એમ માનીએ તો તે રીતે તેમ જ વળી સાંજ પડતી વેળા સૌથી પહેલા દેખાનારા જ્યોતિ તરીકે પણ શુક્રની જ કલ્પના કરી શકાય.

આમ માગીઓએ જોએલા તારાને સૌન્દર્યદેવી વીનસ ( શુક્ર ) કલ્પી શકાય.

પણ આમ કલ્પનામાં નીચેની મુશ્કેલી છે.

ઇસુખ્રિસ્તના જમાનામાં ( આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં ) લોકો તારા અને ગ્રહોનો ભેદ જાણતા હતા. વળી શુક્રનું દર્શન સાર્વત્રિક છે. એટલેકે માગીઓને શુક્ર દેખાયો હોય તો તે હેરોદને પણ દેખાય જ. હેરોદ તારો દેખાયાનો સમય કાળજીપૂર્વક પૂછે છે એનો એક અર્થ બીજે દિવસે ( કદાચ વહેલી પરોઢે ) તે તારાના દર્શનની ચોકસાઈ કરવાનો પણ હોઈ શકે.

આમ દેખાએલો તારો શુક્ર હોવાની વાત બંધબેસતી થતી નથી.

એક કલ્પના એવી પણ છે કે દેખાએલો વિશિષ્ટ તારો શુક્રશનિનું વિરલ સંયુક્ત દર્શન હોય ! આકાશી માર્ગે વિચરતા શુક્ર અને શનિ એકબીજાની તદ્દન નિકટમાં આવી જાય તો તે બંનેનું ભેગું દર્શન નવા જ્યોતિ જેવું જ લાગે. એક રીતે આ કલ્પના વજૂદવાળી જરૂર છે પણ એને ઇસુખ્રિસ્તની જન્મતારીખનો ટેકો મળતો નથી. ઈ. સ. ૧ યા તેની આજુબાજુનાં પચીસેક વર્ષમાં પણ આવો સંયોગ બન્યાની સાક્ષી ખગોળશાસ્ત્ર આપતું નથી.

તારો એકદમ દેખાયો હતો એમ કલ્પીએ તો ગ્રહોના દર્શનની વાત પણ એકદમ ટળી જાય છે, પણ ત્યારે પ્રશ્ન થશે કે આકાશમાં તારાનું એકદમ દેખાઈ આવવું કોઈ રીતે સંભવિત છે ખરું ?

આકાશમાં આવેલા તારાઓ અનેક પ્રકારના છે. આ પૈકી રૂપવિકારી અને સ્ફોટક તારાઓ વિશિષ્ટ પ્રકારના છે. રૂપવિકારી તારો શરૂઆતમાં નરી આંખે ન દેખાય એટલો ઝાંખો હોઈ શક છે. તેજમાં વધતો વધતો એ સામાન્ય તારાઓ કરતાં પણ વધુ તેજસ્વી થઈ જાય છે. એ સ્થિતિમાં થોડો સમય રહ્યા બાદ એ પાછો તેજમાં ઓસરવા માંડે છે અને અમુક સમયે દેખાતો પણ બંધ થઈ જાય છે. સંત મથ્થીનું વર્ણન આ પ્રકારના તારાને લાગુ પડે તેમ નથી, કારણ કે તેનું દર્શન ઓચિંતું થયેલું છે.

સ્ફોટક તારાનું દર્શન અણચિંતવ્યું થાય છે. આવા પ્રકારનો તારો તેની સામાન્ય સ્થિતિમાં ઝાંખો યા નરી આંખે ન દેખાય તેવો તારો હોય છે. આ સ્થિતિમાં તે તારો ઘણો લાંબો સમય રહે છે, પણ પછી તે ઓચિંતો તેજવિકાર દાખવી મૂળ સ્થિતિ કરતાં અનેકગણો વધુ તેજસ્વી બની જાય છે. માગીઓએ જોએલો તારો આ રીતનો સ્ફોટક તારો હોય તો હેરોદે તેને તે રીતે ન જોયાનું બને. આમ છતાંય તે આકાશમાં હોવાનો પૂરો સંભવ હોવાથી હેરોદ તેનો સમય કાળજીપૂર્વક નોંધી લે એ સ્વાભાવિક છે. કદાચ એ રીતે પણ તે મૂળ તારાના અસ્તિત્વનો કયાસ કાઢવા ઇચ્છતો હોય.

સ્ફોટક તારા બે પ્રકારના છે: એક પ્રકારના તારા પોતાના તેજનો વિસ્ફોટ કરી અમુક દિવસે પાછા મૂળની સ્થિતિમાં પહોંચી જતાં હોય છે. વળી, બાદમાં સમયાંતરે વિસ્ફોટ કરવાની ક્ષમતા તે દાખવતા રહે છે. બીજા પ્રકારના તારા પોતાની મૂળની સ્થિતિને કદી પ્રાપ્ત કરતા જ નથી. આવા તારા પોતાના તેજનો ભારે વિસ્ફોટ કરી તદ્દન તૂટી ફાટી તારા તરીકે નામશેષ થતા હોય છે.

માગીઓએ જોયેલો તારો ઉપર્યુક્ત બીજા પ્રકારનો પરમ સ્ફોટક તારો હોઈ શકે છે. પ્રાચીન સમયના ખગોળશાસ્ત્રીઓ પરમસ્ફોટક તારા વિષે કશું જ જાણતા ન હતા. આ કારણે

સામાન્ય જનતા આવા બનાવોને ચમત્કારિક પ્રસંગો તરીકે બિરદાવે એમાં નવાઈ પામવા જેવું નથી. સામાન્ય સ્ફોટક તારાની સરખામણીમાં પરમ સ્ફોટક તારો બહુ જ ઓછો સમય તેજસ્વી તારારૂપે ટકે છે એ હકીકત પણ એની પસંદગીની તરફેણ કરી શકે છે. સ્ફોટક તારા આકાશના ગમે તે ભાગમાં અને દિવસના ગમે તે સમયે દેખા દઈ શકે છે, એ રીતે પણ માગીઓએ જોએલો તારો પરમ સ્ફોટક હોવાનું અનુમાની શકાય છે.

અનુમાન કેવળ ?

હા. તે એટલા માટે કે ઈ. સ. ૧ના અરસામાં કોઈ પરમ સ્ફોટક દેખાયો હતો કે નહીં તે અંગેની માહિતી તે માટે જરૂરી છે, પણ એવી કશી માહિતી ઉપલબ્ધ થયેલી નથી. આ કારણે તેમ જ 'તારો' એકવાર દેખાયા પછી ફરીથી દેખાયો હતો એનો અર્થ એ થયો કે તે પરમ સ્ફોટક તારો હોઈ શકે નહીં. પરમ સ્ફોટક તારો એક વાર અંતર્ધાન થઈ ફરીથી દેખાતો નથી. આમ માગીઓએ જોએલો તારો પરમ સ્ફોટક તારો હોવાનું સિદ્ધ થતું નથી.

ધૂમકેતુનું દર્શન એકાએક થતું હોય છે. પોતાની કક્ષામાં ફરતાં ધૂમકેતુઓ જ્યારે સૂર્યની નજદીક આવે છે ત્યારે તે વધુ તેજસ્વી બને છે એટલું જ નહીં પણ તેમને લાંબી પૂછડી પણ ફૂટે છે. ધૂમકેતુનું માથું હજારો કિલોમીટરની લંબાઈપહોળાઈવાળું હોય છે અને તેથી તે દિવસે પણ દેખાવું શક્ય છે. માગીઓએ ધૂમકેતુ જોયો હોય એમ બનવું સંભવિત છે પણ ધૂમકેતુ અલોપ થઈ ફરી દેખાવાનો સંભવ નથી. વળી ધૂમકેતુથી અજ્ઞાન પ્રજા અજાણ હોવાની વાત પણ વ્યાજબી નથી. જૂના જમાનામાં (અને આજે પણ) ધૂમકેતુદર્શનને અમંગળ લેખાતું આવ્યું છે. આ કારણે માગીઓ ધૂમકેતુને 'તારો' કહેવાની ભૂલ ન જ કરે.

એક છેલ્લી કલ્પના ઉલ્કાની છે. આપણે ઉલ્કાને ખરતો તારો કહીએ છીએ. સૂર્યની આજુબાજુ અનેક ઉલ્કાઓ ઘૂમે છે. એ પૈકીની એક ઉલ્કા સવારમાં દેખાઈ હોય તો તેવી જ ઉલ્કા તે ઠેકાણે સાંજે યા બીજા દિવસે ફરીથી દેખાય એ અસંભવિત નથી. વળી ઉલ્કાને ચાલતા તારાનું વર્ણન પણ લાગુ પડી શકે છે. એટલે એમ પણ કલ્પના કરાય કે માગીઓએ ખૂબ ઉજ્જ્વળ ઉલ્કા જોઈ હોય અને પછી તે હેરોદ પાસે પહોંચ્યા હોય. ઉલ્કાદર્શન ક્ષણિક બનાવ છે. હેરોદ ખરતા તારાનો સમય પૂછી લે છે તોપણ એને તે બહાર નીકળીને તરત જોઈ શકે એમ નથી. એકને એક સ્થળે ફરીથી ઉલ્કા (અલબત્ત બીજી) દેખાવાનું અશક્ય પણ નથી. આમ બેથલહેમનો તારો ઉલ્કાદ્વય સંભવી શકે છે. ઉલ્કાને ખરતો તારો કહે છે એ રીતે એનું બેથલહેમનો તારો બનવાનું વધુ શક્ય લાગે છે. મતલબ કે માગીઓને પૂર્વમાં ઉલ્કા દેખાઈ હતી તેવી જ ઉલ્કા ફરીથી દેખાએલી અને તેણે આકાશમાં ખસીને માગીઓને માર્ગ ચીંધેલો.

હવે જે વાંધો રહે છે તે બીજા સંતોએ તારાનું વર્ણન ન કર્યાનો છે. સંત મથ્થીનું વર્ણન કેવળ ચમત્કાર પૂરતું ગણીને ચાલીએ તો ઉલ્કાનું ઉપર્યુક્ત રીતનું દેખાવું 'ઈસુખ્રિસ્તના જન્મ-સમયે ભરવાડો બેથલહેમનાં ખેતરોમાં ઘેટાં સાચવતા હતા (મતલબ કે તે સમયે વસંતઋતુ ચાલતી હતી), વાળી વાતની પેઠે વજૂદ વિનાનું ઠરે છે.

આમ સર્વ રીતે જોતાં બેથલહેમના તારાનું અસ્તિત્વ ખગોળની રીતે સિદ્ધ થતું નથી અને તેથી તેને ચમત્કાર-કથા સમજીને ચાલવું રહ્યું એમ નિશ્ચિત થાય છે.

# ગ્રન્થાવલોકન

**હિમાલયની પત્રયાત્રા :** કિશનસિંહ ચાવડા; પ્ર. : રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ; પૃ. ૧૮૫, કિં. રૂ. ૪.

શ્રી કિશનસિંહ ચાવડાની આ પત્રલેખમાળામાં પ્રકૃતિકલાપ્રેમી શ્રેયાર્થીની આંતરયાત્રાનો આલેખ મળે છે. શ્રી ચાવડાનું લખાણ, એ ગમે તે સ્વરૂપ સ્વીકારે તો પણ, લલિત નિબંધના ઢાળામાં જ ઢળવાનું. અહીં હિમાલયપ્રદેશનું પ્રકૃતિસૌન્દર્ય વર્ણવે કે પોતાની વિકાસ-સાધનાની કેફિયત આપે,—ઉદ્દીપનવિભાવ ગમે તે હોય—આસ્વાદ્ય છે વિવિધ ભાવ-પરિસ્થિતિમાં પ્રગટ થતું કર્તાનું વ્યક્તિત્વ. પોતાનામાંથી છૂટવાની પ્રબલ વૃત્તિ છતાં સ્વહૃદયપરીક્ષા અને સત્ત્વ-સંશુદ્ધિની પ્રારંભિક પ્રક્રિયામાં પણ મધ્યવર્તી સ્થાન તો કર્તાનું પોતાપણું જ થઈ રહે છે. પણ હવે એ પહેલાંનો 'હું' રહ્યો નથી ( પેલાં ચાર-પાંચ ગુજરાતી નર-નારીઓ 'અમાસના તારા'ના લેખકને હેમવતીની ટેકરી ઉપર શોધતાં શોધતાં આવ્યાં ત્યારે આપણા લેખકે "એ તો ગુજરી ગયા" એવો જવાબ આપ્યો એને હું અસત્ય સમજું છું. પોતાની જાતને આપવાનો જવાબ મુગ્ધ સાહિત્યરસિકોને આપવામાં કશું ઔચિત્ય નથી. શબ્દોની જે અર્થચ્છાયા બોલનાર પાસે જ છે અને સાંભળનાર પાસે નથી એનો ઉપયોગ અસત્ય જ ગણાય. કોઈ પરિચિત વ્યક્તિને લેખકે આવું ન જ કહ્યું હોત. જિંદગીની સ્લેટ ઉપર જાણે-અજાણ્યે જે દાખલા ગણ્યા છે એ સાવ ભૂંસી નાખવા એ એટલું સહેલું ન હોય. પુનર્જન્મ-દ્વિજત્વની પ્રક્રિયાના પ્રારંભમાં પણ લેખકે યોજેલાં અભિવ્યક્તિ-સ્વરૂપોમાં પણ એ દેખાય જ છે.) હવે એ કડક આત્મજાગૃતિપૂર્વક જાત-નિરીક્ષણ કરે છે, ભૂતકાળના અનુભવોનો લાભ લઈ આત્મસાધનાના પથ ઉપર ધીરાં પણ મક્કમ ડગલાં માંડે છે અને સમુત્ક્રાન્તિના અગ્નિને ધીમે ધીમે સંકોરે જાય છે. ક્ષણે ક્ષણે નવતા ધારણ કરતા પ્રકૃતિસૌંદર્યને—એની અનિર્વચનીય લીલાને શબ્દબદ્ધ કરે છે. નાજુક, તરલ અને અસ્પર્શ્ય પ્રકૃતિ-છટાને અને એના અનુભવથી થતા નિરતિશય આનંદ કે વિસ્મયના ભાવોને તેમણે વાચા આપી છે. આ સમગ્ર સૌન્દર્યમાંથી બળ મેળવતું ધર્મરસિક માનસ જ મોખરે આવી રહે છે. લેખક કહે છે તેમ આ "પ્રભુનું અને પ્રકૃતિમાતાનું સંકીર્તન" છે, બલકે નર્મદ, નરસિંહરાવ અને નાનાલાલ જેવા કવિઓની પ્રકૃતિકવિતામાં પ્રકૃતિસૌન્દર્ય એના સર્જક પરમાત્મા પ્રત્યે એક વિનમ્ર ભક્તિભાવ પ્રગટાવે છે એ વલણનો જ પુરસ્કાર આ લેખમાળામાં થયો લાગે છે. એ રીતે પ્રકૃતિ જીવાત્માને કવચિત્ પ્રેરણા આપે છે, કવચિત્ બોધ આપે છે અને રાહ બતાવે છે. ટૂંકમાં, એ અધ્યાત્મયાત્રીની જીવનસંગિની બની રહે છે. અહં-કેન્દ્રિત વ્યષ્ટિપ્રેમ ઉત્તરોત્તર પરિશુદ્ધ થઈ એક મહાન બળ ( Force ) રૂપે પરમાત્મા પ્રત્યે અભિસાર આદરે છે. એની કથા અહીં રોચક રીતે કહેવાઈ છે.

શ્રી ચાવડા રમણીય શૈલીના ગદ્યકાર છે. મોં ભાગી જાય એવી મીઠાઈ જેવી એમની શબ્દાવલિ ક્યારેક અરુચિકર પણ નીવડે છે. ઉપરાઉપરી આવતાંજતાં કલ્પનાચિત્રો ગૂંચવાય છે ત્યારે એનું સાતત્ય ખંડિત થાય છે. ભવ્યતા કે સુંદરતાની કક્ષા ઉપર એકધારા ટકી રહેવું આ

શૈલી માટે મુશ્કેલ બને છે અને એ સરી પડે છે શબ્દોના ખખડાટમાં અને વાગ્મિતામાં. આ ગદ્ય-શૈલી સાથે કાકાસાહેબની શૈલીને સરખાવતાં બંને વચ્ચેનો ફેર તરત ધ્યાનમાં આવે છે. કાકા-સાહેબના ગદ્યમાં જે સાદગીનું તત્ત્વ છે તે ભવ્ય અને સૌન્દર્યના નિરૂપણની કક્ષા જાળવી રાખવામાં ખૂબ સહાયભૂત નીવડે છે. 'અમાસના તારા'ના કવચિત્ આભાસી કાવ્યમયતાવાળા ગદ્યની તુલનામાં ટૂંકાં, ઘાટીલાં વાકયોવાળું આ પુસ્તકનું ગદ્ય સંતર્પક લાગે છે. જો કે અહીં પણ 'શ્રુતિ', 'વરદાન', 'અસ્તિત્વ', 'વિભૂતિ', 'કવિતા' જેવા શબ્દો જ્યાં ને ત્યાં વપરાયા છે; 'શબ્દોનો માળો', 'તારાઓની વસતી', 'ગાંડપણની વસતી', 'લીલાની રમણા' એક કરતાં વધુ વાર તે વાપરે છે ત્યારે લખાણ ઢીલું પડી જાય છે. ઉપમા, અતિશયોક્તિ અને સજીવારોપણનો બહોળો ઉપયોગ થયો છે, એના પ્રમાણમાં ઉત્પ્રેક્ષાઓ થોડી છે એ નોંધવું જોઈએ. ખાસ કરીને સજીવારોપણ એમની લખાવટનો અંતર્ગત ભાગ બનવાને કારણે એક જાતની અસંવાદી એકતાનતા લાગ્યા કરે છે. અમૂર્તને મૂર્ત કરવામાં એથી તકલીફ ઊભી થઈ છે.

ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમા હિમાલયના પ્રેરક વાતાવરણમાં લેખકની "પ્રેમ દ્વારા પ્રભુમય થવાની" મધુરા ભક્તિની સાધનાનું જે ચિત્ર અહીં અંકિત થયું છે તે સૌ શ્રેયાર્થીઓને અને સાહિત્યરસિકોને નિઃશંક આહ્લાદક નીવડે એવું છે.

**રમણલાલ જોષી**

* * *

**રૂપ અને રસ :** લેખક ઉશનસ્; પ્રકાશક : ધી પોપ્યુલર પબ્લિશિંગ હાઉસ, સૂરત; **પ્રથમ** આવૃત્તિ, ૧૯૬૫, મૂલ્ય રૂ. ૫=૦૦.

મુખ્યત્વે કાવ્યચર્ચા વિશેના આ નિબંધોના સંકલન પરત્વેનું પોતાનું દૃષ્ટિબિંદુ (કે કેફિયત?) લેખકે પ્રારંભમાં **ટી. એસ. એલિયટનું** અવતરણ ટાંકીને રજૂ કર્યું છે. આ નિબંધોમાં કૃત્રિમ રીતે સ્થાપેલી એકવાકયતા એમને ઉદ્દિષ્ટ નથી. આથી એક જ વિચારનું પુનરુચ્ચારણ–પુનરાવર્તન થયું હોય તો થવા દીધું છે. વળી વિચારોમાં વિરોધ દેખાતો હોય તો તે લેખકના વિચારોના ક્રમિક વિકાસનો દ્યોતક લેખાય એ જ એમને ઇષ્ટ છે.

આ નિબંધસંગ્રહમાં 'સાહિત્ય અને સુરુચિ', 'શુદ્ધ કવિતાની વિભાવના', 'સાહિત્ય-કાર શું શોધે છે?' જેવા નિબંધો શુદ્ધ કાવ્યતત્ત્વવિચારના છે. આ ઉપરાંત એમણે 'કવિતાના પાઠ' નામના બીજા વિભાગમાં કાવ્યના મહત્ત્વના ઘટકો પૈકીના છંદ, લય, વર્ણ, અલંકાર, પ્રતીકનો પણ વિચાર કર્યો છે. 'સર્જનપ્રક્રિયાનો જાદુ' એ સૂચક શીર્ષક છે. સર્જનપ્રક્રિયા અસંલક્ષ્યક્રમ બહુધા હોય છે. એને 'જાદુ' રૂપ ગણવાથી એનો બુદ્ધિનિર્ભર તર્કસંગત અહેવાલ આપી નહિ શકાય એવું જ કદાચ લેખકને અભિપ્રેત હશે. લેખક 'સિદ્ધ કાવ્ય' કરતાં 'પ્રાપ્ત કાવ્ય'ને જ સાચું ગણતા લાગે છે. કાવ્યનું ફળ શું? આ પ્રશ્નનો જવાબ એમણે 'બ્રહ્માનંદ અને કાવ્યાનંદ' એ લેખમાં આપ્યો છે.

ગ્રન્થવિવેચનમાં એમણે પસંદ કરેલી કૃતિઓ અમુક પરિમિત વર્ગના લેખકોની કૃતિ છે. એને આપણે લેખકની રુચિની મર્યાદા લેખીશું? કવિતાના ક્ષેત્રમાં આગવો વિશેષ પ્રકટ કરનાર એમના સમકાલીન કોઈ કવિની કૃતિ એમાં દેખાતી નથી.

હવે ‘ રસાસ્વાદ ’ કરાવવાનું તો આપણાં વર્તમાનપત્રોએ પણ જરૂરી ગણ્યું છે. વિવેચક inspired અને uninspired વચ્ચેનો મધ્યસ્થ છે ( તટસ્થ નથી ) એવી પણ એક વ્યાખ્યા આપવામાં આવી છે. આપણા જમાનામાં કવિતા અને સામાજિકો વચ્ચે ઝાઝું અંતર પડતું જાય છે ત્યારે આવા રસિક તદ્વિદ્ મધ્યસ્થની જરૂર ઝાઝી વર્તાય છે. અભિનવગુપ્તે કહ્યું છે તેમ હૃદયસંવાદો આસ્વાદ:। આવા મધ્યસ્થનું કાર્ય કવિ અને ભાવકનો હૃદયસંવાદ સિદ્ધ કરી આપવાનું છે. આવાં વિવેચનનાં ભયસ્થાનો નથી એમ નહીં. કેટલીક વાર કૃતિમાંથી ઘણુંખરું પામવાના લોભમાં ગાંઠનું ઘણુંબધું આરોપીને બીજી નવી કવિતા કે અનુસર્જન કરી બેસવા જેવું થાય છે; તો કેટલીક વાર કાવ્યને નિમિત્તે પોતાના પર પડેલી છાપને કંઈક આત્મલક્ષીરૂપી આલેખવા જેવું થાય છે. કૃતિના ઘટકો, એની અન્વીતિ, ને એને પરિણામે થતું काव्य—આટલે સુધી બને તેટલું વસ્તુલક્ષી વલણ જાળવીને પહોંચવું ને પોતાની વ્યુત્પન્ન રસિકતાનો પરિચય એ રીતે આપવાનું હમેશાં બની આવતું નથી.

પહેલા નિબંધનું શીર્ષક કંઈક લાંબું છે. એમાં જુદા જુદા બે પ્રશ્નો રહ્યા છે : ‘ કલાકારની અમુક ક્ષણની વ્યક્તિગત આંતરિક અનુભૂતિનું સર્વકાલીન, સર્વદેશગત અને સર્વજનીન અનુભૂતિમાં રૂપાન્તર કેવી રીતે થાય છે ? ’ અને ‘ભાવકમાં એનું સંક્રમણ શી રીતે થાય છે ?’ પણ લેખકને મન આ બે પ્રશ્નો જુદા નથી કારણ કે એમને મતે ‘ પ્રત્યાયનનો વ્યાપાર જ કળાવ્યાપાર છે. ’ આથી કદાચ કાવ્યનિર્માણ કરતાં ય પ્રત્યાયનને ઝાઝું મહત્ત્વ આપી દીધું હોય એવું લાગે છે. કવિ પોતાના આન્તરિક અનુભવને ભાષાના માધ્યમમાં પ્રકટ કરે એટલે જ પ્રત્યાયન થઈ જાય એવું નથી. ભાવકની મર્યાદા પણ એમાં આડી આવે, સર્જકની ક્ષતિ પણ એમાં અન્તરાયરૂપ થાય. કૃતિ એમને મતે કવિની ઈતર મનુષ્યોની સરખામણીમાં જે વિશિષ્ટતા છે તેને પુરવાર કરવાનું પ્રમાણભૂત સાધન છે. પછી લેખક ઉમેરે છે ‘ ...જ્યારે કવિ ભાવાવેશમાં આવી બોલી ઊઠે છે ત્યારે જ તે બીજાથી પોતાની અનુભૂતિની વિશિષ્ટતા સાબિત કરી શકે છે. ’ આ ‘ ભાવાવેશ ’ને ને નર્મદના ‘ જુસ્સા ’ને કેટલું છેટું ? હમેશાં આવો ‘ભાવાવેશ’ અનિવાર્ય છે ? ‘ બોલી ઊઠે છે ’માં જે સૂચન છે તે પણ ચિન્ત્ય છે. એમાં પ્રયત્ન કે રચનાની સભાનતાનો સ્વીકાર હોય એમ લાગતું નથી. ‘ વાહન ’, ‘ માધ્યમ ’, ‘ સામગ્રી ’ આ ત્રણ સંજ્ઞાઓના ઉપયોગમાં લેખક ગૂંચ ‘ ઊભી કરે ’ છે. આ વાક્ય જુઓ, ‘ તો કહી શકાય કે સર્જક અને ભાવક વચ્ચે સંક્રમણ માટે જે વાહન વપરાય છે તે જ કલાવ્યાપારની સામગ્રી છે. ’ કવિની એવી શ્રદ્ધા લાગે છે ( કદાચ ક્રોચેના પ્રભાવને કારણે ) કે પટુ સંવેદનતંત્ર હોય તો ઉત્તમોત્તમ અભિવ્યક્તિ થઈ શકે. પટુ સંવેદનતંત્ર અને ઉત્તમોત્તમ અભિવ્યક્તિની વચ્ચે જે મહત્ત્વની પ્રક્રિયા બને છે તે તરફ લેખકનું ખાસ ધ્યાન નથી, કારણ કે એ તો ખરું જ છે, એનો કાંઈ ખુલાસો હોઈ શકે નહિ. કવિ એની અનુભૂતિને એની ‘ ઉત્તમ કક્ષાએ ’ વાણીમાં પ્રકટ કરે છે એમ લેખક કહે છે. વાણીમાં પ્રકટ કરતાં પહેલાં એ અનુભૂતિની ‘ ઉત્તમ કક્ષા ’ વિશે કવિ શી રીતે જાણતો હોય છે ? સહજ સ્ફુરણા દ્વારા કે પ્રતિભાને બળે એવો જ જવાબ કદાચ લેખક આપે.

‘ સાધારણીકરણ ’ ‘ આદર્શીકરણ ’ જેવી સંજ્ઞાઓના ઉપયોગથી થોડી વધુ ગૂંચ ઊભી થાય છે. આદર્શીકરણ દ્વારા સાધારણીકરણ થાય છે, ‘ આપોઆપ સધાઈ જતું હોય છે ’ –એવું લેખક વિચાર કરે છે. આ ‘ આદર્શીકરણ ’ શું છે, એ કેવી પ્રક્રિયા છે તે લેખકે સ્પષ્ટ

કર્યું હોત તો ઠીક થાત. કલામાં કર્તાનું ‘ભાવનાત્મક સત્ય આકાર’ પામે છે એમ એઓ કહે છે, પણ આ ‘ભાવનાત્મક સત્ય’ એવી સંજ્ઞાનો આ ચર્ચાના સંદર્ભમાં, એમને શો સંકેત અભિપ્રેત છે તે એઓ સ્પષ્ટ કરતા નથી. ‘ભાવાત્મક સત્ય’ એમને અભિપ્રેત હશે કારણ કે એની સામે એમણે ‘વસ્તુનું નર્યું સત્ય’ મૂક્યું છે. તો ‘ભાવ’ અને ‘ભાવના’ને એક ગણવા? ‘કલાસ્પર્શનો જાદુ’ જેવી સંજ્ઞા આપણી સમજમાં કશો વધારો કરતી નથી.

કવિ જે રીતે ભાષા વાપરે છે તે રીત વિશે ઝાઝી ચર્ચા કર્યા વિના લેખક આવું તારણ કાઢે છે. “કવિનો અપૂર્વ શબ્દ પણ છેવટે તો પ્રજાકીય સંકેતવાળો કાંઈ સામાજિક વાહક જ છે.” આનો આપણે શું અર્થ કરીશું? શબ્દનો સંકેત અભિધામૂલક હોય છે એ સાચું, પણ એ અભિધાપર્યાપ્ત હોય તો કવિને શા ખપનો? શ્રી ઉમાશંકરને અનુસરીને એઓ કહે છે: ‘પ્રત્યાયનની મોટી સગવડ પ્રતીકરચના આપે છે......કવિ કંઈક પરિચિત સાધનો અજમાવે છે. પ્રતીકને માટે કવિ એકવાર ચઢી જાય પછી અવગમનનું (અહીં એ બહુ સૂચક છે કે અત્યાર સુધીનો ‘પ્રત્યાયન’ શબ્દ છોડીને ઉમાશંકરને વધુ યોગ્ય લાગેલો ‘અવગમન’ શબ્દ લેખક વાપરે છે) કામ આકરું સધાતું આવે છે. પણ ઉચિત અને સમર્થ પ્રતીક હાથે ચડવું એ કવિ-પ્રતિભાને પણ ભાગ્યાધીન બિના છે.’ અહીં પ્રતીકને પરિચિત સાધન કહ્યું છે ને એથી પ્રત્યાયનની સગવડ થાય છે એવું લેખકનું વિધાન ‘પ્રતીક’ વિશેની એમની સમજ વિશે આપણા મનમાં પ્રશ્ન ઊભા કરે છે. વિજ્ઞાનશાસ્ત્રી મુદ્દા સ્પષ્ટ કરવા દાખલા યોજે તેમ કવિ પ્રતીક યોજે એવી એમણે યોજેલી સરખામણી આપણી એમની સમજ વિશેની શંકાને દૃઢ કરે છે. આ બધાંને અંતે ‘પ્રત્યાયન’ એ ‘અપૃથક્કરણક્ષમ’ છે એમ કહી દે છે.

આ આખાય નિબંધનો મથિતાર્થ શો એવો પ્રશ્ન થાય? સર્જનપ્રક્રિયા જાદુ છે, પ્રત્યાયન જ કલાવ્યાપાર છે, પ્રત્યાયન અપૃથક્કરણક્ષમ છે, પ્રતીક એને માટેનું સગવડભર્યું સાધન છે, કવિપ્રતિભા ભાગ્યશાળી હોય તો પ્રતીક પામે–આમ આ નિબંધમાં કવિએ પોતાની શ્રદ્ધા ઘૂંટી છે, ઊહાપોહ, તત્ત્વચર્ચા, મુદ્દાઓની પુનઃસ્થાપના, વિશદીકરણ–આ પૈકીનું કશું કરવાનું માથે લીધું નથી. આ સંગ્રહના મોટા ભાગના નિબંધોનું સ્વરૂપ આવું છે. એમને મન આપ્તપ્રમાણનું મોટું મહત્ત્વ છે. કાવ્ય પ્રતિભાથી જન્મે, પ્રતિભા નિસર્ગદત્ત, એનો વ્યાપાર તે જાદુ, એનો ખુલાસો મળી શકે નહીં. કાવ્ય સુરુચિપૂર્ણ છે કે નહીં તે કેમ જણાયું? અન્તઃકરણ-વૃત્તિનું પ્રમાણ જ સાચું. આથી આ નિબન્ધો દ્વારા લેખક જાણે અનુમતિ સંમતિ દર્શાવી રહ્યા હોય એવી છાપ ઊભી થાય છે. કવિ વિશેનો એમનો ખ્યાલ રોમેન્ટિક અભિનિવેશપૂર્વકનો છે. આથી કાવ્ય તરફ એમનું ઝાઝું લક્ષ જતું નથી.

લેખક આમ તો સૌમ્ય પ્રકૃતિના છે, પણ એમનો રોષનો કાકુ ક્યાંક બહુ પ્રસન્ન રહી શકતો નથી. ‘નરી નિષ્ક્રિય અસ્તિત્વવાદની સહેલી વિમાસણ’ આ શબ્દપ્રયોગ એમના વલણને છતું કરે છે. સાચા અસ્તિત્વવાદીઓ તો નિષ્ક્રિયતાને અક્ષમ્ય અપરાધ ગણે છે. કવિ પોતાની રીતે સક્રિય હોય છે જ. વળી અસ્તિત્વવાદ એ ‘સહેલી વિમાસણ’ છે? અસ્તિત્વવાદ વિશે નિર્દોષ રીતે અજ્ઞાન હોય તે જ આમ કહી શકે. ‘નિર્બળ માનવતાવાદ’માં પણ લેખકનો પ્રતિ-ગ્રહ ઊપસી આવે છે. આનન્દશંકરની સમન્વયપ્રધાન દૃષ્ટિ ‘શુદ્ધ કવિતાની વિભાવના’માં લેખક પ્રકટ

કરે છે. 'સુકવિતા'ને 'મહાન કવિતા'થી એઓ કયાં ધોરણે જુદી પાડે છે તે બતાવ્યું નથી. રવીન્દ્રનાથની ગુજરાતી વિવેચન ઉપર અસર' એ લેખ કંઈક વધુ વિસ્તારવાળો થયો છે. અસર શોધવાની પ્રવૃત્તિ કંઈક તાણીતૂંસીને કરવામાં આવી હોય એવી છાપ પડે છે. લેખક 'સર્જકગુણી' વિવેચનની તરફદારી કહે છે ત્યારે રવીન્દ્રનાથનાં વિવેચનની મર્યાદાઓ એમના લક્ષમાં રહી છે ખરી? એ લેખમાં લેખકે કેટલા બધા રસ આપણને સંપડાવ્યા છે!—દેવરસ, માનવરસ, ઇતિહાસરસ.

આપણે જે અનુભવનું સ્વરૂપ સમજવા ઇચ્છતા હોઈએ તેની સરખામણી આપણને પૂર્વગોચર એવા કોઈ અનુભવ જોડે કરવી જોઈએ. આ અર્થમાં 'સત્ત્વગુણના ઉદ્રેકથી અંતઃકરણના રજોગુણ અને તમોગુણ દબાઈ આત્માનો આનંદગુણ (અહીં આત્માને નિરુપાધિક કહેનારાઓનું શું ભલા?) પ્રગટે અને વિગલિતવેદ્યાન્તર આનન્દાનુભવ પ્રગટે'—એવાં વિધાનો આપણને કેટલાંક ઉપયોગી થઈ પડે?

લેખકની ભાષા સંસ્કૃતનો વારસો ભોગવનારી, પ્રૌઢિવાળી છે. શૈલીક્રીડા પણ કયાંક દેખાય છે. તત્ત્વચર્ચામાં વપરાતી સંજ્ઞાઓના સંકેતો વિશેની બને તેટલી અસંદિગ્ધતા આપણે સિદ્ધ નહીં કરીએ ત્યાં સુધી ઊહાપોહ બહુ પરિણામકારી નહીં નીવડે.

**સુરેશ હ. જોષી**

* * *

**આત્મબલ :** કર્તા: શ્રી. વિશ્વવંદ્ય (શ્રીમાન્ છોટાલાલ જીવનલાલ); પ્રકાશક: શ્રી નૃસિંહ પ્રકાશન, ૨૨, ગોવાલિયા ટૅન્ક રોડ, મુંબઈ ૨૬. મૂલ્ય : ૫૦ પૈસા.

ઈ. સ. ૧૮૮૨માં શ્રીમન્નૃસિંહાચાર્યજી દ્વારા સ્થપાયેલી અધ્યાત્મસંસ્કારબલપોષક 'શ્રેયસ્સાધકઅધિકારી વર્ગ'ની સંસ્થાએ ગુજરાતને ઉચ્ચ કોટિના વિદ્વાનો અને તે દ્વારા વિલક્ષણ પ્રકારના વિપુલ સાહિત્યની ભેટ આપી છે. આ સાધકસાહિત્યકારોના વર્ગવર્તુળમાં (આદ્યપ્રેરક શ્રીમન્નૃસિંહાચાર્યજીની સ્વતંત્ર વર્ગવ્યાપી સત્તાનો સ્વીકાર કરીને પણ) કેન્દ્રશિરોમણિ સ્થાન કોઈનું હોય તો શ્રીમાન વિશ્વવંદ્યના (ઉપનામ નહીં પણ સદ્દગુરુએ આપેલા સાચા) નામથી જ ખ્યાતિ પામેલા શ્રી છોટાલાલ માસ્તરસાહેબનું છે. યોગિનીકુમારી (ભાગ ૧-૨), શ્રી સુધાસ્રોતસ્વિની (બે પદ્યસંગ્રહો) વગેરે દશેક પ્રસિદ્ધ પુસ્તકો ઉપરાંત તેમનાં સર્વોત્કૃષ્ટ કોટિનાં જનહિતકારી ઘણાં લખાણો, તેમણે ૬૦-૬૫ વર્ષ પર શરૂ કરેલાં મહાકાલ, પ્રાતઃકાલ, યમદંડ, ધર્મધ્વજ આદિ માસિકોમાં અને વર્ગના ઉત્સવો પ્રસંગે વર્ષમાં બે વખત પ્રસિદ્ધ થતા 'શ્રીસદુપદેશશ્રેણી' (જે અદ્યાપિ પર્યંત ચાલુ હોઈ, ૧૩૪મો અંક શ્રી નૃસિંહાશ્રમ, વડોદરાથી તા. ૨૨-૧૧-૧૯૬૫ના રોજ પ્રસિદ્ધ થયો છે)ના અંકોમાં ખેરવિખેર પડ્યાં છે. તે લખાણોનું વિષયવાર વર્ગીકરણ અને સંપાદન-સંકલન કરી 'વિશ્વવંદ્ય કિરણાવલી' શીર્ષક નીચે લગભગ ૧૨ દળદાર ગ્રન્થોમાં જનતા સમક્ષ મૂકવાનું સાહસકાર્ય 'નૃસિંહ પ્રકાશન' વતી શ્રી જગન્નાથ ડૉકટરે ઉપાડયું છે તે ખરેખર સ્તુત્ય છે. છેલ્લાં ત્રણ વર્ષમાં તેમણે બે 'કિરણ'માં વિવિધ

વિષયો પરની લગભગ ૧૧૦૦ ઉપરાંત પૃષ્ઠની સામગ્રી આપી છે. શ્રી વિશ્વવંદ્યના સાહિત્યની ખાસ વિશિષ્ટતા એ છે કે, આજથી લગભગ બે ત્રણ પેઢી પહેલાં તે રચાયું હોવા છતાં તે આજે પણ એટલું જ અદ્યતન, સુરુચિપોષક, ઉપયોગી અને આસ્વાદ્ય લાગે છે.

'આત્મબલ' એ સં. ૧૯૫૮ની છઠ્ઠી શ્રેણીમાં પ્રસિદ્ધ થયેલા શ્રી વિશ્વવંદ્યના ૫૦ પાનના લેખનું પુસ્તકાકારે પુનર્મુદ્રણ છે. અમેરિકાના સુપ્રસિદ્ધ વિદુષી શ્રીમતી એલિઝાબેથ ટાઉનના 'self-power' લેખના ભાવાત્મક અનુવાદ સાથે શ્રી વિશ્વવંદ્યે તેમાંનાં વિચારો-વિધાનોને સમાંતર અને સમર્થક સિદ્ધાંતો યોગદર્શનાદિ આર્યશાસ્ત્રોમાંથી તુલનાત્મક રીતે તારવી આપ્યા છે. આમ તો લેખકે અધ્યાત્મબલપોષક વિચાર-પ્રક્રિયાઓ વિશે સ્વતંત્ર રીતે પુષ્કળ લખ્યું છે; છતાં આ અનુવાદને પુરસ્કૃત કરવામાં તેમનો આશય, તે વખતે 'અંગ્રેજી શિક્ષણ પામેલા આ દેશના વિદ્વાનો જેઓ વિદેશી વિદ્વાનોથી સ્વીકારાતા નિશ્ચયોને જ પ્રમાણરૂપ માને છે તેવા વિદ્વાનોને' પ્રાચીન પૌર્વાત્ય શાસ્ત્રોમાં વર્ણવેલી ક્રિયાઓમાં શ્રદ્ધા ઉપજાવવાનો હતો. હવે આપણે વિષય વિશે સંક્ષેપમાં માહિતી મેળવીએ.

પ્રસ્તુત લેખનો આધાર ઈશુખ્રિસ્તનું—I am the son of God—એ મંત્રવાક્યનો લેખિકાએ ઘટાવેલો દ્વિ-અર્થ છે. Son ને બદલે Sun કરતાં 'હું ઈશ્વરનો સૂર્ય છું' એ વિચારે તેના જીવનમાં વિલક્ષણ સંશોધનપૂર્ણ ચમત્કૃતિ આણી મૂકી.

પ્રત્યેક શરીરમાં નાભિની પાછળ મણિપૂરક ચક્ર (Solar plexus) નામક વાસ્તવિક સૂર્યરૂપ જ્ઞાનતંતુઓનું કેન્દ્ર આવેલું છે. તેમાંથી આંતરૂબહિર સર્વ દિશામાં જ્ઞાનતંતુઓ દ્વારા યથાર્થ પ્રકાશરૂપ સામર્થ્ય-ઓજસ્ સ્ફુર્યા કરે છે, અને તેનું એક વાતાવરણ અથવા પ્રકાશપરિવેષ (Halo) બંધાઈ રહે છે. જીવનતત્ત્વની ઉત્પત્તિ આ ચક્રમાં થાય છે. અસૃષ્ટ, અદૃષ્ટ, અકરણ, અચિત્, અને પરિમાણરહિત અહીં સૃષ્ટ, દૃષ્ટ, કરણ અને પરિમાણયુક્ત થાય છે. આ ચક્ર મસ્તિષ્કમાં રહેલા મગજને અધીન વર્તે છે. શુભ વિચારોનાં આંદોલનોથી વિકાસને પામતા મણિપૂરકમાંથી જીવનતત્ત્વ-ઓજસ્નો અધિક પ્રવાહ વહેતો રહે છે, જેના પરિણામે મનુષ્યને સ્વસ્થતા, સુખ, શાંતિ અને પ્રસન્નતાનું ભાન થાય છે. તેથી ઊલટું, અશુભ વિચારોથી સંકોચને પામતા ચક્રમાંથી વહેતા જીવનતત્ત્વનો પ્રતિરોધ થવાથી અપ્રસન્નતા દુઃખાદિનો અનુભવ થાય છે. આથી જ્ઞાનપૂર્વક કરાતો વિચાર ચક્રનો સ્વામી બને છે. આ વાતને લેખિકા પ્રતીતિપૂર્વક કહે છે કે, *

"સ્વાનુભવથી આ શોધ મેં કરી છે, અને મારી વૃત્તિઓને દુભાવવાને આ લોકમાં કોઈ પણ સમર્થ નથી એ વાર્તાને સિદ્ધ કરી આપી છે. ખરા સૂર્યના વ્યાપારનો અભ્યાસ કરીને, અને હું ઈશ્વરકૃત સૂર્ય છું એ વાર્તાનું સ્મરણ રાખીને નિરંતર પ્રકાશ નાંખવાની કળાને હું સત્વર શીખી છું, અને અભ્યાસથી તે કળાને સિદ્ધ કરી છે."

લેખિકાએ આ (દેહાંતરસ્થિત) સૂર્યપ્રકાશવિતરણની પ્રક્રિયાનું પણ પૃથક્કરણ કર્યું છે, અને તેમાં Emotion વૃત્તિ અને Intelligent will જ્ઞાનયુક્ત સંકલ્પ-ઈચ્છાશક્તિ પર થતી અસર વિશે માનસશાસ્ત્રીય વિશ્લેષણનો પણ સમાવેશ થાય છે. પ્રયોગ-અભ્યાસ પરથી તેણીને

---

* પૃ. ૨૦

પૂર્ણ પ્રતીતિ થઈ કે સામા થવાથી વિકારોનો જય થતો નથી પણ તેમની ઉપેક્ષા કરી શરીરસ્થ સૂર્યમાંથી શુભ વિચારોનો દિવ્યબલયુક્ત પ્રેમપ્રવાહ વહાવવાથી જ તેમનો જય થાય છે. કારણ કે "અવરોધી (non-resistant) વિચારથી મણિપૂરક ચક્ર વિકાસને પામે છે, વિરોધી (resistant) વિચારથી તે સંકોચાય છે."+ વિચારનિરોધની પ્રક્રિયા અને તેની અસર સમજાવવા તેણીએ શ્રીમતી ડૉ. આન્ના કિંગ્ઝફોર્ડનું વાસ્તવ વૃત્તાંત અને પોતાની પ્રિય સિતારનું સમુચિત દૃષ્ટાંત આપ્યું છે.

છેલ્લાં ૨૦ પાનામાં તેમણે સૂર્ય અને સૂર્યમંડળના તથા મણિપૂરક ચક્ર અને શરીરના સંબંધોને આધારે વૈજ્ઞાનિક પદ્ધતિએ સમજાવ્યું છે કે શ્વાસપ્રશ્વાસની ક્રિયાના કેન્દ્ર તથા મનોવૃત્તિઓના પ્રભવસ્થાનરૂપ મણિપૂરક ચક્ર, જીવનતત્ત્વ–ઓજસ્ (magnetism) ઉત્પન્ન કરનાર મોટી રસાયનશાળા હોઈ ત્યાં સૂર્યનાં પ્રકાશ અને ઉષ્ણતાનું રૂપાન્તર ઓજસ્-તત્ત્વમાં થાય છે. લેખિકા (તથા વચ્ચે વચ્ચે શ્રી વિશ્વવંદ્ય પણ) વારંવાર સીધા ટટાર બેસવાની, કમર વગેરે સ્થળે સખત બાંધીને તસતસતાં કપડાં નહીં પહેરવાની અને શ્વસનક્રિયા પર વિઘાતક અસર કરનાર ક્રોધભયાદિના આવેશથી બચવાની અમૂલ્ય સલાહ આપે છે. છેવટે તેમણે 'સરળપણે સુખપૂર્વક અને એકસરખી રીતે' શ્વાસને પૂરવાની, રોકવાની તથા બહાર કાઢવાની ક્રિયાનો વિધિ તથા તેનાથી પોતાને થયેલા આશ્ચર્યજનક લાભનું વર્ણન કર્યું છે. તે નિષ્ઠાપૂર્વક અનુભૂતિને આધારે કહે છે કે આ ક્રિયાથી "જે કાંઈ **તમે ઇચ્છશો** તે સર્વને, પ્રાપ્ત કરી શકશો. આમાં તમને શ્રદ્ધા હો કે ન હો, તે રખાવવાની મને રતિભાર દરકાર નથી—માત્ર હું કહું છું તે પ્રમાણે **કરી જુઓ,** અને તમને જણાશે કે મારું કહેવું સાચું છે."×

શ્રીમાન્ વિશ્વવંદ્ય જણાવે છે કે, આપણા યોગશાસ્ત્રમાં સયુક્તિક વિધિયુક્ત અને પદ્ધતિ-પુરઃસર વર્ણવેલી પ્રાણાયામની ક્રિયાઓ સાથે સરખાવતાં ઉપરની ક્રિયા બહુ જ સામાન્ય પ્રકારની તથા પ્રવેશક અધિકારીઓએ કરવા જેવી છે. તો પશ્ચિમનાં વિદુષી બહેનના આ પ્રકારના અનુભવ-આલેખનથી તો આપણે આર્યશાસ્ત્રોનાં વિધાનો અને ક્રિયા-રહસ્યો વિશેની પારંપરિક શ્રદ્ધાને સબળ બનાવવી જોઈએ અને પૂરેપૂરો લાભ ઉઠાવવો જોઈએ. શ્રી વિશ્વવંદ્યની પ્રસન્નમધુર શૈલી આનંદપ્રદ હોવા ઉપરાંત આ પુસ્તિકાના અંતમાં (૧) ચિદ્રવિરૂપે પોતાનું ભાન કરનાર પુરુષનાં વચનો, અને (૨) ચિત્પ્રભાના અનુભવોદ્ગાર—લેખકનાં બે કાવ્યો પણ આસ્વાદ્ય બની રહે છે. બીજા ગીતની અંતિમ પંક્તિઓ આ રહી,

"હું આ પ્રભારૂપ થાતાં, પરિચ્છેદ સઉ વિલાતા,
ચિત્પ્રભામાં સઉ શમાતાં, વાણી પરાતીત થઈ,
દિવ્ય પ્રભા ચિદ્રવિની, ઝગઝગી શી આ રહી."

**લવકુમાર મ. દેસાઈ**

---

+ પૃ. ૨૯
× પૃ. ૪૫

## સાભાર સ્વીકાર

(૧) **મુસ્લિમ તહેવારો ને રિવાજો:** લેખક—શ્રીપાદ જોશી, અનુવાદક—મોહનભાઈ ઝવેરભાઈ પટેલ, પૃ. ૧-૧૨ + ૧-૮૮; રૂા. ૧=૫૦; પ્રકાશક—ભાષાન્તરનિધિ વતી ડૉલરરાય ર. માંકડ, ગંગાજળા વિદ્યાપીઠ, અલીયાબાડા, જિ. જામનગર).

(૨) **રાજ્યવહીવટ:** અનુવાદક—પુરુષોત્તમ ગણેશ માવળંકર, પૃ. ૧–૬ + ૧–૫૦; રૂા. ૧=૦૦; પ્રકાશક—મેસર્સ બી. એસ. શાહ, પાનકોર નાકા, અમદાવાદ.

(૩) **સુરતનાં જૈન લેખકો અને લેખિકાઓ:** લેખક—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા, પૃ. ૧–૮ + ૧–૨૪; પ્રકાશક—શ્રી દેશાઈપોળ જૈન પેઢીના મેનેજિંગ ટ્રસ્ટીઓ, મેઈન રોડ, ગોપીપુરા, સુરત.

(૪) **સમર્પણ (કાવ્યસંગ્રહ):** સંયોજક—કનુભાઈ કાપડિયા, પૃ. ૧–૫૨; પ્રકાશક—મ. સ. યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફ કલબ, વડોદરા.

(૫) **પરકમ્મા:**—લેખક દેવકૃષ્ણ પીતાંબર જોશી, પૃ. ૧–૧૧૨; રૂા. ૨=૨૫; પ્રકાશક—દેવકૃષ્ણ પીતાંબર જોશી, દેવભવન, સિહોર (સૌરાષ્ટ્ર).

(૬) **કાયદાશાસ્ત્રની પરિભાષા:** પૃ. ૧–૬ + ૧–૪૨; રૂા. ૦=૭૫ ન.પૈ.; પ્રકાશક—ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

(૭) **સામાન્ય રસાયણ:** અનુવાદકો—ડૉ. અશ્વિન મા. ત્રિવેદી, ડૉ. મહેન્દ્ર ના. દેસાઈ, ડૉ. મફતલાલ જે પટણી, પૃ. ૧૯–૭૪, રૂા. ૨૨=૦૦, પ્રકાશક—ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

(૮) **ઉચ્ચ પ્રાયોગિક ભૌતિકશાસ્ત્ર:** અનુવાદક—પી. ડી. પાઠક, પૃ. ૧–૧૦૬૦; રૂા. ૨૫=૦૦, પ્રકાશક—ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

**Statement about the ownership and other particulars about newspaper**

SVADHYAYA (**स्वाध्याय**)

**(To be published in the first issue every year after the last day of February)**

FORM IV

(See Rule 8)

| | | |
|---|---|---|
| 1 | *Place of the Publication* : | Oriental Institute, M. S. University of Baroda, Baroda. |
| 2 | *Periodicity of its Publication* : | Three months—October February, May, August. |
| 3 | *Printer's Name* : | Shri Ramanlal J. Patel |
| | *Nationality* : | Indian |
| | *Address* : | Limda Pole, Raopura, Baroda |
| 4 | *Publisher's Name* : | Dr. B. J. Sandesara |
| | *Nationality* : | Indian |
| | *Address* : | Adhyapak Nivas, Pratap Gunj, Baroda, |
| 5 | *Editor's Name* : | Dr. B. J. Sandesara, |
| | *Nationality* : | Indian |
| | *Address* : | Adhyapak Nivas, Pratap Gunj, Baroda. |
| 6 | *Names & addresses of Individuals who own the newspapers and partners or shareholders holding more than one percent of the total capital* | The M.S. University of Baroda, Baroda. |

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**B. J. Sandesara**
*Signature of Publisher*

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી | ૬=૫૦ |
| ૨ | **પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા | ૪=૭૫ |
| ૩ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪ | **આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૫ | **આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૬ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૭ | **મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર | ૬=૭૫ |
| ૮ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૯ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૧૦ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૧૧ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૧૨ | **માનવસર્જિત વસ્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૩ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૪ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૫ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |

## શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

| | | |
|---|---|---|
| ૧ | **ઘઉં**—માર્તંડ શિવભદ્ર પંડ્યા | ૩=૦૦ |
| ૨ | **આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ | ૧=૭૫ |
| ૩ | **લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર | ૧=૨૦ |
| ૪ | **ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ સી. પટવા | ૨=૩૦ |
| ૫ | **સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ | ૨=૮૦ |

પ્રાપ્તિસ્થાન :

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા**

# તમારી કીમતી જણસો પર
# કોઈની લાલચુ
# આંખ મંડાણી છે?

## તો બરોડા બૅન્કમાં

**'દલ્લા માટેનો સલામત ગલ્લો'**

## ભાડે રાખો

તમારી ખાસ જરૂરિયાતોને લક્ષમાં રાખી વિવિધ કદના 'સલામત દલ્લા' અમારી નીચે જણાવેલી શાખાઓમાં માસિક રૂા. ૧ થી જરા વધારે એવા નજીવા ભાડેથી મળી શકે છે:

**આન્ધ્ર પ્રદેશ :** હૈદ્રાબાદ, સિકંદ્રાબાદ. **પૂર્વ પંજાબ અને દિલ્હી :** લુધિયાણા, દિલ્હી: ગ્રેટર કૈલાસ, સદર બજાર, શક્તિનગર. **ગુજરાત :** અમદાવાદ : આંબાવાડી, અસારવા, ભદ્ર, દિલ્હી ચકલા, એલિસ-બ્રિજ, ગીતા મંદિર રોડ, એમ. જી. રોડ (મુખ્ય શાખા), મણિનગર, નવરંગપુરા, રિલીફ રોડ, સાબરમતી, અમલસાડ, અમરેલી. **વડોદરા :** માંડવી, સયાજી ગંજ, બિલ્લીમોરા, ખંભાત, ચિખલી, ડભોઈ, દ્વારકા, જામનગર, કલોલ (ઉ. ગુજરાત), કપડવંજ, કરજણ (મિયાગામ), કોસમ્બા, મઢી, મરોલી બજાર, મીઠાપુર, નડિયાદ, નવસારી (પાંચ હાટડી), નવસારી (સ્ટેશન રોડ), પાટણ (ઉ. ગુજરાત), પેટલાદ, રાજકોટ, રાજપીપળા, રાંદેર, સંખેડા, સિદ્ધપુર, ઉંબરગામ, વીરમગામ, વીસનગર. **મધ્ય પ્રદેશ :** ઇન્દોર : શીતળામાતા બજાર. **મદ્રાસ :** નોર્થ બીચ રોડ (મુખ્ય શાખા), તિરુચિરાપલ્લી. **મહારાષ્ટ્ર :** મુંબઈ: અંધેરી, બેકબે રેકલેમશન, વાંદરા, કોલાબા, કોટ (મુખ્ય શાખા), ઘાટકોપર, ખાંડ બજાર, ખાર (પાલી રોડ), ખેતવાડી, માટુંગા (ચંદાવરકર રોડ), મુલુન્ડ, ક્વીન્સ રોડ, શીવ, વિલેપાર્લે (પશ્ચિમ), વડાલા, ઝવેરી, બજાર, દેવલાલી, નંદુરબાર, **નાગપુર :** ધરમપેઠ, ગાંધી બાગ, **પૂના :** કૅમ્પ, સિટી લક્ષ્મી રોડ, શિવાજીનગર, સંગમનેર. **મૈસૂર :** બેંગલોર, બેલગામ. **રાજસ્થાન :** અજમેર, જયપુર (જોહરી બઝાર), જોધપુર, કોટા. **પશ્ચિમ બંગાળ :** કલકત્તા : ભવાનીપુર, ડમડમ, ઇન્ડિયા એક્સ્ચેન્જ (મુખ્ય શાખા), મહાત્મા ગાંધી રોડ, શામ બજાર.

અન્ય વિગતો માટે ઉપરની યાદીમાંની અમારી કોઈ પણ શાખામાં આપ પધારો અને અમારી કુશળ સેવાનો લાભ લો.

(સ્થાપના : **૧૯૦૮**) હેડ ઑફિસ : **વડોદરા**

# ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ

અમારી સર્વ સેવાઓ વિષે માહિતી આપતી પુસ્તિકા **'આપની સેવા કરવા સદા તત્પર'** મફત મેળવવા માટે લખો.

શિક્ષણ, સાહિત્ય, કળા અને સંસ્કારવિષયક અભ્યાસપૂર્ણ લેખો પ્રસિદ્ધ કરતું તથા લોકસભાના પ્રથમ અધ્યક્ષ સદ્‌ગત દાદાસાહેબ માવળંકરની અપ્રગટ 'રોજનીશી'માંથી; 'વિચારાંકુર;' 'મધપૂડો' જેવા નિયમિત વિભાગો પ્રગટ કરતું અને ઇતિહાસ, રાજકારણ તથા અન્ય સમાજવિદ્યાઓ–વિષયક મનનીય વાચનસામગ્રી પીરસતું વિચાર અને વિવેચનનું સામયિક

# અ ભ્યા સ

સંપાદક : **પુરુષોત્તમ ગણેશ માવળંકર**

'અભ્યાસ'માં પ્રગટ થયેલ વિવિધ લેખમાળાઓને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરતા હોઈ આજ દિન સુધી પ્રગટ થયેલ 'અભ્યાસ' પુષ્પ તરીકે ઓળખાતાં નીચેનાં પુસ્તકો ઉપલબ્ધ છે :

| | | રૂ. પૈ. |
|---|---|---|
| * ભારતમાં આંકડાશાસ્ત્ર (બીજી આવૃત્તિ) | ડી. એસ. સેવક | ૪=૦૦ |
| * ભારતમાં સાંસ્કૃતિક ઇતિહાસની રૂપરેખા | જયદેવ મો. શુકલ | ૪=૫૦ |
| * સામાન્ય મનોવિજ્ઞાન | વિ. સ. વણીકર | ૨=૫૦ |
| * ભારતીય અર્થકારણની રૂપરેખા | ન. ઉ. રાજગુરુ | ૪=૦૦ |

* 'અભ્યાસ' ૧૯૬૧ થી દર મહિનાની છેલ્લી તારીખે પ્રસિદ્ધ થાય છે.

* અગાઉના ચાર વર્ષના પૂરા સેટની દરેકની કિં. રૂપિયા બાર. ટપાલખર્ચ, સેટ દીઠ રૂપિયા બે.

* વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦/-. પરદેશમાં રૂા. ૧૫/- અગર શિલિંગ ૨૦/-. મ. ઓ. યા ચેકથી નીચેના સરનામે જ મોકલશો :

**'અભ્યાસ' કાર્યાલય, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧**

# ખાંસીને દૂર કરો!

# ખાંસી

## માટે સત્વર, સચોટ, હાનિરહિત ઇલાજ

# ગ્લાયકોડીન

## ટર્પ વસાકા

આ ૬ વિશિષ્ટતાઓને લીધે ગ્લાયકોડીન ખાંસીનો શ્રેષ્ઠ ઇલાજ છે:




૧. વિવિધ પ્રકારની ખાંસીમાં એકધારી રીતે અસરકારક
૨. ડૉક્ટરોએ માન્ય રાખેલી સુયોજિત 'ફૉર્મ્યુલા'
૩. બાળકો સહિત સૌને મનપસંદ મધુર સ્વાદ
૪. સૂચિત પ્રમાણમાં હાનિરહિત
૫. ચાર કિફાયત 'સાઇઝ'માં વેચાણ
૬. એલેમ્બિકની વિશ્વસનીય ઉત્કૃષ્ટતા

Alembic

**૩૦ ઉપરાંત વર્ષોથી ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ**

GTV 1282 GUJ EVEREST

વાચકોને પુસ્તકોની સૃષ્ટિમાં રમમાણ રાખનારું માસિક

# "ગ્રંથ"

તંત્રી : યશવંત દોશી

## "ગ્રંથ"ના કેટલાક વિભાગો

* પ્રગટ થતાં લગભગ તમામ ગુજરાતી પુસ્તકોની સમીક્ષા
* મહત્ત્વનાં અંગ્રેજી પુસ્તકોની સમીક્ષા
* હિન્દી અને બીજી ભારતીય ભાષાઓનાં અત્યંત મહત્ત્વનાં પુસ્તકોની સમીક્ષા
* અંગ્રેજીમાં લખનારા ભારતીય લેખકોનાં લખાણોનું વિવેચન
* આધુનિક યુરોપીય સાહિત્યના વિકાસ વિષે અભ્યાસયુક્ત લેખમાળા
* વિવિધ વિષયો ઉપર વાંચવા જેવાં પુસ્તકોની સંદર્ભસૂચિ
* ઇતિહાસ-સર્જક પુસ્તકો
* એક વર્તમાન ગુજરાતી નવલકથાકારના લેખનની સમીક્ષા કરતી લેખમાળા
* જગતની એક શ્રેષ્ઠ સાહિત્યકૃતિ અને તેના લેખક વિષે વિવેચનાત્મક લેખ
* એક ઉત્તમ અથવા અત્યંત લોકપ્રિય અથવા અતિશય ચર્ચાસ્પદ બનેલી કૃતિનો સાર
* ગ્રંથપાલો જેની ઉપરથી સીધાં કાર્ડ બનાવી શકે તેવી વર્ગીકૃત પદ્ધતિએ અપાતી નવાં પુસ્તકોની યાદી

ઉપરના વિભાગો જોતાં પ્રત્યેક પુસ્તકપ્રેમીને ખાતરી થશે કે 'ગ્રંથ'નું વાચન શાથી અનિવાર્ય છે.

**વાર્ષિક લવાજમ ૧૦ રૂપિયા**
**પરદેશમાં ૨૦ શિલિંગ**

પરિચય ટ્રસ્ટ
૧૯-૨૧, હમામ સ્ટ્રીટ,
**મુંબઈ-૧**

જ્યોતિ

## પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દ્રષ્ટિએ **જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ** ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૦ ફૂટ સુધી.



*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩**

JY-884-GJ EVEREST




# સંઘરી રાખેલું સોનું





## દેશના
## વિકાસ-કાર્ય માટે
## ઉછીનું આપો

દેશને સોનાની જરૂર છે—ઉદ્યોગ માટે, ખેતી માટે અને સંરક્ષણ માટે. તમારું પડતર સોનું દેશને ઉપયોગમાં આવતું નથી, રાષ્ટ્રના ઉજ્જવલ ભાવિ અર્થે તેનું રોકાણ કરો— સુવર્ણ બૉન્ડમાં રોકો. રાષ્ટ્ર-નિર્માણ અર્થે તમારું સોનું વપરાય છે ત્યારે તે વધુ ઝળહળે છે. સુવર્ણ બૉન્ડના રૂપમાં તે વિશેષ મૂલ્યવાન બને છે.

**સ્ટેટ બૅન્ક**
**આપની સેવામાં**

LPE Aiyars. S. 91 GJ

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષય-તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉકસ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક : શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જુન ૧૯૬૬.



તેજપાલ–નિર્મિત આદિનાથ જિનાલયના રંગમંડપનો સભાપદ્મ-મંદારક વિતાન
(હાલ માઈપુરી મસ્જિદ) [ઈ. સ. ૧૨૩૪ આસપાસ] (વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી)
[સમજૂતી માટે જુઓ આ અંકમાં, પૃ. ૩૩૬]